પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર


॥ ૪૮ ॥

श्री नवकार महामंत्र




પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય



પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત


**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન


પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**



પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ

## આત્મમુક્તિના ૩ માર્ગ : દર્શન - જ્ઞાન - ચારિત્ર



પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥૪૮॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

## ☐ HASTAKSHAR NU AKSHAY PATRA

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

## ☐ VOLUME - 48

September 2021
300 Copies / 224 Pages
For Private Circulation only.

---

## ☐ PUBLISHER

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
Mumbai / Rajkot

team@mindfiesta.com

---

## ☐ SPONSOR

Shri C. K. Mehta
Mumbai

---

## ☐ ENHANCED & DESIGNED BY

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

## ☐ eBOOKS AVAILABLE AT

www.bhadrankar.com

www.navkarday.com

Amazon Kindle

---

## ☐ SHRI AARADHNA DHAM JAIN TIRTH

C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156


## ☐ ખાસ વિજ્ઞપ્તિ

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.



# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર શ્રેણી બની પીએચ.ડી.ની ઉપાધિ મેળવવાની કેડી!



મૈત્ર્યાદિ ભાવોથી ભરેલા આ વોલ્યુમો આજે ઘણા પૂજ્યો તથા ભાવિકોના હૃદયમાં મૈત્રીનો મઘમઘાટ ફેલાવી રહ્યા છે. દાદાગુરૂ મહારાજની રોજનીશીઓને જાણે સ્વયં વાચા ફૂટી છે અને કહે છેઃ 'મૈત્રી તે પોતાના જેટલું જ બીજા જીવોનું પણ હિતચિંતન. પ્રમોદ તે સ્વગુણ જેટલો જ બીજાના ગુણોનો પણ આદર. કરૂણા તે સ્વદુઃખ જેટલું જ પરદુઃખોનું પણ અવગાહન. માધ્યસ્થ તે પોતાના અવગુણ જેટલું જ બીજાના અવગુણો પ્રત્યે પણ માધ્યસ્થ. આ વિચારો અનુક્રમે મૈત્રી - પ્રમોદ - કરૂણા - માધ્યસ્થ્યભાવ પોષે છે.'

હસ્તાક્ષરના અક્ષયપાત્રોમાં વળી તેઓ ઉમેરે છેઃ 'ધ્યાન વડે સમાપત્તિ તથા સમાપત્તિ વડે ભાવધર્મની પ્રાપ્તિ છે. સમાપત્તિ એ ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની એકતારૂપ છે. ધ્યાતા અંતરાત્મા છે, ધ્યેય પરમાત્મા છે અને ધ્યાન એકાગ્રતા છે. ભાવધર્મ આત્મસમાપત્તિરૂપ છે. તે મૈત્ર્યાદિભાવ રૂપ હોય, ત્યારે વ્યવહારથી અને સમ્યગ્દર્શન રૂપ આંશિક આત્મસાક્ષાત્કાર રૂપ હોય, ત્યારે નિશ્ચયથી ભાવધર્મ બને છે.'

આજે એક વાત કહેતાં અનેરો આનંદ થાય છે કેઃ
આવા મૈત્રીપૂર્ણ અને આત્મા સાથેના સંવાદિતાભર્યા ચિંતનોનાં અણખૂટ અને અમૂલ્ય ખજાના ઉપર અવિરત ચાલતી આપણી આ શ્રેણી કોઈક ચિંતકના હાથમાં આવી અને આ ગ્રંથરત્નો માટે અમને ઑગષ્ટ, ૨૦૨૦માં એક મંગલ સમાચાર મળ્યા કેઃ મુંબઈ યુનિવર્સિટીમાંથી બે સ્કોલર્સને પીએચ.ડી.ની ઉપાધિ મેળવવા સંશોધન કરવા માટેના વિષયો જણાવવાનું કહેવાયું હતું, ત્યારે તેઓ બંનેએ જે વિષયો સૂચવ્યાં અને

યુનિવર્સિટી જેમાં સંમતિ આપે તેવી ઈચ્છા હતી, તે વિષયો નીચે મુજબ હતાઃ
(૧) 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' ગ્રંથશ્રેણી ૧ થી ૩૫ મધ્યે રહેલ મૈત્રીભાવની વિભાવના.
(૨) 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' ગ્રંથશ્રેણીમાં સ્થિત આત્મતત્ત્વચિંતનની રસધારા.

મુંબઈ યુનિવર્સિટીએ આપણી આ ગ્રંથશ્રેણી જોઈ - નાણી - માણી અને ઉપરોક્ત વિષયોને સહર્ષ સંમતિ આપી. ઓહો! પૂજ્ય દાદા ગુરૂમહારાજે સહજ રીતે અને પોતાની માટે સ્વહસ્તાક્ષરે લખેલ આ ૨૨૪ રોજનીશીઓમાં રહેલ અનુપ્રેક્ષાઓ હવે ૨૧મી સદીમાં આ રીતે પણ ઝળકશે, તેની તો ક્યારેય કલ્પના પણ કરેલ ન હતી. આનંદ તો એ વાતનો છે કે, વર્ષોથી બંધ રહેલ આ અધ્યાત્મના અત્તરના ચરૂ સમા કુંજાઓ ખૂલ્યાં... તો એવી રીતે ખૂલ્યાં છે કે જાણે અધ્યાત્મસૌરભનાં અણમોલ દૈવી ફૂવારાં! બસ, તેની સુરભિત છોળોમાં સૌનો આત્મા વિશુદ્ધ બને, તેવા મનોરથ છે.

સમ્યગ્દર્શનને રત્નનાં દીપકની ઉપમા આપતા શાસ્ત્રકાર ભગવંત કહે છે કેઃ રત્નદીવો અંધારાનું ભક્ષણ કરતો હોવા છતાં યે જેમ તેમાંથી મેષ નીકળતી નથી, તે જ રીતે નિર્મળ એવા સમ્યગ્દર્શનરૂપી રત્નનો દીવો મનમંદિરમાં સ્થાપન કરવાથી તે દાહ ન કરે, કાળાશ ન કરે, ચીકાશ ન કરે, ઘી-તેલનો ખપ ન કરે, માટે મનમંદિરમાં મોહનું અંધારૂં દૂર કરનાર કોઈ હોય તો તે સમ્યગ્દર્શન જ છે, લોકોત્તર ધર્મ પામેલા તે છતાં યે આપણે અજ્ઞાન અને મોહનું અંધારૂં ઠાંસીઠાંસીને એકઠું કરેલું છે! તેને દૂર કરવા જ જાણે લઈ આવ્યા છે દાદાગુરૂ મહારાજ તેમની અનુપ્રેક્ષાવાણીથી મંજાયેલો રત્નદીપકનો અજવાસ! તેમાં ઝબકોળાઈને સૌ સમ્યગ્દર્શનને પામીએ.

આ ગ્રંથશ્રેણી આવી સુઘડ-સુવાચ્ય રીતે તથા હળવા પાનાઓમાં વીંટાળીને આપણા સુધી પહોંચતી કરવામાં અર્થસારથિ બનેલા મુંબઈ - વડોદરાના પરમ ગુરૂભક્ત **સી.કે.મહેતા**ની જબ્બર એવં સુદીર્ઘપણાંની અજબ-ગજબની ઉદારતા છે અને અમારા રાજકોટના નમસ્કાર મહામંત્રના પરમ આરાધક સુશ્રાવક શશીકાંતભાઈના પુત્રવધૂ સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા**ની નિશદિનની અવિરત અથાગ મહેનત છે, તેનો ઉલ્લેખ કરવો આજે અહીં અસ્થાને નહીં લેખાય.

સપ્ટેમ્બર, ૨૦૨૧

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.










महोपाध्याय यशोविजयमहाराज कृत

द्वात्रिंशत्-द्वात्रिंशिका मंगलाचरण

ऐन्द्रवृन्दविनताङ्घ्रिसामलं सामलं जिनपतिं समाश्रिताम् ।

योगिनोऽपि विनमन्ति भारतीं भारती मम ददातु सा सदा ॥

Navsari, Dt. 8/10/71

'ૐ નમઃ સિદ્ધં ।' - એક અદ્ભુત મંત્ર

રોજ નિયમિતપણે 'ૐ નમઃ સિદ્ધં ।'નો જાપ અને
બ્રહ્મરંધ્રમાં તેનું ધ્યાન અડધો કલાક કરવાથી માત્ર બે જ
મહિનામાં બધી દિશાએ અદ્ભુત વિજય સાધી શકાશે.

આ મંત્રમાં અદ્ભુત શક્તિઓ છે, તેમાં
સિદ્ધ ભગવંત - શુદ્ધ ચૈતન્યસ્વરૂપને નમસ્કાર છે.
તેમાં સિદ્ધશિલા ઉપર રહેલાં સિદ્ધ ભગવંતો અને
નયાપેક્ષાએ સર્વ જીવરાશિ આવી જાય છે.

એક માળા પૂરી થાય, ત્યારે મેરૂ ઉપર
'સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ ।' એમ કહેવું.
સતત અને ભાવપૂર્વક 30 મિનીટ શુદ્ધ બ્રહ્મરંધ્રમાં
જાપ અને ધ્યાન કરવાથી શુભ કાર્યની સિદ્ધિ થશે.

સંખ્યાની ગણત્રી રાખવાની જરૂર નથી,
માત્ર 30 મિનીટનો સમય થવો જોઈએ.

'ૐ નમઃ સિદ્ધં ।'
'સિદ્ધો વર્ણસમામ્નાયઃ ।'
એ સૂત્રથી અનાદિ વર્ણમાળા અક્ષર
સર્વ અક્ષરમાતૃકાને પણ નમસ્કાર થાય છે.

શિરોહી, ભાદરવા સુદ ૫, શુક્રવાર

શ્રી સંઘશાંતિ માટે અને ઉપદ્રવોના નિવારણ માટે
પંન્યાસ શ્રી ત્રિલોચનવિજયજી ગણિવરે સૂચવેલ
નીચેની વિધિની આરાધના કરવા યોગ્ય છે:

(૧) 'ૐ સંતિ સંતિ પસંતિ ઉવસંતિ
સવ્વં પાવં ઉવસમેઉ ઠઃ ઠઃ સ્વાહા ।' - વર્ણ ૨૫
આ મંત્ર અનુભવસિદ્ધ છે.
સમસ્ત સંઘ મળીને આયંબિલપૂર્વક ૧૨૫૦ માળા અખંડિત
સવા લાખ મંત્રનો જાપ કરે.
એક દિવસે પૂરી ન થાય, તો બે કે ત્રણ દિવસમાં
આ જાપ પૂરો કરે, ત્યાં સુધી આયંબિલ ચાલુ રાખવા.

(૨) એક દિવસ સકલ સંઘમાં સામુદાયિક આયંબિલપૂર્વક
સામુદાયિક સ્નાત્ર ભણાવીને ૧૦૮ વાર (એક પૂરી માળા)
નવકાર, ઉવસગ્ગહરં, લોગસ્સ - એમ ત્રણે પારાએ
વારાફરતી ત્રણ સૂત્રો સંઘમાં સૌએ એકસાથે ગણવા.

(૩) વ્યાખ્યાન બાદ નીચેના ૪ સ્તોત્રો સંભળાવવા:
જૈન રક્ષા મહાસ્તોત્ર (જિનપંજર સ્તોત્ર),
આત્મરક્ષા સ્તોત્ર, તિજયપહુત્ત સ્તોત્ર, ભક્તામર સ્તોત્ર.

(૪) નીચેના ત્રણ સ્તોત્રની એક એક માળા ગણવાની છે:

સિદ્ધાણં બુદ્ધાણં, સંતિકરં તથા લઘુશાંતિ મુખપાઠ બોલે.
એક વ્યક્તિથી ન બને તો ૪ વ્યક્તિ ૨૭-૨૭ વાર બોલે.
(૫) ત્રિગડામાં ચૌમુખજી ભગવાનને પધરાવવા અને
તેમને ૧૦૮ સફેદ ફૂલ ચઢાવવા.
એક સ્તોત્ર પૂરું થાય, ત્યારે એક ફૂલ ચઢાવતાં જવું.
ધૂપ - દીપ પ્રગટેલાં રાખવા, ત્યાર બાદ આયંબિલ કરવું.
(૬) આટલું કરી બપોરે અંતરાયકર્મની પૂજા ભણાવવી.
(૭) એ પછી નીચેના 3 સ્તોત્ર શુદ્ધ ઉચ્ચારપૂર્વક બોલવા:
નમિઊણ સ્તોત્ર, કલ્યાણમંદિર સ્તોત્ર, મોટી શાંતિ સ્તોત્ર.
સંઘના સર્વ ઉપદ્રવો શમન કરવાનો અમોઘ ઉપાય છે.

## જૈન ધર્મની વિશિષ્ટતાઓ

(૧) કર્મ અને પુનર્જન્મ (અન્ય ધર્મ સાથે common)
(૨) અહિંસા, સત્ય, નીતિ, કરુણા આદિ ( " )
(3) ઉકાળેલું પાણી (૪) રાત્રિભોજનનો ત્યાગ (૫) ક્ષમાપના
(મિચ્છામિ દુક્કડં) (૬) ઉપવાસ - તપ (૭) શીલ - બ્રહ્મચર્ય
(૮) દાન - ઉદારતા (૯) ધ્યાન - જપ - કાયોત્સર્ગ
(૧૦) સામાયિક - પ્રતિક્રમણ (૧૧) પાદવિહાર - માધુકરી
(૧૨) જીવરક્ષા - મૂર્તિપૂજા તથા તીર્થયાત્રા - દેવપૂજા અને
સાધુ - સાધ્વી - શ્રાવક - શ્રાવિકાથી બનેલ ચતુર્વિધ સંઘ.

## લોચ સાધનની વિચારણા

લોચ એ કાયક્લેશ રૂપ બાહ્યતપનો પ્રકાર છે. ચારિત્ર ગ્રહણ કરતી વેળાએ અને ત્યાર બાદ દર વર્ષે દરમ્યાન બે વખત અવશ્ય કર્તવ્ય તરીકેનું શાસ્ત્રીય ફરમાન છે. આંતરિક સાધનામાં તેની મહાન ઉપયોગિતા સૂચવે છે. તેનું રહસ્ય અનુભવગોચર થતાં અપૂર્વ આનંદ પ્રકટે, તે વખતે બાહ્ય વેદનાનો અનુભવ જરા પણ થતો નથી.

(૧) લોચ વખતે બાલ ખેંચાતા જે ધ્વનિ પ્રકટે છે, તેમાં મનોવૃત્તિને એકાગ્ર કરતાં અપૂર્વ આનંદ અનુભવાય છે અને અલૌકિક જ્યોતિ પ્રકટતી હોય, તેમ જણાય છે.

(૨) લોચ વખતે 'અર્હં' કે 'નમો અરિહંતાણં'ના જાપમાં રહેવાથી અશાતાવેદનીયનું ઉદયજન્ય દુઃખ અનુભવાતું નથી.

(૩) નરક - નિગોદાદિની ઘોર વેદના આગળ આ વેદના અતિ અલ્પ છે. ત્યાં પરાધીનપણે દારુણ વેદનાઓનો અનુભવ અનંતી વાર કર્યો, પરંતુ તેથી આત્મવિશુદ્ધિનો એક અંશે પણ લાભ મળી શક્યો નહિ. અહીં સ્વાધીનપણે સમતાપૂર્વક આ કષ્ટ સહન કરવાથી વિપુલ કર્મનિર્જરા, જિનેશ્વર ભગવંતનું આજ્ઞાપાલન અને આત્મવિશુદ્ધિ વગેરે મહાન લાભો પ્રાપ્ત થાય છે.

(૪) લોચ એ બ્રહ્મરંધ્રમાં ધ્યાનને કેન્દ્રિત કરવાનું અનુપમ સાધન છે. કેશોના લુંચન વખતે ભાવના કરવી જોઈએ કે એક એક વાળના મૂળમાં પણ આત્માના અસંખ્ય પ્રદેશો અને તેમાં અનંત જ્ઞાનાદિ ગુણો રહેલા છે, એક એક ગુણમાં જે અનંતાનંત પર્યાયો રહેલા છે, તે સર્વેનો જુદો જુદો આનંદ લઈ શકાય છે. વળી સર્વ આત્મપ્રદેશોમાં અનંત-અવ્યાબાધ સુખ રહેલું છે, તેના અવિભાગ પ્રદેશોને-પર્યાયોને એક એક આકાશ પ્રદેશ પર મૂકવામાં આવે તો સર્વ આકાશમાં પણ ન સમાય.

(૫) માનવશરીરની રચના લોકાકારે છે.

લોકના અંતે રહેલી સિદ્ધશિલાની સમાન મસ્તક છે.

તેના ઉપર અનંત સિદ્ધોનો નિવાસ છે.

એક એક વાળના અગ્રભાગ ઉપર અનંત સિદ્ધોની કલ્પના કરીને તેમની સંપૂર્ણ-શુદ્ધ આત્મદશામાં તન્મય બનવાથી અપૂર્વ આનંદની અનુભૂતિ થશે તથા સહજ આનંદ અનુભવાશે, વળી અંતઃકરણમાં પરમ શીતળતા, સમતા અને શાન્તતા પ્રાપ્ત થશે. શ્રા-વ-૮

I am the ever renewing, ever unfolding Expression of infinite life.

પિંડમાં દેહ પ્રત્યે મોહ છોડી આત્મા પ્રત્યે આદર ધારણ કરવો અને બ્રહ્માંડમાં પુદ્ગલમાત્ર પ્રત્યે રાગ છોડી જીવમાત્ર પ્રત્યે અનુરાગ ધારણ કરવો, તે નમસ્કારનું ફળ છે.

જેને નમવામાં આવે છે, તે પંચપરમેષ્ઠિ પુદ્ગલથી વિરક્ત છે, ચૈતન્ય પ્રત્યે અનુરક્ત છે. તેમને ભાવથી નમનાર સહુ પુદ્ગલ પ્રત્યે વિરક્ત અને ચૈતન્ય પ્રત્યે અનુરક્ત બને છે. કામ, ક્રોધ, લોભની ઉત્પત્તિ પુદ્ગલના અનુરાગથી થાય તથા ચૈતન્યના પ્રેમથી શમ, દમ, સંતોષગુણ પ્રકટે છે.

જડ = લાગણીશૂન્યતા, ચૈતન્ય = લાગણીયુક્તતા.

લાગણીયુક્તતાને નમવાથી લાગણી પ્રકટે છે, લાગણીશૂન્યને નમવાથી લાગણીશૂન્યતા અથવા તો જડતા પ્રકટે છે.

V.V. [signature]. લાગણી એટલે સ્નેહ, દયા, હિતબુદ્ધિ.

જેનાથી ઉપકાર થવો ત્રણે કાળમાં શક્ય નથી, તેને નમતા રહેવું એ અજ્ઞાન છે, મોહ છે, અવિવેક છે. ચૈતન્યને નમવું તે જ જ્ઞાન તથા વિવેકનું ફળ છે. ચૈતન્યને નમવું તે જ હિત, સુખ, કલ્યાણનું કારણ છે. જડને નમવું તે અહિત, અસુખ, અકલ્યાણને કરનારું છે. નમસ્કાર એ ચૈતન્યને નમન છે - જડને અનમન છે, નમસ્કારથી ચૈતન્યનું બહુમાન - જડનું ઔદાસિન્ય કેળવાય.

એ માટામાં મોટું આશ્ચર્ય છે કે :

નમસ્કાર વડે અખિલ બ્રહ્માંડના નાયક પરમેષ્ઠિભગવંતો સાથે ક્ષુદ્ર જણાતો મનુષ્ય સ્નેહનો સંબંધ બાંધી શકે છે.

કામ = દમ, ક્રોધ = શમ, લોભ = સંતોષ.

સ્નેહપરિણામથી શમ, દમ, સંતોષગુણ પ્રગટે છે તથા માયાશલ્ય, મિથ્યાત્વશલ્ય અને નિયાણશલ્ય જાય છે.

માયા કામજન્ય – મિથ્યાત્વ ક્રોધજન્ય – નિદાન લોભજન્ય છે.

સ્નેહપરિણામ ચૈતન્યના બહુમાનરૂપ છે,
ચૈતન્યનું બહુમાન અચિન્ત્ય શક્તિયુક્ત છે.

લાગણીયુક્ત પ્રત્યે લાગણી ધારણ કરવાથી લાયકાત પ્રગટે છે,
લાગણીશૂન્ય પ્રત્યે લાગણી રાખવાથી લાયકાત નાશ પામે છે.

જડને જીવ અનંતકાળથી નમે છે અને નિષ્ફળ જાય છે,
કિન્તુ ચૈતન્યને એકવાર પણ જો સાચા ભાવથી નમે,
તો અનંતકાળનું કલ્યાણ થાય છે.

માગણી કરવાને બદલે જેઓ લાગણીવાળા છે, તેઓ પ્રત્યે લાગણી રાખવાથી સર્વ પ્રકારની માગણી પૂરી થાય છે.

જડતત્ત્વનો પ્રેમ જીવોને દુઃખકારક છે,
ચેતનતત્ત્વનો પ્રેમ જીવોને હિતકારક છે.

o

First deserve and then desire.

જડતત્ત્વની આસક્તિ ટાળવા અને ચેતનતત્ત્વનો પ્રેમ વિકસાવવા માટે નવકારરૂપી રસાયણનું સેવન - વારંવાર સેવન અત્યંત આદરણીય છે. 'ભાવનમન' એટલે... અન્યત્ર ભટકતાં મનને ફેરવી આત્મતત્ત્વ પ્રત્યે વાળવું તે.

જેના જેનાથી યત્કિંચિત પણ ઉપકાર થાય,
તેના પ્રત્યે નમવાના સ્વભાવવાળું મનુષ્યનું મન છે.
'સમ્યગ્દર્શન વડે સૌથી અધિક ઉપકારી આત્મતત્ત્વ છે'
એવો નિર્ણય કરી તેના પ્રત્યે સ્નેહથી અને પ્રેમથી
નમન કરવું, તે અતુલ ગુણને કરનારું છે.

ધર્મનું મૂળ દયા અને દયાનું મૂળ ચૈતન્યનું બહુમાન છે.
તે કારણે ધર્મની મૂળભૂત વસ્તુ 'દયા' છે.

અપૂજ્યને નમનાર અને પૂજ્યને ન નમનારને
અનિચ્છાએ પણ સદાકાળ નમવું પડે,
તેવા તિર્યંચના અને વૃક્ષના ભવો મળે છે.

ધર્મના મૂળમાં સમકીત છે, તે દેવગુરુને નમસ્કારરૂપ છે.
ઉપદેશ-યુક્તિ-દૃષ્ટાંત-અભ્યાસથી નમસ્કારગુણ વિકસે.

માતા-પિતાને નમસ્કાર તે સતતાભ્યાસ,
દેવ-ગુરુને નમસ્કાર તે વિષયાભ્યાસ અને
રત્નત્રયીને નમસ્કાર તે ભાવાભ્યાસ છે.

નમસ્કાર ક્રિયાધર્મ - દયાધર્મ - સ્નેહધર્મને વિકસાવે છે.
ચૈતન્યના બહુમાનસ્વરૂપ હોવાથી

ક્રિયા - દયા - સ્નેહ એ ધર્મ છે. ધર્મરૂપી મસ્તક અને ધર્મરૂપી મૂળ છેદાઈ ગયા પછી સુલટ અને વૃક્ષની જેમ સુખ પણ છેદાઈ જાય છે. મસ્તક અને મૂળ સમાન ધર્મને નવપલ્લવિત રાખવા તેને નિત્ય નમન જરૂરી છે.

જ્યાં સ્વાર્થ - ત્યાં બીજાનો તિરસ્કાર, જ્યાં પરાર્થ - ત્યાં નમસ્કાર, તેથી પરાર્થ ધર્મ છે - સ્વાર્થ અધર્મ છે.

પરાર્થ મંગલ છે અને સ્વાર્થ અમંગલ છે.

શરીરના અણુ એ અણુમાંથી તિરસ્કારરૂપી ચોરને કાઢવા માટે નમસ્કારને અસ્થિમજ્જા બનાવવો, તેથી પાપનાશ અને પુણ્યવૃદ્ધિરૂપી ફલ આપોઆપ ઉત્પન્ન થાય છે.

તિરસ્કારના પાપથી બચવા નમસ્કાર જ એક આધાર છે.

જે નમસ્કારને યોગ્ય છે, તેને નમસ્કાર કરો.

આ સંસારમાં મોટામાં મોટું વિઘ્ન મનુષ્યનું મન છે
અને બીજું મોટું વિઘ્ન એ મરણ છે.

મરણ એ દ્રવ્યઆપત્તિઓમાં સૌથી મોટી આપત્તિ અને મન એ ભાવઆપત્તિઓમાં સૌથી મોટી આપત્તિ છે. સમાધિ વડે બન્ને પ્રકારની આપત્તિઓને જીતાય છે.

ભાવનમસ્કાર વડે સમાધિ સિદ્ધ થાય છે.
તે જીવોના જીવત્વ પ્રત્યે સ્નેહભાવ સ્વરૂપ છે.
જેમ દવા લાગુ પડે શરીર દર્દ ઓછું થાય,
તેમ નમસ્કાર લાગુ પડે શરીર અહંકાર જાય.
અહંકાર એ પાપનું મૂળ - નમસ્કાર એ ધર્મનું મૂળ છે.
બુદ્ધિને ખીલવવા માટે જેમ અક્ષરજ્ઞાન અને તેનાં સાધનો
આવશ્યક છે, તેમ ભાવનાબળને વિકસાવવા માટે સત્ય,
સદાચાર, નીતિ, ન્યાય અને ઈશ્વરભક્તિ આવશ્યક છે.
ઈશ્વરભક્તિમાં શુદ્ધ ચૈતન્યનો સ્નેહ છે અને
ન્યાય, નીતિ, સદાચારમાં જીવના ચૈતન્યનો સ્નેહ છે.
નમસ્કાર પરમાત્માની આત્મા સાથે જોડે છે, જ્યારે
અહંકાર એ આત્માથી અલગ કરે છે.
સ્વાર્થ = સંસારનો સગો ભાઈ, પરમાર્થ = મોક્ષનો માર્ગ.
મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્યાદિ ભાવો
તે પરમાર્થ સ્વરૂપ છે, તેથી મોક્ષનો માર્ગ છે.
અહંકાર ઉપકારીઓને ઓળખવા દેતો નથી, જ્યારે
નમસ્કાર એ ઉપકારીઓને ભૂલવા દેતો નથી.
કર્મ એક પ્રકારનું ઋણ છે, નમસ્કાર ઋણમુક્ત કરે છે,
તેથી તે કર્મથી પણ મુક્ત કરે છે.

અહિંસા એ જીવસ્નેહરૂપ છે,
સંયમ અને તપ આત્મસ્નેહરૂપ છે.

અહિંસાથી કાયાની જતના, સંયમથી ઇંદ્રિયોની અને તપથી મનની જતના થાય તથા અજતનાનો પરિહાર થાય છે.

અંતરમાં કરુણા અને વર્તનમાં અહિંસા - એ પ્રથમ ધર્મમંગળ છે. એની સિદ્ધિ માટે પાંચ ઇંદ્રિયો અને છઠ્ઠા મનનો નિગ્રહ - તે દ્વિતીય મંગળ છે. ઇંદ્રિયો - મનના અંકુશ વિના અહિંસા પળાય નહિ અને અહિંસાના પાલન વિના ભાવનમસ્કાર આવે નહિ. ભાવનમસ્કાર એ પ્રભુની આજ્ઞાની આરાધનારૂપ છે, જે ષડ્જીવનિકાયને આત્મસમ ગણવામાં છે.

'अत्तसमं मन्निज्ज छप्पिकाए ।'

અહિંસા એ સક્રિય મૈત્રી, સંયમ એ સક્રિય વૈરાગ્ય
અને તપ એ સક્રિય અનાસક્તિ છે.

વિચારનું ફળ વર્તન છે. વર્તન વિનાની વિચારણા વાંઝણી છે. અહિંસા, સંયમ, તપ પરમમંગળ છે, તેમાં કરુણા મૈત્રી, વૈરાગ્ય, અનાસક્તિનું જીવનમાં પ્રત્યક્ષ આચરણ છે, અન્યથા માત્ર વાણી - વિચાર - બુદ્ધિનો વિલાસ છે. તે જ્યારે જીવનમાં ઉતરે, ત્યારે ભાવનમસ્કાર બને છે.

નમસ્કારની ક્રિયા એ શબ્દથી, અર્થથી અને ક્રિયાથી ઉપયોગની એકાગ્રતા લાવનારી છે. ઉપયોગની એકતા કથંચિત્ અભેદ સ્વરૂપ હોઈ પરમ નિર્જરાનો હેતુ છે.

ધ્યાનની એકાગ્રતા વ્યવહારશુદ્ધિ, આહારશુદ્ધિ, આચારશુદ્ધિ અને વિચારશુદ્ધિ વગેરેની અપેક્ષા રાખે છે.

વિચારશુદ્ધિ માટે શું જરૂરી ?

પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાયાદિ અભ્યંતર તપ.

આચારશુદ્ધિ માટે શું જરૂરી ?

તે માટે અનશન, સંલીનતા આદિ બાહ્યતપ અપેક્ષિત છે.

ધ્યાન ઉપયોગની એકાગ્રતારૂપ છે

અને ઉપયોગ કથંચિત્ અભેદને ઉત્પન્ન કરનાર છે. અરિહંતાદિના ઉપયોગવાળો જીવ કથંચિત્ અરિહંતાદિ સ્વરૂપ બને છે. નમસ્કારની ક્રિયા પછી તે શબ્દથી હો, અર્થથી હો કે ક્રિયાથી હો, ઉપયોગની એકાગ્રતા લાવે છે, તેથી નમસ્કરણીય વસ્તુઓની સાથે અભેદને સાધનારી થાય છે. નમસ્કારની ક્રિયા સામાન્ય તથા વિશિષ્ટસ્વરૂપ ઉપયોગ, તેની વિશુદ્ધિ, તેની ભાવના, તેનું ધ્યાન, તેની અર્પિતતા અને તેની અભેદતા લાવનારી હોવાથી પરમ નિર્જરાનો હેતુ બને છે.

દ્રવ્યક્રિયાને ભાવક્રિયા બનાવનાર ઉપયોગ છે, તેની
તીવ્રતા જેમ જેમ વધતી જાય, તેમ તેમ નિર્જરા વધે.
ધ્યાનનું ફળ અભેદપ્રણિધાન છે. તે અનુક્રમે તચ્ચિત્ત,
તન્મન, તલ્લેશ્યા, તદધ્યવસાય, તત્તીવ્રાધ્યવસાય, તદર્થોપયોગ,
તદર્પિતકરણ, તદ્ભાવનાભાવિતાદિ અવસ્થા વડે સધાય છે.

o કષ = વિશિષ્ટ લક્ષ્ય, (સંનેટપરિક્ષાન)
છેદ = એકાગ્રતા, (ભક્તિ), તાપ = અપકારી પર અનુકંપા,
તાડના = આપત્તિમાં નિશ્ચલતા, વાસીચંદનતુલ્યતા = સમતા.

'જિનવર પૂજા તે નિજ પૂજના.'

જેમ પ્રભુને પૂજ્યા વિના આત્મપૂજા થઈ શકતી નથી,
તેમ પરમૈત્રી વિના સ્વમૈત્રી-સ્વહિત સાધી શકાતું નથી.
પરમૈત્રી એજ સ્વમૈત્રી, પરકરુણા એ જ સ્વકરુણા,
પરપ્રમોદ = સ્વપ્રમોદ, પરદોષોપેક્ષા = સ્વમાધ્યસ્થ્ય.
'સારમેતન્મયા લબ્ધં શ્રુતાબ્ધેરવગાહનાત્ ।' અર્થાત્:
શ્રુતજ્ઞાન રૂપી સમુદ્રનું અવગાહન કરવાથી
આ સાર મને પ્રાપ્ત થયો છે. જેમ નવકાર અને
સામાયિક એ ચૌદ પૂર્વ અને દ્વાદશાંગીનો સાર છે,
તેમ મૈત્રી આદિ ભાવો પણ ચૌદ પૂર્વ અને
દ્વાદશાંગીનો સાર છે. ધર્મ એ સર્વ સુખોનું મૂળ છે.

એ દર્શનના દાતા અરિહંતાદિ પંચ પરમેષ્ઠિ છે,
તેમ સુખના દાતા પણ તેઓ જ છે, એ નક્કી થાય છે.
નીચેની પંક્તિ એ જણાવે છે:

'જિનસ્વરૂપ થઈ જિન આરાધે, તે સહી જિનવર હોવે રે,
ભૃંગી ઈલિકાને ચટકાવે, તે સહી ભૃંગી હોવે રે.'

ભક્તિકાળે ભક્તિવાળો પ્રભુસ્વરૂપ બને છે.

'સહજમલ' એટલે રાગદ્વેષ.

તેનો હ્રાસ થાય, ત્યારે જ દુઃખી ઉપર દયા પ્રકટે છે.
જેને પર પ્રત્યે દયા, મૈત્રી આદિના પરિણામ નથી, તેને
સ્વપ્રત્યે પણ દયા-મૈત્ર્યાદિ પરિણામ નથી, એમ જાણવું.

**ત્રણ શલ્યોનો નાશ શેનાથી?**

માયા, મિથ્યાત્વ અને નિયાણ - એ ત્રણે શલ્યોનો નાશ
એક સ્નેહપરિણામથી સાધ્ય છે.

જ્યાં સ્નેહ, ત્યાં માયાવૃત્તિ કે લોભવૃત્તિ રહેતી નથી અને
જ્યાં સ્નેહ, ત્યાં બીજાઓને આત્મસમ ન ગણવાની
મિથ્યાવૃત્તિ પણ ટકતી નથી. એ ત્રણ વૃત્તિ મોક્ષમાર્ગે
શલ્ય રૂપ છે. સકલ સત્ત્વ પ્રત્યે સ્નેહના પરિણામ
પરમેષ્ઠિકૃપા થકી મળે છે અને કૃપા ભક્તિલભ્ય છે.
કૃપા જેમ અહૈતુકી છે, તેમ ભક્તિ પણ નિષ્કામ જોઈએ.

સ્નેહમાં લેવાની વૃત્તિ હોતી નથી, આપવાની જ હોય છે. એજ નિષ્કામતા છે. નિયાણાબંધના નિષેધનું પાલન એ માત્ર સ્નેહપરિણામના અસ્તિત્વ વડે જ શક્ય છે.

સ્નેહપરિણામ નિષ્કામ ભક્તિથી જ શક્ય છે, નિષ્કામ ભક્તિ નિષ્કામ કરુણાના વિચારથી જ જાગે તથા નિષ્કામ કરુણા આત્મતત્ત્વના સંવેદનથી જ જાગે. તે સંવેદન મૈત્ર્યાદિ ભાવસ્વરૂપ છે.

પ્રથમ જીવતત્ત્વના સામાન્ય સ્વરૂપનું આલેખન, પછી વિશિષ્ટસ્વરૂપનો ઉપલંભ અને છેલ્લે સંવેદન એ આલેખ તથા ઉપલંભની તીવ્રતા વડે ઘણું અસરકારક છે.

## રત્નત્રયનો સમુચ્ચય

આલેખન એટલે દર્શન, ઉપલંભ એટલે જ્ઞાન અને સંવેદન એટલે ચારિત્ર. દર્શન = નિષ્કામ ભક્તિ, જ્ઞાન = નિષ્કામ કરુણા, ચારિત્ર = નિષ્કામ કર્મ.

## સર્વહિતચિન્તા - સ્વહિતચિંતા

સર્વહિતચિન્તાથી નિરપેક્ષ સ્વહિતચિંતા એ આત્મતત્ત્વમાં ભેદ પાડનારી હોવાથી કથંચિત્ વૈભાવિક છે, બધા આત્માઓને સમાન સ્વરૂપે જોનારી હોવાથી ભેદ અપેક્ષાએ મિથ્યાત્વને પોષનારી છે.

યોગ્યતા સાથે અભિમુખતા મળે, ત્યારે જ પ્રકાશ થાય.
અભિમુખતામાં મુખ્યતા નિમિત્તની હોય છે, જ્યારે
યોગ્યતામાં મુખ્યતા ઉપાદાનની છે.

આશીર્વાદ-શ્રાપ ફળે છે, તેમાં મુખ્ય બળ નિમિત્તનું છે.
જીવની આંતરડી ઠારવાથી કે કકળાવવાથી જે શુભાશુભ
ફળ મળે છે, તેમાં પણ મુખ્યતા નિમિત્તની જ છે.
સત્પુરુષો અને પરમપુરુષો સદા અનુગ્રહશીલ હોય છે.
Heroworship મુખ્યતાએ ઉપાદાનની યોગ્યતાથી ફળે છે,
Divine worshipમાં મુખ્યતા પ્રબળ નિમિત્તની છે.

Love for God is human and
love of God is divine.

જીવાત્મા પાસે પરમાત્મા ત્રણ વસ્તુઓ માંગે છે: તન,
મન અને ધન. જે તન, મન, ધન ભગવાનને સમર્પણ
કરે છે, તેનું, તેના શરીરનું અને તેના ઇંદ્રિયોનું રક્ષણ
ભગવાન કરે છે અર્થાત્ ભગવાન તે બધામાં વાસ કરે છે.

સત્કર્મ તારે છે પણ શરીર તારે નહિ.
શરીર, મન, વચન વડે જે સત્કર્મ થાય, તે તારે છે.

દિતિ = ભેદવૃત્તિ, અદિતિ = અભેદવૃત્તિ.
કશ્યપ = જેની મનોવૃત્તિ બ્રહ્માકાર બની છે, તેવું મન.

## ગુરુ - મંત્ર - પ્રતિમાનું માહાત્મ્ય

ગુરુમાં શિષ્યના સંદેહોને ટાળવાની,
મંત્રમાં મનના અશુભ વિકલ્પોને શમાવવાની અને
પ્રતિમામાં પરમાત્મદર્શન દ્વારા
આત્મદર્શન કરાવવાની શક્તિ રહેલી છે.
મંત્રમાં મનનું, મૂર્તિમાં આત્માનું અને
ગુરુમાં બુદ્ધિનું રક્ષણ કરવાની તાકાત છૂપાયેલી હોય છે.
મંત્રથી મન, મૂર્તિથી આત્મા, ગુરુથી બુદ્ધિ નિર્મળ થાય.
આ ત્રણેયમાં પણ ગુરુતત્ત્વ પ્રધાન છે, કેમકે ગુરુ વડે
મંત્ર તથા મૂર્તિનું માહાત્મ્ય બુદ્ધિમાં ગૃહિત થાય છે.
દા.ત. 'ન 'તસ્ય' પ્રતિમાઽસ્તિ | નતસ્ય પ્રતિમાઽસ્તિ |'

## દાન - પરમ ધર્મ

દાન જીવનમાં ઉતારવાથી સ્થિરતાને પામે છે.
ધન જેટલું શુદ્ધ હોતું નથી, તેથી
તેનો પાંચમો ભાગ તો દાનમાં જવો જ જોઈએ.
આપત્તિમાં સ્મરણ અને સંપત્તિમાં દાન પરમ ધર્મ છે.

## ક્યા કામ પોતે જ કરવા પડે?

જન્મ, મરણ, ભજન, ભોજન, પાણિગ્રહણ અને છૂટાછેડા
- સર્વ પોતે જ કરવાં પડે છે, એમાં બદલી ન ચાલે.

'વીતરાગતા' શબ્દ શેનો સૂચક ?

'વીતરાગતા' શબ્દ અનુગ્રહના અભાવનો સૂચક નહિ પણ
'અનુગ્રહની પાછળ કોઈ પણ કામના નહિ' તેનો સૂચક છે.
રાગ - દ્વેષ - મોહનો સમૂળ ક્ષય થયા પછી જ સંપૂર્ણ
નિષ્કામતા પ્રકટે, તે પહેલાં અંશે પણ સકામતા રહી જાય.
એકાંત અનુગ્રહકારક વીતરાગ જ થઈ શકે છે.
શુદ્ધ આત્માનો સ્વભાવ અનુગ્રહકારક જ હોય છે.
'જગતમાં અનુગ્રહકારક ઈશ્વર છે' તે ખરું વચન છે.

અર્હંના ધ્યાનથી સદા બોધ થાય છે કે :

'હું અહં નહિ પણ અર્હં છું, દેહ નહિ પણ આત્મા છું'
અથવા 'આત્મા સત્ય છે અને અન્ય સર્વ મિથ્યા છે.'
અર + હં = ર અગ્નિબીજ છે.
તેમાં પૃથ્વીતત્ત્વ અને જલતત્ત્વ અંતર્ગત છે.
હ એ આકાશબીજ છે, તેમાં વાયુતત્ત્વ અંતર્ગત છે.
અર્હંના પ્લુત ઉચ્ચારણથી પંચતત્ત્વોનું ઊર્ધ્વીકરણ થાય છે.

શીલવાન તથા જ્ઞાનવાનમાં શું ફેર ?

'સીલં સેયં સુયં સેયં ।'
શીલવાન દેશારાધક અને સર્વવિરાધક હોય છે,
જ્ઞાનવાન દેશવિરાધક અને સર્વઆરાધક હોય છે.

## ધર્મનાં ત્રણ અંગ : દાન, પૂજન અને ધ્યાન.

દાનથી મલદોષ તથા પૂજનથી વિક્ષેપદોષ નષ્ટ છે અને ધ્યાનથી આવરણભંગ થાય છે. દાનનું પર્યવસાન અહિંસા, પૂજનનું પર્યવસાન ઇંદ્રિયોનો સંયમ અને ધ્યાનનું પર્યવસાન મનની ઇચ્છાના નિરોધરૂપ તપમાં છે. દાન વડે સતતાભ્યાસ, પૂજન વડે વિષયાભ્યાસ અને ધ્યાન વડે ભાવાભ્યાસ થાય છે. માતા-પિતાની ભક્તિમાં લૌકિક તથા ઈશ્વરની ભક્તિમાં લોકોત્તર ઔચિત્ય અને આત્મધ્યાનમાં પરમૌચિત્ય છે.

આત્માનું ધ્યાન મેળવવા માટે ઈશ્વરની ભક્તિ અને ઈશ્વરની ભક્તિપાત્રતા માતાપિતાની ભક્તિથી આવે છે. દાન, પૂજન અને ધ્યાનની આરાધના અનુક્રમે ચારિત્ર, દર્શન અને જ્ઞાનની આરાધનામાં પર્યવસાન પામે છે. અહિંસા - સંયમ - તપનું ફળ રત્નત્રયીની આરાધના છે.

પ્રત્યેક માનવ ઊંચે જવા ઇચ્છે છે, બધી વસ્તુઓનું જ્ઞાન મેળવવા તલસે છે, સદા સુખી અને સ્વતંત્ર રહેવા તથા બીજા ઉપર પોતાનું પ્રભુત્વ સ્થાપવા સદા પ્રયત્નશીલ રહે છે, તેનું કારણ પોતે તત્ત્વથી - પરમાર્થથી - નિશ્ચયથી સત્ - ચિત્ - આનંદ - મુક્ત અને ઐશ્વર્યવાન છે.

સાધકવૈરાગ્ય જીવની સ્વતંત્રતા છે અને
બાધકવૈરાગ્ય જીવની પરતંત્રતા છે.
તત્ત્વને ટકાવનાર જીવની સ્વતંત્રતા છે,
તીર્થને ટકાવનાર જીવની પરતંત્રતા છે.
સ્વતંત્રતાને નભાવનાર વૈરાગ્ય 'ઉપયોગ' છે, જ્યારે
પરતંત્રતાને નભાવનાર વૈરાગ્ય 'ઉપગ્રહ' છે.
વિશ્વપતા અને વિશ્વપિતા - ઉભય સંબંધિ
સચરાચર સૃષ્ટિ બ્રહ્મસ્વરૂપ - ચિન્મય - જ્ઞાનમય છે.
There is divine intelligence at the
centre of each Soul.
જીવના ૮ રૂચક પ્રદેશો સર્વદા ખુલ્લા છે.
Sinner seeks God and is saved.
God seeks sinner and is satisfied.
ઈશ્વરપ્રાપ્તિની પ્રથમ શરત નિર્વેર-નિર્વાસન થવું તે છે.
જીવનાં બંધન = જીવો સાથે વેર, પુદ્ગલોની વાસના.
રજસ્ - તમસ્ કરતાં સત્ત્વ બળવાન છે.
ધનાત્મક એ ઋણાત્મકને પરાજીત કરે છે.
એક સ્નેહાધાર સો દેહાધાર કરતાં વધુ બળવાન છે.
આત્મા સ્નેહાધાર છે, અનાત્મા દેહાધાર છે.

ભગવાનથી ક્ષણ પણ વિભક્ત ન થાય, તે ભક્ત.
જેનું ચિન્તન કરવાથી કામનો નાશ થાય, તે રામ.
રામ વગર આરામ નહિ.
માતપિતાની સેવા + એકપત્નીવ્રત પાળે, તેને રામ મળે.
બાળકની જેમ નિર્દોષ બને, તેને રામ મળે.
બાળક માતા-પિતાનો સેવક અને નિર્વિકાર હોય છે.
રાવણ = સર્વને રડાવે = કામ. રામ = કામને મારે તે. દશરથને
ત્યાં પુત્રરૂપે અને રાવણને ત્યાં પ્રભુ કાળરૂપે આવે છે.
કૌશલ્યા = નિષ્કામ બુદ્ધિ, સુમિત્રા = શ્રદ્ધા, કૈકેયી = કુબુદ્ધિ.
સીતા = પરાભક્તિ-બ્રહ્મદૃષ્ટિ હોય, ત્યાં અ-શોકવન હોય.
લંકા = કાળ, જેને કામ મારે - તેને કાળ મારે.
સાધનાનું ફળ = સાધના. સિદ્ધિ = પ્રયોજન, ફળ નહિ.
પ્રયોજન સાધવાનું છે, એનું આનુષંગિક ફળ સિદ્ધિ છે.
પ્રેમલક્ષણાભક્તિ પ્રકટી છે એમ ક્યારે સમજવું?
ભગવાનને સાક્ષી રાખીને પ્રભુએ કરેલા સર્વ આજ્ઞા
પાળવા માટે જ પોતાના બધાં કાર્યો થવા લાગે, ત્યારે.
ચૈતન્યને કાંઈને કાંઈ પ્રેરણા થાય જ છે:
કવિને કાવ્યની, વૈજ્ઞાનિકોને શોધની, સામાન્ય માનવને
સંતાનોત્પત્તિની. બધી પ્રેરણાઓનો અંત ઈશ્વરપ્રેરણા છે.

ઈશ્વરની પ્રેરણા જાગે છે, ત્યારે બાકી બધી પ્રેરણાઓ-instinctsનો અંત આવે છે. આત્મશક્તિ જ્યારે અનાહત અને પશ્યંતી દ્વારા ભૂમધ્યને પ્રાપ્ત કરે છે,

ત્યારે તેને જે દિવ્યસંજ્ઞા પ્રાપ્ત થાય છે,

એ આત્માની પોતાની જ પશ્યંતી તથા પરાવાણી છે.

સૌ પૂર્વજન્મોમાં તે અનુગત છે, તે જ અનુસંધાન છે.

યોગક્ષેમને વહન કરનાર દિવ્યશક્તિ પણ તે જ છે.

ભોગ પ્રારબ્ધાધીન છે, ભક્તિ તથા યોગ પ્રયત્નાધીન છે.

'अन्नं वै प्राणाः । प्राणो वै बलं ।'

અશુભ વિકલ્પ દુઃખનું ઘર, શુભ વિકલ્પ સુખનું ઘર

તથા નિર્વિકલ્પ એ આત્માનું ઘર છે.

અશુભવિકલ્પરૂપી સંસારમાંથી નિર્વિકલ્પરૂપી મોક્ષમાં જવા માટે શુભવિકલ્પ સેતુનું કાર્ય કરે છે. નવકાર અશુભ વિકલ્પથી છોડાવી, શુભવિકલ્પ દ્વારા નિર્વિકલ્પમાં પહોંચાડે છે.

નવકાર કર્મબંધનથી છોડાવે છે, भिद्यते हृदयग्रन्थिः।

સમતાભાવમાં સ્થિર કરે છે, छिद्यन्ते सर्व संशयाः।

આત્મરમણતાનો અનુભવ કરાવે, क्षीयन्ते चास्य कर्माणि।

Man is divine not because of what he has done but because of what he is.

ધ્યાનની પુષ્ટિ અને પ્રભુતામાં આત્મભાવની પુષ્ટિ અને તેમાં વિવિધ અનુષ્ઠાનનું આદર સેવન નિમિત્ત બને છે.

ધ્યાનમાંથી લય અવસ્થામાં તરત જઈ શકાય છે.

આવશ્યકાદિ કરતાં કે અનુષ્ઠાન વચ્ચે પૂજાદિ ભણાવતાં તન્મયતાની પ્રાપ્તિ અને અપૂર્વ આનંદ અનુભવાય છે.

ધ્યાનયોગ વિના ગુણસ્થાનકનો સ્પર્શ થતો નથી.
અપૂર્વકરણથી લઈ ચતુર્થ ગુણસ્થાનકાદિની પ્રથમ પ્રાપ્તિ ધ્યાન સિવાય શક્ય બની શકતી નથી.

વીસ સ્થાનકની પૂજામાં સંયમપદ, તપપદ અને ચારિત્રપદની પૂજા પછી ક્રિયા-પદની પૂજા ધ્યાનની મહત્તા બતાવવા માટે જ છે. 'ધ્યાનશતક'ના શ્લોક ૯૬ થી ૧૦૫માં ધ્યાનનો અપૂર્વ મહિમા બતાવ્યો છે.

– kalapurna

'નમો અરિહંતાણં।' તેનો પ્રધાન અર્થ છે કે:
પૂજવાને યોગ્યોને નમસ્કાર હો.
બધા અર્થોમાં આ અર્થ આદર્શ રહેવો જોઈએ. બાકી જે કોઈ અર્થો કરીએ, તે અન્ય પરમેષ્ઠીઓને લાગુ પડે.
જો કે અન્ય પરમેષ્ઠી પણ સાક્ષાત્ યા પરંપરાએ પ્રધાન પરમેષ્ઠિનું જ સ્વરૂપ છે.

પ્રધાન પરમેષ્ઠિ પોતે પંચ પરમેષ્ઠિરૂપે છે,
અરિહંત જ નહિ - અન્ય પરમેષ્ઠિઓ પ્રધાન
પરમેષ્ઠિની આજ્ઞાના આરાધનરૂપે યા તેના ફળસ્વરૂપે છે.
most worthy or most highest પદ ઉપર
પ્રધાન પરમેષ્ઠિ છે અને બાકી બધા તેમનો પરિવાર છે.
એ રીતની અર્થની વ્યવસ્થા, સુયોગ્ય ગણાય.
'ભવશત્રુઓને હણનાર' એ અર્થ પ્રધાન પરમેષ્ઠિની જેમ
દ્વિતીય, પંચમ આદિ પરમેષ્ઠિઓને પણ લાગુ પડે છે.

પદનો અર્થ જે રીતે થાય છે:

એક 'જિણવરિન્દાણં પદં ।' તે અર્થથી પદ ચરણ વાચક
અને બાકી વિશેષણોમાં પદનો અર્થ શબ્દ થઈ શકે,
તેમાં વિભક્તિની જરૂર રહેતી નથી. - A.K.Doshi

० 'अरिहा = जुग्गा, तेसुविअन्ना = पगारिसपत्ता ।'
'પૂજાયોગ્યના પ્રકર્ષને પામેલાઓને નમસ્કાર થાઓ' એ
વ્યુત્પત્તિ પણ કરેલ છે. 'उच्चार्हति ।' પાદ ૨, સૂ - ૧૧૧
अर्हत શબ્દમાં ર્હની પૂર્વે उ, अ, इ મૂકાય છે, એટલે કે
अरुहो, अरहो, अरिहो - એમ 'अर्ह'ના 3 રૂપ થાય છે.

પ્રથમા એકવચનમાં તેના 3 રૂપ થાય:
अरुहन्तो, अरहन्तो અને अरिहंतो.

'અમોઽસ્ય' પાદ ૩ - સૂત્ર ૩ મુજબ
'અરિહ' શબ્દનું દ્વિતીયા એકવચન અરિહં થાય.
અકારાન્ત નામને દ્વિતીયા એકવચનનો અમ્ પ્રત્યય
લાગતાં અમ્‌નો અ લોપાય છે, તેથી દ્વિતીયા એકવચનમાં
અરિહં, અરહં, અરુહં - એમ રૂપો થઈ શકે છે.
ચતુર્થીના સ્થાને પ્રાકૃતમાં ષષ્ઠીનો પ્રયોગ થઈ શકે છે.
'ચતુર્થ્યાઃ ષષ્ઠી ।' પાદ - ૩, સૂ - ૧૩૧
દ્વિતીયા વિભક્તિ આદિ સાતમી વિભક્તિના સ્થાને ક્વચિત્
ષષ્ઠી વિભક્તિનો પ્રયોગ થઈ શકે છે.
'ક્વચિત્ દ્વિતીયાદેઃ ।' પાદ - ૩, સૂ - ૧૩૪

o મંત્રસાધનામાં દ્રવ્યક્રિયા કરતાં પહેલાં ભાવક્રિયા
હંમેશા કરવાની હોય છે, ઇતરો તેને 'સાધનર્ષણ' કહે છે.
સૂરિમંત્રમાં પણ સાધનર્ષણ દર્શાવ્યું છે.
નમસ્કારમંત્રનો જાપ કરવા પહેલાં પણ આધ્યાત્મિક
શુદ્ધિ અનિવાર્ય છે, તે માટે કષાયનિવારણના ૬૪
પ્રકાર દર્શાવ્યા છે, તે પણ એક પ્રકારનું સાધનર્ષણ જ છે.
૨૪ મહાવિદ્યાની સિદ્ધિ મેળવવા માટે જે જાપના પ્રયોગો
થાય, તે દ્રવ્યવિધાન અને તેના પૂર્વસેવા-પ્રાગભૂમિકા
માટે કષાયનિવારણના પ્રયોગ તે ભાવવિધાન સમજાય છે.

એક ધર્મ ઊંચો અને બીજો નીચો -
એવી રીતે ધર્મપલટા માટે ભેદ દર્શાવનારા કુરાનાદિ
પ્રત્યે વર્તમાનમાં પૂરો અણગમો છે.
કોઈપણ ધર્મના આદર્શ પ્રત્યે ધ્યાન દોરે,
તેવા ગ્રન્થો આદરણીય થઈ શકે, જેમ કે:
'Religion of man'
by Huston Smith - વગેરે છે.

o ક્રોધ, દ્રોહ, ઈર્ષ્યા અને અસૂયા અનુક્રમે
મૈત્રી, કરુણા, મુદિતા અને માધ્યસ્થ્ય વડે જિતાય છે.
ક્રોધ - દ્રોહાદિ સંક્લેશસ્વરૂપ છે, જ્યારે
મૈત્રી - મુદિતા વિશુદ્ધિસ્વરૂપ છે.

o 'ક્લેશે વાસિત મન સંસાર,
ક્લેશરહિત મન તે ભવપાર;
જો વિશુદ્ધ મન ઘર તુમે આયા,
પ્રભુ તો આપે નવનિધિ-ઋદ્ધિ પાયા.' ...(૧)

બૌદ્ધદર્શનમાં કહેલ ભિન્ન ભિન્ન ભૂમિકાઓમાં પ્રધાનપણે
કરુણાભાવ છે, જેનો ઉત્કર્ષ બોધિસત્ત્વ-બુદ્ધમાં દેખાય છે.
આ ભાવનાઓ માટે
ધર્મસંગ્રહણી, દીર્ઘનિકાય, બ્રહ્મવિહારાદિ ગ્રન્થો છે.

## નિર્વિચાર દશા કોને કહેવાય ?

નિર્વિકાર થવા માટે પહેલાં વીતરાગ આદિ આલંબન
ધ્યાનોની ઉપાસના દ્વારા ચિત્તના વિકારો મંદ થયા પછી
જો નિર્વિચાર દશા આવે, તો તે વાસ્તવિક ગણાય.
જેમ નિદ્રામાં પણ નિર્વિચાર થવાય છે, કિન્તુ એની
કશી કિંમત નથી, તેમ માત્ર નિર્વિચારપણું કેળવવાથી
વિકારો શી રીતે શમે ? અર્થાત્ ન જ શમે.
જીવનું સંસારપરિભ્રમણ પુદ્ગલના રાગથી છે, પરન્તુ
વાસ્તવિક કારણ અજ્ઞાન ગણાય. પુદ્ગલ ઉપર જીવને
રાગ થાય છે, તે અજ્ઞાનના કારણે થાય છે, વળી
સંસાર પરિભ્રમણના કારણરૂપ જે જે દોષો છે,
તે તે સર્વ દોષો અજ્ઞાનના કારણે ટકી રહે છે,
એ દૃષ્ટિએ અજ્ઞાન એ જ સંસારનું મૂળ કારણ છે.

## નવકારમંત્ર સર્વની આદિમાં શા માટે ?

જેમ સર્વ વિદ્યા અને મંત્રોની સિદ્ધિ
નમસ્કારના ધ્યાનની સિદ્ધિ થવાથી થાય છે, એ રીતે
નવકારમંત્ર સર્વની આદિમાં લખાય છે, તેનું કારણ
સર્વ કર્મોમાં શિરોમણિભૂત મોહનીય કર્મ છે,
તેનો ક્ષય કરવાનું અસાધારણ કારણ નમસ્કારમંત્ર છે.

મોહનીયમાં પણ માનમોહનીય માનવને સર્વ દુરિતોમાં
શિરોમણિભૂત છે. તેનો નાશ કરવાનું સામર્થ્ય નમસ્કાર
મંત્રમાં છે, તેથી તે સર્વ મંત્રોમાં શિરોમણિભૂત ગણાય છે.
મદ-માનનો ક્ષય વિનય તથા નમ્રતાગુણથી જ સધાય છે. એ
સિવાય સર્વ પ્રયત્નો તે બે દોષને વધારનારા જ થાય છે.
મદ અને માનનો નિગ્રહ વિનય અને નમ્રતા વડે થવા
બાદ અન્ય મંત્રોથી જે વિદ્યા અને શક્તિ મળે છે, તે
મોહનીય આદિ અન્ય પણ કર્મોનો આંશિક-આંશિક ક્ષય
કરવા સમર્થ થાય છે, તેથી નમસ્કારની સિદ્ધિમાં જ
અન્ય સર્વ શાસ્ત્રોની, મંત્રોની અને વિદ્યાઓની સિદ્ધિ
માનેલી છે, તે યથાર્થ છે, તેથી જ નમસ્કારમહામંત્રની
આરાધનામાં મુમુક્ષુ આત્માઓએ સર્વ પ્રકારે
ઉદ્યમ કરવો જોઈએ અને એ મંત્રની સિદ્ધિ કરીને
સકલ કર્મનો ક્ષય સાધવો જોઈએ.

## નૂતન દીક્ષિતો માટે શું કલ્યાણકારી ?

ભગવાને કહેલા મોક્ષમાર્ગ સ્વરૂપ સંયમમાર્ગની
આરાધનામાં ચઢતે પરિણામે ઉલ્લાસ જાળવવું અને એ
માટે વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય આદિ આલંબનોમાં
અપ્રમત્ત રહેવું, એ નૂતન દીક્ષિતો માટે પરમ કલ્યાણકારી છે.

સંયમજીવન સુવિશુદ્ધ બને અને સર્વ સમર્પણભાવથી ઉત્તમ આરાધકભાવ જાગે, તે માટે પ્રયત્નશીલ રહેવું.

अनन्तानन्तसंसारसंततिच्छेदकारणम् ।
जिनराजपदाम्भोजस्मरणं शरणं मम ॥१॥

(ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

## ગૌતમસ્વામીનું રૂડું માહાત્મ્ય

ગૌતમ મહારાજનું ધ્યાન સર્વાભીષ્ટ વસ્તુ આપનાર કહ્યું છે, કેમકે તે જિનના ધ્યાનનું ધ્યાન છે. જે આદરથી તેમણે અરિહંતનું ધ્યાન કરેલ, તે ધ્યાનનું ધ્યાન સર્વાભીષ્ટપ્રદ છે. અરિહંતનું ધ્યાન તો ક્વચિત્ અભવ્યને પણ સંભવે પરંતુ અરિહંતના ધ્યાનનું ધ્યાન નિયમા ભવ્યને જ હોય.

ગૌતમ ગણધરનું ધ્યાન તે
અરિહંતના ધ્યાનનું ધ્યાન કરનાર જીવનું ધ્યાન છે.

o 'ભગવાન પૂર્ણ છે' એવી શ્રદ્ધા તે દર્શન,
'આત્મા પૂર્ણ છે' એવી પ્રતીતિ તે જ્ઞાન અને
'જગત પૂર્ણ છે' એવી પ્રતીતિ તે ચારિત્ર.

દેવથી દર્શન, ગુરુથી જ્ઞાન, ધર્મથી ચારિત્રનો લાભ થાય.
દર્શન વડે દેવતત્ત્વ, જ્ઞાન વડે ગુરુતત્ત્વ અને
ચારિત્ર વડે ધર્મતત્ત્વની આરાધના થાય છે.

चिन्तारत्नमसंक्लिष्टमान्तरं ध्यानमुच्यते ।
तस्य तन्नुचितं दीर्घस्नस्य शिष्टाविपत्तयः ॥

## પહેલાં સ્વાધ્યાય - પછી ધ્યાન

ધ્યાનયોગ વાસ્તવિક તો સાતમે અને તે પછીના જ ગુણઠાણે હોય, તે પહેલાંના ગુણઠાણે સાધુને મુખ્યતાએ પાંચ પહોર સ્વાધ્યાય જ કરવાનો કહ્યો છે.

એ વિચારણીય છે કે:

ધ્યાનયોગ વગર મુક્તિ નથી પણ કઈ વ્યક્તિ માટે અને કઈ સ્થિતિએ પહોંચ્યા પછી તે જાણકારી બને ?

બહિર્મુખી વૃત્તિઓનો ત્યાગ કરી વૃત્તિઓને અંતર્મુખી કરવાથી પરમ શ્રેયની પ્રાપ્તિ થાય છે.

જો કોઈ સર્વશ્રેષ્ઠ પ્રકાશ હોય, તો તે આત્મજ્ઞાન છે.
આત્મજ્યોતિમાં લીન રહેવું એ જ પરમ પવિત્ર તીર્થ છે.
વિશ્વમાં માનવનો કોઈ શ્રેષ્ઠબંધુ હોય, તો તે પરમાત્મા છે અને સાચા ભક્તોને તે ઈશ્વરમય બનાવે છે.

## મનઃશાંતિ માટેનો એક કીમિયો

કોઈનો કોઈ બાબતમાં વાંક ન કાઢવો અને વાંક કાઢવો તો કેવળ વિધાતાનો.

o સ્ત્રીને માનવજાતની જનની માનવી જોઈએ.

## સમુપાસ્મહે એટલે...

ઉપાસનાના સર્વ પ્રકારો વડે ઉપાસના કરીએ છીએ.

### સકલાર્હતની સ્તુતિમાં ઉપાસનાના ૭ પ્રકારો

(૧) નામપરા (૨) રૂપપરા (૩) વિભૂતિપરા
(૪) શાસ્ત્રપરા (૫) ગુણપરા (૬) ભાવપરા
(૭) સ્વરૂપપરા ઉપાસના.
} કલ્યાણ-ઉપાસના અંગ

આ જિનેશ્વરોના નામ, આકૃતિ, દ્રવ્ય - એ ૩ નિક્ષેપો હૃદયમાં સ્થિર થાય તો આરાધકને પરમાત્મા જાણે કે:

(૧) સાલોક્ય : ચક્ષુ વડે પોતાની સામે દેખાતા હોય.
(૨) સામીપ્ય : હૃદયપ્રદેશ કરી મધુર આલાપ કરતા હોય.
(૩) સારૂપ્ય : સર્વ અંગોમાં જાણે અનુભવાતા હોય અને
(૪) સાયુજ્ય : તન્મયતા પામતાં હોય, એવો અનુભવ થાય.

આવી સ્ફુરણા કે અનુભવથી સકલ કલ્યાણોની સિદ્ધિ થાય.

ઈતરો આને ૪ પ્રકારની મુક્તિ કહે છે:

(૧) સાલોક્ય (૨) સામીપ્ય (૩) સારૂપ્ય અને (૪) સાયુજ્ય.

ધ્યાન જ્યારે સ્થિરતાને પામે છે,
ત્યારે ધ્યેય નજીક ન હોવા છતાં પણ જાણે
સામે આલેખિત હોય, તેવું અત્યંત સ્પષ્ટ ભાસે છે.
(अप्रतीत, अनिराकृत, अभीप्सित)-तत्त्वानुशासन श्लो.४४

## અર્હં જાપનું ૧૦૮ વાર સ્મરણ

'અર્હં' સ્વરૂપ સર્વજ્ઞ પરમાત્મા મૂર્ત-અમૂર્ત, કલારહિત-કલાસહિત, સૂક્ષ્મ-સ્થૂલ, વ્યક્ત-અવ્યક્ત, નિર્ગુણ-સગુણ, સર્વવ્યાપી-દેશવ્યાપી, અરૂપ-રૂપી અને નિત્યાનિત્ય છે.

વળી જિનેશ્વરો ત્રણે લોકને પૂજ્ય,

અનંત કરુણાવાળા, રત્નત્રયને ધારણ કરનારા છે, તેથી અર્હં એ સર્વ સદ્‌વસ્તુઓની પ્રાપ્તિનું કારણ છે.

અર્હં જાપનું ૧૦૮ વાર સ્મરણ કરનાર ત્રણે લોકમાં રહેલા સર્વ શાશ્વત જિનબિંબોના દર્શન, પૂજન અને સ્તવનથી થનારાં ફળો વડે સ્વયં વરાય છે અર્થાત્

તે તે ફળો તેને પ્રાપ્ત થાય છે.

આ મંત્ર દેવો અને અસુરો વડે નમસ્કાર કરાયેલો છે, મિથ્યાત્વ રૂપ અંધકારને હરવા માટે સૂર્ય સમાન છે,

તે પરમ સામર્થ્યશાળી અને જિનેન્દ્રતુલ્ય છે.

अथास्य पुरुषस्य चत्वारि स्थानानि भवन्ति ।
नाभि हृदयं कण्ठं मूर्धा च । तत्र चतुष्पादं ब्रह्म विभाति ।
जागरिते ब्रह्मा, स्वप्ने विष्णुः, सुषुप्तौ रुद्रः, तुरीयं अक्षरं ।

જાગૃત = નાભિ, સુષુપ્તિ = કંઠ
સ્વપ્ન = હૃદય, તુરીય = મૂર્ધા.

(પરિશિષ્ટ-૨)

આ ચાર અવસ્થાઓ મળીને ચતુષ્પાદ બ્રહ્મ થાય છે.

'યોગશાસ્ત્ર' - પ્રકાશ ૮માં 'અર્હં'નું વર્ણન છે,

તેમાં આ ચારે ય સ્થાનો આવી જાય છે.

अर्थाकारो ग्राह्यत्वेन प्रतीयते, बोधाकारस्तु ग्राहकत्वेन ।

અર્થાત્: બાહ્ય વિષય અર્થ તે ગ્રાહ્ય જાણવા અને જ્ઞાનમાં થતો તેનો આકાર, તે ગ્રાહક જાણવા.

સુષુમ્ણામાં જ્ઞાનને બાહ્ય આલંબન હોતું નથી, કેમકે ત્યાં આલંબનની જરૂર નથી, તેથી ત્યાં ગ્રાહ્ય - ગ્રાહકભાવ નથી. અંતરંગ આલંબનમાં 'ગ્રાહ્ય - ગ્રાહક' આદિ જે શબ્દોનો પ્રયોગ ઘટતો નથી. ગૃહીતા અને ગ્રહણ સમાપત્તિને સ્પર્શ્યા પછી જ તે સારી રીતે જાણી શકાય, તે પહેલાં તર્ક ઉઠે. સુષુમ્ણામાં પ્રવેશ કરતાં જ તર્ક શમી જાય.

શંકા - સમાધાન વગેરે જંજાળ ઈડા - પીંગળાની છે.

સુષુમ્ણામાં જ્ઞેય અર્થનો અંતરંગ સ્પર્શલાભ હોવાથી શંકા-સમાધાનની જરૂર નથી. શંકા હોય, ત્યાં સમાધાન જોઈએ.

શંકા જ ન હોય તો વળી સમાધાન કેવું?

આ નિર્મળ બુદ્ધિ છે. 'સ્યાદ્વાદ રત્નાકર'માં કહ્યું છે કે:

स्वव्यतिरिक्तग्राह्य - ग्राहकविरहात् बुद्धिः
स्वयमेव आत्मस्वरूपप्रकाशिका प्रकाशवत् । (પરિશિષ્ટ-૩)

પ્રમેય = ચંદ્ર, પ્રમાણ = સૂર્ય.

પ્રમેય પ્રમાણમાં અને પ્રમાણ પ્રમાતામાં લીન થાય, ત્યારે સુષુપ્તિ આવે, તે સુષુમ્ણારૂપ છે. ઉવસગ્ગહરંની પાંચમી ગાથામાં 'જિનચંદ' શબ્દ છે. ચંદ્ર એટલે પ્રમેય. વળી ત્યાં 'સંથુઓ મહિઅર નિબ્ભરેણ હિઅએણ |' છે, તેનો અર્થ એવો થાય કે : 'ભક્તિથી સભર સ્વપ્નદશામાં ધ્યાન ધર્યું છે.' 'સંથુઓ |' શબ્દનો અર્થ : 'ધ્યાન કર્યું'. ચંદ્ર એ પ્રમાણ, સૂર્યરૂપ ધ્યાનમાં જ્યારે લીન થાય અને ધ્યાન ધ્યાતામાં લીન થાય, ત્યારે સુષુપ્તિ દશા આવે તે બુદ્ધિ નિર્મળ કરે. 'તેથી નિર્મળ બુદ્ધિ અર્થાત્ બોધિ મને ભવોભવ મળો' એવી યાચના કરી, તે સંગત થાય છે.

એક જ ગાથામાં 'મહાયશ - દેવ - જિનચંદ' એમ ત્રણે વિશેષણો છે, તે સકારણ સિદ્ધ થાય છે.

## પ્રભુનું નામ જ ઔષધિ

પ્રીતિ અને ભક્તિ એવી વસ્તુ છે કે
તેમાં બુદ્ધિપૂર્વકની ગણતરી હોતી નથી.
તેમાં તો ભાવના અને ઊર્મિની જ પ્રધાનતા હોય છે.

પ્રભુ નામ કી ઔષધિ, ખરા ખાંત શું ખાય,
રોગ - પીડા વ્યાપે નહિ, સબ સંકટ મિટ જાય. ...(૧)

## ભગવાન મહાવીરના ઉપદેશનું હાર્દ

ભગવાન મહાવીરનો ઉપદેશ બ્રાહ્મણોની સત્તાને તોડવા કે પડકારવા માટે નહોતો પણ સકળ સૃષ્ટિ - સમસ્ત જીવમાત્રનું કલ્યાણ કેમ થાય - એ માટે હતો.

તેમના ઉપદેશનું હાર્દ હતું:

સર્વ જીવ પ્રત્યે સમભાવ.

'સવ્વે જીવા વિ ઇચ્છંતિ જીવિઉં ન મરીજ્જઉં |'

અર્થાત્ : બધા જીવો જીવવા જ ઇચ્છે છે, મરવા નહીં. સ્વર્ગનો ઇન્દ્ર કે વિષ્ટાનો કીડો - દરેકને જીવવું ગમે છે, કોઈને મરવું ગમતું નથી. તે માટે કોઈપણ પ્રાણીની હિંસા કરશો નહિ કે તેને પરિતાપના ઉપજાવશો નહિ.

છ જીવનિકાયની હિંસાથી વિરામ પામો.

સાચા યજ્ઞમાં ધ્યાનનો ધૂપ, સુવિચારનાં પુષ્પ અને પાંચ ઇંદ્રિયોના વિષયોની આહુતિ આપવાની હોય. જેમાં જીવોની હિંસા હોય, તે યજ્ઞો દુર્ગતિમાં લઈ જાય છે. કર્મથી બ્રાહ્મણ, કર્મથી ક્ષત્રિય, કર્મથી વૈશ્ય અને કર્મથી જીવ શૂદ્ર બને છે. ઉચ્ચ કુળમાં જન્મવામાત્રથી જ ઉચ્ચ બનાતું નથી. જેમ દીપકમાંથી દીપક પ્રગટે, તેમ તેમ કેવળજ્ઞાનીની આરાધનાથી કેવળજ્ઞાન પ્રકટે છે.

‘પર્યુપાસના’ એટલે... ભક્તિ અથવા આપણી અંદર
ત્રિગડાગઢ મધ્યે બિરાજતાં આત્મદેવની ઉપાસના -
આત્મરમણતા - આત્મસ્થિરતા - આત્મૈકતા. મન - વચન -
કાયાના યોગોને આત્માભિમુખ કરી કરાતું વર્તન. ટૂંકમાં
આત્મિક ભજન, દૈવ ભજન અથવા પવિત્ર ભજન.
આત્માને સ્થૂલ - સૂક્ષ્મ અને કારણ શરીરોના નિરંતર
સહવાસને લીધે સ્વ-સ્વભાવનું સ્મરણ ભાગ્યે જ થાય છે.

<u>ફલિત થતાં 3 સિદ્ધાંતો</u>: (૧) સ્વ-સ્વભાવમાં રમણ કરવું,
એ મનુષ્ય માટે સ્વાભાવિક છે, અશક્ય નથી.
(૨) પરંતુ સરેરાશ મનુષ્ય પરભાવમાં-વિભાવમાં જીવે છે.
તે પરપ્રદેશમાં જ અને સ્વભાવથી વિરુદ્ધ વાતાવરણમાં
જ આખી જીંદગી કે જીંદગીનો મોટો ભાગ ગુજારે છે.
(3) અને સ્વભાવ વિરુદ્ધ વાતાવરણમાં રહેવાને પરિણામે
કુદરતી રીતે તેને દુઃખ અનુભવવું પડે છે.

હવામાં ઉડવાના સ્વભાવવાળી કોયલ જો સરોવરમાં
વસનારી માછલીની સાથે રહેવા માંડે, તો દુઃખી જ થાય.
અહીં માછલાં કે પાણી એ પોતે દુઃખ નથી, દુઃખ એ
વસ્તુતઃ કોઈ પદાર્થ નથી પણ સ્વભાવ વિરુદ્ધ વર્તનથી
અનુભવાતી લાગણી એજ ‘દુઃખ’ કહેવાય. - <u>વા.મો.શાહ</u>

## સર્વોત્કૃષ્ટ સાધુપણું એટલે શું ?

સાચું સાધુપણું અધ્યાત્મ અને યોગસાધનાને અનુકૂળતાવાળું હોય છે, જેમાં કંચન-કામિનીનો સંપૂર્ણ ત્યાગ હોય, ગૃહસ્થોની શેહ-શરમ કે બંધન ન હોય, માત્ર બાહ્ય જ નહિ પણ અભ્યંતર સાધુપણું સ્પર્શતું હોય, અધ્યાત્મ-યોગ-ધ્યાનાદિ સૂક્ષ્મ ક્રિયાનો આદર અને આરાધના હોય અને એકાંતવાસ જ્યાં સુપ્રિય હોય.

V.V. Imp.

- A.V. Shah

દરેક માનવને જીવનમાં સુખ જોઈએ છે. જીવનના આનંદ માટે આપણે સૌ વલખાં મારીએ છીએ પણ નવાઈની વાત તો એ છે કે એવા આનંદની કોઈ સ્પષ્ટ વ્યાખ્યા આપણા મનમાં નથી હોતી, પરિણામે ઘણાં મનુષ્યો આનંદ શોધવામાં હોવા છતાં ય ખોટાં હવાતિયાંમાં અટવાઈ જાય છે. ઘણા ખરાં મનુષ્યો તો આનંદને સાધનમાંથી જન્મતી પરિસ્થિતિરૂપે કલ્પે છે તથા એ કલ્પના માટે જ સાધનો વસાવવાની ધૂન સેવે છે, છેવટે એ સાધનો જ એનાં બંધનો બનીને જીવનાનંદને અવરોધે છે. જ્યારે આનંદ ખરી રીતે એના હૃદય જેટલો જ પાસે છે, તે વધારે ને વધારે દૂર થતો જાય છે.

માનવસ્વભાવની આ વિચિત્રતાએ ફિલસૂફોને રડાવ્યા છે. કોઈપણ મનુષ્ય તૃષ્ણાની ઝોળીથી નિર્ભેળ આનંદ મેળવી શકતો નથી. તૃષ્ણા કીર્તિ અપાવે, વાહવાહ કરાવે, ખુશામતિયાં અને આશ્રિતોની સંખ્યા વધારી માનવીના અહમને ય પોષે પણ જીવનના મર્મમાં પ્રવેશ કર્યા વિના સાચા આનંદનું તો ઝાંખું દર્શન પણ ન થાય.

ચિત્તની એ પ્રસન્નતા જે ફૂલમાં સુગંધરૂપે અને બાળકમાં અકારણ નિખાલસ-નિર્દોષ હાસ્યરૂપે વસી રહી છે,
એની ઝાંખી થયા વિના જીવન વહી જાય,
આના કરતાં વધારે મોટી જીવનની નિષ્ફળતા બીજી કઈ?

Rabindranath Tagore says:

હું અહીંથી જ્યારે પ્રસ્થાન કરું, ત્યારે મારા અંતિમ શબ્દો તે હો કે મેં જે કાંઈ અહીં જોયું છે, તે અદ્વિતીય છે. મેં પ્રકાશસાગરમાં ખીલેલાં સહસ્ત્રદલ કમલનાં અદીઠ મધુનો રસાસ્વાદ કર્યો છે અને એ કારણે હું ધન્ય છું. અનંત રૂપોના આ ખેલ-ભુવનમાં હું ભરપૂરપણે ખેલ્યો છું, અહીં મેં અરૂપની ઝાંખી કરી છે. મારી સમસ્ત દેહ, મારાં અંગ-અંગ એ સ્પર્શાતીતના સ્પર્શથી પુલકિત છે. આથી મારો અંત આવતો હોય, તો ભલે આવે!

પરપીડા એ પાપ છે, તો પરહિતને ધર્મ માનવો જ જોઈએ.
પર એ પર છે છતાં તેને પીડા સ્વઅહિતમાં પરિણમે છે,
તો સ્વહિતની બાબતમાં પણ તે જ ન્યાયે અંગીકાર
કરવો જોઈએ. પરને પીડા એ જો સ્વનું અહિત છે,
તો પરને સુખ એજ સ્વહિત બનવું જોઈએ.
એ દૃષ્ટિએ વિચારતાં સ્વપીડા પરપીડાથી ભિન્ન નથી,
તેમ સ્વહિત એ પરહિતથી ભિન્ન નથી અર્થાત્
સ્વ અને પરનો ભેદ વ્યવહારથી છે, નિશ્ચયથી નહિ.
નિશ્ચયથી સ્વપર એમ બે નથી પણ તત્ત્વ એક જ છે.
વ્યવહાર એ બાહ્યને, ક્ષણિકને, કલ્પિતને સ્પર્શે છે.
નિશ્ચય એ આંતરને, અક્ષણિકને, સત્યને સ્પર્શે છે.
એ ઉપરથી નિશ્ચયનો એ સિદ્ધાંત ફલિત થાય છે કે:
'અદ્વૈત સત્ય છે અને દ્વૈત અસત્ય છે - મિથ્યા છે.'

जस्स सामाणिओ अप्पा संजमे तवे य च |
तस्स सामाइयं होइ इइ केवलिभासियं ||
'स्वपरसमभावसंभूतः सामायिकः |' (પરિશિષ્ટ-૪)

જે અનિત્ય છે, તે દુઃખકર છે.
જે દુઃખકર છે, તે અનાત્મક છે. જે અનાત્મક છે,
તે મારું નથી, તે હું નથી, તે મારો આત્મા પણ નથી.

આ પ્રમાણે યથાર્થતયા સમ્યક્ પ્રત્યક્ષ જાણવું,
તે 'વિપશ્યના' સાધના છે.
વિશિષ્ટરૂપે દેખવું, સાક્ષાત દેખવું - તે વિપશ્યના.

## સુખ - દુઃખનો મુખ્ય આધાર મન

દુઃખ ઓછું - વધુનો પ્રશ્ન ગૌણ છે પણ
મનને એ લાગવા ન લાગવાની વસ્તુ મહત્ત્વની છે.
જ્યારે કોઈ પ્રબળ આનંદનો અનુભવ થાય છે, ત્યારે
બાહ્ય દુઃખનો અનુભવ મોળો પડી જાય છે.
સુખ - દુઃખનો મુખ્ય આધાર મન જ છે.
અનુકૂળ પરિસ્થિતિમાં પણ મન દુઃખની લાગણીવાળું
તથા પ્રતિકૂળ પરિસ્થિતિમાં મન સુખની લાગણીવાળું
પણ અનુભવી શકાય છે. બાહ્ય પરિસ્થિતિ કરતાં પણ
મનની પરિસ્થિતિ મહત્ત્વની છે. 'જે મળ્યું છે, તે ઘણું
અધિક છે' એવી સમજણના આધારે સંતોષનો અનુભવ
કરવો હોય તો 'ધન કરતાં ધર્મની કિંમત અધિક છે'
એમ મન ઉપર ઠસાવવું આવશ્યક છે.
'મોંઘેરા આ મહામોલ એવા મનુષ્યજન્મની કિંમત
ધર્મસામગ્રીના આધારે છે, ધનસામગ્રીના આધારે નહિ'
એ વાત સમજવી બુદ્ધિશાળીને મન સરલ છે.

દર્શ પામ્યાનો આનંદ બાહ્ય વસ્તુના આલંબનને વિસારી
દે છે અને સ્વર્ગના ઇંદ્રથી પણ અધિક આનંદનો અનુભવ
કરાવી શકે છે. માનવજન્મમાં નિરૂપાધિકતાના કારણે
સંયમી સાધુ બાર માસના પર્યાયમાં
અનુત્તર સુધીનાં અધિક સુખાનુભવ અનુભવી શકે છે.
શાસ્ત્રનું ઉપરોક્ત વચન પ્રમાણ છે.

વિનોબાજી Thy-ism માટે કહે છે કે:
'આપણે મોટી મોટી વાતો જ કરવાની અને આચરણ
તો બાળકોએ જ કરવાનું' - એ વાદ Thyism છે.

सर्वभावेषु कर्तृत्वं ज्ञातृत्वं यदि सम्मतं ।
मतं नः सन्ति सर्वज्ञा मुक्ताः कायभृतोऽपि च ॥१॥

વીતરાગ સ્તોત્ર ૭-૭, અર્થાત્:

સર્વ પદાર્થોને જાણવા એ જ જો કર્તૃત્વ હોય, તો એ
વાત અમને પણ સંમત છે, કેમકે અમારો મત એ જ છે
કે સર્વજ્ઞ એવા પ્રભુ મુક્ત પણ છે - શરીરધારી પણ છે
(અરિહંત અને સિદ્ધ - એમ બે પ્રકારે સર્વજ્ઞ પ્રભુ છે).
સર્વપદાર્થોમાં જ્ઞાતાદિનું કર્તૃત્વ એ સાચું કર્તૃત્વ નથી,
કેમકે પરભાવોનું કર્તૃત્વ એ કર્તૃત્વ નહિ પણ કર્તૃત્વનું
મિથ્યાભિમાન જ રાગ, દ્વેષ, મોહનો એક વિકલ્પ છે.

બ્રહ્માદિના કર્તૃત્વના વિચારને જો
રૂપક માનવામાં આવે, તો જ તે સાર્થક થાય છે.
'ઉત્પાદ વ્યય ધ્રૌવ્યયુક્તં સત્ ।' એ સૂત્ર મુજબ
વસ્તુ માત્ર ત્રિધર્મયુક્ત છે અને એ ત્રિધર્મ એ જ
અનુક્રમે બ્રહ્મા - વિષ્ણુ - મહેશ નામથી ઓળખાય છે.
એ રીતે જો બ્રહ્માદિનું કર્તૃત્વ કહેવું, તે યથાર્થ જ છે.
તાત્વિક કર્તૃત્વ એ પરભાવોનું નહિ પણ સ્વ-ભાવનું છે.
સ્વ-ભાવનું કર્તૃત્વ કેવળ સર્વત્ર ભગવંતોમાં ઘટે છે,
પછી તે દેહધારી હો કે વિદેહી - મુક્ત હો.
જે સાક્રિભાવ કર્તૃવાદ છે, તે પરભાવોની અપેક્ષાએ છે,
સ્વ અપેક્ષાએ તે કર્તૃત્વ છે અને
એ જ યથાર્થ જગત્કર્તૃત્વવાદ છે.

o परमैश्वर्ययुक्तत्वान्मतैवात्मैवेश्वरः ।
स च कर्तेति निर्दोषः कर्तृवादो व्यवस्थितः ॥१॥
उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेति उदाहृतः ।
यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः ॥२॥ (परिशिष्ट-५)

o

The smallest insect is manifestation of the Divine essence. We must have respect for life in all forms.

## વિશેષાવશ્યક ભાષ્ય ગાથા - ૨૦૦૧ની ટીકા

नामस्थापनाद्रव्यभावभेदाच्चतुर्विध आचार्यः । तत्राचार्योपयोगरूपो योऽसौ भावाचार्यः शिष्यस्य मनसि वर्त्तते, अतो गुरुविरहोऽप्यत्रासिद्ध एवेतिभावः।

(પરિશિષ્ટ-૬)

most Important

ભગવાન સર્વ જીવો સમાન છે, કારણકે સર્વજીવોની સત્તા શુદ્ધ સંગ્રહની અપેક્ષાએ સિદ્ધ સમાન છે અર્થાત્ આત્મત્વ જાતિ એક જ છે.

શુદ્ધ ગુણ-પર્યાયમય આત્મસત્તા પલટીને કોઈ કાળે પણ અચેતન બનતી નથી એટલે ચૈતન્યની અપેક્ષાએ જીવો એક જ લેખાય છે. સંસારી જીવોની શુદ્ધ આત્મસત્તા કર્મથી આવૃત્ત છતાં ૮ રૂચકપ્રદેશો સદા નિરાવરણ રહે છે, તેમ જ્યારે સાધક રાગ-દ્વેષનો ત્યાગ કરી ભગવાનઅરિહંતના ધ્યાનોપયોગમાં પોતાની મનોવૃત્તિઓને તદાકાર બનાવે છે, ત્યારે પોતાને પણ પરમાત્મ સ્વરૂપે જ જુએ છે. 'ભાવાદ્ભાવ પ્રસૂતિઃ ।' એ ન્યાયે એક દીપકના પ્રકાશ વડે જેમ અનેક દીપક પ્રકાશિત થાય છે, તેમ કેવળજ્ઞાનાદિ જ્યોતિથી દેદીપ્યમાન પરમાત્મતત્ત્વ સાથે તન્મય બનેલો અંતરાત્મા પરમ જ્યોતિને અવશ્યપણે પ્રાપ્ત કરે છે.

'નાદોઽર્હન્, વ્યોમ ધ્વનિઃ । બિન્દુ નિરોઽનાહતઃ સોઽર્હન્ ।'

- મંત્રરાજરહસ્ય : ૩૫૧, ૪૩૬, ૪૪૧

આદૌ મધ્યેઽવસાને યદ્ વાઙ્મયં વ્યાપ્ય તિષ્ઠતિ ।
હૃદિ જ્યોતિષ્મદુદ્ગચ્છન્નામ ધ્યેયં તદર્હતામ્ ॥ અર્થાત્:
વાણી = આગમને જે શરૂ, મધ્ય, અંતમાં વ્યાપીને રહે છે, તે હૃદયમાં ઉલ્લસિત થતું અરિહંતોનું પ્રકાશમાન નામ ધ્યેય છે.

સમ્યગ્દર્શન ચંદ્ર જેવું નિર્મળ છે,
સમ્યગ્જ્ઞાન સૂર્ય જેવું પ્રકાશમય છે અને
સમ્યક્ચારિત્ર એ સાગરસમ ગંભીર છે.

## વાણીના નિવાસસ્થાન

મધ્યમા કંઠગતા-પશ્યંતી હૃદયગતા-પરાવાણી નાભિગતા છે.
પદસ્થ ધ્યાનમાં પ્રથમ વૈખરી અને મધ્યમા વાણી વડે
સ્થૂલપદનું આલંબન લઈને પછી પશ્યંતી અને
પરાવાણી વડે સૂક્ષ્મપદનું આલંબન લેવાય છે.
તે વખતે ચિત્તની શ્લિષ્ટ-સુલીન અવસ્થા પ્રાપ્ત થાય છે.

## ૪૫ આગમસૂત્રમાં કહ્યું છે કે:

જિનવર જિન આગમ એકરૂપે, સેવંતા ન પડો ભવકૂપે.

## સમયપુરુષનાં અંગો છે:

ચૂર્ણિ, ભાષ્ય, સૂત્ર, નિર્યુક્તિ, વૃત્તિ, પરંપરાગત અનુભવ.

ચિત્તની ૪ અવસ્થા : વિક્ષિપ્ત, યાતાયાત, શ્લિષ્ટ, સુલીન.
પ્રથમ બે સ્થૂલ અને પછીની બે સૂક્ષ્મ વિષયને અનુસરે છે.

સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ -
એ અરિહંત પરમાત્માની જ પૂર્વોત્તર અવસ્થાઓ છે,
તેથી તે દ્રવ્ય નિક્ષેપે અરિહંત જ છે.

ગુરુભક્તિપ્રભાવેન તીર્થકૃદ્દર્શનં મતં ।
સમાપત્ત્યાદિભેદેન નિર્વાણૈકનિબંધનં ॥૧॥ અર્થ:
ગુરુભક્તિના પ્રભાવથી કે અન્ય પછીના આરાધનથી
ધ્યાતા અરિહંત પરમાત્મા સાથે જ્યારે તન્મયતા સાધે છે,
ત્યારે જિનનામકર્મ નિકાચિત કરે છે.

વર્ધમાનવિદ્યાપટમાં આલેખાયેલા ધ્યાનની અનુપમ સામગ્રી:
ૐકારમાં સમવસરણસ્થ જિનનું રૂપ, તેની ઉપર હ્રીં અને અર્હં નું ધ્યાન કરવું. તે પછીનો અનાહત વેષ્ટન કેસરા ધ્યાનની સૂક્ષ્મતા સૂચવે છે. સુયોગ્ય મુનિઓને તેનું પૂજન ધ્યાનાભ્યાસ માટે જ હોય, એમ અનુમાન થાય છે. આત્મરક્ષણ એ જાપનું વિશિષ્ટ ફળ છે. આત્મરક્ષણથી આર્તધ્યાન ટળે છે. રૌદ્રધ્યાનનિવારણનો ઉપાય ષડ્જીવનિકાયનું હિતચિંતન છે. જાપ વડે પ્રથમ સર્વ જીવહિત-ચિંતાનો અધ્યવસાય પ્રગટે છે, પછી સ્વરૂપનું રક્ષણ થાય છે.

નામ, આકૃતિ, દ્રવ્ય, ભાવનાં ચિંતનથી અનુભવ થાય કે:
પરમાત્માની સર્વત્ર હાજરી છે તથા ભક્તિના આવેશમાં
ભક્તને સર્વત્ર ભગવાનનાં દર્શન થાય છે.

સૂરિમંત્રના આહ્વાન પ્રસંગે આહ્વાન પ્રક્રિયાની વિધિ ધ્યાનયોગ ઉપર અપૂર્વ પ્રકાશ પાડે છે. કહ્યું છે કે:

इति मंत्रेण आह्वानमुद्रया गौतमं हृत्पद्मादन्तर्नाडी-
पथेनाऽऽकृष्य ब्रह्मरन्ध्रं नीत्वा ज्योतिर्मयं
आह्वयेत् - साक्षादागतमिव कल्पयेत् । (પરિશિષ્ટ-૭)

દરેક આહ્વાન વખતે આવી વિધિ જાણવી.

પછી સ્થાપનાદિ કરી અમૃતીકરણ દ્વારા સંજીવન બનાવી તેમની આગળ જાપ અને ધ્યાનાદિ કરવાનું વિધાન છે, તે મહાન ધ્યાનયોગની સાધના છે, જે પૂર્વપરંપરાથી પોત-પોતાના સદ્ગુરુ દ્વારા મળતી હોવી જોઈએ. - કલાપૂર્ણ

o મનની પ્રસન્નતા, એકાગ્રતા, ઈશ્વરશ્રદ્ધા અને અંતઃકરણની શુદ્ધિ માટે માનસિક શાંતિ અનિવાર્ય છે.

गुणग्रहरसिकानां परवचनानुपपत्ति-
परिहार - प्रवणस्वभावत्वात् । - ષોડશક ૧૬ સદ્વૃત્તિઃ

ગુણાનુરાગી પુરુષો બીજાના વચનો ન ઘટતા હોય, તો તે કેવી રીતે ઘટે, એ વિચારવાના સ્વભાવવાળા હોય છે.

ષોડશક ૧૬માં કહ્યું છે કે:

(૧) પ્રથમપદનું અસાધારણ લિંગ 'પૂજ્યતા'ને ગ્રહણ કરવું. (૨) પ્રભુનું પૂજ્યતાવચ્છેદકપણું અબાધિત રહેવું જોઈએ. (૩) પાંડિત્ય દર્પ માટે ત્યાજ્ય છે, કિન્તુ શ્રુતજ્ઞાનની વિશિષ્ટ આરાધના માટે ઉપાદેય છે. (૪) શિષ્યબુદ્ધિવિશદ માટે શાસ્ત્રથી અબાધિત રીતે વિચારવાની છૂટ છે.

## રાજયોગ

રાજયોગના સાધકે સતત એ જાગૃતિ રાખવાની જરૂર છે કે તેના હૃદયમાં રહેલી 'આત્મજ્યોતિ' એક સાચી અને વાસ્તવિક હસ્તી છે અને આ 'આત્મજ્યોતિ' તે વિરાટ આત્મજ્યોતિથી જરા પણ ભિન્ન નથી. વ્યક્તિગત અને વિરાટ આત્મજ્યોતિ એક અને અવિભાજ્ય છે. આત્મજ્યોતિ સિવાયનું જે કાંઈ દેખાય છે, તે એક નાટક - પ્રભુની લીલા છે. જે સાધક એક પળવાર માટે પણ ઉપર્યુક્ત ધ્યાનને વિસરતો નથી, તે અજ્ઞાનના ફંદામાં ફસાતો નથી. આત્મતત્ત્વના સતત સંપર્કથી વ્યક્તિનાં મન, પ્રાણ અને શરીરમાં એક એવી શાંતિ અને આનંદ છવાઈ જાય છે કે કંચન અને કામિની વડે પ્રાપ્ત થતાં મૃગજળ જેવા સુખનું તેને આકર્ષણ રહેતું જ નથી.

આત્માના ગાઢ અને સતત સંપર્કથી જે સાચો અને સ્થાયી પરમ આનંદ વ્યક્તિને પ્રાપ્ત થાય છે, તેનું આંશિક પણ વર્ણન કોઈ કલમ કે જીભ કરી શકવા સમર્થ નથી. અનુભવી યોગીપુરુષો કહે છે: એક ઘડીભરના બ્રહ્માનંદની તુલનામાં લાખો વર્ષના દેવરાજઈંદ્રના સુખો વિસાતમાં નથી. રાજયોગસાધનાથી આ બ્રહ્માનંદ ઝડપથી પ્રાપ્ત થઈ શકે. વ્યક્તિએ પોતાની ટૂંકી અને અહંકેન્દ્રિત પશુચેતનાને સ્થાને વિરાટબ્રહ્મની દિવ્યચેતનાને સ્થાપવાની રહે છે. આ વિરાટબ્રહ્મની ચેતનામાં શરૂઆતમાં પાંચ મિનીટ, પછી પંદર મિનીટ, પછી ૧ કલાક રહેવાનો અભ્યાસ પાડવાનો રહે છે. આ અભ્યાસના પરિણામે બ્રહ્મ તરફથી એવી શક્તિનું પ્રદાન થાય છે કે મનને બ્રહ્મચેતનામાં રહેવું સહજ બની જાય છે, એટલું જ નહિ પણ અભ્યાસુઓને આ ચેતનાની બહાર નીકળવાનું જ પસંદ પડતું નથી. કેટલાક સાધકો આ બ્રહ્મચેતનામાં રહીને સમાધિ અથવા અર્ધસમાધિ અવસ્થામાં જીવન વિતાવવા માંગે છે, જ્યારે બાબાશ્રી આવા ઉચ્ચચેતનામાં સ્થિત રહી - પ્રભુનો આદેશ ઝીલીને દિવ્યકર્મો પણ કરતાં રહે છે, જેથી પૃથ્વી દિવ્યતા તરફ ઝડપથી કૂચ કરી શકે.

મહાયોગી શ્રી અરવિંદ કહે છે કે:

તમે પૂર્ણ બનો એ બસ નથી. બાળકોને પૂર્ણતા તરફ લઈ જવા, તમારે સક્રિય રહેવું જોઈએ, પરન્તુ આ કર્મ સ્વયંપ્રેરિત ન હોવું જોઈએ પણ પ્રભુના આદેશ પ્રમાણેનું હોવું જોઈએ. - દિવ્યજીવન

આજે જાપના સંવેદનો

જાપ કરતી વખતે વર્ણવિચ્યુતિ અને અનાહત ધ્વનિની અત્યંત મધુરતા અનુભવાય છે.
ધ્યાનમાં સંપૂર્ણ સ્થિરતા અનુભવાય છે.
ધ્યાન વખતે સર્વ દેવાધિદેવની અને સદ્ગુરુઓની પરમકૃપાનો સાક્ષાત્કાર થાય છે.
પૂ. હરિભદ્રસૂરિજીના ગ્રન્થોના આધારે પ્રાથમિક ભૂમિકાથી લઈ અનુક્રમે અનુભવ દશા સુધીનું સ્પષ્ટીકરણ મહાન ઉપકારક બની શકે. યોગગ્રન્થના ભાવો તેમાં ઉતારી શકાય.

- Adhoi, Kutch, D. 10-10-71

The world is inexplicably mysterious. It is without a purpose and full of miseries and suffering.

સં. ૨૦૨૭, આસો સુદી ૫, ગુરૂવાર, તા. ૨૩-૯-૭૧

ભગવન્નામ જપ અંગે ધન્વંતરી

अच्युतानन्द - गोविन्द - नामोच्चारणभेषजात् ।
नश्यन्ति सकला रोगाः सत्यं सत्यं वदाम्यहं ॥ (परिशिष्ट-८)

૪ પ્રકારનો જાપ: (૧) ભાષ્ય જાપ : સ્પષ્ટોચ્ચાર રૂપ વૈખરી વાણીથી જપ કરવો, તેને 'ભાષ્યજાપ' કહે છે.

(૨) સારી રીતે ભાષ્યજપ કર્યા પછી કંઠગતા મધ્યમા વાણીથી જપ કરવો, તેને 'ઉપાંશુ જપ' કહેવાય છે. બીજા ન સાંભળી શકે પણ અંદરથી રટણરૂપ હોય, તે ઉપાંશુ.

(૩) ઉપાંશુ જાપ સિદ્ધ થયા પછી હૃદયગતા પશ્યંતી વાણીથી જપ કરવો, એ 'માનસજાપ' કહેવાય છે. જે માત્ર મનની વૃત્તિઓ વડે જ થાય છે અને પોતે જ તેનો અનુભવ કરી શકે છે, તે માનસજાપ.

(૪) માનસજાપ સારી રીતે સિદ્ધ થતાં નાભિગતા પરાવાણીથી જે જાપ કરાય, તે 'અજપાજાપ' કહેવાય છે. આ સ્થિતિમાં જપનો પ્રયત્ન કર્યા વિના પણ અખંડ જપ ચાલતો હોય છે અને તેથી શરીરના રોમરોમમાં ઇષ્ટ દેવનું રટણ ચાલી રહ્યું હોય છે. આવો જાપ થતાં જાપકને અનિર્વચનીય સુખનો અનુભવ થઈ વિકારો નાશ પામે છે.

## ધર્મ - શાસ્ત્રજિજ્ઞાસાનો હેતુ

જગતમાં દુઃખ ન હોત તો શાસ્ત્રવિષયક જિજ્ઞાસા ન હોત.
દુઃખ હોત પણ એનો નાશ શક્ય ન હોત,
તો પણ શાસ્ત્રવિષયક જિજ્ઞાસા ન હોત.
દુઃખનો નાશ અન્ય ઉપાયથી શક્ય હોત,
તો પણ શાસ્ત્રવિષયક જિજ્ઞાસા ન હોત.
...પરન્તુ દુઃખ છે, તે સર્વાનુભવ સિદ્ધ છે અને
તે દુઃખનો નાશ પણ શક્ય છે.

દુઃખનો ઐકાન્તિક (અવશ્ય) નાશ અને આત્યન્તિક નાશ (પુનઃ ઉત્પન્ન ન થાય તેવો) અન્ય ઉપાયથી શક્ય નથી. સર્વાનુભૂત દુઃખના ઐકાન્તિક અને આત્યન્તિક નાશ માટે સાધન તત્ત્વજ્ઞાન છે અને તત્ત્વજ્ઞાનનું સાધન શાસ્ત્ર છે, માટે શાસ્ત્રવિષયક જિજ્ઞાસા આવશ્યક છે.

શાસ્ત્ર પ્રતિપાદિત તત્ત્વોમાં મુખ્ય આત્મતત્ત્વ છે,
કેમકે તેના જ્ઞાનથી જ આત્મગત દુઃખની
ઐકાન્તિક અને આત્યન્તિક નિવૃત્તિ થાય છે.

तरति शोकमात्मवित् । न स पुनरावर्त्तते ।

શ્રુતિઃ આત્મજ્ઞાની શોક દૂર કરે છે.
આત્મજ્ઞાનીને ફરી સંસારમાં આવવું પડતું નથી.

અર્થાત્ આત્માને જાણનાર શક્તિને તરી જાય છે અને
તે શક્તિ ફરી આવતી નથી. આ જે શ્રુતિઓ આત્મગત
દુઃખની ઐકાન્તિક અને આત્યન્તિક નિવૃત્તિ સૂચવે છે.

દુઃખ સર્વ જીવોને અનિષ્ટ છે.

એનો નાશ ધર્મ સિવાયનાં બાહ્ય સાધનોથી થાય છે ખરો પણ તે નાશ ઐકાન્તિક અને આત્યન્તિક નથી. ભોજનાદિથી ભૂખ રૂપી દુઃખનો નાશ થાય છે પણ તે માત્ર કામચલાઉ છે. પાછું ભૂખનું દુઃખ ઉત્પન્ન થાય છે. વળી કોઈને ભોજનાદિ ભૂખના દુઃખનો નાશ ન થતાં અજીર્ણાદિનું દુઃખ ઉત્પન્ન થાય છે. વળી જેને ભોજનાદિ ભૂખના દુઃખનો નાશ થાય છે, તેમાં ય મુખ્ય કારણ તે વ્યક્તિનો પુણ્યરૂપી ધર્મ છે, ભોજન તો સહકારી કારણ છે. એટલે ધર્મ સિવાયનાં બાહ્ય સાધનોથી જે દુઃખનિવૃત્તિ થાય છે, તે ઐકાન્તિકી કે આત્યન્તિકી નિવૃત્તિ નથી.

એ તાકાત તો માત્ર ધર્મને જ વરેલી છે.

ધર્મથી અવશ્ય દુઃખનિવૃત્તિ થાય, થાય અને થાય જ.

<u>બે પ્રકારના સુખ : સાતિશય અને નિરતિશય</u>

સાતિશય એટલે તારતમ્યવાળું. જ્યાં ન્યૂનાધિક્તા હોય, ત્યાં સાતિશય સુખ છે, કિન્તુ ત્યાં દુઃખ પણ હોય છે.

ઓછા સુખવાળા અધિક સુખવાળાને જોઈને
મનમાં દુઃખી પણ થાય છે.
ઇન્દ્રને પણ કિંચિત્ પાપજન્ય દુઃખાનુભવ હોય જ છે.
ગન્ધર્વ - ઇન્દ્રને માટે તેમ સમજ લેવાનું કહ્યું છે કે:
ये के च शतं मनुष्याणामानन्दाः स एकः नरपतेः,
ये च शतं नरपतीनां आनन्दाः स एकश्चक्रवर्तिनः आनन्दः।
सहन्ते हि पुण्यसंभारोपनीत-महासुखह्रदावगाहिनः कुशलाः
पापमात्रोपपादितां दुःखवह्निकणिकां। (પરિશિષ્ટ-૯)
જ્યાં સાતિશય સુખ હોય,
ત્યાં અલ્પાધિક માત્રાએ દુઃખ હોય જ છે.
મોક્ષમાં નિરતિશય સુખની પ્રાપ્તિ હોય છે.
ત્યાં બધા જ મુક્તાત્માઓને સમાન સુખ જ હોય છે.
વળી નિરતિશય સુખનાં સાધનોમાં
સદોષતાનો સર્વદા અભાવ હોવાથી
પાપજન્ય જે દુઃખ, તેની લેશ પણ સંભાવના નથી.
'તત્ત્વાર્થ સૂત્ર'માં સુખ બે પ્રકારનાં કહ્યાં છે:
વિષયજન્ય અને સ્વભાવજન્ય.
મોક્ષનું સુખ સ્વભાવજન્ય છે, તે આત્યન્તિક, ઐકાન્તિક,
અનતિશાયિ, અનાબાધ, કેવળ અને સ્વાધીન હોય છે.

## આઠ પ્રકારના સુખ

(૧) આત્યન્તિક = નિરંતર રહેવાવાળું શાશ્વત સુખ.

(૨) ઐકાન્તિક = સુખ - દુઃખના જુદા જુદા સ્વરૂપ અન્ય પદાર્થોની અપેક્ષા વિનાનું સુખ.

(૩) અનતિશાયી = નિરૂપમ અને સર્વોત્કૃષ્ટ પ્રકારનું સુખ.

(૪) અનાબાધ્ય = અન્ય કોઈપણ જીવને બાધા ન પહોંચાડનારૂં.

(૫) કેવલં = સર્વ દ્વન્દ્વસ્પર્શી વિષયોથી ચઢીયાતું તથા દુઃખના લેશમાત્રથી અકલંકિત સુખ.

(૬) નિરાબાધ = બાધા - પીડા વિનાનું નિષ્પ્રતિદ્વન્દ્વ સુખ.

(૭) સ્વાધીન = આત્મસ્વરૂપ પ્રગટ થવાથી અથવા જેની ઉત્પત્તિ ઇંદ્રિયજન્ય મનોરમ વિષયના સંસર્ગને આધીન નથી, એવું સુખ.

(૮) ચૈતન્ય, વીર્ય, પ્રશમાદિ ગુણસ્વરૂપ સુખ.

આત્માનો ચૈતન્યાદિ સાથે સંબંધ તેના પ્રતિબંધક રાગાદિનો નાશ થવાથી થાય છે, તથા પુનર્ભવની પરંપરાનો ઉચ્છેદ થવાથી દુઃખોની આત્યન્તિક નિવૃત્તિ થતી રહે છે.

બાકીનું વિષયજન્ય સુખ = મોક્ષના સુખથી વિપરીત છે.

- તત્ત્વાર્થ પૂર્વાર્ધ સિદ્ધસેનીય ટીકા

(હીરચંદલાલભાઈ ચોપડી પૃ - ૧૬ કારિકા - ૧ની ટીકા)

## કોઈપણ કાર્યપ્રવૃત્તિમાં રહેલા ત્રણ હેતુઓ

१) इदं कार्यं मत्कृतिसाध्यं । २) इदं ममेष्टसाधनं ।
३) इदं मम बलवदनिष्टाजनकं ।

આ ત્રણ પ્રકારનું જ્ઞાન આવશ્યક છે. કહ્યું છે કે:

कृतिसाध्यत्वे सति बलवदनिष्टाजनकत्वे सति
इष्टसाधनत्वं विधिलिंगोऽर्थः ।

આ ત્રણ જ્ઞાન હોય, ત્યારે બુદ્ધિમાનની પ્રવૃત્તિ થાય છે. આવું જ્ઞાન હોય તો જ ધર્માચરણમાં પ્રવૃત્તિ થાય છે. આવા જ્ઞાન વિના કદાચ પ્રવૃત્તિ થાય, તો ય તે છૂટી જાય.

(૧) વિષસંપૃક્ત અન્નના ભોજનમાં પ્રવૃત્તિ કેમ થતી નથી?

'बलवदनिष्टाजनकं'

એ જ્ઞાનરૂપ કારણ ન હોવાથી તેમાં પ્રવૃત્તિ થતી નથી.

(૨) कोशापर्यन्तगमनं मत्कृतिसाध्यं मम बलवदनिष्टाजनकं च । એટલું જ્ઞાન છે છતાં પ્રવૃત્તિ થતી નથી, કેમકે ત્યાં 'इदं ममेष्टसाधनं ।' એવું જ્ઞાન નથી.

(૩) ચંદ્રાનયનમાં કોઈની ય પ્રવૃત્તિ થતી નથી, કારણકે चन्द्रानयनं ममेष्टसाधनं । मम बलवदनिष्टाऽजनकं ।

એટલું જ્ઞાન છે તો પણ मम कृतिसाध्यं ।

એટલું જ્ઞાન ત્યાં નથી, માટે તેમાં પ્રવૃત્તિ થતી નથી.

(૪) કૂપપતનં 'મમેષ્ટસાધનં કૃતિસાધ્યં ચ ।'
એવું જ્ઞાન અત્યંત તૃષિતને થાય, તો ય તે મનુષ્ય કૂવામાં પડતો નથી, તેનું કારણ 'ઇદં મમ બલવદનિષ્ટાઽજનકં ।' એવું જ્ઞાન નથી, કારણકે કૂપપતનથી પિપાસાશાંતિરૂપ ઇષ્ટ સિદ્ધ થશે, પરંતુ તે ઇષ્ટ કરતાં બલવદ્ જે મરણ,
તે રૂપ અનિષ્ટની પણ સિદ્ધિ થશે;
માટે કૂપપતનમાં કોઈ પ્રવૃત્ત થતું નથી.

## પ્રત્યેક ધર્મક્રિયામાં રહેલા પંચપરમેષ્ઠિ

પ્રત્યેક ધર્મક્રિયામાં કોઈને કોઈ દર્શક - પ્રેરક હોય છે. આ દર્શક તત્ત્વ તે અરિહંતરૂપ છે. પ્રત્યેક ક્રિયાનું પ્રયોજન અવિનાશીપણાની સિદ્ધિ છે, તે સિદ્ધરૂપ છે. પ્રત્યેક ધર્મક્રિયા સદાચારાત્મક હોવાથી તે આચાર્યરૂપ છે. પ્રત્યેક ધર્મક્રિયા શ્રુતજ્ઞાનપૂર્વક હોય છે, તે કારણે તે ઉપાધ્યાય તત્ત્વરૂપ છે. પ્રત્યેક ધર્મક્રિયામાં બીજાની સહાય લેવાય છે અથવા બીજાને સહાય અપાય છે, માટે સાધુ તત્ત્વરૂપ છે. સાધુતત્ત્વ કરુણા ઉપરાંત ભક્તિનો ભંડાર છે, કેમકે તે સહાયરૂપ-સેવારૂપ છે. પ્રત્યેક ધર્મક્રિયાની પાછળ આ પાંચ તત્ત્વો પાંચ અવયવની જેમ કાર્ય કરી રહ્યા છે. તે પાંચ તત્ત્વો પંચ પરમેષ્ઠિ સ્વરૂપ છે.

## આઠ કર્મોથી છૂટવા માટે જ છે ધર્મ

ધર્મ કરવાનું પ્રયોજન કર્મોથી મુક્ત થવાને માટે છે, કેમકે સંસારમાં રાખનારા, રખડાવનારા, દુઃખ આપનારા, દુઃખ પર દ્વેષ કરાવનારા, સુખ આપનારા, સુખ પર રાગ કરાવનારા આઠ કર્મો છે, તેનાથી છૂટવા જ ધર્મ કરવાનો છે.

પહેલાં આરામાં બહુ સુખ છે, માટે ધર્મ નહિ.

છેલ્લાં આરામાં બહુ દુઃખ છે, માટે ધર્મ નહિ.

વચલા કાળમાં પણ સુખ ઉપર બહુરાગી અને દુઃખ ઉપર બહુદ્વેષીને ધર્મ નહિ. બહુરાગીને વિષયનો ત્યાગ તથા બહુદ્વેષીને જીવોની મૈત્રી દુર્લભ છે. વિષયનો વૈરાગ્ય અને મૈત્રીનો અભ્યાસ - એ બે ધર્મનાં મુખ્ય અંગો છે.

## જૈનોમાં શું જોઈએ?

આચાર્ય તથા ઉપાધ્યાયમાં સાધુના ગુણ જોઈએ. સાધુ કે શ્રાવકની પ્રતિમામાં આગળ આગળની પ્રતિમામાં પાછળ પાછળની પ્રતિમાની ક્રિયા જોઈએ, એ જ રીતે શ્રાવકમાં સમ્યક્ત્વ અને સમકિતીમાં માર્ગાનુસારિતા જોઈએ.

## કેવલનું જ્ઞાન કેવું છે?

કેવલનું જ્ઞાન સમકાલે સર્વ દ્રવ્ય-પર્યાયને જાણે છે, તેથી તેમાં અર્પિતાનર્પિતતા નથી.

બોલવામાં અર્પિત-અનર્પિતપણું જોઈએ. છદ્મસ્થનું જ્ઞાન
અને વચન અર્પિત-અનર્પિત, જે મર્યાદિત શુદ્ધ થાય.
અનંત ધર્માત્મક વસ્તુને એક વિવક્ષિત ધર્મ આગળ
કરીને બતાવાય, ત્યારે જ તે ધર્મને 'અર્પિત' કહેવાય.
કહ્યું છે: अर्पितानर्पित सिद्धेः। - તત્ત્વાર્થ અ૦ ૫, સૂ-૩

કોને કાઢવું - દુઃખને કે કર્મને?

'શરીરનો રોગ એ શરીરનો નહિ પણ કર્મનો છે'
એમ માને તે સમ્યગ્દૃષ્ટિ - સમકિતી જીવ
દુઃખને કાઢવા કરતાં કર્મને કાઢવાનો પ્રયત્ન કરે છે.
ધર્મ = દુઃખને સહન કરવાની - સુખથી દૂર રહેવાની કળા.
દુઃખ ભોગવવા માટે નરક - સુખ ભોગવવા સ્વર્ગ છે,
નિર્વિવેકપણે વર્તવા માટે તિર્યંચનો ભવ છે
અને ધર્મ કરવા માટે નર - મનુષ્યનો ભવ છે.
ધર્મ કરવો એટલે કર્મ સામે, વાસનાઓ સામે યુદ્ધ કરવું.
મુખ્ય વાસના સુખનો રાગ અને દુઃખનો દ્વેષ, તે છૂટે તો
કર્મના બંધમાંથી છૂટાય. દુઃખ ગમતું નથી માટે જતું નથી,
સુખ ગમે છે માટે મળતું નથી.
દુઃખ ગમે તો જવા લાગશે, સુખ ન ગમે તો
સુખ છોડશે નહિ અને મોક્ષનું પરમ સુખ મળશે.

દુઃખમાં જે મુંઝાય નહિ અને સુખમાં ફસાય નહિ તથા
બંને અવસ્થા અર્પિત ભાવથી અપનાવી રહે,
તેને મોક્ષસુખ મળે અને તે માટે પુરૂષાર્થની જરૂર છે.
સુખ વખતે વિરાગ અને દુઃખ વખતે સમાધિ જળવાઈ
રહે તેવો પ્રયત્ન, તેનું નામ પુરૂષાર્થ છે. દુઃખનું મૂળ પાપ
છે, તેનાથી વિરામ પામવું અને સુખનું મૂળ ધર્મ છે, તેમાં
ઉદ્યમ કરવું, તે વિવેકનું ફળ છે. સાધુએ ત્રણે યોગો
ભગવાનની આજ્ઞાને સોંપી દીધા છે. સમકીતીએ મનો-
યોગ પ્રભુની આજ્ઞાને સોંપ્યો છે, તેથી બંને નિર્ભય છે.

## ધર્મ પામ્યાની નિશાની શું?

સંસારનાં સર્વ સુખો ન ગમે - મોક્ષનાં સર્વ સાધનો ગમે.
ત્યાગ માટે રાગ થાય પણ રાગ માટે ત્યાગ ન થાય.
દુઃખનું કારણ પાપ છે, પાપનું કારણ સુખનો રાગ છે.
સુખનો વિરાગ આવે ત્યારે જ પાપ - દુઃખ બંને જાય.
આરાધન વિરાધનને દબાવે પણ સંપૂર્ણ નષ્ટ ન કરી શકે,
જ્યારે વિરાધન એ આરાધનને સંપૂર્ણ નષ્ટ કરી શકે છે,
એથી આરાધન કરતાં વિરાધન અપેક્ષાએ બળવાન છે.

સાધ્યને તાકવું તે યોગાવંચક,
સાધવું તે ક્રિયાવંચક અને પામવું તે ફલાવંચક.

યોગાવંચકમાં સાધ્યશુદ્ધિ, ક્રિયાવંચકમાં સાધનશુદ્ધિ છે અને ફલાવંચકમાં સાધનાશુદ્ધિ છે.

સાધ્યનો સમ્યગ્યોગ તે યોગાવંચક, સમ્યક્સાધન તે ક્રિયાવંચક અને સાધ્યની સમ્યક્સિદ્ધિ તે ફલાવંચક.

## જીવનું ભવભ્રમણ શાથી ?

એક દ્રવ્યની બીજા દ્રવ્યની ઉપર અસર થવાની અજ્ઞાનતાના કારણે જ જીવનું ભવભ્રમણ છે.

અચેતન દ્રવ્યની અચેતન અસર સ્વીકારવામાં આવી, તો ચેતન દ્રવ્યની ચેતન અસર સ્વીકારવામાં હરકત ક્યાં આવે છે? પ્રકૃતિ છે જ.

અજ્ઞાની ઉપકાર કરનારને પણ ઉપકારી માનતો નથી, જ્યારે જ્ઞાની જીવ ઉપકાર ન કરનાર છતાં ઉપકારમાં નિમિત્ત બનનારને પણ ઉપકારી માને છે. કૃતજ્ઞતા ગુણનું રક્ષણ કરવા માટે તે જરૂરી છે.

## પંચપરમેષ્ઠિની આજ્ઞા - મંગળરૂપ

અરિહંતાદિ પાંચેની આજ્ઞાને નમસ્કાર અથવા પોતાના આત્માની જ તે ભાવિ પર્યાયોને નમસ્કાર સહજમલરૂપ પાપનો નાશ કરે છે અને તથાભવ્યત્વરૂપ સ્વભાવનો પરિપાક કરવા રૂપ ઉત્કૃષ્ટ મંગળનો લાભ કરે છે.

આજ્ઞાપાલનનો પરિણામ એ મંગળ છે,
એથી વિરુદ્ધ પરિણામ તે અમંગળરૂપી પાપ છે.
અર્હદાદિ આકારે ઉપયોગનું પરિણમન,
તે મંગળ અને પાપક્ષયનો હેતુ છે, કેમકે અર્હદાદિ
પરમેષ્ઠિઓ મૈત્ર્યાદિભાવ રૂપ છે. તે ભાવ શુભ હોવાથી
તેમને અભેદભાવે થતો નમસ્કાર એ ભાવનમસ્કાર છે.

સંયમના ૧૨ પ્રકાર

પાંચ ઇંદ્રિય અને મનનો નિરોધ તથા ષડ્જીવનિકાયની
રક્ષા, એ ઉભય પ્રકારનો સંયમ નમસ્કારભાવ વડે સધાય
છે, તેથી નમસ્કારભાવ એ સંયમધર્મની જ તાલીમ છે.
જીવરક્ષાનો પરિણામ તે અહિંસા, ઇંદ્રિયનિરોધ તે સંયમ
અને મનોનિરોધ તે તપ, એ રીતે નમસ્કારભાવની
સાધનામાં તપ-સંયમ-અહિંસાની સાધના પણ રહેલી છે.

આત્મદર્શન વિના વિષયાસક્તિ જાય નહિ,
ભક્તિ વિના આત્મદર્શન થાય નહિ. સજાતીય જીવદ્રવ્ય
સાથે એકતાની અનુભૂતિ વિના ભક્તિ થાય નહિ,
મૈત્ર્યાદિ ભાવોના અભ્યાસથી સજાતીય જીવદ્રવ્ય-સમગ્ર
જીવરાશિ સાથે એકત્વની અનુભૂતિરૂપી ભક્તિ અને
તે વડે વિષયોની વિરક્તિ અને સમત્વની સિદ્ધિ થાય છે.

## <u>વ્યવહારધર્મ તથા નિશ્ચયધર્મનું મૂળ</u>

વ્યવહારધર્મના મૂળમાં પરહિતચિન્તા છે,
નિશ્ચયધર્મના મૂળમાં આત્મહિતચિન્તા છે.
परस्मात् मम हितं भवति इति चिन्ता इत्यप्यर्थो
उच्यते परहितचिन्तायाः इत्यर्थः । अर्थात्:
'બીજા જીવથી મારું હિત થાય છે' આવું ચિંતન કરવું,
તે પણ 'પરહિતચિન્તા'નો અર્થ ઘટે છે.

વ્યવહારધર્મની પરિણતિ – પૂર્વસેવા નિશ્ચયનયની યોગ્યતા આપે છે. સત્ત્વવાન – ગંભીર પુરુષને પોતાના આત્મામાં જ પરમાત્માના સ્વરૂપનું દર્શન થાય છે.

मां भवाद्गालयति इति मंगलम् । ભવ એટલે સ્વાર્થ. સ્વાર્થને ગાળે – પરાર્થરૂપ ધર્મને લાવે, તે મંગળ છે.

<u>શ્રુતધર્મથી ઉપયોગની અને ચારિત્રધર્મથી યોગની વિશુદ્ધિ થાય છે અને તેમાં સ્થિરતા પ્રાપ્ત થાય છે.</u>

## <u>બ્રહ્મચર્ય તથા ઉપયોગચર્ય</u>

મોહનીયકર્મના ઉદયથી બ્રહ્મચર્યની અશુદ્ધ પ્રવૃત્તિ તથા ઉપયોગચર્યની અશુદ્ધ પ્રવૃત્તિ થાય. મોહનીયકર્મના ક્ષય તથા ક્ષયોપશમથી બંને ચર્યની શુદ્ધ પ્રવૃત્તિ થાય છે.
<u>મનની શુદ્ધિ તે ઉપયોગચર્ય, અક્રિયતા તે બ્રહ્મચર્ય છે.</u>

એમ મોહનીયના ઉદય અને ક્ષય - ક્ષયોપશમની
યોગ - ઉપયોગ ઉપર અસર થાય છે, તેમ
યોગ - ઉપયોગની મોહનીય કર્મ ઉપર અસર થાય છે.
યોગોપયોગની શુદ્ધિ વધે તેમ મોહનીયનો હ્રાસ થાય છે
અને અશુદ્ધિ વધે તેમ તેનો બંધ - ઉદય - સત્તા વધે છે.
નમસ્કારના જાપથી ઉપયોગની શુદ્ધિ વધે છે,
તેથી સહજમલનો હ્રાસ અને કૃતજ્ઞતા - નમ્રતાદિ વડે
સહજ યોગ્યતા તથા ભવ્યત્વભાવનો વિકાસ થાય છે.

## અનુગ્રહ અને અનુરાગ

અનુગ્રહથી અનુરાગ અને અનુરાગથી અનુગ્રહ -
એમ પરસ્પર સંબંધિત - સાપેક્ષ છે.
વ્યવહારથી બન્ને ભિન્ન છે, નિશ્ચયથી એક છે.
હૃદયમાં પરમાત્મા પ્રત્યે અનુરાગ જગાવે, તે અનુગ્રહ.
અનુગ્રહથી અનુરાગ જાગે છે અને વધે છે.
પરમાત્મા સ્વભાવથી જ અનુગ્રહકારક છે,
સાધુઓ સૌમનસ્ય દ્વારા અનુગ્રહ કરે છે.
સૌમનસ્ય એ મૈત્ર્યાદિભાવમયતા - આત્મતુલ્યદૃષ્ટિતા છે.
સૌમનસ્ય જ સાધુતા છે, તે વિનાની સાધુતા દ્રવ્યસાધુતા છે.
પરમાત્માના અનુગ્રહ વડે અઢી દ્વીપના સર્વ સાધુ ભગવંતોના
સૌમનસ્યનો લાભ મળે છે.

તે બે સ્થૂલ તત્ત્વો - ભાવશત્રુઓ બળવાન બને છે.
અનુરાગની પછી જે ઉત્પન્ન થાય, તે અનુગ્રહ અને
અનુગ્રહની પછી ઉત્પન્ન થાય, તે અનુરાગ. આમ અનુગ્રહ
અને અનુરાગ બંને મળીને નમસ્કાર પદાર્થ બને છે,
તેથી સહજમલનો હ્રાસ + ભવ્યત્વભાવનો વિકાસ થાય.

**<u>સ્વથી સર્વ સુધી...</u>**

પરના દુઃખ દૂર કરવાની બુદ્ધિથી ધર્મની શરૂઆત તથા સર્વના
દુઃખ દૂર કરવાની શક્તિથી ધર્મની પૂર્ણાહૂતિ થાય છે.
પરના દુઃખો દૂર કરવાની બુદ્ધિથી શરૂ થયેલો ધર્મ એ
સર્વના દુઃખને દૂર કરવાની શક્તિમાં વિરામ પામે છે.

**<u>સ્વ અને પરનો ભેદ વ્યવહારથી છે,</u>**
**<u>નિશ્ચયથી કોઈ સ્વ કે પર નથી, કિન્તુ સર્વ સમાન છે.</u>**

ત્યાં 'સર્વ' શબ્દનો વ્યવહાર નથી,
પરન્તુ 'આત્મ' શબ્દનો વ્યવહાર છે.
ભક્તિ અને મૈત્રીથી સ્વપરનો ભેદ જ મટી જાય છે.

**<u>નમસ્કારમાં કયા બે અંશ પ્રધાન છે?</u>**

એક સમર્પણનો અંશ અને બીજો કર્તવ્યનો અંશ.
અર્પણાંશ અને કર્માંશ મળીને પૂર્ણ માનવ થાય છે.
ભગવાનની ભક્તિ એ કૃતજ્ઞતા ગુણનું સંગીત છે.

કૃતજ્ઞતા ગુણ એ પ્રથમ ગુણસ્થાનકની ટોચ છે તથા
પરોપકાર ગુણ એ છઠ્ઠા ગુણસ્થાનકની ટોચ છે.

પ્રભુની આજ્ઞા ચરિત્ર સામાયિક;
પ્રભુની આજ્ઞાને સફળ કરવાનું સાધન - તે નવકાર.

શ્રદ્ધા જ્ઞાનના ગુણોને જુએ, બુદ્ધિ જ્ઞાનના દોષોને શોધે.
અજ્ઞાન કે સંશય કરતાં વિપર્યય એ મોટો દોષ છે.
જે અધ્યવસાયમાં રાગ-દ્વેષનો સર્વથા નાશ કરવાનાં
જ્ઞાન પડ્યાં હોય, તે અધ્યવસાય 'શુદ્ધ' કહેવાય છે.

નિરતશાસ્ત્રવાળાં રાગ-દ્વેષ આદિ મંદ છે,
અનિરત શાસ્ત્રવાળાં દેખાવમાં મંદ હોય છતાં મંદ નથી,
રાગદ્વેષની તે મંદતા સન્નિપાતજન્ય સ્વસ્થતા જેવી છે.
આજ્ઞાબાહ્ય મંદતા તે નામમાત્ર મંદતા છે, પરિણામે
સર્વથા નાશ થઈ શકે તેવા અલ્પમાત્રાના રાગાદિને
'મંદ' કહેવાય અને તેને જ શુદ્ધ પરિણામ અથવા તો
શુદ્ધ અધ્યવસાય કહેવાય છે.

ફલેચ્છાનો ત્યાગ કરવાથી અનંત ફળ મળે છે,
કર્તાપણાનો અહંકાર છોડવાથી મોક્ષસુખ મળે છે.

અજ્ઞને કર્મચેતનાનો ત્યાગ અને
જ્ઞાનને કર્મફલચેતનાનો ત્યાગ કરે છે.

सुखस्य दुःखस्य न कोऽपिदाता परोददातीति कुबुद्धिरेषा।
अहं करोमीति वृथाऽभिमानः स्वकर्म सूत्रग्रथितो हि लोकः॥

(परिशिष्ट-१०)

ચતુર્વિધસંઘ-પચ્ચીસમા તીર્થંકરને કૃતકૃત્ય એવા તીર્થંકરો પણ આ સંઘરૂપ તીર્થને નમસ્કાર કરે, તેનાં ત્રણ કારણો છેઃ
(a) લોકે પૂજિતનો પૂજક છે. (b) ધર્મ વિનયમૂલ છે.
(c) તીર્થંકરોનું તીર્થંકરપણું સંઘપૂર્વક છે.

નવકારથી મુખ્યત્વે રાગભાવ ટળે છે.

રાગભાવ ટાળવાનું મુખ્ય સાધન ભક્તિરાગ છે, દ્વેષભાવ ટાળવાનું મુખ્ય સાધન સમતાભાવ - સામાયિક ધર્મ છે.

## ખરેખર રમણીય કોણ ?

વિષયો ઇંદ્રિયોને રમણીય લાગે છે. આત્મા તેનાથી પણ અધિક રમણીય છે, તેથી સાચી બુદ્ધિ ઇંદ્રિયમગ્ન ન થતાં આત્મમગ્ન બને છે. તે અસાર ઇંદ્રિયજન્ય ક્ષણિક સુખો ત્યજતાં અનેકગણું અધિક સુખ તેઓ મેળવે છે.
વિષયો ભોગવાતા નથી પણ વિષયોથી જીવો ભોગવાય છે.

## કર્મ અને ધર્મ

આ વિશ્વનું સંચાલન જે કર્મના નિયમથી થઈ રહ્યું છે, તે કર્મનો નિયમ પણ જીવના ધર્મને જ અનુસરે છે.

## આત્માનો શુભ પરિણામ

ધર્મ એટલે શુભ અધ્યવસાય, મોહ-ક્ષોભરહિત આત્માનો શુભ પરિણામ. તેને આત્મસ્વભાવ, રત્નત્રય અથવા તો ક્ષમાદિ દશવિધ યતિધર્મ પણ કહેવાય છે.

### નવતત્ત્વ વિષયક થોડું...

પુણ્યતત્ત્વ દુઃખપૂર્વક બંધાય - સુખપૂર્વક ભોગવાય છે.
પાપતત્ત્વ સુખપૂર્વક બંધાય - દુઃખપૂર્વક ભોગવાય છે.
પુણ્ય બંધાય નવ પ્રકારે અને ભોગવાય ૪૨ પ્રકારે.
પાપ બંધાય ૧૮ પ્રકારે અને ભોગવાય છે ૮૨ પ્રકારે.
જીવરૂપી સરોવરમાં યોગરૂપી નાળા દ્વારા પુણ્ય-પાપરૂપી જળનું આવવું, તે આસ્રવતત્ત્વ. તેના પ્રકાર ૪૨ છે.

પાપનો સંબંધ હિંસાદિ દોષો સાથે છે,
દોષોનો સંબંધ પ્રજ્ઞાપરાધ સાથે છે.

પ્રજ્ઞાપરાધ નિવારવા મૈત્ર્યાદિ ભાવનાઓનો અભ્યાસ સર્વોત્તમ સાધન છે, તેથી તે સંવર તત્ત્વ કહેવાય છે.
જીવરૂપી વસ્ત્રનો કર્મરૂપી મેલ તપનરૂપી જળ અને ધ્યાનરૂપી સાબુ વડે જે ધોવાય, તે નિર્જરા તત્ત્વ છે.
જીવરૂપી જમીન, કર્મરૂપી પત્થર અને રાગદ્વેષરૂપી ચૂનો, તેનાથી આત્મપ્રદેશોને બાંધવા, તે બંધ તત્ત્વ છે.

જીવરૂપી સુવર્ણ, કર્મરૂપી માટી, તેને જ્ઞાન - દર્શન તથા ચારિત્રરૂપી અગ્નિથી શુદ્ધ કરવો, તે મોક્ષતત્ત્વ છે.

મોક્ષતત્ત્વના મુખ્ય ૪ ભેદ

અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર, અનંત વીર્ય.

તે ચારે ગુણના પ્રતાપે અવ્યાબાધ સુખ.

નવ પ્રકારનાં પુણ્ય: (૧) અન્ન પુણ્ય - અશનાદિનું દાન (૨) જલ પુણ્ય - તૃષાતુરને જલદાન (૩) રહેવા માટે સ્થાન દાન તે લયણ પુણ્ય. (૪) આસનાદિ દાન તે શયન પુણ્ય (૫) વસ્ત્ર પુણ્ય (૬) સારું મન પુણ્ય (૭) સારું વચન પુણ્ય (૮) વૈયાવચ્ચ પુણ્ય (૯) શુદ્ધ ભાવે નમસ્કાર તે નવકાર.

પ્રવચન - આગમ કે શાસ્ત્રવાણી એટલે શું?

શાસન કરવાની અને આશ્વાસન આપવાની - આ શક્તિ જેમાં હોય તે વાણીને પ્રવચન, આગમ કે શાસ્ત્ર કહે છે.

વિષયાસક્ત નાશ પામશે, ભગવદ્ભક્ત મુક્ત થશે.
વિષયો બંધન માટે છે, પંચપરમેષ્ઠીઓ મુક્તિ માટે છે.

o મનને રોકવું તે શમ, ઇંદ્રિયોને રોકવા તે દમ, કર્મેન્દ્રિયોને રોકવા તે ઉપરામ કે ઉપરતિ, ક્ષુધાતૃષા - શીતતાપાદિ દેહના દ્વંદ્વોને સહવા તે તિતિક્ષા, મન, ઇંદ્રિય, દેહકર્મને ઈશ્વરમાં જોડવા તે સમાધાન,

બુદ્ધિને શાસ્ત્રવચનમાં જોડવા તે શ્રદ્ધા,
ઇહલોક-પરલોકના અનિત્યફળભોગનો ત્યાગ તે વૈરાગ્ય,
નિત્યાનિત્ય વિભાગ તે વિવેક અથવા તો આમ રીતે:
વિષયો તરફ જતાં મનને રોકવું તે શમ,
પાંચે ઇંદ્રિયોને રોકવા તે દમ,
કર્મેન્દ્રિયોને રોકવા તે ઉપરતિ, દેહને રોકવો તે તિતિક્ષા,
પ્રભુવિષયક શ્રવણ-મનનાદિમાં થતી એકાગ્રતા તે સમાધાન
તથા ગુરૂ, દેવતા, શાસ્ત્રવચનો ઉપર વિશ્વાસ તે શ્રદ્ધા.

## રાગ - દ્વેષ અને ચૈતન્ય

રાગમાં ઇષ્ટની પ્રાપ્તિની ઉત્કટ ઇચ્છા હોય છે,
દ્વેષમાં અનિષ્ટના ત્યાગની ઉત્કટ ઇચ્છા હોય છે.
એક જ ઇચ્છા વિષયભેદે રાગ-દ્વેષ બનીને રહે છે.
રાગનો વિષય સુખ છે, દ્વેષનો વિષય દુઃખ છે.
સુખ-દુઃખ સત્ય વસ્તુ નથી,
કિન્તુ આપણા દૃષ્ટિકોણના વિકારી તત્ત્વો છે.
ઇચ્છાને સત્યાનુકૂળ વળાંક આપવો,
એ જ એક રાગ અને દ્વેષને રોકવાનો ઉપાય છે.
ચૈતન્યની ભક્તિ, જડથી વિરક્તિ - અનાસક્તિ.
જડની અસ્પૃહા અને ચૈતન્યની સ્પૃહા ઉપાદેય છે.

Imp ચૈતન્યમાં રહેલ જડ અંશની ઉપેક્ષા અને જડમાં રહેલ ચૈતન્ય અંશનું બહુમાન કરવા યોગ્ય છે.

## <u>શુદ્ધધર્મનો મહિમા</u>

પાપ = મિથ્યાત્વમોહાદિ તથા પુણ્ય = શાતાવેદનીયાદિ.
પાપાનુબંધી પુણ્યના ઉદયકાળમાં જીવ હિતાહિત કાર્યમાં મૂઢ બની જાય છે, કેમકે તે કાળે મિથ્યાત્વનું જોર વધારે હોય છે, તથા તે મલીન કર્મો કરે, પૂર્વે ઉત્પન્ન કરેલ કર્મ ખલાસ થયે નરકાદિ દુઃખોનો ભોક્તા થાય છે.
સંસાર ભયંકર છે, એ સંસારરોગનું ઔષધ શુદ્ધ ધર્મ છે.

## <u>શુદ્ધધર્મ એટલે નિમ્નલિખિત ૪ વસ્તુ</u>

(૧) ઇંદ્રિય-કષાયનો જય (૨) શક્તિ મુજબ દાન (૩) અહિંસા અને (૪) નમસ્કાર મહામંત્રનું સ્મરણ.

શુદ્ધધર્મની પ્રાપ્તિ ગુરુકુલવાસમાંથી થાય છે.

<u>ગુરુ ઉપરના વિશ્વાસથી જીવને અનંતગુણો લાભ થાય છે.</u>

## <u>બારાખડી પણ ઘૂંટી પડે...</u>

ભાષાજ્ઞાની ઈશ્વરને ખોળી શકતો નથી. ઈશ્વરને હૃદયમાં ધારણ કરવાથી જ તે ખોળી શકાય છે. મનનાં ભાવોને ચિત્રમાં અંકિત કરવા જેટલા કઠિન છે, તથી પણ વધારે કઠિન વર્ણો દ્વારા યથાર્થરૂપે પ્રગટ કરવા તે છે.

સંઘ તે તીર્થંકર છે. સંઘની પ્રત્યેક વ્યક્તિમાં તીર્થંકરત્વ રહેલું છે. જો પ્રત્યેક તલમાં તેલ ન હોય, તો તેના સમુદાયમાં શી રીતે તેલ આવે? આથી સંઘનો પ્રત્યેક ઘટક તીર્થંકર છે, કારણકે તીર્થને કરે છે, ચલાવે છે, ભગવાનની પેઢીઓ સુધી લઈ જવામાં તે સહાયક છે.

V.V. Imp. નિશ્ચયથી શુભ ભાવ તે તીર્થ છે.

શુભભાવરૂપી તીર્થને કરનાર આત્મા પણ તીર્થંકર છે, આથી તેની જવાબદારી મોટી છે. અરિહંતાદિ પાંચ સિવાય સર્વ પ્રાણીઓ સભય છે, એ પાંચ પરમેષ્ઠિ નિર્ભય છે, કારણકે તે પાંચે સકલ સત્ત્વહિતાશયવાળા છે, સભયને નિર્ભય બનવા માટે એ પાંચ ધ્યેય છે. એ ધ્યેયમાં ઉપયોગની એકતા કરવાથી નિર્ભય બનાય છે.

Imp ઉત્કૃષ્ટ મૈત્રીમાંથી અપાયાપગમાતિશય, પ્રમોદમાંથી પૂજાતિશય, કરુણામાંથી વચનાતિશય અને ઉપેક્ષામાંથી જ્ઞાનાતિશય ઉત્પન્ન થાય છે.

ભગવાન મુક્તિમાં કારણ છે, તે વાત સામાન્ય છે પણ પ્રભુ વિશ્વહિતની ભાવનાવાળા હતાં માટે તેમનું દર્શન, પૂજન - વંદન - સ્મરણ જીવની શુદ્ધિનું કારણ છે, એ વિશેષ વાત છે. વિશેષ વિનાનું સામાન્ય શશશૃંગવત છે.

(१) प्रणिधानं - अशुभेभ्यो निवर्तनं प्रसन्नचंद्रवत् ।
(२) समाधानं - शुभेषु प्रवर्तनं भरतेश्वरवत् ।
(३) समाधिः - रागद्वेषं त्यक्त्वा माध्यस्थ्यालंबनं दमदंतवत् ।
(४) काष्ठा - ध्यानेन मनसः एकाग्रतया
उच्छ्वासादिनिरोधः पुष्पभूतिवत् । (પરિશિષ્ટ-૧૧)

મૌન એ વચનનો ઉપવાસ - ધ્યાન એ મનનો ઉપવાસ છે
તથા આહારત્યાગ એ શરીરનો ઉપવાસ છે.
ઉપવાસથી વપરાઈ જતી પ્રાણશક્તિઓનો સંચય થાય છે.
એ સંચયનું નામ સંયમ છે. સંયમ એ સિદ્ધિનું બીજ છે.
પ્રાણજયની જેમ મનોજય, ઇંદ્રિયજય,
વાસનાક્ષય વિગેરે ઉપવાસનાં ફળો છે. ધર્મરાજ એ
બુદ્ધિની કસરત માટે નહિ પણ શ્રદ્ધા - ઉપાસના માટે છે.
શ્રદ્ધા બુદ્ધિથી પર છે, બુદ્ધિની વિરોધી નહિ. સાત્ત્વિક
શ્રદ્ધા બુદ્ધિની પૂરક હોય છે, માટે તેને છઠ્ઠી ઇંદ્રિય કહે છે.
અંધશ્રદ્ધા પંગુ બનાવે - શુદ્ધશ્રદ્ધા શક્તિશાળી બનાવે.

સાચું શરણ કોનું ?

ગ્રહણશિક્ષા સૂત્રાર્થવિષયક તથા આસેવનશિક્ષા અનુષ્ઠાન-
વિષયક છે. આપણને અરિહંતાદિ ચાર શરણભૂત છે,
તેમાં કારણ મૈત્રી આદિ ચાર ભાવનાઓ છે.

સાધર્મિક વાત્સલ્ય જિનનામકર્મનો હેતુ છે, તેમાં પણ કારણ મૈત્ર્યાદિ ચાર ભાવો છે. સમ્યગ્દર્શનનું પ્રધાનફળ વિરતિ છે. નવકાર સમ્યગ્દર્શનનું જ એક અંગ છે, તેથી તેનું પણ પ્રધાનફળ સર્વવિરતિ છે. વિરતિભાવનું આંતરિક કારણ જીવરાશિ પ્રત્યે સ્નેહનો પરિણામ છે, એ સ્નેહપરિણામને નવકાર વિકસાવે છે.

'કાંકરે કાંકરે અનંતા જીવો મોક્ષે ગયાં છે,
માટે ગિરિરાજ પવિત્ર છે'

most Important

એમ કહેવાને બદલે એમ કહેવું વધુ યોગ્ય છે કે:
'આઠ રૂચક પ્રદેશની જેમ ગિરિરાજ સ્વતઃ પવિત્ર છે,
માટે પ્રત્યેક કાંકરે કાંકરે અનંતા જીવો મોક્ષમાં ગયાં છે.'

'આયુષ્યનાં ત્રીજા ભાગે શુભ આયુષ્ય બંધાય છે,
માટે પર્વતિથિઓ આરાધ્ય છે' એમ નહિં પણ 'પર્વતિથિઓ આરાધ્ય છે, માટે તેની આરાધનાથી શુભ આયુષ્ય બંધાય છે.' 'પરમેષ્ઠિઓ પરમ પવિત્ર છે, માટે તેમનાં આલંબનથી કર્મ ખપે છે' નહિં કે 'આપણે આલંબન લઈએ છીએ, માટે કર્મ ખપે છે.' 'ક્ષમાદિ ધર્મો આરાધવાથી કર્મ ખપે છે' એમ નહિં પણ 'ઉત્તમ ધર્મરૂપ હોવાથી તેમનું આલંબન લેનારનાં કર્મ ખપે છે' એમ કહેવું યોગ્ય છે અને તે જ યથાર્થ ભાસે છે.

'પરમેષ્ઠિઓ ઉત્તમ દ્રવ્ય છે, ગિરિરાજ ઉત્તમ ક્ષેત્ર છે,
પર્વતિથિઓ ઉત્તમ કાળ છે, ક્ષમાદિ ધર્મો ઉત્તમ ભાવ છે.
એ ચારેની ઉત્તમતાના પ્રભાવે તેનું આલંબન લેનારના
કર્મો કપે છે' એમ માનવું તે વ્યવહારનય છે.
તેમાં નિષ્ણાત થવાથી જ નિશ્ચયની
ઉત્પત્તિ, સ્થિતિ અને કાર્યકારિતા સમજવાની છે.
નિશ્ચય નિરપેક્ષ વ્યવહાર અને
વ્યવહાર નિરપેક્ષ નિશ્ચયનું અસ્તિત્વ શશશૃંગવત્ છે.
નિશ્ચય એ શુભાત્મ પરિણામરૂપ છે,
તેની ઉત્પત્તિ વ્યવહારનયની પરિણતિને સાપેક્ષ છે.

o ભાવ એ મૂળ ગુણ છે, ભાવના એ ઉત્તર ગુણ છે.
સમ્યગ્દર્શન માટે દેવ - ગુરૂની ભક્તિ આવશ્યક છે
અને ભક્તિ માટે મૈત્રી આવશ્યક છે.

સિદ્ધોમાં ઔદયિક ભાવોનો અભાવ હોય પણ
સ્વાભાવિક ગુણોનો નહિ. સિદ્ધોમાં અનંત ગુણો હોય,
છદ્મસ્થાવસ્થામાં પરિમિત ગુણો હોય. સ્વદયામાં વૃત્તિરૂપે
પરદયાનો સદ્ભાવ હોય જ. પ્રવૃત્તિ રૂપે ભજના હોય.
જિનભક્તિમાં પરાર્થવૃત્તિની ભક્તિ મુખ્ય છે. પરાર્થવૃત્તિની
ભક્તિ વિના સ્વાર્થવૃત્તિનો વિનાશ કેવી રીતે થાય?

સમ્યક્ત્વ, શ્રુત અને સર્વવિરતિ - એ
અહીં પ્રકરણના સામાયિકમાં સમત્વભાવ આવશ્યક છે
અને તે મૈત્રી આદિ ભાવથી સાધ્ય છે.
સર્વવિરતિની અભિલાષા એ સમ્યક્ત્વસ્વરૂપ છે, તેથી
મૈત્રી - ભક્તિ - સમ્યગ્દર્શન સામાયિક બની જાય છે.
માધ્યસ્થ્ય પાપો પ્રત્યે છે, જીવમાત્ર પ્રત્યે નહિ.
જીવમાત્ર પ્રત્યે મૈત્રીભાવ જ હોય.
સિદ્ધમાં મૈત્ર્યાદિ સઘળા ગુણો સ્વભાવરૂપે હોય છે.
પરિમિત ગુણોનો સદ્ભાવ સંસારીને હોય અને
અનંત ગુણોનો સદ્ભાવ સિદ્ધમાં હોય.
સિદ્ધમાં છદ્મસ્થપણાના એકેક ગુણનો નાશ કે
અભાવ ન હોય પણ તેની પૂર્ણતા હોય, અપૂર્ણતા અને
પરિમિતતાનો અંત હોય, પૂર્ણતા અને પરિમિતતા હોય.

<u>પ્રત્યેક ધર્માનુષ્ઠાન કઈ રીતે કરવું?</u>

'પ્રત્યેક ધર્માનુષ્ઠાન ત્રિકરણ યોગે થવું જોઈએ.'
એ આગમિક પરિભાષા છે પણ યોગની પરિભાષામાં
તે 'પ્રણિધાનપૂર્વક' અને અધ્યાત્મની પરિભાષામાં તે
'મૈત્ર્યાદિભાવ સંયુક્ત' કરવાનું કહેલું છે.
શબ્દભેદથી અર્થભેદ થતો નથી.

## સાવદ્ય - નિરવદ્ય ક્રિયાઓ

સાવદ્યને મનથી કરવું નહિ, કરાવવું નહિ અને કરતાંને સારું માનવું નહિ. નિરવદ્યને પોતે કરવું, ન કરતાં હોય તે કરો, એમ ભાવવું અને કરતાં હોય, તેને અનુમોદવું એમાં મૈત્રી-કરુણા-મુદિતાભાવ રહેલાં જ છે. ગુણીના પ્રત્યે માધ્યસ્થ્ય એ અનર્થનું કારણ હોય, તો દુઃખીનાં દુઃખ પ્રત્યે માધ્યસ્થ્ય દોષરૂપ કેમ ન બને? 'દુઃખીનું દુઃખ દૂર ન થાઓ' એવી બુદ્ધિ ન હોય, તો 'ન નિષિદ્ધમનુમતં' એ ન્યાયથી દુઃખની અનુમતિનો દોષ કેમ ન આવે? 'આવું પાપ કોઈએ ન કરો' એ વિચાર ન હોય, તો પાપનો પશ્ચાત્તાપ થવો પણ કેમ ગણાય? પાપીના પાપની, દુઃખીના દુઃખની અને સંસારી જીવોના ભવભ્રમણની અનુમતિ રૂપી દોષના દોષથી બચવા માટે 'કોઈ જીવ પાપ ન કરે, દુઃખ ન પામે, કર્મબંધનથી મુક્ત બને' એ ભાવના સમ્યગ્દૃષ્ટિજીવના અંતઃકરણમાં સદા રમતી ન હોય, એમ બને જ નહિ.

'સર્વ જીવો નવકારનાં, નવપદજીના, વીસ સ્થાનકોના, સિદ્ધચક્રના તથા સિદ્ધગિરિના આરાધક બનો' એવી ભાવના સમકિતી જીવના હૃદયમાં સદા રમતી હોય છે.

## જીવોના પરસ્પર ઉપકારીતા

મૈત્ર્યાભાવથી યુક્ત ધર્મનું સેવન કરનાર મુનિવરોની ભાવનાથી સકલ જીવરાશિનું હિત થવામાં ભજના છે પણ એ જીવોને ઉદ્દેશીને થતી ભાવના કરનાર મુનિને એ જીવોના નિમિત્તે જે હિત થાય છે, તેમાં ભજના નથી. એ અપેક્ષાએ મુનિજીવન જીવનારા જીવભેદોના ઉપકાર તળે આવે જ છે. સાધુજીવનમાં પૃથ્વીકાયાદિની પૃથ્વીકાયાદિ રૂપે ઉપકારકતા નથી પણ ભૂતકાળમાં એ જીવોની માતા-પિતાદિરૂપે અને અનંતવાર ગ્રૈવેયકની પ્રાપ્તિમાં ગુર્વાદિરૂપે ઉપકારકતા છે જ. જો કે તે સર્વજીવ-વિષયક અસંભવિત છે, કેમકે એક નિગોદનો અનંતમો ભાગ જ માતા-પિતાદિ વ્યવહારમાં આવી શકે છે, તેથી સર્વ જીવનો ઉપકાર જ્યારે સમ્યગ્દૃષ્ટિ માને, ત્યારે વ્યવહારથી હિતચિન્તનના વિષય તરીકે અને નિશ્ચયથી જીવમાત્રનું સિદ્ધસ્વરૂપ કે જે સમત્વભાવને વિકસાવે છે, તેને અભાવ કરે છે, તેથી સર્વ જીવોનો ઉપકાર યથાર્થપણે ઘટી જાય છે. અપકાર અંગે નિશ્ચયનું અને ઉપકાર અંગે જો વ્યવહારનું આલંબન લેવાય, તો આગમાનુસારી તર્ક કર્યો ગણાય અને સુનય બને,

અન્યથા કુતર્ક અને કુનય - મિથ્યાનય - નયાભાસ બને. યોગીની આરાધના સુનયનો આશ્રય લેવાથી થઈ શકે છે.

'તર્કો યોગાંગમુત્તમમ્ ।'

'યસ્તર્કેણાનુસંધત્તે, સ ધર્મં વેદ નેતરઃ ।' અર્થાત્ : જે સમજને ગ્રહણ કરે, તે ધર્મને જાણનાર છે, બીજો નહિ.

ત્યાં આગમાનુસારી તર્કનો મહિમા વર્ણવ્યો છે.

'પરસ્પરોપગ્રહો જીવાનાં ।' એ સૂત્રથી પણ
સર્વની ઉપકારકતા ભણવામાં બાધ નથી.

અજ્ઞાનીને જેટલાં આશ્રવનાં સ્થાનો છે, તેટલાં જ જ્ઞાનીને સંવરનાં સ્થાનો છે અને આશ્રવની હેયતાની જેમ સંવરની ઉપાદેયતા પ્રસિદ્ધ જ છે. સંવરમાં નિમિત્ત બનનાર સર્વ સ્થાનોની ઉપકારકતા ય સિદ્ધ છે.

એગે આયા । આયા સામાઇએ । સર્વે જીવા કુપાદેયાઃ ।
વગેરે વાક્યો પણ સર્વ જીવોની સાથે
ઉપાદેયતા અને ઉપકારકતાના સંબંધને સૂચવે છે.

સમ્યગ્દ્રષ્ટિને જ્ઞાનદશામાં મૈત્રી, પ્રમોદ, કારુણ્યની
જેમ મિથ્યાદ્રષ્ટિને અજ્ઞાનાવસ્થામાં
જીવો પ્રત્યે શત્રુ, મિત્ર, ઔદાસીન્ય ભાવ રહેલો છે
અને તેથી અશુભ આશ્રવ થયા કરે છે.

અવિરતિજન્ય આસ્રવને રોકવા માટે વિરતિભાવની જેમ
અશુભ ભાવોજન્ય આસ્રવને રોકવા માટે
શુભ ભાવોની અનિવાર્યતા સિદ્ધ થાય છે. શુભ ભાવો
જ તેના પ્રકર્ષમાં શુદ્ધ રૂપે પરિણમે, એ નિયમ છે.
ક્ષમાપનાની સાથે કૃતજ્ઞતા, ભક્તિ, હિતચિન્તનાદિ
ભાવોને વિકસાવ્યા વિના સ્વચ્છન્દતાથી મુક્ત કેમ થવાય?
ભવ્યત્વભાવને સંપૂર્ણપણે વિકસાવી પણ કેમ શકાય?

સ્વરૂપથી અપકારક નહિ હોવા છતાં
વિષયોનો સંગ વાસનાઓને ઉત્તેજિત કરે છે, તેથી
તેને છોડાવવા માટે વિષયોને અનર્થકર ભાવવાનાં છે,
તેમ દ્વેષવાસનાનાં નિવારણ માટે પ્રતિપક્ષ
સ્નેહભાવનાનાં વિકાસની પણ ઘણી આવશ્યકતા છે.
રાગવાસના તથા દ્વેષવાસનાનાં નિવારણ માટે રાગમાં
હેતુભૂત પદાર્થોની અનર્થકરતા, દ્વેષથી પ્રતિપક્ષ સ્નેહ-
ભાવનાં વિષયભૂત જીવોની ઉપાદેયતા જ ભાવવાની છે.
વિષયોના સંગ કાળે રાગવાસના ઉત્તેજિત ન થાય, તે
ખાતર વિષયોની જ અપકારકતા ચિંતવવાની છે, તેમ
જીવોના સંગ કાળે દ્વેષવાસનાને ઉત્તેજિત થવાનું ન થાય,
તે ખાતર જીવોની ઉપકારકતા ચિંતવવા જરૂરી બને છે.

જીવતત્ત્વની ઉપકારકતા ચિંતવવાથી એક બાજુ દ્વેષ-
વાસના નાબૂદ થાય છે અને બીજી બાજુ વૈરાગ્ય પણ
દૃઢ થાય છે, તેથી આત્મભાવની એકતા પણ વધે છે.

સ્વાત્મહિતાર્થીના ઉપર જે ભાર છે,
તે પરહિતાર્થીનાથી નિરપેક્ષ નહિ પણ સાપેક્ષપણે છે.

'जं इच्छसि अप्पणतो तं इच्छ परस्सवि।'
जो समो सव्वभूएसु। साहूति:

જે પોતાને માટે ઇચ્છો છો, તે બીજા માટે પણ ઇચ્છો.
જે સર્વ જીવો પ્રત્યે સમાનભાવવાળો હોય, તે સાધુ છે.
ઉપરના આ બે વાક્યો કેવળ વર્તન માટે ઉપયોગી છે
એમ નહિ, કિન્તુ વર્તનની સાથે વચન અને વિચાર-
એ ત્રણે માટે સરખા ઉપયોગી છે.

સામાયિકધર્મમાં સ્વપર સમબુદ્ધિ મુખ્ય છે.

'તીર્થંકરો મારા ઉપર પ્રસન્ન થાઓ'
ત્યાં મારા જેવા સર્વનું ગ્રહણ કરવા માટે
'વઃ' અને 'નઃ' - બંને શબ્દોનો પ્રયોગ છૂટથી થયો છે.
(વઃ = તમારું - તમારા, નઃ = અમારું - અમારા)

o

I am with personal consciousness.
I am Free with freedom of Spirit.

## બોધિ એટલે...

પોતાનો આત્મા દેહાદિ કર્મકૃત ભાવોથી ભિન્ન
અને જ્ઞાન આત્માઓથી અભિન્ન અનુભવવો તે.
વ્યવહારથી બધા આત્માઓને પોતાના જેવા જોવા-
જાણવા અને નિશ્ચયથી સિદ્ધ સમાન જોવા-જાણવા.

## રત્નત્રયી એટલે...

સર્વને આત્મતુલ્ય ગણી આત્મજ્ઞાન-દર્શન-ચારિત્રને મેળવવું.
આત્માનુભવ એ મોક્ષનો સીધો માર્ગ છે.

## નિશ્ચય રત્નત્રયી એટલે...

આત્મામાં આત્માનું જ્ઞાન, દર્શન અને
આત્માના સુખનો અનુભવ કરવો તે.

## નિદિધ્યાસન એટલે...

'જિનેશ્વરમાં જેવો આત્મા વ્યક્તિ અપેક્ષાએ છે,
તેવો જ શક્તિ અપેક્ષાએ પોતાનો આત્મા છે'
એ રીતે પરમાત્મગુણો પોતામાં ઘટાવવા તે.
નિદિધ્યાસન એ સર્વ સિદ્ધાંતોના સારરૂપ છે.

સ્વભાવ = પોતાના જ્ઞાનાદિ ગુણો.
વિભાવ = પોતાના કામક્રોધાદિ દોષો.
સંત = પોતાના નિજસ્વરૂપમાં સદાકાળ રહેવાવાળા.

મહાપુરુષોએ જે કહ્યું, તે પોતાને લાગુ કરી, તે મુજબ
વર્તન કરવું, તે જ તેમનું સાચું સન્માન છે. વાચિક
પ્રશંસા કે માનસિક બહુમાનમાત્રથી પૂરું સન્માન થતું નથી.

કેવળ બહુમાન કે પ્રશંસા એ જ્ઞાન-દર્શનરૂપ છે,
તે જ્યારે વર્તનમાં આવે, ત્યારે ચારિત્રરૂપ બને છે.
એ ત્રણે મળીને મોક્ષમાર્ગ બને છે.

હવે નવ તત્ત્વોને બરાબર સમજવા માટે
તમે એવું અનુમાન કરો કે...

હું દેહ નહિ પણ દેહમંદિરમાં વસનાર દેવ છું.
એક જીવતત્ત્વને ઓળખ અને પછી સર્વ જીવો તેવાં છે,
એક જડતત્ત્વને જાણી અને પછી સર્વ જડ તેવાં છે,
એમ માનો. દુઃખને જોઈને પાપનું અનુમાન કરો અને
સુખને જોઈને પુણ્યનું અનુમાન કરો. પુણ્ય-પાપને
આવતાં જોઈને આસ્રવનું અનુમાન કરો. પુણ્ય-પાપને
રોકતાં અંદર ક્રિયા થાય, તે સંવર છે, એમ અનુમાન કરો.
પુણ્ય-પાપરૂપ ફળ આપનાર કર્મ ખરી પડે તે નિર્જરા,
બંધાય તે બંધ અને પુણ્ય-પાપાદિ સર્વ કર્મનો ક્ષય
થાય તે મોક્ષ, એમ તમે બધા નવે તત્ત્વોને સમજો.
ચૈતન્યરૂપ પોતાને જ હંમેશાં ધ્યાવે, તે મોક્ષસુખ પામે.

## જિજ્ઞાસા એટલે જિનાગમ

શુદ્ધાત્મા પોતામાં છે, તેને ખોળીને અનુભવ કરવો, તે
તીર્થંકરની આજ્ઞા - આપ્ત વાક્યનો અનુભવ થશે જાણવો.
પરભાવની મમતા મૂકવાથી તે અનુભવ થાય છે.

## ઉપાધિ એટલે પરદ્રવ્યનો સંબંધ

ગાયનો પાંચમો પગ કે મનુષ્યની છઠ્ઠી આંગળીની જેમ
શરીર - સ્વજનાદિ પરદ્રવ્યની ઉપાધિ જીવને વળગી છે,
તે અડચણરૂપ છે. વ્રત - તપ આદિથી દેહભાવરૂપ ઉપાધિ
દૂર થવાથી સ્વભાવનો અવશ્ય અનુભવ થશે.
જાણવાપણું ચેતનમાં છે અને તે પોતે જ છે.

'ચેતનની આરાધના કરો, ધ્યાન કરો, તો પરમાનંદ પામશો'
એમ જિનેશ્વર ભગવંત - સદ્ગુરુઓનો ઉપદેશ છે.
મનમાં રહેલા રાગ - દ્વેષ વગેરે દોષો ઇંદ્રિયોને પોત-
પોતાના વિષયમાં પ્રવર્તાવે છે. ઇંદ્રિયોનું વિષયોમાં પતન
ન થાય એ હેતુથી પ્રવર્તક એવા રાગદ્વેષ વગેરે ક્લેશોનો
પરિપાક કરવો જોઈએ. એ માટે મૈત્ર્યાદિભાવનારૂપ પ્રયત્નનું
નામ 'યતમાન સંસારવૈરાગ્ય' છે.

'વિષયો તારે આધીન છે પણ હું વિષયોને આધીન નહિ'
એવી બુદ્ધિ અને સમજ - તે 'વશીકાર સંસારવૈરાગ્ય' છે.

દોષદર્શનથી વૈરાગ્ય થયા બાદ વૈરાગ્યથી દોષદર્શન થાય અને છેલ્લે આત્મદર્શનથી પરવૈરાગ્ય પ્રાપ્ત થાય છે.

## ચાર પુરુષાર્થની વ્યાખ્યા

ધર્મ = કુળાચાર નહિ પણ વસ્તુસ્વભાવ.

અર્થ = ધનદૌલત નહિ પણ પરદ્રવ્યનું સ્વરૂપ.

કામ = રતિક્રીડા નહિ પણ શુભ ચિત્તાભિલાષ.

મોક્ષ = ઈન્દ્રલોક નહિ પણ *બંધાભાવ અને સ્વાયત્તગતિ.

વિષયસુખોથી જેમ મજબૂર કરે છે, તેમ વિષયભોગ-વિષયાભિલાષથી પણ જીવો રીબાઈ રીબાઈને મરે છે.

રાગ એ સૂર્ય છે અને વૈરાગ્ય એ ચંદ્ર છે,
એ જેના પ્રકાશમાં મિથ્યા અંધકાર ટકી શકતો નથી.

ધ્યાન વખતે એક ક્ષણમાં જે સુખ થાય, તે
ઈન્દ્રના સુખ સાગરોપમ સુધી ભોગવતાં પણ થતું નથી.

ધ્યાન વિના મનની કલ્લોલરૂપતા ન ઓળખાય
અને ઓળખ્યા વિના શમે પણ કેવી રીતે?

નાવ પાણી ઉપર તરે છે પણ
જો તેમાં પાણી ભરાઈ જાય, તો ડૂબે છે.

મનરૂપી નાવમાં સંસારની આસક્તિરૂપી જળને પેસી જતું જે અટકાવી શકે, તે મનુષ્ય સંસારસમુદ્રને તરી જાય.

*બંધાભાવ = કર્મબંધનો અભાવ.

ધાવમાતાની જેમ સમ્યગ્દૃષ્ટિ સંસારમાં રહે છે અને
વેશ્યાની જેમ શ્રાવક ઘરવાસ પાળે છે.

સર્વ જીવો પર સ્નેહ તે મમતારૂપ નહિ પણ સમતારૂપ છે,
તેમાં મમબુદ્ધિ થતી નહિ પણ સમબુદ્ધિ થાય છે.
મમબુદ્ધિ રાગરૂપ છે, સમબુદ્ધિ વિવેકરૂપ છે.

મારું તો માત્ર આત્મ છે, બાકીનું બધું તો પુદ્ગલનું છે.
જીવ અજર-અમર છે. શરીર તથા મન તેના હથિયાર છે.
સાધકને બે વસ્તુઓની ખાસ જરૂર છે: મૌન તથા મૈત્રી.
મૌનથી માધ્યસ્થ્ય જળવાય, મૈત્રીથી પ્રમોદ તથા કારુણ્ય
કેળવાય. સમસ્ત સત્ત્વવિષયક સ્નેહપરિણામ એ મૈત્રી છે.

આજ્ઞારાધકપણું ઘરનું ઘર છે,
આયંબિલ એ મિત્રનું ઘર છે, મિઠાઈ એ દુશ્મનનું ઘર છે
અને વ્યસનાધીનતા એ શત્રુતાનું ઘર છે.

આઠ દૃષ્ટિનું સ્વરૂપ

(૧) ધર્મમાં ધનબુદ્ધિ (૨) ધર્મમાં ધનથી અધિકતાની બુદ્ધિ
(૩) ધર્મમાં પ્રાણબુદ્ધિ (૪) ધર્મમાં પ્રાણથી અધિકતાની બુદ્ધિ
(૫) ધર્મમાં મોક્ષબુદ્ધિ (૬) ધર્મમાં મોક્ષથી અધિકતાની બુદ્ધિ
(૭) ધર્મમાં નિર્વિકલ્પતાની બુદ્ધિ - ૮ ગુણ
(૮) ધર્મમાં કેવળજ્ઞાનની બુદ્ધિ.

## ધર્મનું લક્ષણ = શુભાત્મ પરિણામ.

ધર્મના પ્રત્યેક અનુષ્ઠાન મૈત્ર્યાદિભાવને સિદ્ધ કરવાને છે. ચૈતન્ય ઉપર મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્યને છોડીને બીજો ભાવ ધારણ કરવો, તે પ્રત્યવાય છે, મહામિથ્યાત્વ અને પરમ અધર્મ છે. જીવત્વરૂપ પારિણામિક ભાવ ઉપર મૈત્રી, અસિદ્ધત્વરૂપ ઔદયિકભાવ પર કરુણા અને માધ્યસ્થ્ય તથા જ્ઞાનાદિ ગુણરૂપ ક્ષાયોપશમિક-ક્ષાયિકભાવ પર પ્રમોદ, તે સામાયિક ધર્મની સાધના છે. ભાવ વિનાનો ધર્મ લૂણ વિનાના ધાન્ય જેવો, છાર ઉપર લીંપણ જેવો અને ઊખર ઉપર ચિત્રામણ જેવો છે. હું પણાની લાગણી ચિત્તમાં ચિન્તા, ભય અને શોકરૂપી સંક્લેશને પેદા કરે છે. તેમાંથી છૂટવાનો ઉપાય જગતના સુખની ચિંતા કરવી, જગતના ગુણ જોઈ પ્રમોદ ધારણ કરવો, જગતના દુઃખને દૂર કરવા પ્રયત્ન કરવો અને જગતના દોષ પ્રત્યે ઉદાર બનવું તે છે. 'બધા મારી ચિન્તા કરો, બધા મારી પ્રશંસા કરો, બધા મારું કષ્ટ નિવારણ કરો, બધા મારા દોષોને ક્ષમા કરો' એની જગ્યાએ 'હું બધાની ચિન્તા કરું, હું જગતના ગુણોની પ્રશંસા કરું, હું જગતનું દુઃખ ટાળું, હું જગતના દોષો ક્ષમા કરું' એ ભાવના સમતાના સુખનો અનુભવ કરાવનારી છે.

આમ મૈત્રી એ મધુર પરિણામ છે, તેથી
અહિંસાદિ આચારો અને ઔદાર્યાદિ ગુણો વિકસે છે.

આમ માધ્યસ્થ્ય એ તુલ્ય પરિણામ છે, તેથી
ક્ષમાદિ ધર્મો અને ઉપશમ આદિ ભાવો વિકસે છે.

આમ એ પ્રશંસાયુક્ત પરિણામ છે, તેથી
દાનાદિ આચારો, ઔચિત્ય - વિનયાદિ ગુણો તથા
કૃતજ્ઞતા - વિનીતતા - લજ્જાળુતા આદિ ભાવો વિકસે છે.

## કર્મયોગ અને કર્મવાદ

ગીતાનો કર્મયોગ અને જૈનોનો કર્મવાદ એક જ વસ્તુને કહે છે. કર્મફળ મેળવવા માટે નહિ પણ કર્મબંધનથી મુક્ત થવા માટે કર્મ કરો, એ જ સાચો પુરુષાર્થ છે.

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।

નવું બંધન ન થાય તે રીતે કર્મ કરવું, એ કર્મયોગ છે. યોગઃ કર્મસુ કૌશલમ્ । કર્મથી મુક્ત થવા માટે કર્મવાદ ઉપર શ્રદ્ધા કરો, જેથી કર્મના બંધનથી બચી જવાય.

કર્મના ફળનો વિચાર નમ્રતા લાવે છે,

જીવના ફળનો વિચાર નિર્ભયતા લાવે છે. જીવનું ફળ અહિંસા, ક્ષમા, મૈત્રી, ઉપશમ, ઔદાર્યની ઉપાસનામાં છે. ઉપાસના તો જ થાય કે કર્મબંધના હેતુઓનો ભય ભાગે.

કષાયની મન્દતા કે અભાવ એ જીવનું સાચું બળ છે.
કષાયની મંદતા સાધવા માટે ક્ષમાનો વિચાર આવશ્યક છે.
કષાયનો અભાવ કરવા માટે જીવની શક્તિ અને એ
શક્તિની ઉપાસના આવશ્યક છે.

## નમસ્કારભાવનું માહાત્મ્ય

સમર્પણ - સમ્યગ્ અર્પણ, સર્વાંશ અર્પણ.
કૃતજ્ઞતાભાવ, નિરભિમાનભાવ, નિરાશંસભાવ તેના પરિધિ છે.
સમર્પણભાવ એ ધર્મનું પ્રધાન લક્ષણ છે તથા
નમસ્કાર એ કૃતજ્ઞતા અને નિરભિમાનતાનું પ્રતીક છે.
લોકમાં પણ કૃતજ્ઞ અને નિરભિમાન જ સન્માનપાત્ર બને.
નમસ્કાર્ય જે કહે, કરે - તે પ્રત્યે આદર,
તે કરવાની વૃત્તિ, તેનો સૂચવનાર પદ તે નમસ્કાર.
નમસ્કાર વિનાનાં તપ-જપ તે બધું અહંકાર છે.
અહંકાર જીવનો શત્રુ છે, જીવના ગુણોનું આવરણ
-રાગદ્વેષયુક્તતા છે, તેનું નિવારણ નમસ્કારથી થાય છે.
નમસ્કાર એક પ્રકારની પ્રપત્તિ - શરણાગતિ છે.
તેમાં અનુકૂળતાનો સંકલ્પ છે, પ્રતિકૂળતાનો ત્યાગ છે,
સંરક્ષણનો વિશ્વાસ છે, અનન્યતાનું ભાન છે ઉપરાંત
આત્માનું વેદન અને દીનતાનું સંવેદન છે.

આત્મા કે ઈશ્વરની સત્તાનો સ્વીકાર કર્યા વિના સત્ય, સંતોષ અથવા ક્ષમાદિ ધર્મોનું અસ્તિત્વ જ રહેતું નથી. કામ-ક્રોધાદિથી ઉગરવા માટે ધર્મની સત્તા અનિવાર્ય છે.
બાળકને જન્મવા માટે અને જન્મીને મોટું થવા માટે
માતાનો સ્વીકાર અનિવાર્ય છે.

વાયુ દેખાય યા ન દેખાય તો પણ જીવન ટકાવવા માટે જેમ તે અનિવાર્ય છે, તેમ ધર્મ કે ઈશ્વરની સત્તા દેખાય યા ન દેખાય, તો પણ મનઃશાંતિની રક્ષા માટે
તેનો સ્વીકાર અપરિહાર્ય છે.

જેમ ચક્રવર્તીનું ચક્રરત્ન જ્યાં સુધી બધા રાજાઓનો વિજય ન થાય, ત્યાં સુધી આયુધશાળામાં પેસતું નથી, તેમ અંતરંગ કષાયો શાંત થયા વિના કે નાશ પામ્યા વિના કદી સિદ્ધચક્ર યંત્ર પણ હૃદયકમળની ઉપર કે બ્રહ્મરન્ધ્ર ઉપર પૂજાવિધિએ પ્રસ્થાપિત થઈ શકતું નથી.
અજ્ઞાનદોષ સદ્-અસદ્ વિવેચનના વિરહવાળો છે, તેમ પ્રમાદદોષ વિષયાસેવન વગેરે પ્રવૃત્તિ રૂપ છે.
પશુ અને માનવ વચ્ચે તફાવત પાડનાર વિવેકબુદ્ધિ અને સુપાત્રદાન છે. સુપાત્ર તે છે કે જે ષડ્જીવનિકાયને નિરંતર અભય આપે છે અને તેની રક્ષા કરે છે.

અભયદાન દાતારને સન્માન આપવું, એ જ
બુદ્ધિનું સાચું ફળ છે. એ ન હોય, ત્યાં સુધી વિવેક કે
સાચી સમજ અધૂરી રહે છે, બુદ્ધિ મંદ ગણાય છે.
એ કારણે જૈન શાસ્ત્રોમાં તિર્યંચને ૧૧ વ્રત કહ્યાં છે,
૧૨મું અતિથિસંવિભાગ વ્રત કહ્યું નથી.

જ્ઞાનયોગ એ અભેદભક્તિરૂપ છે.
ભક્તિયોગ અને કર્મયોગ ભેદભક્તિરૂપ છે.
અભેદભક્તિમાં વિચારની પ્રધાનતા છે.
વિચારથી પોતાને પરમાત્માથી અભિન્ન સમજી લે છે.

(૧) હું સત્ - ત્રિકાળાબાધિત - જન્માદિ રહિત છું.
(૨) હું ચિત્ - જ્ઞાનમય છું. જ્ઞાન બહારથી લેવાનું નથી.
(3) હું આનંદસ્વરૂપ છું -
સુખ માટે મારે અન્ય પ્રાણી - પદાર્થની જરૂર નથી.
(૪) હું શરીર નથી માટે મને જન્મ આદિની પીડા નથી.
(૫) હું પ્રાણ નથી માટે મને ક્ષુધાદિની આકુળતા નથી.
(૬) હું ઇંદ્રિય નથી માટે વિષયોનો સંયોગ અથવા તો
વિષયોના વિયોગ આદિની પીડા નથી.
(૭) હું અંતઃકરણ નથી તેથી મને શોક - મોહ, રાગદ્વેષ નથી.
કર્તા - ભોક્તાદિ અંતઃકરણના ધર્મો મને સ્પર્શતા નથી.

(૮) ચૈતન્યના પ્રકાશ દ્વારા શરીર, ઇંદ્રિય, પ્રાણ, અંતઃકરણ વગેરે પોતપોતાના શુભાશુભ વ્યવહારમાં લાગી જાય છે, પરંતુ તે વ્યવહારોથી પ્રાપ્ત થવાવાળાં તેનાં સુખ-દુઃખ મારામાં સૂર્યની જેમ કોઈ વિકાર ઉત્પન્ન કરી શકતા નથી. એ રીતે દીર્ઘકાળ સુધી શાન્ત ચિત્તે, ભક્તિભાવપૂર્વક વિચાર કરતાં સાધક કૃતકૃત્ય થઈ જાય છે.

ભેદ કે અભેદ ભક્તિના કોઈપણ પ્રકારમાં સાધકની અપેક્ષામાં ઓછી વધતી સાધનચતુષ્ટય સંપન્નતાની છે.

૦ કોઈપણ ધર્મજિજ્ઞાસાનો મુખ્ય હેતુ યોગધારા અને ઉપયોગધારા - ઉભયનું શુદ્ધિકરણ છે. જીવ ચૈતન્યસ્વરૂપ છે, એટલે કે માત્ર જ્ઞાનસ્વરૂપ નહિ પણ વૈરાગ્યરૂપ પણ છે. જ્ઞાન થાય પણ વૈરાગ્ય ન થાય તો સમજવું કે ચૈતન્યનો એક અંશ પ્રગટ્યો છે, બીજો અંશ પ્રગટ્યો નથી. જ્ઞાનને ન થવા દેનાર જ્ઞાનાવરણીયનો ઉદય છે, વૈરાગ્યને ન થવા દેનાર મોહનીયનો ઉદય છે. મોહનીય કર્મનો નાશ માત્ર જ્ઞાન અભ્યાસથી નહિ પણ જ્ઞાનીની સેવા, ભક્તિ, આજ્ઞાપાલનાદિ કરવાથી થાય છે. ગુરુની સેવા, ભક્તિ, ઉપાસના, આરાધનાદિ એ વૈરાગ્યના પ્રતિબંધક મિથ્યાત્વમોહનીયાદિ કર્મનાશનો ઉપાય છે.

'રુચિ અનુયાયી વીર્ય' એ ન્યાયે
યોગશુદ્ધિ થવા પૂર્વે તે પણ ભાવનાની અપેક્ષા રાખે છે.
જીવરાશિ પ્રત્યે સ્નેહપરિણામરૂપી ભાવનાનો સદ્ભાવ
અનુત્તરના દેવોને છે પણ 'सर्वे जीवा न हन्तव्याः।' એ
પ્રતિજ્ઞાનો અભાવ છે, તેથી અવિરતિનો આશ્રવ ચાલુ છે.
એકેન્દ્રિયાદિમાં સ્નેહપરિણામ તથા પ્રતિજ્ઞા-
ઉભયનો અભાવ છે, તેથી ત્યાં
અવિરતિનો અને મિથ્યાત્વનો ઉભયનો આશ્રવ છે.
પ્રતિજ્ઞાનો અભાવ એ સાક્ષાત્ કારણ છે અને
સ્નેહપરિણામનો અભાવ એ પરંપર કારણ છે.
સ્નેહપરિણામને 'મનઃપુણ્ય' પણ કહેવાય છે.
સ્વાધ્યાય-ધ્યાનાદિથી મન શુદ્ધ બને છે પણ તેને
સાર્થક બનાવનાર હિતચિંતારૂપ ભાવનાનો અધ્યવસાય છે.
બધા પુણ્યનું મૂળ મનઃપુણ્ય છે. તીર્થંકર નામકર્માદિ
ઉત્કૃષ્ટ પુણ્યપ્રકૃતિના ઉપાર્જનમાં મુખ્ય હેતુ મનઃપુણ્ય છે.
મનઃપુણ્યવાળા એટલે પવિત્ર મનવાળા.
પરમેષ્ઠિભગવંતોને નમસ્કાર એ ઉત્કૃષ્ટ નવમું પુણ્ય છે.

काऊणपगरणमिणं जं कुसलमुवज्जिअं मए तेण ।
भव्वाभवविरगत्थं लहंतु जिणसासणे बोहिं ॥

વિંશિકાપ્રકરણાદિમાંના મનઃકુટુંબના આ દૃષ્ટાંત મુજબ મહાન પુરુષોના આવા ઉત્તમ સંબંધોથી જ જીવો ઊંચે આવે છે અને આપણને તેવા સંબંધો કરવા પ્રેરે છે. પ્રત્યેક જીવ મન, વચન, કાયાથી કાંઈને કાંઈ ક્રિયા કરી રહ્યો હોય છે, તેના હાનિકારક અસરથી બચવા અને શુભ અસરો ગ્રહણ કરવા 'મનઃકુટુંબ'ની જરૂર છે.

પોતાનું હિત વિશ્વહિત સાથે સંકળાયેલું છે.

અનાદિ ભવભ્રમણમાં સર્વ જીવો સાથે સર્વ પ્રકારના સંબંધો કર્યા છે પણ ધર્મસંબંધ કર્યો નથી. અધર્મ સંબંધના કારણે ભવભ્રમણ છે. આ ધર્મસંબંધ એટલે પરસ્પરને પીડાકારક, અહિતકારક, અશુભકારક સંબંધ. એકબીજાને પીડા આપીને જીવ્યા છીએ, સુખ આપનાર તરફ કૃતજ્ઞતાનો ભાવ બતાવ્યો નથી, દુઃખ આપીને ક્ષમા માંગી નથી, દુઃખ આપનારને ક્ષમા આપી નથી.

દુઃખી પ્રત્યે દયા, સુખી પ્રત્યે સ્નેહ, ગુણવાન પ્રત્યે પ્રમોદ અને પાપી પ્રત્યે સહનશીલતા દાખવી નથી.

મિથ્યાત્વના આ પાપસંબંધમાંથી ઉગારી લેનાર અને સમ્યક્ત્વનો સ્પર્શ પ્રકટાવનાર કોઈ ભાવ હોય, તો તે સ્નેહભાવ છે, ગુણગણનો સદ્ભાવ છે, મનઃકુટુંબ છે.

પરસ્પરોપગ્રહો જીવાનામ્ । એ સૂત્ર અને તેના તાત્પર્યનું પાલન છે. બધા જીવો પ્રત્યે આત્મસમાન લાગણી ધરાવવા થકી, તે સમ્યક્ત્વરૂપી સૂર્યનો ઉદય છે. તેમાં અનંત વિષયાભિલાષા અને અનંતાનુબંધી કષાયોને નિવારવાનું સામર્થ્ય છે, અત્યંત પ્રબળ અને અત્યંત અશુભ યોગોને ન પ્રવર્તવા દેવાનું બળ છે.

સર્વ જીવવિષયક સ્નેહભાવ અને લાગણી દર્શાવનાર સૂત્ર બૃહત્શાંતિમાંની છેલ્લી ગાથા દ્વારા દર્શાવ્યું છે:

શિવમસ્તુ સર્વજગતઃ પરહિતનિરતા ભવન્તુ ભૂતગણાઃ ।
દોષાઃ પ્રયાન્તુ નાશં સર્વત્ર સુખી ભવતુ લોકઃ ॥

અર્થ: સર્વનું શિવ થાઓ,
એ માટે સર્વ જીવ સર્વના હિતમાં નિરત બનો,
એમાં પ્રતિબંધક સર્વ દોષોનો ક્ષય થાઓ, પરિણામે
સર્વ દિશા, તથા સર્વ કાળમાં સર્વ જીવલોક સુખી થાઓ.

## ચાર પ્રકારની દયા

દ્રવ્યદયા = દ્રવ્યઅશુભપ્રણિધાનો નિરોધ.
ભાવદયા = ભાવઅશુભપ્રણિધાનો નિરોધ.
સ્વદયા = સ્વભાવઅશુભપ્રણિધાનો ત્યાગ.
પરદયા = પરદ્રવ્યઅશુભપ્રણિધાનો ત્યાગ.

ધર્મનું મુખ્ય લક્ષણ સકલસત્ત્વહિતાશય છે.

ભગવાનની આજ્ઞાનું પાલન એ જ યથાર્થ પૂજા છે.

આજ્ઞાનું રહસ્યભૂત સૂત્ર વિશ્વબંધુત્વ છે.

વિશ્વબંધુત્વનું સ્પષ્ટ સ્વરૂપ સેવા, પ્રેમ, કરુણા, દયા છે.

મૈત્રી માટે 'યોગશાસ્ત્ર'માં 'સ્નેહપરિણામ' શબ્દ વાપર્યો છે.

'આવશ્યક નિર્યુક્તિ'માં 'મધુરપરિણામ' શબ્દ વાપર્યો છે.

સામો સમો સમ્મંતિ | સામ = મધુરપરિણામ,
સમ = તુલાપરિણામ, સમ્મ = ક્ષીરખાંડયુક્તપરિણામ અને
રત્નત્રયીની એકતા. આવશ્યક સર્વ ચારિત્રમાં અનુગત છે,
તેમ મૈત્રીપરિણામ પાંચે પ્રકારના ચારિત્રમાં રહેલો છે.

'યથાખ્યાત ચારિત્ર'માં તે સ્વભાવભૂત અને
અન્ય ચારિત્રમાં 'પ્રયત્નજન્ય' એવો વિવેક કરી શકાય.

અધ્યાત્મ = આત્મચિંતન અને આત્મગામી પ્રવૃત્તિઓ.

સ્વનિરીક્ષણ અને તે દ્વારા દોષનિવારણ તથા
ગુણપ્રકર્ષ કરવાની વૃત્તિનો તેમાં સમાવેશ થાય છે.

દોષદર્શન મુખ્યત્વે પ્રથમ સ્વદોષોનું અને પછી
પરનાનું તથા બીજા તરફ મુખ્યત્વે ગુણદૃષ્ટિ જ હોય છે.

દર્શનમોહના ક્ષયથી અનંત પ્રેમ અને ચારિત્રમોહના
ક્ષયથી અનંત સ્થિરતા પ્રાપ્ત થાય છે.

સિદ્ધોનું દર્શન આત્મતુલ્ય અને આત્મપૂર્ણ હોય છે.

માતા બાળકને અને બાળક માતાને
પૂર્ણ દૃષ્ટિથી જુએ છે, તેથી પ્રેમ અખંડ રહે છે.
સતી સ્ત્રી પતિને પરમાત્મતુલ્ય દૃષ્ટિથી જુએ છે, તેથી તેની
ભક્તિ અખંડ ટકે છે. તુલ્ય અને પૂર્ણ દૃષ્ટિથી જોવું તેને
જ બાળ શબ્દોમાં 'પ્રેમ' કહેવામાં આવે છે. ક્રમશઃ
જીવનને પરિપૂર્ણ જોવી, તે એના ઉપરના અનંત પ્રેમને
સૂચવે છે. પ્રેમની ઓળખાણ વૃદ્ધાવસ્થામાં થાય છે,
તે રીતે સિદ્ધ ભગવંતનો પ્રેમ ચરમાવર્તમાં પરખાય છે.

અચરમાવર્ત ભવ બાળકાળ છે,
તે સિદ્ધની પૂર્ણ દૃષ્ટિને ઓળખવા માટે અસમર્થ છે.

ધર્મના યૌવનનો કાળ ચરમાવર્ત છે. તે વખતે ભગવંતનો
મહિમા સમજાય છે. સમજાતાંની સાથે તેમના પર સુદૃઢ-
સર્વાધિક સ્નેહ પ્રકટે. એ પ્રીતિને આદિ હોય, અંત નહીં.
આદિ - અનંત પ્રીતિ પ્રભુની સાથે જ થઈ શકે છે,
તેમાં તેમની પૂર્ણદૃષ્ટિ મુખ્યપણે કારણભૂત હોય છે.

'જે પુરુષ મૈત્રી - મુદિતા - કરુણા - ઉપેક્ષા, એ ચાર
સ્મૃત્યુપસ્થાનોની જે ભાવના કરે છે, તે પોતાના માટે
દીપનું નિર્માણ કરે છે તથા એ જ ધર્મ શરણરૂપ છે.'
મૈત્ર્યાદિભાવો અને શરણાપદના અર્થનો અહીં અભેદ છે.

- દીર્ઘનિકાય, મહાપરિનિબ્બાણસુત્તં

## સાચો સાધુ કેવો હોય?

સાધુને શાતાવેદનીયનો ઉદય પણ ન ગમે. 'શાતાગારવ પરિહરૂં' એમ દિવસમાં અનેક વાર બોલવાનું હોય છે. સાધુ જેમ વિષયકષાયનો વૈરી, તેમ શાતાનો પણ વૈરી હોય.

'વ્યવહાર ભાષ્ય'માં કહ્યું છે કે:

अट्ठमी पक्खिए मोत्तुं वायणाकालमेव य ।
पुव्वुत्तकारणेणावि गमणं होइ नऽकारणे ॥

અર્થાત્: અષ્ટમી, ચતુર્દશી અને વાચનાકાળ સિવાય સાધ્વીને સાધુની વસતીમાં આવવાનો નિષેધ છે.

વળી બૃહ૦ ૩-૨૬માં કહ્યું છે કે:

अट्ठमी पक्खिए मोत्तु वायणाकालमेव य
सेसे कालम्मि इंतिओ नेयाओ अकालचारीओ ॥

'પ્રતિમાશતક'માં કહ્યું છે કે:

अप्रमत्तसाधोर्द्रव्याश्रवसंपत्तौ तन्निमित्तस्य परमाणुमात्रस्याऽपि बन्धस्य निषेधात् । અર્થાત્: અપ્રમત્ત સાધુને દ્રવ્યથી કર્મનો આશ્રવ હોવા છતાં પણ તે નિમિત્તે પરમાણુ જેટલો પણ કર્મબંધ થતો નથી. ધર્મક્રિયા દ્વારા વિષયકષાય-રાગદ્વેષ ઘટે તો તે સાચી ધર્મક્રિયા ગણાય, અન્યથા દેખાડો કરવાની હુંડી છે.

## મૂર્તિપૂજનનું માહાત્મ્ય

પરમાત્માનું સ્મરણ કરવું, એ ઉપકારનું ચિહ્ન છે.
તે સ્મરણ એમ નામથી થાય, તેમ રૂપથી પણ થાય જ છે.
પરમાત્મતત્ત્વથી વાણી મનને અગોચર છે. તે માર્ગે આગળ
વધવાને અનેક પ્રતીકો છે. પછી ભલે તે પ્રતીકો કાષ્ઠ,
પાષાણ કે ધાતુનાં મૂર્તિરૂપ હોય અગર કલ્પના કે જપરૂપે
માનસિક - અમૂર્ત હોય. તે બધાં આખરે પ્રતીકો જ છે,
સરલ સ્મરણ માટે નામ - આકૃતિ બંને ઉપકારક છે.

## ચાર અનુયોગ

દ્રવ્યાનુયોગ સમ્યક્ત્વનું કારણ છે, ગણિતાનુયોગ ધ્યાનનું
કારણ છે, ચરણકરણાનુયોગ ચારિત્રનું કારણ છે અને
કથાનુયોગ આરાધના - વિરાધનાના ફળનું ભાન કરાવી
વિરાધના બચાવી આરાધનાને કરાવે છે.

(૧) દ્રવ્યાનુયોગ વડે આત્માની ઓળખાણ થાય છે.

(૨) ગણિતાનુયોગ વડે સિદ્ધસ્થાનનો અને
સંસારના અનંત પરિભ્રમણનો ખ્યાલ આવે છે.

(૩) ચરણકરણાનુયોગ વડે અશુદ્ધ પદ્ધતિનો ત્યાગ
કરીને શુદ્ધ પદ્ધતિને પ્રાપ્ત કરવાનો માર્ગ મળે છે.

(૪) ધર્મકથાનુયોગ વડે ઉત્તમ પુરુષો અને

સાધક પુરુષોના જીવનકથાઓ વડે સંસારપદ્ધતિ ટાળી
સિદ્ધપદ્ધતિ મેળવવાની ભાવના જાગે છે.

ધર્મનું પ્રત્યક્ષ દર્શન સર્વજ્ઞ ભગવંતને હોય છે,
ધર્મના ફળનું દર્શન તો છદ્મસ્થને પણ થાય છે, જેમકે
મનુષ્યપણું, પંચેન્દ્રિયપટુતા, ઉચ્ચ કુળ, નિરોગી કાયા આદિ.

સાધુની સઘળી પ્રવૃત્તિ નિવૃત્તિરૂપ છે, કારણકે
દરેકમાં પોતાની ઇચ્છાનો રોધ કરવાનો હોય છે,
ગુરુની ઇચ્છાને આધીન રહેવાનું હોય છે.

આકૃતિરૂપ વેદ - લિંગની અવસ્થા નામકર્મોદયજન્ય છે.
વાસનારૂપે વેદોદય મોહકર્મજન્ય છે.

દેવોને સુંદર રૂપ, કાયા, કાંતિ, દીર્ઘાયુ વગેરે મળે છે,
તે પૂર્વે પાળેલા અહિંસાનું ફળ છે અને દિવ્ય
વિભૂતિ - સંપત્તિ મળે છે, તે આપેલા દાનનું ફળ છે.

0 સ્વભાવની રુચિ તે સમ્યગ્દર્શન છે,
સ્વભાવની ઓળખાણ તે સમ્યગ્જ્ઞાન છે અને
સ્વભાવમાં સ્થિરતા તે નિશ્ચય ચારિત્ર છે.
'સ્વભાવ' એટલે આત્મસ્વરૂપ - જ્ઞાનસ્વભાવ.

સાધ્યનો નિર્ણય તે નિશ્ચય અને સાધનોમાં પ્રવૃત્તિ તે
વ્યવહાર. સાધ્ય સ્વસ્વરૂપ છે, સાધન રત્નત્રય છે.

વિનયપૂર્વક પ્રાપ્ત થયું જ્ઞાન
જલપાત્રમાં નાંખેલા તિલબિન્દુ જેવું છે.
શિક્ષાઓનો ઉપયોગ ઔષધરૂપે લેવો જોઈએ.

તપથી તપે વિષય - કષાયો

તપની સાથે સાથે થતી જપની ક્રિયા એ મનને
વધારે ઊંડાણમાં લઈ જાય છે અને
પરમ પુરુષો સાથે માનસિક સંબંધ કરાવી આપે છે.
તે સંબંધ પ્રતિદિન વધતો રહીને સર્વ અંતરાયોનું
નિવારણ કરી આત્માને નિષ્કલંક કરી આપે છે.
તપ તલવારનું કામ કરે છે, જપ ઢાલનું કામ કરે છે.
સંસારવૃક્ષનું મૂળ કષાય અને તેનું મૂળ વિષય છે.
ફક્ત શરીરને જ કૃશ કરવાથી મુક્તિ નથી,
કર્મને અને કષાયને કૃશ કરવાથી મુક્તિ છે.
આ જગતમાં મારું કોઈ વૈરી નથી, કિન્તુ
મારી પોતાની જ સ્વચ્છંદચારિતા
પાંચ ઇંદ્રિયો - બુદ્ધિ - મન એ જ મારાં દુશ્મન છે.
પરહિતચિન્તા એ સમ્યક્ત્વની પ્રથમ ભાવના છે.
પરચિન્તા મધ્યાવણા | એ ચતુર્થ ભાવના છે. એક સર્વ-
જીવવિષયક છે, બાકી સમ્પૂર્ણાનીય - અવિનીતવિષયક છે.

સમ્યક્ત્વની શુદ્ધિ માટે મૈત્ર્યાદિ ભાવનાઓ અને
ચારિત્રની શુદ્ધિ માટે વૈરાગ્ય આદિ ભાવનાઓ છે.
પહેલી છ ભાવના સંસારની અસારતા જણાવે છે અને
છેલ્લી છ ભાવના અનુક્રમે ચારિત્રધર્મ અને શ્રુત-
ધર્મની સારભૂતતાને મુખ્યપણે ભાવિત કરવા માટે છે.
વિષયો ઇન્દ્રજાળ જેવા છે, સમાગમો સ્વપ્નતુલ્ય છે,
સંસારની સર્વ અવસ્થાઓ અને સંબંધો નાટકતુલ્ય છે.

કર્મ કારાગાર તુલ્ય છે, ભવ મુસાફરખાનું છે,
શરીર તથા વિષયો અશુચિ - પાયખાનાતુલ્ય છે.

o માતાનું બીજું નામ વાત્સલ્યરસ છે,
તેનો સ્થાયીભાવ સ્નેહ છે, આલંબનવિભાવ પુત્ર-પુત્રી છે.
ઉદ્દીપનવિભાવ તેમની ચેષ્ટાઓ છે.

માતાને પુત્રના હિતની જ ચિન્તા હોય છે,
પુત્રના ગુણનો પ્રમોદ હોય છે, પુત્રના દુઃખની કરુણા
હોય છે અને પોતાના પુત્રના દોષની ઉપેક્ષા હોય છે.

જીવરાશિ પ્રત્યે એ જાતિનો સ્નેહનો પરિણામ
એ જ ચિત્તશુદ્ધિનું પ્રતીક છે.

એમાં થોડી પણ ન્યૂનતા તે અશુદ્ધિ છે.
તે ટાળવા માટે ભાવનાઓનો અભ્યાસ આવશ્યક છે.

શુભાશ્રવ, સંવર અને નિર્જરા -
તે ચારિત્રધર્મનું ફળ છે. શ્રુતધર્મ તેમાં પ્રાણ પૂરે છે,
તે લોકસ્વરૂપ અને બોધિદુર્લભ ભાવનાનો સાર છે.
ભાવનાઓને સંક્ષેપમાં યાદ રાખવાથી વૈરાગ્ય સ્થિર બને.

બે પ્રકારના પાપ

એક દુઃખ આપનારા - અશુભ અઘાતી છે અને
બીજા પાપ કરાવનારા - ઘાતી છે.
ભાવનાથી ભવનો અને પ્રયત્નથી અજ્ઞાનનો નાશ થાય છે,
તે કારણે પ્રયત્ન અને ભાવના પરમ ઉપાદેય છે.

અંત સમયે પરમ હિતકારી ત્રણ વસ્તુ

(૧) સર્વ જીવરાશિ સાથે ક્ષમાપના
(૨) સર્વના હિતની ભાવના (૩) નવકાર મહામંત્રનો જાપ.
લબ્ધ્યાદિની અપેક્ષાવાળી, કુળમર્યાદા અને લોકલજ્જાદિથી
થતી, ગુરુલાઘવના પર્યાલોચન વિનાની અને મૈત્ર્યાદિભાવના
સંવેદનથી શૂન્ય ક્રિયા આજ્ઞાબહુમાનવાળી નથી. સાનુબંધ
શુભાનુષ્ઠાનની પ્રાપ્તિ આજ્ઞાબહુમાનયુક્ત ક્રિયાથી જ થાય.

મુખ્ય અનુષ્ઠાન - તુચ્છ અનુષ્ઠાન

यदेव अध्यात्मबन्ध - प्रधानमनुष्ठानं तदेव
भवक्षयादिहेतुकारणात्वा तत्त्वतोऽनुष्ठानं ।

तद्विलक्षणं च शरीरस्थरजोराशिवत्
मालिन्यकारितयाऽत्यन्ततुच्छं ।

- ઉપદેશપદ, ભા - ૨, શ્લો - ૩૬૮ (પરિશિષ્ટ-૧૨)

જ્યાં જ્યાં 'આત્મહિત' શબ્દનો પ્રયોગ આવે,
ત્યાં ત્યાં 'રત્નત્રયી' અભિપ્રેત છે.
રત્નત્રયનું આરાધન એ જ આત્મહિત છે, કેમકે
તેમાં જીવરાશિ સાથે આત્મતુલ્યતાનો પરિણામ
ત્રિકરણ - ત્રિયોગથી આરાધવાનો છે.
સ્વયં રત્નત્રયનું સેવન કરવું અને શક્ય હોય,
તો ઉપદેશાદિ વડે અન્યને પણ કરાવવું જોઈએ.
શારીરિક સુખ - દુઃખનો સંબંધ વેદનીય કર્મના ઉદય
સાથે હોય છે, જ્યારે માનસિક સુખ - દુઃખનો સંબંધ
મોહનીય કર્મના ઉદય સાપેક્ષ છે.

## અરિહંતોની માર્ગદેશકતા તથા માર્ગરૂપતા

સર્વ પાપનું કારણ સહજમલ છે, તેનો નાશ કરવાનો ઉપાય સર્વ જીવની હિતચિન્તાનો પરિણામ છે, તેથી યોગ્યતા વધે છે, અયોગ્યતા ટળે છે અને જીવ આત્મસ્વરૂપને અનુભવે છે. માર્ગદેશકતા સર્વ શ્રી અરિહંતોમાં છે અને માર્ગરૂપતા ક્ષયોપશમરૂપ હોવાથી સર્વ જીવમાં રહેલી છે.

શુભભાવ એ તીર્થ છે, એ અંશમાં આંતરિક લક્ષણત્વ
શુભભાવવાન પ્રત્યેક જીવમાં રહેલું છે.
લૌકિકમાં ચિત્તના સ્વાસ્થ્યને 'સુખ' કહેવાય છે તથા
લોકોત્તરમાં મોક્ષને 'સુખ' કહેવાય છે.
ધર્મમાં પ્રધાનહેતુ ચિત્તસ્વાસ્થ્ય છે, કેમકે
તેના અભાવે ધર્મનું કોઈપણ કાર્ય થઈ શકતું નથી.
'જય વીયરાય' સૂત્રમાં ઇષ્ટફલસિદ્ધિઃ | માંગી છે,
તેનો અર્થ ઇહલૌકિક અભિમત અર્થની સિદ્ધિ છે,
કે જેના વડે ચિત્તસ્વાસ્થ્યપૂર્વક ધર્મકાર્ય થઈ શકે છે.
બન્ને પ્રકારનાં - ચિત્તસ્વાસ્થ્યજન્ય અને મોક્ષજન્ય
સુખને ઇચ્છવામાં ધર્મને કોઈ પણ બાધ પહોંચતો નથી.
પ્રભુ માર્ગદર્શક પણ છે અને માર્ગરૂપ પણ છે. ભૂતકાળમાં
ભગવાન એમ માર્ગ બતાવીને ઉપકાર કરી ગયા છે,
તેમ વર્તમાનકાળમાં દર્શન - પૂજન - સ્મરણ આદિ વડે
શબ્દાદિ માર્ગરૂપ બનીને ઉપકાર કરી રહ્યા છે.
પ્રભુના આલંબનથી મોહનીય આદિ ક્ષયોપશમ થવાથી
રત્નત્રયની જે પ્રાપ્તિ થાય છે, તેનું નામ 'માર્ગ' છે.
તેના કર્તા પ્રભુ નિમિત્તરૂપે છે અને માર્ગ પામનારો
ઉપાદાનરૂપે કર્તા છે. શુભભાવ એજ માર્ગ યા તીર્થ છે,

તેને જે કરે, તે તીર્થંકર વ્યવહારથી પ્રભુ અને નિશ્ચયથી જીવ પોતે શુભભાવ રૂપી તીર્થનો કર્તા છે.

પ્રદેશભેદે આત્મદ્રવ્યનો પરસ્પર ભેદ છે અને ચૈતન્ય અંશથી અભેદ છે. બ્રહ્માંશેન સર્વં જગત્ ।
સમત્વની સિદ્ધિ માટે બંને અંશને જોવા જોઈએ.

'સમ્મતિ તર્ક પ્રકરણ'માં કહ્યું છે કે:

એકાંત ષટ્કાયના ભેદનું ભાન સમ્યક્ત્વ નહિ. ભેદનું ભાન જેમ મોહછેદક છે, તેમ અભેદનું ભાન સમત્વપોષક છે. દેહાદિથી ભેદ સત્ય છે, તેમ જ્ઞાનાદિથી અભેદ પણ સત્ય છે. મૈત્ર્યાદિ ભાવો ધર્મધ્યાનનું સ્થિરીકરણ કરે છે અને ક્ષમતા આદિ ધર્મો શુક્લધ્યાનનું આલંબન બને છે. શુક્લધ્યાનનું બીજ ધર્મધ્યાન છે, તે રીતે ક્ષાન્ત્યાદિ ધર્મોનું બીજ મૈત્ર્યાદિ ભાવો છે. મોક્ષમાં મૈત્ર્યાદિ ભાવો નહિ, પરંતુ સર્વાનુગ્રાહક, પરાર્થરસિક એવો સ્વભાવ ત્યાં પ્રકટે છે. એ મૈત્ર્યાદિ ભાવોના પ્રકર્ષનું જ પરિણામ છે.

કોઈની સાથે વૈર ન રાખવું, એ મૈત્રી છે.
વૈર ન રાખવું એટલે અહિતચિન્તનનો અભાવ.
અહીં જે નિષેધ એ પ્રકૃત અર્થને કહે છે,
એ ન્યાયે હિતચિન્તનનો ભાવ જ આવીને ઊભો રહે છે.

જેમ છિદ્ર વિનાના રત્નને વિષે સુતરનો દોરો પરોવી શકાતો નથી, તેમ અભિન્નગ્રન્થિ જીવમાં શાસ્ત્રજ્ઞાન પરિણામ પામતું નથી. ગ્રન્થિભેદ કરાવનાર મુખ્ય વસ્તુ પરહિતચિન્તનનો અધ્યવસાય છે. ક્રિયા કરતાં પણ ભાવ શ્રેષ્ઠ છે, કારણ કે તેમાં ભિન્નતાનું સામર્થ્ય હોય છે. આત્મદૃષ્ટિ અને શાસ્ત્રદૃષ્ટિ - બે એક જ છે. મોક્ષનું પ્રથમ સોપાન વૈરાગ્ય છે. અણુમાત્ર પણ પરવસ્તુ પ્રત્યે રાગ રહે, ત્યાં સુધી મોક્ષની વાત ક્યાંથી ગાજે?

## અંતરમાં સતત આત્મચિન્તન

શરીર દ્વારા ઘડીએ ઘડીએ અનેક કાર્યો બદલાતા રહેવા છતાં પ્રત્યેક ઘડીએ શ્વાસોચ્છ્વાસની ક્રિયા ચાલુ જ હોય છે. એ ન્યાયે મુમુક્ષુ જીવ જરૂર પડે જુદાં જુદાં કાર્યો કરે તો પણ તેના અંતરમાં આત્મચિન્તન ચાલવું જ જોઈએ. આત્માનુસંધાનરહિતની ક્રિયા એ સર્પનું ઝેર ઉતારવાની મંત્રરહિત ક્રિયા સમાન નિષ્ફળ છે. આત્માનુસંધાનનો ભાવ એ સતત સ્મરણના સ્થાને છે. ભક્તિનું બળ એ સાચું બળ છે. યંત્રમાં વરાળની જેમ તે કાર્ય કરે છે.

એકલી ક્રિયા કે એકલું જ્ઞાન ભક્તિશૂન્ય હોય,
ત્યારે વરાળ વિનાના યંત્ર જેવું બને છે.

Imp મનુષ્યની અંદર આધ્યાત્મિક પ્રદેશોનું જાગરણ કરનાર પ્રત્યેક વસ્તુ તાત્ત્વિક ગુરુના સ્થાને છે.

એ દૃષ્ટિએ જીવનની પ્રત્યેક ઘટના ગુરુ છે. નિષ્ફળતાઓ પણ ગુરુ છે - દુઃખ તો સર્વોત્તમ ગુરુ છે. બોધ લેનારને માટે સારું કે જીવન અને સારું કે જગત ગુરુસ્થાનીય છે. દુર્ગુણને ઈરાદાપૂર્વક ઢાંકી રાખવો, તે પોતાના જ ઘરમાં પોતાના શત્રુને આશ્રય આપવાતુલ્ય છે. ધર્મસ્થાનમાં જવા પહેલાં નિર્મળ થવું જોઈએ અને વધુ નિર્મળ થઈને પાછું ફરવું જોઈએ. તત્ત્વોનું જાણપણું એ સમ્યક્ત્વ નહિ પણ તેમાં હેયોપાદેયનો વિવેક તે સમ્યક્ત્વ છે. 'જિનવલ્લભિતિ સદ્ભક્ત્યા ।' એ ભાવના

દ્રવ્યપચ્ચક્ખાણને ભાવપચ્ચક્ખાણ બનાવે છે. 'તપ મેં ધર્મ, જપ મેં ધર્મ' એના સ્થાને 'તીર્થંકર દેવની આજ્ઞા પાળો' એ ભાવ વિપુલ નિર્જરા કરાવે છે. આજ્ઞાપાલનનો અધ્યવસાય મુક્તિપર્યંત પહોંચાડવાની જવાબદારી લે છે. રેલ્વે સ્ટેશને ટિકિટ કઢાવ્યા પછી ઈષ્ટ સ્થાને પહોંચાડવાની બધી જવાબદારી રેલ્વે કંપનીની છે. તમે ઊંઘી જાઓ છો અને ધાર્યા ટાઈમે ઈષ્ટસ્થાને પહોંચી જાઓ છો, તે રીતિએ તીર્થંકર દેવને શરણે જાઓ,

તમારું અસ્તિત્વ ઓગાળી દો અને તીર્થંકરનું અસ્તિત્વ
હૃદયમાં સ્થાપન કરો, તો મોક્ષ સુધી લઈ જવાની
બધી જ જવાબદારી ધર્મમહાસત્તા ઉપાડી લે છે.

ધન - સંપત્તિ આદિ અનિત્ય વસ્તુઓ પારા જેવી
ચંચળ છે. એ આવે તો હર્ષ ન કરવો અને જાય તો
શોક ન કરવો. અનિત્ય સંસારમાં નિત્ય સદા એક
ધર્મ જ શરણભૂત છે. ઇચ્છાઓની ઉત્પત્તિ પાપોદયથી છે
અને ઇચ્છાઓની પૂર્તિ પુણ્યોદયથી છે.

ઇચ્છાનો રોધ કરવાથી પાપ જાય છે અને પુણ્ય વધે છે.

આપત્તિ સમયે ખેદ ન થાય, તેનું નામ 'સમાધિ'.

ચોથું ગુણઠાણું = ચાર પ્રકારની સંજ્ઞાઓ ઉપર અરુચિ.

ગુસ્સો લાવનારી ઇચ્છાઓને રોકવા એ પણ તપ છે તથા
કર્મે જે સ્થિતિ પેદા કરી, એમાં સમાધિ રાખવી,
એ પણ એક પ્રકારનો તપ જ છે.

દોષ વૈભાવિક છે, તેથી રહેવાના સ્વભાવવાળા નથી.
ગુણ સ્વાભાવિક છે, તેથી જવાના સ્વભાવવાળા નથી.

જેમ જેમ ત્યાગ વધે, તેમ તેમ શરીર ઉપરની મમતા ઘટે.

વિરતિ = ઇંદ્રિયોના વિષયો તરફ ઘૃણા. ધર્મીને ધર્મ તથા
મોક્ષસુખ ગમે, અધર્મીને ધન અને ઇંદ્રિયસુખ ગમે.

પરમતની ઇચ્છા એ સમકીતનો અતિચાર છે,
તેમ પરપદાર્થની ઇચ્છા પણ ચારિત્રધર્મનો અતિચાર છે,
અવિરતિજન્ય ઇચ્છાઓમાં ભેદબુદ્ધિ અવશ્ય રહેવી છે.

પંડિતાનપિ મોહયતિ ઇતિ મોહઃ ।

એમ શાસ્ત્ર કહે છે કે:
'ધર્મથી ધન મળે, સ્ત્રી મળે, ભોગસુખ મળે'
તેમ 'ધન, સ્ત્રી, ભોગસુખ દુર્ગતિ આપે' એમ પણ
શાસ્ત્ર જ કહે છે. બંનેની અપેક્ષા સમજવી જોઈએ. એકમાં
ધર્મનું ફળ, બીજામાં ધર્મનું સ્વરૂપ (ત્યાગ) વર્ણવ્યું છે.

દાન - શીલ વગેરે ધર્મના રૂપ છે.
રૂપ - સ્વરૂપ - ફળ, ત્રણેથી ધર્મને સમજવો જરૂરી છે.

મનુષ્યમાં બે જાતની વાસનાઓ છે:
(૧) અસ્તિત્વ ટકાવવાની આહારસંજ્ઞા.
(૨) વંશ ચાલુ રાખવાની મૈથુનસંજ્ઞા.

મનની ઇચ્છાઓને છોડી આત્મા વડે આત્મામાં તોષ પામે,
તે 'સ્થિતપ્રજ્ઞ' છે. ભાવસંકોચ = વિષય - કષાયથી વિરમવું.

અનુમોદનામાં સમગ્રતાનું બળ ભર્યું છે.
ધર્મની અનુમોદનાથી ધર્મ વધે, પાપની અનુમોદનાથી પાપ વધે.
પરમર્ષિઓના સુકૃતની અનુમોદના મોક્ષનો દરવાજો છે.

ધર્મપ્રેમનું પ્રત્યક્ષ મંદિરો છે, તત્ત્વપ્રેમનું પ્રત્યક્ષ શાસ્ત્રો છે.

આધ્યાત્મિક શાંતિ એટલે ક્લેશ અને વિકારોની શાંતિ
અર્થાત્ નિઃક્લેશ અને નિર્વિકાર અવસ્થા.

દુર્ભાવોનું મૂળ આપણી અશુભ ઇચ્છાઓ છે.

જેમ કાંટાથી કાંટો કાઢી શકાય છે, તેમ
અશુભ ભાવોને શુભ ભાવો વડે કાઢી શકાય છે.

નમવા યોગ્ય પરમેષ્ઠિઓને ન નમવું તથા ન નમવા યોગ્ય
વિષયકષાયોને નમવું, તે અજ્ઞાનના બળને વધારે છે.

નમનીયને નમવું અને અનમનીયને ન નમવું,
તે તથાભવ્યત્વ ભાવનાં બળને વિકસાવે છે.

માર્ગે ચાલવું કઠિન નથી, માર્ગે ચઢવું કઠિન છે.

ધર્મ કરવો દુર્લભ નથી, ધર્મ પામવો દુર્લભ છે.

મૌન અને એકાંત એ સાધનાનાં બે મહત્ત્વનાં અંગો છે.

હે આત્મન્! તું તો જ્યોતિરૂપ એક શુદ્ધ ચૈતન્ય છે.
જેની હાનિ - વૃદ્ધિ થાય છે, તે તું નથી.
જેનો નાશ થાય છે, તે પણ તું નથી.

હૃદયમાં પંચપરમેષ્ઠિનું ધ્યાન અને સકલ જીવોનું
હિતચિંતન ધબકતા કરીને જે કાંઈ થાય, તે અનંત
લાભ આપનાર થાય છે. સિદ્ધ થવું એટલે પૂર્ણ થવું.

મુક્ત થવું એ અંતિમ ધ્યેય છે - પરમ આદર્શ છે.

પંડિતાઈ કરતાં સાધુતા અધિક કિંમતી છે.

જેમ સુવર્ણ એ અલંકારોમાં પરિણામી કારણ છે,
તેમ ધર્મ એ અર્થપ્રાપ્તિ, કામપ્રાપ્તિ અને મોક્ષપ્રાપ્તિમાં
પરિણામી કારણ છે. જ્યારે ઇચ્છામાત્ર નાશ પામે છે,
ત્યારે સર્વ વિષયોનું એકી સાથે જ ગ્રહણ થાય છે
અર્થાત્ સર્વજ્ઞતા પ્રાપ્ત થાય છે.

રાગ એ શૂળ છે અને ત્યાગ એ ફૂલ છે.

વિગ્રહ કરવો એ વિનાશ માટે છે.

સાચું જપ સંખ્યામાં નહિ પણ ગુણમાં છે.

દેવાં દેતાં જવાય પણ લેણિયાત નહિ.

## આત્માની બે મોટી શક્તિઓ

મૌન અને મૈત્રી એ આત્માની જબ્બરમાં જબ્બર
શક્તિઓ છે. મૌન એટલે કોઈની પાસે કાંઈ માગવું નહિ.
મૈત્રી એટલે સૌને આપણે આપવું.

માનવભવ ધર્મશૂન્ય પસાર કર્યો, તેણે એવું કર્યું છે કે
રૂપિયા ખર્ચ્યા પણ કોઈ વસ્તુ ખરીદી નહિ.

ગુરુ-શિષ્યનો સંબંધ તે આત્માનો આત્મા સાથે સંબંધ છે.

ગુરુ-શિષ્યાદિ સંબંધો અસાર્વદિક છે, પરંતુ જીવને

જીવરાશિ સાથે શત્રુ, મિત્ર, ઔદાસિન્યમાંથી કોઈને કોઈ પ્રકારનો સંબંધ સાર્વદિક છે જ તેથી તે મુજબ અનુગ્રહ-ઉપઘાત આદિ તન્નિમિત્તક થયા જ કરે છે. વિશિષ્ટ સંબંધો અસાર્વદિક છે તો પણ સામાન્ય સજાતીય સંબંધ તો સાર્વદિક છે, તેથી એને અનુરૂપ અનુગ્રહ-ઉપઘાત થયા જ કરે છે અર્થાત્ અનુગ્રહ-ઉપઘાતમાં નિમિત્ત બનવારૂપ કાર્ય થયા જ કરે છે, તેથી પરસ્પરોપગ્રહો જીવાનાં | કાર્યલિંગણ છે. વિરતિ અથવા અનશન નિયમ ન હોવાના કારણે જેમ અવિરતિજન્ય આશ્રવ આવે, તેમ મોક્ષ કે હિતચિન્તાના પરિણામ ન હોવાના કારણે મિથ્યાત્વ અને અજ્ઞાન-જન્ય આશ્રવ પણ આવે જ. ગુણીનો ગુણ જેમ પૂજવા લાયક છે, તેમ જીવનું જીવત્વ પણ મન, વચન, કાયાથી ઔચિત્ય મુજબ માન આપવા લાયક અવશ્ય છે જ. ગુણીને બહુમાનથી અને નિર્ગુણીયા દુર્ગુણીને કરુણા અને માધ્યસ્થ્યથી, એમ ઔચિત્ય ગુણ હણાય નહિ.

સર્વવિરતિ સામાયિકમાં ત્રણે યોગની વિશુદ્ધિ,
જેવું વચન તેવું જ મન અને તેવી જ ક્રિયા હોવી જોઈએ.
સમકિત અને શ્રુતસામાયિકમાં
મનોયોગ તથા વચનયોગની વિશુદ્ધિ હોય.

અસંભવી ભાવનાને પણ અવસ્થાંતર લઈને કરી છે.
વસ્તુતઃ ભાવના તો અશાસ્ત્રની જ હોય,
શરત એટલી જ કે તે પ્રશસ્ત હોવી જોઈએ.
નિત્યક્રિયા શાંતિ માટે છે, નૈમિત્તિકક્રિયા શક્તિ માટે છે.
નિત્યક્રિયા ન કરવાથી અશુભ વધે,
નૈમિત્તિકક્રિયા ન કરવાથી મૂડી ન વધે.
મનને ખુશ રાખવાથી આત્મા નાખુશ થાય છે,
મનને નાખુશ રાખવાથી આત્મા ખુશ થાય છે.
ઇંદ્રિયોને અનુકૂળતા મળવાથી હર્ષ થાય છે પણ
તેમાં વાંધો આવે, ત્યારે શોક થાય છે.
મન અને ઇંદ્રિયો આત્મામાં લીન થાય, ત્યારે આનંદનો
અનુભવ થાય છે, કેમકે આત્મા આનંદસ્વરૂપ છે.
ક્રોધનું મૂળ ઇચ્છા કે વાસના છે, વાસનાનું મૂળ અજ્ઞાન છે.
વિચાર અને વિવેક વડે
વાસના અને ઇચ્છાને જીતવાથી ક્રોધ જીતાય છે.

વિજયાદશમી કોને કહેવાય ?

પાંચ જ્ઞાનેન્દ્રિય અને પાંચ કર્મેન્દ્રિય - એ ૧૦ ઇંદ્રિયો
અને તેના વિકારો ઉપર વિજય પ્રાપ્ત કરવો,
તેના ઉત્સવનું નામ 'વિજયાદશમી' છે.

લક્ષ્મીની પૂજા લક્ષ્મી આપે છે, મા સરસ્વતીની પૂજા વિદ્યા આપે છે અને દુર્ગાની પૂજા શક્તિ આપે છે. મા એટલે માયા, મમતા અને દયાની મૂર્તિ. જ્ઞાનખડ્ગથી અજ્ઞાનનું માથું કાપ્યું, જેનું પ્રતીક હાથમાં તલવાર છે. જ્ઞાનજ્યોતિનું પ્રતીક હાથમાં દીવો છે. રાવણ પર વિજય પ્રાપ્ત કરવા વડે શક્તિ માટે નવરાત્રિમાં માતાની પૂજા છે.

## અમુક મહત્ત્વના આધ્યાત્મિક અર્થો

શક્તિ વડે વિજય મેળવવાનું પર્વ દશેરા - વિજયાદશમી છે. અજ્ઞાનરૂપી રાત્રિમાં વિદેહી અસ્મિતા સીતાને - આત્માને રાવણરૂપી વિકારે હરી લીધા છે. 'પંચવટી' એટલે પાંચ ભૂતનું રચેલું શરીર, તે પંચ તત્ત્વોની વાટિકા છે. એમાં આત્મારૂપી સીતા નિરાકાર પરમાત્મા રામની સ્મૃતિમાં.

સ્વચ્છંદી મનને લક્ષ્યમાં ટકાવી રાખે તે લક્ષ્મણ, સ્વર્ણમૃગ તે મૃગતૃષ્ણા, તેને વશ થઈને પરમાત્માને - નિરાકાર રામને આપણાથી દૂર કરી દઈએ છીએ. લક્ષ્મણરેખા મનને લક્ષ્યની મર્યાદામાં રહેવા આજ્ઞા આપે છે,

જેથી વિકારરૂપી અવગુણ નજીક નહિ આવતા, તે ભસ્મ થઈ જાય છે. આત્મિક સ્થિતિ અર્થાત્ લક્ષ્યની મર્યાદા તોડી દઈએ તો માયારૂપી રાવણ આત્મારૂપી સીતાને

લઈ જાય છે અને વિકારીદેહ આત્મા તરાઈ જાય છે.
રામરૂપી પરમાત્મા આવીને માયારૂપી રાવણને તરાવીને
સીતાજીને છોડાવે છે, તે જ સાચી વિજયાદશમી છે.

વિકારી મનુષ્ય - આત્મારૂપી વાનરોએ
પરમાત્માનો સાથ લઈને રાવણ ઉપર વિજય મેળવ્યો.
પત્થરો ઉપર રામનામ લખવાથી પત્થરો પણ તરવા લાગ્યા.
પત્થર-કર્મ-બુદ્ધિ મનુષ્યાત્માઓને પરમાત્મા સ્વયંની
સ્મૃતિ આપીને સંસારરૂપી ભવસાગરને તરવા લાયક
બનાવી દે છે. તે મનુષ્યાત્માઓ પોતે તરવાની સાથે પુલનું
પણ કામ કરતાં જાય છે. બીજા આત્માઓની આત્મિકસેવા
કરી તેમને પણ આ વિષયસાગરને પાર કરવા નિમિત્ત-
ભૂત બને છે. રામના બાણાસ્ત્ર દ્વારા રાવણ મરે છે.
તેનો અર્થ કામ-ક્રોધ આદિ મસ્તકોનો છેદ કરવા માટે
ભક્તિ આદિ ગુણબાણ દ્વારા જ સમર્થ થવાય છે.

0 નિશ્ચયથી આત્મા અકર્તા છે,
વ્યવહારથી જાણે છે, માટે કર્તા છે. કરવાનું શું?
સર્વ જીવોને આત્મસમ જાણવા, જોવા અને અનુભવવા.
વ્યવહાર આત્મહિતને ગૌણ-પરહિતને પ્રધાન માને છે.
કરુણાર્થે તે સૌમાં આત્મસત્તાને સ્વીકારે છે અને
તેના વિકાસને ઇચ્છે છે.

મૂળમાં નિર્જરા તે આત્મહિત અને તે જોઈને અન્યને બોધિલાભાદિની પ્રાપ્તિ તે પરહિત છે. જે કાંઈ કરવાનું છે, તે વ્યવહાર છે. નિશ્ચય અકર્તૃભાવ છે અને તે સાધ્ય છે.

વર્તમાન તે વ્યવહાર અને ભાવિ તે નિશ્ચય.

કારણમાં પ્રયત્ન તે વ્યવહાર અને કાર્ય તે નિશ્ચય.

નિશ્ચયથી સર્વ દ્રવ્યો પોતાનામાં પરિણમે છે, વ્યવહારથી અન્યનું કરી શકાય. અન્યનું ભલું ઇચ્છવાનું કે કરવાનું ન રહે, તો તે વ્યવહાર સુનય નથી, કુનય કે નયાભાસ છે, તેના બધા કરણ મોક્ષ માટે વ્યર્થ છે, અસમર્થ છે.

નિશ્ચય એટલે આત્મામાં સ્વાત્મભાવ.

વ્યવહાર એટલે એ ભાવને સર્વ આત્મામાં લઈ જવો અર્થાત્ સર્વાત્મભાવ, સર્વ આત્મસમભાવ.

વ્યવહારથી ધર્મ સૌના હિત માટે છે,
નિશ્ચયથી ધર્મ જે કરે, તેને માટે છે.

નિશ્ચયઃ = નિર્ગતઃ ચયાત્ । એટલે સર્વ આત્માઓનું સ્વાત્મામાં એકત્રીકરણ, એ ચયથી જે નીકળી ગયો છે, અર્થાત્ સ્વાત્મભાવ એ જેનો વિષય નથી, તે નિશ્ચય.

'ચય' એટલે પરભાવોનું અભેદીકરણ.
તેનાથી જે વિરહિત છે, તે નિશ્ચય.

વ્યવહાર = વિ + અવ + હર । વિશેષ કરીને, સંપૂર્ણપણે સૌના આત્માનાં સ્વાત્માને લઈ જવો કે સ્વાત્મામાં સર્વ આત્માઓનું વિશેષ કરીને સંપૂર્ણ રીતે હરણ કરવું. નિશ્ચયથી આત્મા સ્વોદ્ધારક છે, વ્યવહારથી વિશ્વોદ્ધારક છે. વ્યવહારનય ત્યાં સુધી જશે કે કદાચ પોતાને નિર્જરા ન થતી હોય તો પણ અન્યને બોધિલાભાદિ થવા જ જોઈએ અને એ નિમિત્તે બહારથી ભૂલમાં કોઈપણ જાતની ખામી ન હોવી જોઈએ. નિશ્ચય કહેશે કે બહારથી બોધિલાભાદિ થાય કે ન થાય, તેની સાથે મારે કોઈ સંબંધ નથી પણ અંદરથી નિર્જરાદિ થવાં જ જોઈએ.

જ્યાં નિશ્ચય અને વ્યવહાર - બંને સાચાં હશે,
ત્યાં નિર્જરા અને બોધિલાભાદિ થવાનાં જ.

પરનો વિચાર તે વ્યવહાર - સ્વનો વિચાર તે નિશ્ચય છે,
પરસ્પર સાપેક્ષ હોય તો ધર્મ - નિરપેક્ષ હોય તો અધર્મ છે.

<u>કહ્યું છે કે:</u>

વચન સાપેક્ષ વ્યવહાર સાચો કહ્યો,
વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો;
વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફળ
સાંભળી - આદરી કાંઈ રાચો. ...(૧)

જપમાળાદિ વડે જે જાપ તે મધ્યમ, ચિત્તની એકાગ્રતા માટે અષ્ટદલકમલબંધ વડે જે જાપ, તે ઉત્કૃષ્ટ જાપ.

વિના મૌનં વિના સંખ્યાં વિના ચિત્તનિરોધનમ્ ।
વિના સ્નાનં વિના ધ્યાનં જઘન્યો જાયતે જપઃ ॥

જાપ માટે જરૂરી પાંચ વસ્તુઓઃ ૐ (પરિશિષ્ટ-૧૩)

(૧) નિશ્ચિત સમય (૨) નિશ્ચિત આસન (૩) નિશ્ચિત દિશા
(૪) નિશ્ચિત માળા અને (૫) નિશ્ચિત સંખ્યા.

## મૈત્રીભાવ છે શ્રેષ્ઠ ભાવ

મૈત્ર્યાદિભાવનાઓ ધર્મની પ્રાપ્તિમાં સહાયક બને છે તથા પ્રાપ્તધર્મની આરાધનાને ઉજ્જવલ બનાવે છે. મૈત્રી આદિ ભાવનાઓથી રહિત શુદ્ધ ધર્મ સંભવી શકે નહિ, માટે ધર્મના અર્થીએ અને ધર્મના સાધકે મૈત્રી આદિ ભાવો માટે સદા પુરુષાર્થશીલ રહેવું જોઈએ. જૈનશાસનની નાની કે મોટી ક્રિયા મૈત્ર્યાદિ ભાવો ભાવવાને માટે છે. આ ભાવો ન આવે તો અનાદિ કાળના (જીવો પ્રત્યે) વૈરભાવનો ત્યાગ થઈ શકે નહિ. વૈરભાવ ચાલુ રહે તો રાગદ્વેષનો નાશ થઈ શકે નહિ. મહાપૂજા - શાંતિસ્નાત્રાદિ પ્રત્યેક ક્રિયામાં શિવમસ્તુ સર્વ જગતઃ ભાવ ભાવવાનો છે. શુભ ભાવ જગત ઉપર અસર કરે છે. ફક્ત કોઈનું નિકાચિત કર્મ હોય, તો તેની વાત જુદી છે.

આત્મસમદર્શિત્વભાવનો સંપૂર્ણ અમલ તે સામાયિકધર્મ અને તે જ દર્શન-જ્ઞાન-ચારિત્રગુણની પરાકાષ્ઠા છે.

૦ ઉચિત પ્રવૃત્તિ હોય તો જ નિશ્ચયનયે અખંડ ગુણસ્થાનક માન્યું છે. પંચવસ્તુક, ૧૬૬૬માં કહ્યું છે:

जो जहवायं न कुणइ, मिच्छद्दिट्ठी तओ हु को अन्नो?
वड्ढेइ अ मिच्छत्तं परस्स संकं जणेमाणो ॥ અર્થાત્:

નિશ્ચયનય એમ માને છે કે જે જીવ આગમમાં કહેલા અનુષ્ઠાનોને કહ્યા પ્રમાણે કરતો નથી, તેનાથી બીજો મિથ્યાદૃષ્ટિ કોણ હોય? અર્થાત્ તે મિથ્યાદૃષ્ટિ જ છે, કારણ કે તે બીજાના મનમાં સદનુષ્ઠાન સંબંધી શંકા ઉત્પન્ન કરે છે. આ રીતે મિથ્યાત્વની વૃદ્ધિ કરે છે.

संपूर्णनिष्कामभावो सदात्मोत्कर्षवर्जनमिति ।

दानं सुपात्रे विशदं च शीलं,
तपो विचित्रं शुभभावना च ।
भवार्णवोत्तारणयानपात्रं
धर्मं चतुर्धा मुनयो वदन्ति ॥

० व्रतपरिपालनाय, ज्ञानाभिवृद्धये, कषायपरिपाकाय च गुरुकुलवासो ब्रह्मचर्यं; अस्वातन्त्र्यं गुर्वाधीनत्वं गुरुनिर्देशस्थायित्वं इत्यर्थं च । - तत्त्वार्थ (પરિશિષ્ટ-૧૪)

V.V. Imp. ## નિગોદનું સ્વરૂપ V.V. Imp.

ગોલક (ગોળા) તે આકાશપ્રદેશની રચના છે. તેનો આકાર ગોળ લાડવા જેવો હોવાથી 'ગોલક' કહેવાય છે તથા એક-બે દિશાએ જ્યાં અલોક હોય, ત્યાં ખંડગોલક બને છે. તે પૂર્ણ ગોલક અસંખ્ય આકાશ પ્રદેશનાં બનેલ હોય છે અને તે એક એક ગોળાનાં સર્વ પ્રદેશોને અવલંબીને અસંખ્ય નિગોદો રહેલા છે. અંગુલનાં અસંખ્યાતમા ભાગ જેટલો નિગોદનો એક ગોળો છે. ચૌદ રાજલોકમાં લોકાકાશનાં જેટલા પ્રદેશો છે, તેટલા (અસંખ્યાતા) ગોળા છે. આંખની પાંપણનાં વાલાગ્ર ઉપર પણ અસંખ્યાતા ગોળા છે. એક એક ગોળામાં અસંખ્યાતી નિગોદ છે. તે એક એક નિગોદમાં અનંતા જીવો છે. ભૂતકાળનાં સર્વ સમયો તથા ભવિષ્યકાળનાં સર્વ સમયો અને વર્તમાનકાળનો એક સમય - એ બધાને ભેગા કરીને અનંતગુણા કરીએ, એટલાં જીવો એક નિગોદમાં છે. સૂક્ષ્મ તથા બાદર સાધારણ વનસ્પતિને 'નિગોદ' કહેવામાં આવે છે. તેમાં સૂક્ષ્મનિગોદને 'અવ્યવહાર રાશિ' કહેવાય છે. ત્યાંથી બાદર નિગોદમાં આવે, ત્યારે 'વ્યવહાર રાશિ' કહેવાય છે. તે પાછો સૂક્ષ્મમાં જાય તો પણ વ્યવહાર રાશિ કહેવાય.

તે નિગોદના જીવો એક શ્વાસોશ્વાસમાં સાડા સત્તર ભવ
કરે છે અર્થાત્ અઢાર વખત જન્મે - સત્તર વાર મરે છે.
તે નિગોદીયા જીવનાં એક દિવસમાં ૧૯૬૬૦૮૦ ભવ કરે છે.
તે એક એક નિગોદમાં અનંતા જીવો છે. તેમનું સૌનું
ઔદારિક શરીર એક જ, તૈજસ્ - કાર્મણ શરીર જુદા છે.

## સર્વ જીવની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ

બાદરનિગોદ સૂક્ષ્મનિગોદમાં જાય તો અઢી પુદ્ગલ-
પરાવર્ત સુધી રહે. સૂક્ષ્મનિગોદ બાદરનિગોદમાં આવે,
તો સીત્તેર કોડાકોડી સાગરોપમ સુધી રહે છે.
સૂક્ષ્મ - બાદર બન્ને વનસ્પતિનો કાળ એક
આવલિકાનાં અસંખ્યાતમાં ભાગનાં જેટલા સમય થાય,
તેટલા પુદ્ગલપરાવર્ત સુધી છે.
પૃથ્વી - અપ્ - તેઉ - વાયુ એ ચારની કાયસ્થિતિ છે
અસંખ્યાતિ ઉત્સર્પિણી - અવસર્પિણી.
વિકલેન્દ્રિયની કાયસ્થિતિ સંખ્યાતા હજાર વર્ષ.
ત્રસકાયની કાયસ્થિતિ ૨૦૦૦ સાગરોપમથી કાંઇક અધિક.
ત્રસકાયમાં તિર્યંચ વિના દેવતા, નારકી તથા મનુષ્ય
બસોથી - નવસો સાગરોપમ સુધી રહે.
પંચેન્દ્રિયની કાયસ્થિતિ હજાર સાગરોપમથી કાંઇક અધિક.

સિદ્ધનાં જીવોની સ્થિતિ સાદિ અનંતમે ભાગે.
અભવ્ય જીવોની કાયસ્થિતિ અનાદિ-અનંતમે ભાગે.
પ્રત્યેક વનસ્પતિ અને બાદરનિગોદનો કાળ
અઢી પુદ્ગલપરાવર્તન જાણવો અને સૂક્ષ્મનિગોદનો કાળ
એક આવલિકાનાં અસંખ્યાતમાં ભાગનાં જેટલા સમય,
તેટલા પુદ્ગલપરાવર્તન જેટલો જાણવો.
સૂક્ષ્મ કે બાદર સાધારણ વનસ્પતિને 'નિગોદ' કહેવાય છે.
એક નિગોદમાં અનંતા જીવ છે,
એક જીવમાં લોકાકાશ જેટલા અસંખ્યાત આત્મપ્રદેશો છે.
એક એક આત્મપ્રદેશમાં અનંતી કર્મવર્ગણા છે.
એક એક કર્મવર્ગણામાં અનંતાનંત પરમાણું છે.
એક એક પરમાણુમાં સર્વ જીવથી અનંતગુણા રસાણું છે
(રસના ભાગ પલિચ્છેદો). નિગોદનાં જીવ આઠમે અનંતે છે.
લોકાકાશનાં જેટલા પ્રદેશો છે, તેટલાં જ પ્રદેશો
ધર્માસ્તિકાયનાં, અધર્માસ્તિકાયનાં અને એક જીવનાં છે
અને તેટલા નિગોદના ગોળા છે.
<u>પ્રશ્ન</u> : નિગોદનાં જીવો કયા કર્મથી અનંતો કાળ નિગોદમાં
રહે છે? નિગોદનાં જીવો સ્થૂલાશ્રવ સેવવાને સમર્થ નથી,
પરન્તુ એક એકને વાંધાને એક એક શરીર આશ્રી

અનંત રહેલ છે, પૃથક્ પૃથક્ દેહરૂપી ગૃહ-ઘરરહિત છે.
પરસ્પરનાં દેહનાં કારણભૂત ઔદારિક શરીરમાં
સંશ્લિષ્ટ છે અને અત્યંત સંકીર્ણ નિવાસ મળવાથી
અન્યોન્યને વાંધાને નિકાચિત વેર બાંધે છે.
નિગોદનાં જીવને મન નથી. અન્યોન્ય જીવની બાધાથી
તેમને દુઃખો બંધાય છે, તેથી અનંતો કાળ ત્યાં રહે છે.

## કાર્ય - કારણની સંકલના

(૧) કાર્ય બે પ્રકારનાં છે: (૧) ભિન્ન (૨) અભિન્ન.
(૨) કાર્ય કર્તાથી થાય છે - તેમાં ભિન્ન કાર્યનો કર્તા ભિન્ન હોય. જેમ ઘટરૂપ કાર્યનો કર્તા કુંભાર ભિન્ન છે અને અભિન્ન કાર્યનો કર્તા અભિન્ન હોય. જેમ જ્ઞાનનો કર્તા આત્મા છે, તેમ મોક્ષનો કર્તા આત્મા જ છે. તે કર્તા જ્યારે કારણસામગ્રી પામે, ત્યારે કાર્ય સિદ્ધ થાય એટલે એકલો કર્તા કારણસામગ્રી વિના કાર્ય કરી શકે નહિ. કારણસામગ્રી મળે તો જ કર્તા કાર્ય સિદ્ધ કરી શકે.
(3) તે કારણનાં ચાર ભેદ છે. જે કાર્ય કરવાનો અર્થી બને, તેને ચાર કારણ મેળવવા પડે. તે નીચે પ્રમાણે છે:
(I) ઉપાદાન કારણ (II) અસાધારણ કારણ
(III) નિમિત્ત કારણ (IV) અપેક્ષા કારણ.

(૪) એ અવસ્થાને કારણ, કારણ તરીકે ત્યારે જ ગણાય કે જ્યારે કાર્યરુચિ જીવ તેને ગ્રહણ કરે અને પ્રવર્તાવે પણ કર્તા જ્યાં સુધી એ કારણને ગ્રહણ ન કરે અને પ્રવર્તાવે નહિ, ત્યાં સુધી એનાંમાં કારણતા ન મનાય. જેમ સ્વયંભૂરમણની માટી અને જંગલમાં રહેલો દંડ.

(૫) જે કારણ પોતે જ કર્તાનાં પ્રયત્નથી કાર્યરૂપે પરિણમે-તે ઉપાદાનકારણ, જેમ ઘટમાં માટી. <u>પ્રશ્ન</u>: કારણ એ જ કાર્ય થાય તો કારણ-કાર્યનું એકપણું થઈ જશે?

<u>ઉત્તર</u>: નામરૂપાદિથી જુદાપણું છે માટે એકત્વ નહિ થાય.

જેમ પહેલાં કારણ અવસ્થામાં 'માટી' નામ હતું,
તે કાર્ય અવસ્થામાં 'ઘટ' નામ થાય છે.
માટી અવસ્થામાં મૃદુતા ધર્મ - દ્રવતા ધર્મ હતો,
ઘટ અવસ્થામાં કાઠિન્ય ધર્મ - જલાહરણ ધર્મ છે.

(૬) જે કારણ ઉપાદાન કારણથી ભિન્ન હોય અને જેનાં મળ્યાં વિના કાર્ય થાય નહિ, તે નિમિત્તકારણ. તેને વિષે કારણપણું કર્તાનાં ઉદ્યમથી થાય અર્થાત્ કર્તા કાર્યરુચિ થઈને કારણને ગ્રહે અને પ્રવર્તાવે, ત્યારે તે નિમિત્ત કારણમાં કારણતા પ્રાપ્ત થાય. જેમ ઘટરૂપ કાર્યમાં દંડ-ચક્ર-ચીવર આદિ નિમિત્તકારણ છે

અને ઉપાદાન કારણરૂપ માટીથી ભિન્ન છે, છતાં જે દંડ વિગેરે મળ્યાં વિના માટીનો ઘટ થાય નહિં. દંડ વિગેરેને કર્તા જે કુંભાર તે ઘટ કરવારૂપ વ્યાપારે પ્રવર્તાવે, ત્યારે એ દંડ વિગેરે કારણ કહેવાય, નહિંતર તેમાં કારણતા ન કહેવાય અર્થાત્ કર્તા ઉપાદાન કારણને કાર્યરૂપે કરતો હોય, ત્યારે જે જે સાધનો કામે લગાડે, તે સર્વ નિમિત્ત કારણ કહેવાય અને તેનાં તે જ સાધનો જ્યારે કર્તા કાર્યને ન કરતો હોય, ત્યારે તે 'કારણ' ન કહેવાય. કારણનું લક્ષણ જ એવું છે કે જે કાર્ય કરે, તે કારણ.

## અસાધારણ કારણ

ઉપાદાન કારણથી જે અભેદ સ્વરૂપે છે અને કાર્યપણું પામે નહિં અર્થાત્ કાર્ય થયા પછી જે દેખાય નહિં. જેમ ઘટરૂપ કાર્યમાં ઘટ થયાં પછી પણ તેમાં માટીપણું રહે છે પણ જે અસાધારણ કારણરૂપ સ્થાસ-કોષ-કુસુલ આદિ આકાર વગેરે છે, તે ઘડો થયા પછી ન રહે, છતાં મૃત્પિંડ રૂપ ઉપાદાન કારણથી અભેદસ્વરૂપે છે.

## અપેક્ષા કારણ

જે કારણનો કોઈ વ્યાપાર હોતો નથી તથા કર્તા એને મેળવવા પ્રયત્ન કરતો નથી અને કાર્યથી ભિન્ન હોય છે,

છતાં કાર્ય વખતે તેના હાજર નિશ્ચય હોય છે ઉપરાંત બાહ્ય કાર્યમાં પણ તે હોય છે, તે 'અપેક્ષા કારણ' કહેવાય (જેમ ઘટ પ્રત્યે જમીન - કાળ - આકાશ વિગેરે).
અત્રે કારણમાં કારણપણું મૂળધર્મ નહિ, ઉત્પન્નધર્મ છે. માટીને કોઈ ઘટરૂપે તો કોઈ કોડીયારૂપે ઉપયોગમાં લે છે, એજ રીતે કાષ્ઠને કોઈ દંડ રૂપે યા તો કોઈ બાળવા રૂપે ઉપયોગમાં લે છે. દંડને કોઈ ઘટ બનાવવા માટે તથા કોઈ ઘટ ધ્વંસ માટે ઉપયોગમાં લે છે. અનાદિ મિથ્યાત્વી અને અભવ્ય જીવ સત્તાવંત છે, છતાં સિદ્ધતાનું કારણ ન બને.

## સિદ્ધતા રૂપ કાર્યમાં ચાર કારણો

(૧) પોતાનાં સત્તાગત જ્ઞાનાદિ ગુણો ઉપાદાન કારણ.

(૨) જ્ઞાનક્રિયારૂપ સાધક અવસ્થાની તરતમતા -
એ અસાધારણ કારણ.

(3) નિમિત્ત હેતુ - જિનરાજ સમતા અમૃત ખાણી,
પ્રભુ આલંબન સિદ્ધિ નિયમા એહ વખાણી.

(૪) અપેક્ષા કારણ - નરગતિ, પ્રથમ સંઘયણ આદિ.

God is in charge of our world.
His love and peace, power & justice
are ever active & everywhere present.

લવણસમુદ્રની વેલા આ ભરતી આ જંબૂદ્વીપને ડૂબાડી
દેવા સમર્થ થતી નથી, તેમાં ભરતૈરાવતના મધ્ય ખંડમાં
ઉત્પન્ન થતાં તીર્થંકરો, ચક્રવર્તીઓ, બલદેવો આદિ
શલાકાપુરુષોનો પુણ્યપ્રભાવ કારણભૂત છે,
તેમ યુગલિક સ્ત્રીઓના યુગલિકોના
પ્રતનુ કષાયત્વ આદિ ગુણોને પણ કારણરૂપ જણાવ્યા છે.
શ્રી જીવાભિગમ, શ્રી ભગવતીજી આદિ આગમોમાં
આ બધું દર્શાવ્યા પછી લોકસ્થિતિનું વર્ણન કરેલું છે.

o યતનાપ્રધાન જિનધર્મમાં
ડગલે અને પગલે પરજીવોમાં રહેલાં
જીવત્વના હિતના વિચારની જરૂર પડે છે.

o 'પરસ્પરોપગ્રહો જીવાનાં ।'
એ તત્ત્વાર્થના સૂત્ર મુજબ ધર્મની આરાધના માટે
અનેક જીવોનો સહકાર લઈ રહ્યા છીએ, તેના બદલામાં
'મને સહયોગી થનારા નાના - મોટા તમામ જીવો
સદ્ધર્મૌષધિનું સેવન કરીને પરમપદ પામો'
એવી શુભ કામના કરવી આવશ્યક છે.
અહીં કૃતજ્ઞતા ગુણનું પાલન છે અને
કૃતજ્ઞતા ગુણનું પાલન એ વ્યવહાર ધર્મનો પાયો છે.

મૈત્રી એટલે 'સૌ સુખી રહો'
એ ભાવનાપૂર્વક સુખની વિચારણા.
જીવમાત્ર પ્રત્યે માતૃતુલ્ય વાત્સલ્યવૃત્તિ તે મૈત્રીભાવ છે.
વાત્સલ્યરસનો સ્થાયીભાવ સ્નેહપરિણામ છે.

(૧) <u>મૈત્રીભાવનાના ચાર પ્રકાર</u>

(૧) ઉપકાર મૈત્રી એટલે એમ ચિંતવવું કે:
પોતાના ઉપર ઉપકાર કરનાર સુખી રહો.

(૨) સ્વકીય મૈત્રી એટલે એમ ચિંતવવું કે:
'પોતાનાં સગાં - સંબંધી સુખી રહો.'

(૩) સ્વપ્રતિપન્ન મૈત્રી એટલે એમ ચિંતવવું કે:
'આશ્રિત નોકર - ચાકરાદિ સુખી રહે'.

(૪) વિશ્વમૈત્રી એટલે એમ ચિંતવવું કે:
'જગતના સર્વ જીવો સુખી રહો.'

(૨) <u>કરુણાભાવનાના ચાર પ્રકાર</u>

કરુણા એટલે સૌના દુઃખનો નાશ કરવાની ભાવના.
(૧) મોહકરુણા = સગા - સંબંધીનાં દુઃખ દૂર કરવાની,
તથા માંદાને કુપથ્ય આપીને દુઃખનાશ કરવાની ભાવના.
(૨) દુઃખી કરુણા = કોઈ પણ દુઃખી જીવના દુઃખ દેખીને
તેના દુઃખ દૂર કરવાની ભાવના.

(૩) સંવેગ કરુણા = દૈવિક સુખ ભોગવનારને દેખી, 'તેઓ પરિણામે મહાદુઃખ પામશે' વિચારે જન્મતી કરુણા.

(૪) સ્વભાવ કરુણા = જીવમાત્રને તીર્થંકરોની જેમ કર્મના બંધનમાંથી છોડાવવાની ભાવનાથી જન્મતી કરુણા.

(૩) પ્રમોદ ભાવનાના ચાર પ્રકાર

પ્રમોદ એટલે બીજાનો ઉત્કર્ષ જોઈને હર્ષ અનુભવવો.

(૧) આપાતરમ્ય સુખ પ્રમોદ = અપથ્ય આદિ આહાર વાપરનારનું સુખ જોઈને રાજી થવું તે.

(૨) સહેતુ સુખ પ્રમોદ = તત્કાલ નુકસાન ન કરે, તેવા વૈષયિક સુખ ભોગવનારને જોઈને રાજી થવું તે.

(૩) અનુબંધયુત સુખ પ્રમોદ = આ ભવ - પરભવની પરંપરામાં ધર્મના પાલનથી મળતાં પુણ્યાનુબંધી પુણ્યના ફળરૂપ સુખને જોઈને રાજી થવું તે.

(૪) પરમ સુખ પ્રમોદ = મોહનીય વગેરે દુષ્ટ કર્મના ક્ષય વડે પ્રાપ્ત અવ્યાબાધ સુખને જોઈને રાજી થવું તે.

(૪) માધ્યસ્થ્ય ભાવનાના ચાર પ્રકાર

(૧) કરુણા ઉપેક્ષા = 'અપથ્ય સેવનારને રોકી શકાય તેમ નથી' એમ જાણી તેને રોકવા પ્રયત્ન ન કરવો અને તે જીવની ઉપેક્ષા કરવી તે.

(૨) અનુબંધ ઉપેક્ષા = ભાવિમાં વધુ નુકસાન ન થાય, તે ખાતર વર્તમાનના થોડા લાભની ઉપેક્ષા કરવી તે.

(૩) નિર્વેદ ઉપેક્ષા = 'સંસારના સુખો દુઃખના રૂપે છે' એમ જાણીને તે સુખોની ઉપેક્ષા કરવી તે.

(૪) તત્ત્વચિંતન ઉપેક્ષા = તત્ત્વચિંતનના બળે સંસાર-માત્રની સ્વાભાવિક ઉપેક્ષા કરવી તે.

૪ ભાવનાનો સાર: (૧) સુખીની ઈર્ષ્યાનો ત્યાગ તે મૈત્રી.

(૨) દુઃખીની ઉપેક્ષાનો ત્યાગ તે કરુણા.

(૩) ગુણવાન પ્રત્યે પ્રદ્વેષનો ત્યાગ તે પ્રમોદ.

(૪) ધર્મહીન પ્રત્યે રાગ-દ્વેષનો ત્યાગ તે માધ્યસ્થ્ય.

પ્રમોદ ભાવનાનો વિષય 'ગુણાધિક' છે, આત્માધિક નહિ. प्रमोदो नाम सम्यक्त्वादि गुणेषु प्रमोदो हर्षस्तं भावयेत् । - तत्त्वार्थ हारि०

अनुकम्पा दुःखितेषु अपक्षपातेन दुःखत्व-प्रहाणेच्छा । - ધર્મસંગ્રહ, યોગ০ (પરિશિષ્ટ-૧૫)

જેમ નિરંજન-નિરાકારની ઉપાસના માટે સાકાર અને મૂર્તિની આવશ્યકતા અનુભવસિદ્ધ છે, તેમ વ્યાપક તથા અંતરસ્થ ચૈતન્ય સાથે અભેદની અનુભૂતિ-સિદ્ધિ માટે સ્વદેહસ્થ ચૈતન્યમાં ચિત્તકેન્દ્રીકરણની પ્રક્રિયા અપરિહાર્ય છે.

'યોગશાસ્ત્ર' અને 'અધ્યાત્મસાર' ગ્રન્થના
અનુભવાધિકારમાં તે હકીકત સ્પષ્ટ છે.
તેમાં ચિત્તનું કેન્દ્રીકરણ સ્વદેહસ્થ ચૈતન્યમાં કરવાની
પ્રક્રિયાઓ વર્ણવેલી છે. એથી સર્વં ખલ્વિદં બ્રહ્મ ।
વગેરે વાક્યોનો અનુભવ સરલ બને છે.

## ભાવના અને ધ્યાન

જેમ જલમાં મેલ ધોવાની અને અગ્નિમાં મેલ બાળવાની શક્તિ રહેલી છે, તેમ ભાવનારૂપી જલમાં કામક્રોધાદિના વાસના રૂપી મેલને ધોવાની અને ધ્યાનરૂપી અગ્નિમાં કર્મકષાય રૂપી કચરાને બાળવાની શક્તિ રહેલી છે.

## સંસારપરિભ્રમણનો ભય

एकेन्द्रियाद्या अपि हन्त जीवाः
पञ्चेन्द्रियत्वाद्यधिगत्य सम्यक्
बोधिं समाराध्य कदा लभन्ते
भूयो भवभ्रान्तिभियां विरामम् ॥ - शान्तसुधारसः १२/७

અર્થ: એક ઇંદ્રિયવાળા વગેરે જીવો પણ પંચેન્દ્રિયપણું વગેરે પ્રાપ્ત કરીને બોધિ અર્થાત્ જિનશાસનની સારી રીતે આરાધના કરીને સંસારના પરિભ્રમણના ભયથી ક્યારે વિરામ પામશે?

શરીર અને આત્માના ભેદવિજ્ઞાન રૂપ સમ્યક્ત્વની જેમ સકલ ભગવાનના સાથે ચૈતન્યસ્વરૂપ અભેદદૃષ્ટિની પ્રધાનતાથી અભેદજ્ઞાન રૂપ સમ્યક્ત્વ પણ આવશ્યક છે,
કેમકે આત્માનું સ્વરૂપ ભેદાભેદ રૂપે ઉપરાંત
યથાર્થપણે ઓળખવું જરૂરી છે.

હિંસાદિ આસ્રવોથી વિરામ પામવા માટે
કર્મના બંધ અને દુર્ગતિના ભયની અપેક્ષાએ
સર્વ ભૂતાત્મભાવનો વિચાર વધુ મૌલિક છે.

ક્ષયોપશમ ભાવનાં ધર્મો ક્ષાયિક ભાવમાં રૂપાંતર પામે, ત્યારે તેનો નિરન્વય નાશ થતો નથી, કિન્તુ શુદ્ધસ્વરૂપમાં રૂપાંતર પામે છે. દર્શનમોહના ક્ષયથી ઉત્પન્ન ક્ષાયિક સમ્યક્ત્વ કેવળીઓમાં અને સિદ્ધોમાં હોય છે. એનું સ્વતંત્ર સ્વરૂપ પણ તે અવસ્થામાં હોવું જરૂરી છે.

કૃતજ્ઞતા વિના અંતરાત્મામાં સાચો વિનીત ભાવ આવવો અશક્ય છે. ભગવાનના પરિજ્ઞાનમાંથી જન્મતો
નિર્વ્યાજ રાગ પુદ્ગલ ઉપરનો રાગ દૂર કરે છે.

આલંબનવિભાવ ભગવાનજ છે તથા
ઉદ્દીપનવિભાવ સુખ - દુઃખ - પુણ્ય - પાપ છે.
સંચારીભાવ સ્મૃતિ, ધૃતિ, રતિ વગેરે વૃત્તિઓ છે.

o વીતરાગ ભગવાન પ્રસન્ન થતાં નથી,
કિન્તુ મનની શુદ્ધિ તેમનું આરાધન કરવામાં આવે,
તો આરાધકને ઇષ્ટ ફળ મળે છે. અહીં આરાધન કરનાર
જે ફળને પામે, તેમાં અચિન્ત્ય માહાત્મ્યવાળા
ભગવાનને કારણ તરીકે માન્યા જ છે,
તેથી જ 'પ્રભુ બોધિ અને સમાધિ આપનારા છે'
એવા વાક્ય મૃષાવાદરૂપ નથી, એમ કહ્યું છે.
તપ્પત્થણાએ તહવિહ ન મુસાવાઓ વિ ઇત્થ વિણ્ણેઓ |
તપ્પણિહાણાઓ ચ્ચિય તગ્ગુણાઓ હંદિ ફલભાવા ||૧||
ભગવાનનું માહાત્મ્ય એવું છે કે એમની આરાધના
કરનાર ફળ પામે છે, એમ 'તગ્ગુણાઓ' પદ કહે છે.
સિદ્ધ ભગવંતો કે વીતરાગ ભગવંતોમાં
જે કરુણા કર્તૃત્વાદિ છે, તે અચિન્ત્ય માહાત્મ્ય રૂપ છે.
o मैत्र्यादिवासितं चेतः कर्मसूते शुभात्मकम् |
અર્થાત્: મૈત્ર્યાદિથી વાસિત ચિત્ત શુભ કર્મ બાંધે છે.
અહીં શુભાસ્રવ કહ્યો છે, તેમ તેમાં રહેલો વિવેક એ
સંવરરૂપ છે અને તેમાં થતી ભાવના તે નિર્જરારૂપ છે.
વળી સંવરના ૫૭ ભેદોમાં અનિત્યત્વાદિ ભાવનાઓ
ગણાવાઈ છે, તેમ મૈત્રી આદિ ભાવનાઓ પણ છે જ.

સં. ૨૦૨૮, કારતક સુદી ૮, બુધવાર, તા. ૨૭-૧૦-૭૧

સંઘના ઉપસર્ગ નિવારણ માટે જાપ

ॐ નમિઊણ પાસ વિસહર વસહ જિણ ફુલિંગ ॐ ।

'નમિઊણ'ના ઉપરોક્ત ૧૮ અક્ષરના કેવળ ૐકારથી

સંપુટ કરીને મધ્યરાત્રીએ ૨૧૦૦ જાપથી કરવાથી

૨૧ દિવસમાં વાતાવરણ શાંત થાય છે, ઈચ્છાપૂર્તિ થાય છે.

અહિં આત્માને અનેક વાર અનુભવમાં આવ્યું છે.

- Anandghan

मृत्युंजय ! महारुद्र ! त्राहि मां शरणागतम् ।
जन्म-मृत्यु-जरा-दुःखैः पीडितं कर्मबन्धनैः ॥

० रागादिरोगान् सततानुषक्तान्,
अशेषकायप्रसृतानशेषान् ।
औत्सुक्यमोहारतिदान् जघान
योऽपूर्ववैद्याय नमोऽस्तु तस्मै ॥ - वाग्भट्ट (परिशिष्ट-१६)

ॐ नमः शिवाय गुरवे सच्चिदानंद-मूर्तये ।
निष्प्रपंचाय शान्ताय निरालम्बाय तेजसे ॥१॥
ॐ चैतन्यं शाश्वतं शान्तं व्योमातीतं निरंजनं ।
नादबिन्दुकलातीतं तस्मै श्री गुरवे नमः ।

- निर्विकल्पं निरामयम् ।

## ૨૯ રત્નકર્ણિકાઓ

(૧) નવકાર એ નવમું પુણ્ય છે.

તેનાથી જે ચિત્તશુદ્ધિ થાય, તે મનઃપુણ્ય છે. મન પવિત્ર
થવાથી વચન મધુર થાય અને કાયા પરાર્થપ્રવૃત્ત થાય છે.
તે અનુક્રમે વચનપુણ્ય તથા કાયપુણ્ય છે.

નવકારના પદથી મન - વચન - કાયા પવિત્ર થવાથી
નવકાર ગણનારનું ધન પણ સત્પાત્રમાં વપરાય છે, તેથી
તેને અન્નપુણ્ય, વસ્ત્રપુણ્ય, પાનપુણ્ય, આસનપુણ્ય,
શયનપુણ્ય વગેરે નવે નવ પુણ્યોનો લાભ થાય છે.
એ રીતે નવે પ્રકારના પુણ્યની જનની નમસ્કાર છે.
કહ્યું છે : જીવાત્પુણ્યાંગજનની પાલની શોધિની ચ મે ।
હંસવિશ્રામકમલશ્રીઃ સદેષ્ટનમસ્કૃતિઃ ॥૧॥ અર્થાત્:
ઇષ્ટનો નમસ્કાર પુણ્યને ઉત્પન્ન - પાલન - શુદ્ધ કરી
બન્ને બાજુ જીવરૂપી હંસને વિશ્રાંતિસ્થાન બને છે.

જેમ હંસનું વિશ્રામસ્થળ કમળનું વન છે,
તેમ જીવરૂપી હંસને વિશ્રાંતિસ્થાન ઇષ્ટનો નમસ્કાર છે,
પરમાત્મતત્ત્વને છોડીને બાકી કોઈ સ્થળે
જીવને શાંતિ મળતી નથી, કેમકે
તે બધું અનિત્યરૂપ છે, દુઃખરૂપ છે, અનાત્મસ્વરૂપ છે.

એક આત્મતત્ત્વ જ નિત્ય હોવાથી ભજવો સુખસ્વરૂપ છે.

ઇષ્ટ નમસ્કારમાં એક બાજુ ભગવંતનું પ્રત્યે વિનયપરિણામ વિકસતો હોવાથી પુણ્યનું અંગ બને છે, બીજી બાજુ નિજ શુદ્ધ આત્મતત્ત્વમાં રમણતા થવાથી તે સ્વાધીન-અવ્યાબાધ સુખનું કારણ થાય છે.

(૨) <u>પ્રતિષ્ઠિત પ્રભુપ્રતિમા એ જ્યોતિસ્વરૂપ છે.</u>

પ્રતિષ્ઠિત પ્રતિમામાં પોતાનું આત્મતત્ત્વ નિહિત હોવાથી એક વિશિષ્ટતા ઉત્પન્ન થાય છે, જે અપ્રતિષ્ઠિત મૂર્તિમાં હોતી નથી. પ્રતિમામાં પ્રતિમાકારના પ્રભુની પ્રતિષ્ઠા થયેલ હોય છે, તેથી તેના દર્શનમાં સ્વરૂપના દર્શનનો લાભ થાય છે. તે કારણે પ્રતિષ્ઠિત પ્રતિમાના દર્શન-પૂજનમાં સ્વરૂપના દર્શન-પૂજન રહેલાં છે અને તે મોહકર્મને બાળવા માટે દાવાનળરૂપ બને છે. દુઃખમાત્રનું મૂળ એક પાપકર્મ છે, તેમ સુખમાત્રનું મૂળ આત્મતત્ત્વનું દર્શન છે. નિજઆત્મસ્વરૂપનું દર્શન-સ્પર્શન-સ્વસંવેદન થયું નથી, ત્યાં સુધી વિષયદર્શન - સ્પર્શનનો રસ જતો નથી. આત્મદર્શનમાં જ વિષયોનો રસ નષ્ટ કરવાનું સામર્થ્ય છે, તે પ્રતિષ્ઠિત પ્રતિમાના દર્શનથી શક્ય અને સુલભ છે. નવકારના પાંચ પદોમાં પંચ પરમેષ્ઠિઓની પ્રાણપ્રતિષ્ઠા

ધરાવેલ છે, તેથી તેના સ્મરણમાં સ્વરૂપદર્શન કરાવવાની
શક્તિ રહેલી છે. એકબાજુ સર્વ જીવો પ્રત્યે હિતનો
ભાવ જાગ્રત થાય છે અને બીજી બાજુ નિજ શુદ્ધ
આત્મસ્વરૂપનું દર્શન થાય છે, કે જે
જેમને નમવામાં આવે છે, તેમનામાં આ જે ગુણો
સાદિ - અનંત ભાંગે આવિર્ભાવ પામેલા છે.
'ષડ્જીવનિકાયહિત' એ સિદ્ધપરમાત્માનું સ્વરૂપ છે અને
'સકલસત્ત્વહિતાશય' એ સાધુ પરમેષ્ઠિનું સ્વરૂપ છે.
પંચપરમેષ્ઠિ મુદ્રાઓનું વર્ણન છે અને
તેમનું નિરાવરણ શુદ્ધ સ્વરૂપ આત્મબોધનું વર્ણન છે.
અરિહંત - અષ્ટ મહાપ્રાતિહાર્ય. સિદ્ધ - લલાટ સ્થાને.
સૂરિ - સૂરિમંત્રને પ્રવચન મુદ્રાએ સંભારનારા.
ઉપાધ્યાય - શિષ્યોને આગમશાસ્ત્રોનો પાઠ કરાવનારા.
સાધુ અથવા શ્રમણ ભગવંત - કાયોત્સર્ગમાં સ્થિત.

(3) બુદ્ધ અને મહાવીર

તેઓ ભારતીય આકાશના ગુરુ - શુક્રના જેવા બે
તેજસ્વી - ઉજ્જ્વલ નક્ષત્રો છે તથા મંગલ દર્શન સમા છે.
બુદ્ધનો પ્રકાશ વ્યાપક રીતે દુનિયામાં ફેલાઈ ગયો અને
મહાવીરનો પ્રકાશ ભારતના હૃદયના ઊંડાણમાં ઉતરી ગયો.

બુદ્ધ અને મહાવીર - બંને દયાળુ તથા અહિંસાધર્મી હતા.
બુદ્ધે મધ્યમમાર્ગ શોધ્યો, મહાવીરે મધ્યસ્થ દૃષ્ટિ દીધી.
બુદ્ધ બોધિપ્રધાન હતા, મહાવીર ધ્યાનપ્રધાન તપસ્વી હતા.
બૌદ્ધધર્મમાં મુખ્ય મૈત્રી છે, મહાવીરનો ધર્મ અહિંસાપ્રધાન છે.
મૈત્રી પુણ્યોત્પાદક છે, અહિંસા જ્ઞાનોત્પાદક છે.
જીવમાત્રના હિતચિન્તનથી વૈર-વિરોધની લાગણી શમે છે,
અહિંસાથી આત્માનું અજ્ઞાન ટળે છે.

ધર્મના મુખ્ય બે અંગ છે: જીવમૈત્રી અને આત્મજ્ઞાન.
જીવમૈત્રીથી જીવો પ્રત્યે દ્વેષની લાગણી નિર્મૂળ થાય છે,
આત્મજ્ઞાનથી આત્માનું અજ્ઞાન અને તે રૂપ મિથ્યાત્વનો
અંધકાર નિર્મૂળ થાય. બંને અંગો મળીને મુક્તિમાર્ગ બને.
એ મુક્તિમાર્ગને જ યોગદર્શનની ભાષામાં
'અભ્યાસવૈરાગ્યાભ્યામ્ |' એ સૂત્રથી ચિત્તનિરોધ અને
પરિણામે કૈવલ્યપ્રાપ્તિ તથા મોક્ષના હેતુ માનેલાં છે.

અભ્યાસ મૈત્રીનો અને વૈરાગ્ય વિષયોનો.
મૈત્રીના અભ્યાસથી દ્વેષાગ્નિ શમે છે તથા વિષયોના
વૈરાગ્યથી સર્વશ્રેષ્ઠ વિષય જે આત્મતત્ત્વ, તે પ્રત્યે
પ્રેમ જાગે છે અથવા શ્રેષ્ઠ વિષય જે આત્મતત્ત્વ, તે
સ્વસંવેદનબોધથી વિષયો પ્રત્યેનો રાગ ઓસરી જાય છે.

જાણ જાણીને જિન માનવાથી દ્વેષ ટળે છે,
આત્મતત્ત્વને શ્રેષ્ઠ માનવાથી રાગદ્વેષ જાય છે.

(૪) હૃદયમાં પ્રાણીમાત્રના કલ્યાણની ભાવના સદા માટે જાગ્રત રાખવાથી અહિંસાધર્મ વિકસે છે અને અહિંસા વડે જ વિશ્વકલ્યાણ તથા વિશ્વશાંતિની સ્થાપના થઈ શકે છે. અહિંસાધર્મનો સૌથી અધિકમાં અધિક વિસ્તાર ભગવાન મહાવીરના અહિંસાધર્મના સિદ્ધાંતોથી થયો છે.

'ક્ષત્રિય'નો અર્થ છે વિજય મેળવનાર.
જિન = જીતનાર, વીર = પરાક્રમ કરનાર.
વિજય મેળવનાર સંપ્રદાય તે જૈન સંપ્રદાય.
બ્રાહ્મણની ભિક્ષુકવૃત્તિ તે નમ્રતાનું પ્રતીક છે,
ક્ષત્રિયની વીરવૃત્તિ તે વિજયનું પ્રતીક છે.

ક્ષત્રિય માંગશે નહિ પણ જીતશે. પરમાત્મા સામે પણ તે હાથ લાંબો નહિ કરે, તે તો જીતશે જ, વિજય મેળવશે.

માંગવાનો માર્ગ તે અસહાય બનાવાનો છે.
અસહાયનું પ્રકટન તે ભિક્ષુમાર્ગ છે.

સંરક્ષણનો વિશ્વાસ તે ક્ષત્રિયમાર્ગ છે. ભીખના માર્ગે મહાવીર જેવી વ્યક્તિ થવાની કોઈ સંભાવના નહોતી.
'જૈન' શબ્દની ભાષા વિજયની અને જીતની છે.

‘જૈન’ શબ્દની ભાષા દીનની કે અસહાયની નહિ પણ
શૂરની ઉપરાંત જીતનારની ભાષા છે.

‘પ્રસાદથી અથવા ભીખની મહેરબાનીથી મળશે’
એ ભાષા ભિક્ષુકની છે પણ વીરની કે જિનની નહિ.
બ્રાહ્મણ છે માંગવાવાળો, ક્ષત્રિય છે જીતવાવાળો. એક
દયા-દાનથી મળશે, બીજો દુશ્મનને ખતમ કરીને મળશે.
બ્રાહ્મણ અને ક્ષત્રિયોનો સંઘર્ષ તે બે વિચારધારાઓનો
સંઘર્ષ હતો. બે વિરૂદ્ધમાર્ગોનો સંઘર્ષ હતો તે પ્રત્યક્ષરૂપે
હતો, તેને તથ્યરૂપે કે હકીકતરૂપે ન લેવો જોઈએ.

(૫) પ્રગતિ માટે જરૂરી છે, એવા શ્રદ્ધાની ૪ શરતો:
ધ્યેયની સાથે તાદાત્મ્ય એ શ્રદ્ધાની પહેલી શરત છે.
બીજી શરત અભય છે. મનમાં ભય હોય, ત્યાં સુધી
લક્ષ્ય સાધી શકાતું નથી. નિર્ભય બનીને જ સ્વલક્ષ્ય
પ્રતિ ગતિ કરી શકાય. નિર્ભય હંમેશા નિઃશંક હોય છે.
લક્ષ્ય ઉપર દૃઢ અનુરાગ અને વૈચારિક સ્થિરતા એ
નિઃશંકતાનું મુખ્ય ચિહ્ન છે. સાધનોની સદ્રૂપતામાં વિશ્વાસ
એ શ્રદ્ધાનું ત્રીજું અંગ છે. સાધ્યના સાધનમાં શ્રદ્ધા ન
હોય તો પણ ધ્યેયસિદ્ધિ ન થાય. શ્રદ્ધાનું ચોથું સાધન
વિનમ્રતા છે પણ તેનો અર્થ ‘બધું સમાન છે’ એમ નહિ.

બધી વસ્તુને સમાન માનવી તે અવિવેકિતા યા મૂઢતા છે.
પ્રથમના ચાર દર્શનાચાર વ્યક્તિગત વિકાસ કરનારા છે,
પછીના ચાર દર્શનાચાર સંઘનો પણ વિકાસ કરે છે,
તે છે ઉપબૃંહણા, સ્થિરીકરણ, વાત્સલ્ય અને પ્રભાવના.

(૬) **પ્રભુભજનનું માહાત્મ્ય**

પ્રભુભક્તિ વડે પવિત્ર આ દુનિયામાં વિશેષ કશું ય નથી.
પ્રભુભજનની પહેલી શરત છે સમર્પણ, દાન કે ત્યાગ.
કાળના મુખમાં પ્રત્યેક ક્ષણે ધસી રહેલા એવા આપણે
કામના, તૃષ્ણા, ક્રોધ વગેરેની જ વિચારણા કર્યા કરીએ,
તો તેના જેવા મૂર્ખાનંદ બીજા કોણ ગણાય?

(૭) સાપેક્ષં સત્યં । નિરપેક્ષમસત્યં ।

સાપેક્ષસત્ય = જીવનને માટે જરૂરી છે, ખરેખરું સત્ય.
સાપેક્ષ સત્ય વડે જ પૂર્ણ પામી શકાય.
સાધનાના ક્ષેત્રમાં સાપેક્ષવાદનું મહત્ત્વ રહેલું છે.
ઉપાસનામાં સાપેક્ષવાદ સ્યાત્કારવાદ જીવનને માટે જરૂરી
નિશ્ચય-વ્યવહાર, જ્ઞાન-ક્રિયા, ઉત્સર્ગ-અપવાદાદિનો
સ્પષ્ટ ખ્યાલ આવે છે. પદાર્થવિજ્ઞાનમાં સાપેક્ષવાદથી
અનંત ધર્માત્મક વસ્તુના વિરોધી ધર્મોનો એક જ વસ્તુમાં
સ્વીકાર થાય છે અને તેથી સત્યની રક્ષા થાય છે.

ઉપનિષદોએ સૃષ્ટિને મિથ્યા કહી, કારણકે જેમનાં ચિત્ત અપરિપક્વ છે, એમને જો કહેવામાં આવે કે 'સૃષ્ટિ સત્ય છે' તો સંસારમાં આસક્તિ વધે, તેથી કહ્યું કે 'આ જગત્ અસત્ય છે - મિથ્યા છે,' કિન્તુ અનેક પ્રાચીન ઋષિઓને કારણકે જેમનું ચિત્ત પરિપક્વ બન્યું છે, એમને માટે ઋષિએ કહ્યું છે કે 'આ જગત્ બ્રહ્મરૂપ છે.' શંકરાચાર્યના જે શ્લોકમાં આ તથ્ય નિરૂપણ કર્યું છે:

सापेक्षं सत्यं । निरपेक्षमसत्यं ।

सत्यं जगदीति मानं संसृतये स्यात् अपक्वचित्तानां ।
तस्मादसत्यमेतत् निखिलं प्रतिपादयन्ति निगमान्ताः ॥
परिपक्वमानसानां पुरुषवराणां पुरातनैः सुकृतैः ।
ब्रह्मैव इदं सर्वं जगदिति भूयः प्रबोधयति ऋषिः ॥२॥

'આ જગત્ મિથ્યા છે' અને 'આ જગત્ બ્રહ્મરૂપ છે.' એમ ભિન્ન ભિન્ન ભાષા તે 'સાપેક્ષવાદ' છે.

(૮) સાચો ધર્મ કોને કહેવાય?

'ધર્મ' શબ્દ મઝહબ, religion અથવા તો સંપ્રદાયના અર્થમાં નહિ, પરંતુ સમસ્તને ભિન્નભિન્ન થતો અટકાવે, એને જીવતો અને વિકસતો રાખે, એને ધારણ કરી રાખે, એનું નામ 'ધર્મ' છે. 'ધારયતીતિ ધર્મઃ ।'

મનુષ્ય મનુષ્ય વચ્ચે પ્રેમ, સહાનુભૂતિ, કરુણા, તિતિક્ષા,
સમભાવ અને ન્યાયને ધોરણે જે સંબંધ બંધાવો જોઇએ
અને જે વ્યવહાર ચાલવો જોઇએ, તેનું જ નામ 'ધર્મ'.
તેને જ સાચા અર્થમાં 'ધર્મ' શબ્દથી સંબોધાય છે.

ન વૈ રાજ્યં ન રાજાસીદ્ ન ચ દંડેન દાંડિકઃ ।
ધર્મેણૈવ પ્રજાઃ સર્વા રક્ષન્તિ સ્મ પરસ્પરમ્ ॥

<u>અર્થાત્</u>: (ત્યાં) રાજ્ય પણ ન હતું, રાજા પણ ન હતાં,
દંડ વડે શિક્ષા કરનાર પણ ન હતાં.
ધર્મથી જ સર્વ પ્રજા પરસ્પર રક્ષણ કરતી હતી.

ધર્મ = સ્વભાવ. આત્માનો સ્વભાવ જ્ઞાનસ્વભાવ છે,
તેથી પરસ્પર ઉપગ્રહકારક છે, અનુગ્રહકારક છે.
એ સ્વભાવનું પાલન ન કરનાર નિગૃહિત થાય, પીડા
પામે, ક્લેશનો ભોગ બનીને દુર્ગતિના અધિકારી બને છે.
આત્મવસ્તુનો સ્વભાવ જ પ્રેમ-સહાનુભૂતિ-કરુણા છે.
તેના ફળરૂપે તિતિક્ષા, સમભાવ અને ન્યાયબુદ્ધિ છે.

'આત્મદૃષ્ટિએ સર્વ સમાન છે'

એ ભાવનાથી ધર્મ જન્મે છે, ટકે છે, વિશુદ્ધ બને છે.
આત્મૌપમ્યભાવનાથી પરમાત્મૌપમ્યભાવની ભૂમિકા સર્જાય છે
અને એ ભૂમિકા જીવને મુક્તિપર્યંત પહોંચાડનારી પાજ છે.

(૯) સર્વ જીવોને વિષે સામ્યબુદ્ધિ કષાયને શમાવે છે, સર્વ પુદ્ગલોને વિષે સામ્યબુદ્ધિ વિષયને જીતાવે છે. મૈત્ર્યાદિ વડે જીવો સાથે સમત્વ સધાય છે. અનિત્યત્વાદિ ભાવનાઓ વડે પુદ્ગલને વિષે મમત્વ જાય છે. જીવ દ્રવ્યને વિષે એકતાની બુદ્ધિ જો તિર્યક્સામાન્યથી હોય તો ષટ્કાય સંયમ શીખવે છે અને ઊર્ધ્વતાસામાન્યથી હોય તો મન-ઈંદ્રિયનો સંયમ વિકસાવે છે. સહવર્તી ગુણોમાં એકતાની બુદ્ધિ વિષયવૃત્તિ હઠાવે છે. ક્રમવર્તી પર્યાયોમાં એકતાની બુદ્ધિ કષાયવૃત્તિને કાબુમાં લે છે.

સ્વરૂપમાં રમણતા એ સમતાનું સ્વરૂપ છે.

પર્યાયસમતા વડે outer poise જળવાય છે અને ગુણસમતા વડે inner harmony જળવાય છે.

ગુણસમતા = જ્ઞાનાદિ ત્રણે ગુણોમાં મોક્ષ દેવાનું સરખું સામર્થ્ય.

પર્યાયસમતા = 'વિષમતા કર્મજન્ય છે' એમ વિચારીને રાગદ્વેષનો નિગ્રહ અને મનઃસ્થિરતા કેળવવી તે.

સ્વસંરક્ષણવૃત્તિને સર્વ માટેની સંરક્ષણવૃત્તિમાં પલટાવવાનું સામર્થ્ય સામાયિક ધર્મમાં છે. સ્વસંરક્ષણની વૃત્તિ એ અધર્મનો હેતુ છે, સર્વસંરક્ષણવૃત્તિ એ ધર્મનું બીજ છે. એકમાં આત્મસંકોચ છે, તો બીજામાં આત્મવિસ્તાર છે.

જડાસક્તતાનો વિચાર મિથ્યાત્વનો પ્રતિરોધક છે.
'ચૈતન્ય માત્ર ક્ષણિક છે' એ વિચાર
અનંતાનુબંધી કષાયોને રોકે છે. જીવો પ્રત્યે મૈત્રી
અને પુદ્ગલ પ્રત્યે માધ્યસ્થ્ય એ સમતાનું લક્ષણ છે.

ધર્મ એટલે અહિંસા, સંયમ અને તપ

જેવું દર્શન તેવું જ વર્તન - તે અહિંસા
(જીવના જીવતત્ત્વનું દર્શન).
જેવું જ્ઞાન તેવું જ વર્તન - તે સંયમ
(ક્ષણિક ચૈતન્યનું જ્ઞાન).
અહિંસા અને સંયમ માટે કષ્ટસહન - તે તપ
(ધર્મજન્ય કર્મક્ષયનો લાભ).
તપ એ ઇચ્છાના નિરોધરૂપ છે.
સ્વસુખની ઇચ્છાનો નિરોધ જેના વડે થાય અને
સર્વના સુખ માટે અહિંસા અને સંયમના પાલન માટે
જે કષ્ટ સમતાપૂર્વક સહન થાય, તે તપનું લક્ષણ છે.

મોક્ષનો ઉપાય એટલે...

જીવ, કર્મ અને ધર્મનું યથાસ્થિત દર્શન, જ્ઞાન, વર્તન.
જીવના પ્રકાર ૫૬૩ છે, કર્મના પ્રકાર ૧૫૮ છે તથા
ધર્મના પ્રકાર ૧૮૦૦૦ શીલાંગ છે.

જીવ અનાદિ છે, જીવ અને કર્મનો સંબંધ અનાદિ છે.
તે સંબંધનો અંત ધર્મથી જ આવી શકે.
ધર્મમાં પાપ ત્યાજ્ય, પુણ્ય ગ્રાહ્ય તથા આત્મતત્ત્વ ઉપાદેય છે.
જગતમાં કર્મ છે, તો તેના પ્રતિપક્ષરૂપ ધર્મ પણ છે,
જગતમાં પાપ છે, તો તેનું નિવારણ પુણ્ય પણ છે.
પુણ્યના અનુમોદન વડે પાપનું નિવારણ થાય છે અને
ધર્મના સેવન વડે સકલ કર્મનો ક્ષય થાય છે.
ઉપાસના અર્થે પ્રભુના નામ અને રૂપ છે,
સાધના અર્થે અહિંસા - સંયમ - તપ છે.
(૧) નામ એ નાદનું રૂપાંતર છે.
(૨) રૂપ એ જ્યોતિનું પ્રત્યક્ષ છે.
(૩) અહિંસા એ સત્નું લક્ષણ છે.
(૪) સંયમ એ ચિત્તનું પરિણામ છે.
(૫) તપ એ આનંદનું રૂપાંતર છે.
નામથી સ્વાધીનતા પ્રાપ્ત થાય, રૂપથી સર્વાધીશતા મળે છે,
અહિંસાથી સત્, સંયમથી ચિત્, તપથી આનંદની સાધના
થાય છે. સત્ જગત્ સામાન્ય છે, ચિત્ એ જીવનો
વિશિષ્ટ ધર્મ છે. આનંદ એ સત્, ચિત્માં સ્થિરતારૂપ છે.
એ સ્થિરતા અહિંસા, સંયમ અને તપ વડે સધાય છે.

## કર્મક્ષયનો અમોઘ ઉપાય

પાપ એ પરપીડારૂપ છે, તેથી તેને નિંદવું.
સુકૃત એ પરને ઉપકારરૂપ છે, માટે તેને અનુમોદવું.

પાપની નિંદા અને સુકૃતની અનુમોદના વડે જીવતત્ત્વ સાથે ઉચિત વ્યવહારનું જે પાલન થાય છે, તેના પાયા ઉપર શુદ્ધ જીવતત્ત્વનું શરણ - સ્મરણ અને સમર્પણ એ કર્મક્ષયનો અમોઘ ઉપાય બને છે.
કર્મ = જીવતત્ત્વનો વિરોધ, ધર્મ = જીવતત્ત્વનો આદર.

ધર્મના ત્રણ પ્રકાર: (૧) પરપીડા પરિહાર (૨) પરહિત પરાયણતા (૩) શુદ્ધ જીવતત્ત્વનું શરણ.

(૧૦) જીવ પાસેથી લીધેલા સુખના ઋણમાંથી મુક્ત થવાનો ઉપાય છે જીવનું સુખ ઇચ્છવું અને આપણે જીવને દીધેલા દુઃખમાંથી મુક્ત થવાનું પ્રાયશ્ચિત કરવાને માટે 'જીવ દુઃખમુક્ત બનો' એ ભાવના છે.

Similarity of substance અને sameness of substanceનો વિચાર

સમ્યક્ત્વનો સૂર્ય પ્રકટાવે છે. સર્વના હિતના વિચારમાં અનંતાનુબંધી કષાય, અત્યંત પ્રમાદ, અત્યંત અશુભ યોગ અને અનંત વિષયાભિલાષ ટાળવાનું સામર્થ્ય છે.

જે જીવમાત્રના જીવનની મહત્તા સમજ્યો,
તે જીવ જ જીવનની સાચી મહત્તાને સમજ્યો છે.
સમ્યગ્દર્શનનું લક્ષણ જીવમાત્ર પ્રત્યે સ્નેહભાવ છે.
સુખ - દુઃખ એ કર્મના વિપાક છે, તેથી
બંને પ્રત્યે સમાન ભાવ તે સમ્યક્ચારિત્રનું મૂળ છે.
સામાયિક ધર્મ એ માત્ર બોલવાનો વિષય નથી,
કિન્તુ સમજવાનો, વિચારવાનો, આચરવાનો અને
અંતરમાં ઊંડે ઉતારવાનો ધર્મ છે.
અનંત જીવદ્રવ્યોમાં જીવત્વ જાતિકૃત એકતા છે,
એક જીવના અનંતગુણોમાં પરસ્પર વ્યાપ્તિકૃત એકતા છે
તથા એક જીવના અનંતપર્યાયોમાં જીવદ્રવ્યગત એકત્વ છે.
ધર્મ એ મંગલ છે, કર્મ એ વિઘ્ન છે.
ધર્મમંગલ વડે કર્મવિઘ્ન ક્ષય પામે છે.
(૨૨) સમતાની પ્રાપ્તિ માટે ત્રણ વિચારો કર્તવ્ય છે:
(1) જીવનો પરમ પારિણામિક ભાવ
(2) જગતનો ઔદયિક ભાવ અને
(3) જગદીશનો ક્ષાયિક - ક્ષાયોપશમિક ઔપશમિક ભાવ.
પહેલો વિચાર જીવતત્ત્વનો, બીજો વિચાર કર્મતત્ત્વનો છે,
ત્રીજો વિચાર ધર્મતત્ત્વનો છે. જીવ, જગત અને ઈશ્વર

એ ત્રણના વિચારમાં સમગ્ર તત્ત્વજ્ઞાન સમાઈ જાય છે.
પંચ પરમેષ્ઠિ એ ક્ષાયિકાદિ ત્રણ ભાવોથી યુક્ત છે.

(૧) જીવતત્ત્વના વિચારથી મધુરપરિણામ પ્રગટે.
(૨) કર્મના વિચારથી તુલાપરિણામ પ્રગટે અને
(૩) ધર્મના વિચારથી સાકરખાંડયુક્ત મધુરતરપરિણામ પ્રગટે.

## જીવ - સંસાર તથા કર્મનો સંબંધ

इह खलु अणाइ जीवे, अणाइ भवे, अणाइ कम्मसंजोग-निव्वत्तिए। दुःखरूवे, दुक्खफले, दुक्खाणुबंधे, एयस्स णं वुच्छित्ती सुद्धधम्माओ, सुद्धधम्मसंपत्ती पावकम्मविगमाओ, पावकम्मविगमो तहाभव्वत्ताइभावओ। तस्स पुण विवागसाहणाणि - चउसरणगमणं[1], दुक्कडगरिहा[2], सुकडाणुमोअणं[3]। एस गणो अणवरयं-कायव्वो कुसलहेउत्ती। (परिशिष्ट-१७)

## (૧૨) નાદ અને જ્યોતિ

નાદ વડે સ્વાધીનતા અને જ્યોતિ વડે સર્વાધીશતા સાંપડે. નાદનું સાચું સાધન નામ છે, જ્યોતિનું સાચું સાધન રૂપ છે. સત્‌નું સાધન અહિંસા, ચિત્‌નું સાધન સંયમ અને આનંદનું સાધન તપ છે. નાદ તથા જ્યોતિ વડે ઉપાસના અને અહિંસા, સંયમ અને તપ વડે સાધના થાય છે.

(૯૩) પ્રસિદ્ધિ સ્થૂલ - અપ્રસિદ્ધિ સૂક્ષ્મ છે. શરીર સ્થૂલ છે, માટે ઐન્દ્રિયક છે. આત્મા સૂક્ષ્મ છે, માટે અતીન્દ્રિય છે.

ઐન્દ્રિયક કરતાં અતીન્દ્રિયનું મૂલ્ય અધિક છે.

આરાધના કોઈ ફળની પ્રાપ્તિ માટે નહિ પણ
'આરાધના પોતે જ ફળ છે' એમ માનીને
થતી આરાધના મુક્તિદાયક છે, પરમનિર્જરાનો હેતુ છે,
એને જ નિર્નિદાન - નિરાશંસ - શુદ્ધ ભક્ત કહેવાય છે.

(૯૪) દેવ - ગુરુની ઓળખાણ એટલે આત્માની ઓળખ આત્માના સહજસ્વરૂપ પારિણામિક ભાવની ઓળખાણ.

શિષ્યને જે ભણાવે, જીવનમાં તે સ્વયં જીવે, તે ગુરુ છે.

જે પોતાના દોષો, ભૂલો, ત્રુટિઓ, ખામીઓને ખામોશીથી સાંભળે તથા શ્રદ્ધા અને જિજ્ઞાસા ધરાવે, તે શિષ્ય છે.

જેને જોવાથી પૂજ્યભાવ ઉત્પન્ન થાય, તે ગુરુ છે.

પૂજ્યભાવનું અવચ્છેદક

પ્રેમ, વાત્સલ્ય, જ્ઞાન અને આચરણની ગુરુતા છે.

જ્ઞાન સર્વજ્ઞતાથી, જીવન વીતરાગતાથી ભરેલું છે, માટે શાસ્ત્રવચનો માની વાણી જેમ પ્રિયતમ લાગવા જોઈએ.

શાસ્ત્રોનું અધ્યયન જીવને સદ્ગુણોથી પ્રકાશિત અને સદાચારોથી સુગંધિત બનાવે છે.

જગતનું સુધારવા પોતે ઘટે તે શિવ,
પોતાનું સુધારવા જગતનું બગાડે તે જીવ.

નિંદા એ વિષ છે, સ્તુતિ એ અમૃત છે. નિંદારૂપી વિષના પાનથી સ્તુતિને પાત્ર થાને શિવશંકર બનાય છે.

રાગાદિ ન ગમે, તેને જ વીતરાગ ગમ્યા ગણાય.

પોતાની વીતરાગ અવસ્થા જેને પ્રિય નથી, તેનો વીતરાગ ઉપરનો પ્રેમ તે વાચિક પ્રેમ છે. હાર્દિક પ્રેમ પોતાના રાગદ્વેષાદિ દોષો ઉપર નફરત ઉત્પન્ન કરે છે અને તેની શુદ્ધિ માટે રાતદિવસ પ્રયત્નશીલ રહેવાય છે.

દેવબુદ્ધિ, પૂજ્યત્વબુદ્ધિ, ઉપાસ્યબુદ્ધિ એક વીતરાગમાં જ થવી જોઈએ. એ જ સમ્યગ્દૃષ્ટિનું લક્ષણ છે.

વ્યવહારથી વીતરાગ એ મુક્ત જીવો છે,
નિશ્ચયથી વીતરાગ એ સહજ આત્મસ્વરૂપ છે.

સહજ આત્મસ્વરૂપમાં પૂજ્યત્વની બુદ્ધિ ઘનિષ્ઠ કરવાથી ચિત્તના સંક્લેશ - સંકલ્પવિકલ્પ આદિ શમી જાય છે. સંક્લેશ નિવારણનો અનન્ય ઉપાય વ્યવહાર અને નિશ્ચય - ઉભયથી વીતરાગતાની રતી ભક્તિ છે.

જેમ શરીરના એક અવયવનું દુઃખ બીજા અવયવ દૂર કરવા પહોંચે, એ જીવંત શરીરનું લક્ષણ છે, તેમ એક વ્યક્તિનું

દર્દ ભાગ્ય વ્યક્તિ ભેગા પહોંચે, એ જીવંત સમાજનું લક્ષણ છે.
દર્શનશાસ્ત્ર કરતાં યે આત્મશાસ્ત્ર ઘણું ઊંચું છે.

(૨૫) મૌન પ્રાર્થના - Be quiet.

Sit quietly doing nothing. Simply hear the still small voice within.

શબ્દ વાસી થતા સર્જાય છે, મૌન નિત્યનૂતન છે.
મૌનમાં જીવનઘડતર - શરીર, વાણી, મનને વિશ્રામ છે.
આધ્યાત્મ જીવનમાં ઊંડાણનું પ્રથમ પગ સુદર્શન પણ મૌનમાં પમાય છે. અંતરના સ્ફુરણ સાથે સમરસતા-સભરતાનો સૌથી સરળ અને સચોટ માર્ગ તે મૌન છે.

વાણીનું, કાનનું, આંખોનું, એકાંતનું -

એમ અનેક પ્રકારના મૌનનો મહાપ્રયોગ કર્તવ્ય છે.
વિચારપ્રવાહની ધારાને વધાવ્યા કે વખોડ્યા વગર માત્ર નિરખી રહેવું, શ્વાસની ગતિને માત્ર જોયા જ કરવું.
મનને પોતા તરફથી કંઈપણ કામ આપ્યા વિના છૂટવા દેવું તથા માત્ર તટસ્થ રીતે જોયા કરવું. વિશ્વશાંતિના કાર્યમાં આજ મોખરે જાણે આશાજનક કાર્યક્રમ લાગે જ મળશે. મૌન પ્રાર્થનામાં સર્વ ધર્મ, પંથ, વાદ, દેશ, જાતિ કોઈનો પણ વિરોધ નથી. ધર્મ અને વિજ્ઞાનનો પણ

અવિરોધ નહિ - બધાંનો તેમાં અદ્ભુત સમન્વય છે.
બ્રહ્માદિ ભગવાનના જે નામનો જેને અભ્યાસ હોય,
તેણે તે નામ સ્વયં મનમાં લેવું અને
ભગવાન પાસે પ્રાર્થના કરવી કે:
મને સત્ય, પ્રેમ, કરુણા, નિર્ભયતા, નિરહંકારિતા આપો.
ભગવાન પાસે આથી બીજું શું મંગાય?
અહિત ન જ મંગાય.

(૨૬) એકાગ્રતા સહજસાધ્ય બનાવવા માટે શું કરવું?
ચિત્તશુદ્ધ્યર્થે પ્રયત્ન કરવાથી એકાગ્રતા સહજસાધ્ય બનશે.
ચિત્તશુદ્ધિ કાજે પ્રભુપ્રેમથી ભરપૂર હૃદય બનાવવું જોઈએ.
અહિંસા અને સત્યના પાલનથી આત્માભ્યાસ વધે છે,
સંયમ અને તપના સેવનથી દેહાધ્યાસ ઘટે છે.
સામાન્ય સ્થિતિમાં મન કરતાં કર્મનું બળ વધારે છે,
ઉચ્ચ અવસ્થામાં કર્મ કરતાં મનનું બળ વધારે છે.
ભારતીય વિવિધ દર્શનોમાં
વિચારમાં ભેદ છે, કિન્તુ આચારમાં અભેદ છે.
કર્મમાત્રને મુક્તિના ઉદ્દેશ અને અકર્મના હેતુથી કરવાના છે.
પગથિયાં પાર કરવાનો ઉપાય જેમ પગથિયાં જ છે,
તેમ કર્મની પાર જવાનો ઉપાય પણ કર્મ જ છે.

કર્મનો ઉદ્દેશ વાસનાઓને બળહીન કરવાનો હોવો જોઈએ, કેમકે વાસનાઓ જ મુક્તિની વિરોધી છે. દેહ અને જીવનો સંબંધ એક મહાન કોયડો અર્થાત્ magnificient Paradox કે વિરોધાભાસ છે.

કર્મથી મુક્તિ મેળવવાનું સાધન એટલે

કર્મને જ બળવાન બનાવવું, એ સાધનાનો ઉદ્દેશ છે. સત્ય અને અહિંસાથી જીવન રહેવું છે, તે જેટલે દરજ્જે વધે, તેટલે દરજ્જે દુઃખ ઘટે છે અને સુખ વધે છે.

(૨૭) સામાન્ય માનવીને જેટલો વિશ્વાસ દેહના અસ્તિત્વ અને તેની ક્ષણભંગુરતા ઉપર હોય, તેટલો જ આસ્તિકને આત્માના અસ્તિત્વ અને તેની અમરતા પ્રત્યે હોય. 'દેહાધ્યાસથી જીવ સંસારમાં ભમે, આત્માધ્યાસથી મોક્ષ મેળવે' એવા તેને અટલ શ્રદ્ધા છે. <u>પ્રકૃતિ એ પ્રભુનું હસ્તલિખિત પુસ્તક છે. પ્રકૃતિની સમજ મેળવવી અને એની અસરોને અનુભવવી, એ પ્રભુને ઓળખવાનો ઉત્તમ ઉપાય છે. શમ ઉપરમે, દમ ઉપતાવે।</u> સંયમથી સ્વભાવમુક્ત થવાય, દમન વડે સ્વભાવમાં સપડાવાય.

સંયમમાં સ્વતંત્રતા છે, દમનમાં વિવશતા છે.

સંયમમાં ઉપરમ છે, દમનમાં ઉપતાપ છે.

સંયમમાં આશ્વાસન છે, દમનમાં ત્રાસ રહેલો છે.
સંયમ સ્વૈચ્છિક છે, દમન બીજા તરફથી લાદેલું છે.
મન પોતે વિષયોથી હટે, તે સંયમ છે અને
મન હટે નહિ છતાં ઇંદ્રિયોને તેમાંથી હટાવો, તે દમન છે.
એકમાં સદાચાર, બીજામાં મિથ્યાચાર છે.
પોતાની ઉપર પોતાનું અનુશાસન, તે સંયમ છે.
સંયમ = વૃત્તિનું હટવું, દમન = માત્ર પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ.
જીવન સંયમથી જીવાય છે, માત્ર અન્ન - જળથી નહિ.
અન્ન - જળ વિના જીવવું શક્ય છે, કિન્તુ
ખાવા - પીવામાં સંયમ ન હોય તો જીવવું અશક્ય છે.
તપ - જપ - દાન - દયા - શીલ - ધ્યાન, સૌનાં મૂળમાં
સંયમ - વિવેક - વિચાર હોય, તો જ તેનું મહત્વ છે.
ધર્મનો પ્રચાર ઉલ્લાસ વધારનાર છે, જ્યારે
ધર્મનું પાલન આત્માનું શ્રેય કરનાર છે.
એકમાં ઉલ્લાસ - બીજામાં ઉપકાર છે. એકલો ઉલ્લાસ
લાંબો વખત ટકતો નથી - પાલન કાયમી ફાયદો કરે છે.
ઈશ્વરભક્તિમાં શુદ્ધ ચૈતન્યનો સ્નેહ છે,
ભગવન્નમસ્કારમાં જીવોના જીવત્વ પ્રતિ સ્નેહભાવ છે.

°

*Preaching creates atmosphere.*

તસ્માજ્જાગ્રત જાગ્રત । ખણો દુલ્લહે । ઇતિ:
તેથી જાગૃત થાઓ, જાગૃત થાઓ. અવસર દુર્લભ છે.
જેમ દવા લાગુ પડે એટલે દર્દ ઓછું થાય, તે રીતે
નમસ્કાર લાગુ પડે એટલે અહંકાર ઓછો થાય.
નમસ્કારમહામંત્રમાં ચૈતન્યમહાત્મનો સ્નેહ સમાયેલો છે.
અરિહંત અને સિદ્ધ એ ષડ્જીવનિકાય હિતસ્વરૂપ છે.
ષડ્જીવનિકાય હિતસ્વરૂપ પરમપદના જ અભિલાષુક છે.

અરિહંતનું હિત સક્રિય છે,

સિદ્ધનું હિત સ્થિર છે તથા

આચાર્ય, ઉપાધ્યાય, સાધુ - ત્રણ પદો હિતાશયથી ભરપૂર છે.

## ચૂલિકા સહિત પંચ મંગલ

નમસ્કારલાભ એટલે સ્નેહલાભ, આદરલાભ, પૂજ્યલાભ.
એ સર્વ લાભ કોના ઉપર? પ્રભુની આજ્ઞા ઉપર.
આજ્ઞા, આજ્ઞાપાલક અને આજ્ઞાનું ફલ પ્રાપ્ત કરનાર,
એ ત્રણેત્રણ ઉપર નમસ્કારની આ ત્રિવિધ સ્નેહલાભ
અભિવ્યક્ત થાય છે, તેથી ચૂલિકા સહિત પંચ મંગલ
એ પૂર્ણ નમસ્કાર બને છે.
આજ્ઞા ષડ્જીવનિકાય હિતસ્વરૂપ છે, તેથી નમસ્કાર
દ્વારા સર્વ જીવનિકાય ઉપર સ્નેહલાભ કેળવાય છે.

## અહંકાર વિરુદ્ધ નમસ્કાર

નમસ્કાર પરમાત્મઆત્મા સાથે જીવનું જોડાણ કરે છે,
જ્યારે અહંકાર એ આત્માથી જીવને અલગ કરે છે.
કર્મ = અનેક પ્રકારે અશુભ, નમસ્કાર = અશુભાનુમુક્તિની ક્રિયા.
તેથી નમસ્કાર કર્મથી પણ મુક્ત કરે છે.

નમસ્કાર ઉપકારીઓને ભૂલવા દેતો નથી,
જ્યારે અહંકાર ઉપકારીઓને ઓળખવા દેતો નથી.
નમસ્કાર મૈત્ર્યાદિ ભાવો સ્વરૂપ છે, તેથી મોક્ષમાર્ગ છે.
અહંકાર એ પાપનું મૂળ છે, કારણ કે તેમાં દ્વેષભાવ છે.
નમસ્કાર એ ધર્મનું મૂળ છે, કારણ કે તેમાં સ્નેહભાવ છે.
ન્યાય એ સત્યનું બીજું નામ છે. નમસ્કારમાં ન્યાય
છે, માટે સત્ય છે. નમસ્કારમાં પ્રેમ છે, માટે કર્તવ્ય છે.
સંસારનો સ્નેહ તે સ્વાર્થ છે. મુક્તિ, મુક્તિનો માર્ગ
અને મુક્તિમાર્ગ સાધક પ્રત્યેનો સ્નેહ, તે પરમાર્થ છે.
સ્વાર્થ = સંસારનો સગો ભાઈ, પરમાર્થ = મોક્ષનો માર્ગ.
નમસ્કાર એ સ્નેહવાચક છે. પહેલાં બે પદો મુક્તિ-
સ્વરૂપ છે, પછીનાં ત્રણ પદો મુક્તિમાર્ગ સાધક છે અને
છેલ્લા ચાર પદો મુક્તિનો માર્ગ છે.
તે ત્રણેનો સ્નેહ એટલે પૂર્ણ નમસ્કાર.

(૯૮) (૧) અહિંસા = સક્રિય મૈત્રી.

ક્ષમાશીલ બનવું તે અહિંસા છે. પોતાની ભૂલો પ્રત્યે
અનમનશીલતા અને બીજાઓની ભૂલો પ્રત્યે નમનશીલતા
- તે અહિંસાનું સક્રિય સ્વરૂપ છે.

(૨) સંયમ = સક્રિય વૈરાગ્ય.

વિષયો પ્રત્યે અનમનશીલતા અને પરમેષ્ઠિઓ પ્રત્યે
નમનશીલતા - એ સંયમનું સક્રિય સ્વરૂપ છે.

(૩) તપ = સક્રિય અનાસક્તિ.

સર્વ બાહ્ય પદાર્થો પ્રત્યે તૃષ્ણારહિતતા અને
આત્મતૃપ્તિશીલતા - તે તપનું સક્રિય રૂપ છે.
ચિત્તની સ્થિરતા સંવર સાથે શ્રેષ્ઠ તપ બને છે.

(૪) ઔદયિક ભાવો પ્રત્યે અનમનશીલતા અને ક્ષાયિકાદિ
ભાવો પ્રત્યે નમનશીલતા તે નમસ્કારનું સક્રિયરૂપ છે.

અથવા. શુદ્ધ આત્મદ્રવ્ય પ્રત્યે બહુમાન તે અહિંસાધર્મ છે,
શુદ્ધ આત્મગુણ પ્રત્યે બહુમાન તે સંયમધર્મ છે અને
શુદ્ધ આત્મપર્યાય પ્રત્યે બહુમાન તે તપધર્મ છે.

નવકારના ૬૮ અક્ષરો વડે પંચ પરમેષ્ઠિઓનું વર્ણન છે,
તે વડે શુદ્ધનયમાં પરિણમન છે. શુદ્ધ આત્મામાં એ
પરિણમન સર્વ પાપનાશ - મંગળના આગમનનું કારણ છે.

ધર્મ એ ઉત્કૃષ્ટ મંગળ છે અને
નિજ આત્મસ્વભાવનો ભાન એ પરમ ધર્મ છે.
નમસ્કાર એટલે બુદ્ધિરૂપી ત્રાજવાને નમાવવું,
બુદ્ધિમાં મૂલ્યાંકન કરવું. બુદ્ધિ જેનું મૂલ્ય અધિક આંકે છે,
તેના પ્રત્યે નમવાનો ભાવ આપોઆપ જાગે છે.
જે અંતઃકરણમાં એવો ભાવ જાગે છે કે:
'સ્વેચ્છાચાર કરતાં આજ્ઞાધીનતા હિતકારી છે'; તે
અંતઃકરણ પરમેષ્ઠિઓને નમવા હંમેશા તત્પર રહે છે.
ઉપાદાનમાં વિશુદ્ધિનું આધાન નિમિત્તાધીન થાય છે.
પરમેષ્ઠિઓ સર્વશ્રેષ્ઠ વસ્તુઓ છે.

(૧૯) જ્યારે નિશ્ચય નમસ્કાર આત્મસ્નેહરૂપ છે,
વ્યવહાર નમસ્કાર અન્ય ઉપર સ્નેહપરિણામરૂપ છે.
વ્યવહારમાં નિષ્ણાત બને જ નિશ્ચયનો અધિકારી છે.
પરહિતચિંતાદિ નિરપેક્ષ સ્વહિતચિંતા આત્મતત્ત્વમાં
ભેદ પાડનારી હોવાથી કથંચિત વૈભાવિક છે. સ્વપરમાં
ભેદબુદ્ધિ = વિભાવ, અભેદબુદ્ધિ = સ્વભાવ, તેથી ધર્મ.
તન, મન, ધનાદિ બધું સત્કર્મ પ્રભુના નિમિત્ત હોવાથી
પ્રભુમય છે, માટે જીવની સાથે આવે છે, તે શિવમય
તે ત્રણે કર્મના - પુદ્ગલના છે, અંતે નાશવંત છે.

(૨૦) પરમ ઉપકારી મંત્ર, મૂર્તિ અને ગુરુ

મંત્રથી સંકલ્પ-વિકલ્પો રોકાય છે,
મૂર્તિથી પોતાના સ્વરૂપનાં દર્શન થાય છે અને
ગુરુથી સર્વ સંદેહો છેદાય છે.

ત્રણેયમાં ગુરુતત્ત્વ પ્રધાન છે, કેમકે મંત્ર અને
મૂર્તિનું માહાત્મ્ય ગુરુ વડે બુદ્ધિમાં સ્થિર થાય છે.
આપત્તિમાં પ્રભુસ્મરણ અને સંપત્તિમાં સુપાત્ર દાન.
દાન વડે ધનની શુદ્ધિ - સ્મરણ વડે મનની તથા પૂજન
વડે કાયાની શુદ્ધિ થાય છે. આ રીતે દાન, સ્મરણ
અને પૂજન - એ ત્રણમાં ધર્મનું સર્વસ્વ સમાઈ જાય છે.

'બધામાં અનુગ્રહકારક ઈશ્વર છે'
એવું જ્ઞાન થવું, તે ખરું જ્ઞાન છે.

શુદ્ધ આત્માનો સ્વભાવ અનુગ્રહકારક જ છે,
અર્હંત અનુગ્રહકારક સ્વભાવ વીતરાગનો જ હોઈ શકે.

(૨૧) ભોગકર્મ પ્રારબ્ધાધીન છે, જ્યારે
ભક્તિ અને યોગ પ્રયત્નાધીન છે.

પ્રયત્ન સાધવાનું છે, સિદ્ધિ આનુષંગિક છે.
સાધના એ પ્રયત્ન અને સિદ્ધિ એ ફળ બને,
ત્યારે કાર્ય સિદ્ધ થાય છે.

બધાં પ્રયત્ન ગૌણ અને આજ્ઞાપાલન મુખ્ય બને,
ત્યારે બધાં પ્રયત્નની સિદ્ધિ થાય છે.
પુણ્યમાં ભગવાનનો અને પાપમાં શેતાનનો સ્પર્શ છે.
પ્રેમલક્ષણાભક્તિનો અર્થ આજ્ઞાપાલનનો અધ્યવસાય છે.
આત્મશક્તિ જ્યારે અનાહત અને પશ્યંતી દ્વારા
સૂક્ષ્મને પ્રાપ્ત કરે છે, ત્યારે તેને દેવસંજ્ઞા પ્રાપ્ત થાય,
એ આત્માની પોતાની જ પશ્યંતી અને પરાવાણી છે.
બધા પૂજ્યપદોમાં તે અનુગત છે અને
તે જ જીવાત્માને પતન કરનાર ચિંતન છે.

નવકાર મહામંત્રનું ચિંતન શું કરે?

નવકાર મહામંત્ર એ બધાં અશુભ ચિત્તયોગ છોડાવી
શુભ ચિત્ત દ્વારા નિર્વિકલ્પમાં લઈ જાય છે.

°

There is a divine element and
intelligence at centre of each Soul.
No greater good has happened in the
state than service to God. Chiefly
care about the greatest improvement
of the Soul. True knowledge is
not knowledge but virtue.

० ભિદ્યન્તે હૃદયગ્રન્થી = અશુભ ભેદાય છે.
છિદ્યન્તે સર્વસંશયા = શુભ પમાય છે.
ક્ષીયન્તે ચાસ્ય કર્માણિ = શુદ્ધ થવાય છે.

Imp 'ભગવાન પૂર્ણ છે' એ શ્રદ્ધા તે દર્શનગુણ.
'આત્મા પણ પૂર્ણ છે' એ વિશ્વાસ તે જ્ઞાનનું મૂળ તથા
'જગત પણ પૂર્ણ છે' એ પ્રતીતિ તે ચારિત્રનું મૂળ છે.

દર્શનગુણ વડે દેવતત્ત્વની આરાધના થાય છે,
જ્ઞાનગુણ વડે ગુરુતત્ત્વની આરાધના થાય છે તથા
અને ચારિત્રગુણ વડે ધર્મતત્ત્વની આરાધના થાય છે.
દેવથી દર્શન, ગુરુથી જ્ઞાન, ધર્મથી ચારિત્રનો લાભ થાય છે.
શુદ્ધાત્મામાં દેવ - ગુરુ - ધર્મ ત્રણેનો સમાવેશ થાય છે.

મનઃશાંતિ માટેનો પરમ ઉપાય

કોઈનો કોઈ બાબતમાં વાંક ન કાઢવો અને
કાઢવો તો વિધાતાનો, પોતાના કર્મનો જ કાઢવો.

० સામાણિઓ = સામાનિકઃ, સ્વપરસમભાવસંભૂતઃ ।
અર્થ : નિશ્ચયથી સ્વ અને પર - એમ બે નહિ પણ
તત્ત્વ એક જ છે, સ્વ અને પરનો ભેદ વ્યવહારથી છે.
વ્યવહાર તે બાહ્યને - કૃત્રિમને - કલ્પિતને સ્પર્શે છે,
નિશ્ચય તે આંતરને - અકૃત્રિમને - સત્યને સ્પર્શે છે.

જૈનશાસન કેવું છે?  ૐ  કારતક વદ ૬

સકલ પ્રાણીઓની પીડાને નિવારણ કરનાર
જે કોઈ છે, તે માટેનું સર્વશ્રેષ્ઠ કારણ તથા
સર્વને સુલભ - અપક્ષપાતી એવું જૈનશાસન છે.
જૈન મત સર્વ મતમાં સમરસ ઐચક
સર્વજ્ઞ સર્વ રીતે હંમેશા અત્યંત વૃદ્ધિને પામે જ,
એમ થવું ઘણું સમાચીન છે. - ઉલ્લાસ કલ્લોલિની
લેખક: સુદર્શનાચાર્ય શિરોમણિ, રામાનુજ સંપ્રદાયના સમર્થક,
પ્રસ્તાવના લેખક: વેદાંતવર્ધિની મહાવિદ્યાલયના પ્રધાનાધ્યક્ષ
Asuri Ramanujacharya, Published-1936
આ 'જિનશાસન'નો એક અર્થ 'જયશાસન' છે.
કર્મ ઉપર જયનું પ્રભુત્વ સ્થાપન કરવા
જગત જયીનું સ્વામિત્વ પોતા પર પ્રથમ સ્થાપન કરવું
જોઈએ અને પછી પોતાના અંગ-પ્રત્યંગો ઉપર અને
તેના કારણરૂપ કર્મસત્તા ઉપર દરેક જયને પ્રભુત્વ
પ્રાપ્ત થાય છે. સમસ્ત સત્ય ઉપર સર્વોટપરિણામિક
આપણું જિનશાસન ઠાંસી ઠાંસીને ભરેલું છે.

°

Error thoughts are the idle ideas &
spiritual thoughts are the ideal ideas.

## કોનામાં શું રહેલું છે?

સમકીતી આત્મામાં મોક્ષાભિલાષ રહેલો છે,
દેશવિરતિમાં મોક્ષના કારણભૂત સર્વવિરતિનો અભિલાષ,
સાધુમાં સકલસત્ત્વ હિતાશય રહેલો છે અને
સિદ્ધમાં ષડ્જીવનિકાય હિત રહેલું છે.
'મોક્ષાભિલાષ' એટલે ષડ્જીવનિકાય હિતાભિલાષ.
તેના કારણભૂત સર્વવિરતિનો અભિલાષ.
'સર્વવિરતિ' એટલે સકલસત્ત્વ હિતાશય.
'માર્ગાનુસારિતા' એટલે આત્મૌપમ્યભાવ.
આત્મૌપમ્યભાવ સમસ્ત સત્ત્વવિષય સ્નેહપરિણામ,
સકલસત્ત્વ હિતાશય અને ષડ્જીવનિકાય હિત-
એમ એકેક ઉત્તરોત્તર ચઢીયાતી ભૂમિકાઓ છે.
પ્રથમ ગુણસ્થાનકથી આરંભીને ચતુર્દશ ગુણસ્થાનક પર્યન્ત
ભૂમિકાઓનો સ્પર્શ કરાવનાર ગુણ 'આત્મૌપમ્ય'
ભાવથી માંડીને સમસ્ત સત્ત્વવિષય સ્નેહપરિણામ,
સકલસત્ત્વ હિતાશય અને ષડ્જીવનિકાય હિત છે.

°

*I am in tune with the infinite Spirit of love, mercy and wisdom, strength and substance.*

'મદિ તદ્રૂપમ્ ।' તથા 'સ એવાઽહં ।'

અંતરાત્મામાં પરમાત્માના ગુણોનો સંસર્ગારોપ

'મદિ તદ્રૂપમ્ ।' આગમથી ભાવનિક્ષેપ.

સંભેદપ્રણિધાન તથા અંતરાત્મામાં પરમાત્માનો અભેદારોપ

'સ એવાઽહં ।' નોઆગમથી ભાવનિક્ષેપ.

અહીં 'નો' નો અર્થ દેશ - અંશ - મિશ્ર અર્થાત્

અંશે જ્ઞાન અને અંશે ક્રિયા અર્થાત્ અભેદપ્રણિધાન.

સંભેદપ્રણિધાનમાં વાચકની ધ્યાતિ છે,

અભેદપ્રણિધાનમાં વાચ્યમાં વાચકની વિલીનતા છે.

વાચકની ધ્યાતિ છે, ત્યાં શબ્દ સવિતર્ક અને કેવળ

વાચ્યની ધ્યાતિ, તે નિર્વિતર્ક. તે જ્યારે સૂક્ષ્મવિષયક બને,

ત્યારે સવિચાર અને નિર્વિચાર સમાપત્તિ કહેવાય છે.

સૂક્ષ્મવિષયતા પર્યંત વિનિર્મુક્ત કેવળ દ્રવ્યને - સ્વાત્માને

સ્પર્શે છે, તેને 'સબીજ સમાધિ' કહેવાય છે,

ત્યાં ઋતંભરા પ્રજ્ઞા પ્રકટે છે.

તે પ્રજ્ઞા શ્રુત અને અનુમાનથી પ્રગટતી પ્રજ્ઞાની

અપેક્ષાએ ભિન્ન છે. તેને આત્મપ્રત્યક્ષ પણ કહેવાય.

જ્યાં મન અને ઇંદ્રિયોનો પ્રચાર નથી,

તે જ્ઞાનને ઋતંભરા કે સાક્ષાત્કાર જ્ઞાન કહેવાય છે.

(१) संसर्गारोप = संभेदप्रणिधान.
(२) अभेदारोप = अभेदप्रणिधान.
(૧) આગમથી ભાવનિક્ષેપ - નવપદમાં આત્મા.
(૨) નોઆગમથી ભાવનિક્ષેપ - આત્મામાં નવપદ.
(1) પરમેષ્ઠિમાં આત્મા - આગમ ભાવનિક્ષેપ.
(2) આત્મામાં પરમેષ્ઠિ - નોઆગમ ભાવનિક્ષેપ.

## સ્થિતિ અને અભ્યાસ

अभ्यासवैराग्याभ्यां तन्निरोधः ।
तत्र स्थितौ यत्नोऽभ्यासः ।

જે વૃત્તિરહિત - નિરુદ્ધ - ચિત્તસ્વરૂપમાં પરિણામ પામે, તેનું નામ 'સ્થિતિ' છે.

આ સ્થિતિ પ્રાપ્ત કરવા માટે યત્ન કરવો, વારંવાર તત્ત્વમાં જોડવા માટે ચિત્તને ઉત્સાહિત કરવું, ચિત્તને એકાગ્ર કરવા સાધનોનું અનુષ્ઠાન કરવું, તે 'અભ્યાસ' છે.
જ્યાં સુધી અંતઃકરણમાં લાલસારૂપી લિપ્સાનો ખીલો છે, ત્યાં સુધી અધિકાર પ્રાપ્ત થતો નથી, માટે વૈરાગ્ય ધારણ કરીને અભ્યાસ કરવો.
'અભ્યાસ' એટલે સદા બ્રહ્માકાર વૃત્તિ ધારણ કરવી તે.

°

God = go, do & be.

બ્રહ્માકારવૃત્તિ જ્યારે શુદ્ધ - સાત્ત્વિક હોય છે, ત્યારે અજ્ઞાનને દૂર કરીએ તો એ બ્રહ્માકારવૃત્તિ પણ શાંત થઈ જાય છે અને એને જ 'બ્રહ્માનુભવ' કહે છે તથા તે જ આનંદની સ્થિતિ છે. વૈરાગ્યની ન્યૂનતા હોય,

ત્યાં સુધી અભ્યાસ સફળ થતો નથી અને

જ્યાં સુધી અભ્યાસ બરોબર ન હોય,

ત્યાં સુધી ચિત્તવૃત્તિઓનો નિરોધ પણ નહિ થાય.

વિષયાકાર વૃત્તિઓના અભાવને 'બ્રહ્માનુભવ' કહે છે.

सत्यं बृहद् ऋतं उग्रं दीक्षा तपो

ब्रह्म यज्ञः पृथिवीं धारयन्ति ।

સત્ય = નીતિ = પ્રામાણિકતા = ઉચ્ચ વિચાર અને તદનુસાર આચાર કરવાની પ્રામાણિક વૃત્તિ.

ऋत = સરળ માર્ગ ઉપરની નિષ્ઠા.

સહન કરે પણ સરળ માર્ગ ન છોડે.

ઉગ્ર = વીરતા, શૂરતા તથા ધીરતા.

તે માટે શૌર્ય અને ધૈર્ય નિર્ભીક થવાં જોઈએ.

દીક્ષા = દક્ષતા, સાવધાનતા ઉપરાંત

સ્વકર્તવ્યમાં લેશ પણ શૈથિલ્ય ન રાખવું તે.

તપ = સહનશીલતા. બ્રહ્મ = જ્ઞાન.

પરાધૃતિ = ઋષિઓનો આદર, શક્તિ અને સંપત્તિનું
સમસ્ત સમષ્ટિ અર્થે દાન, સૌનું સંગાતીપણું.

લક્ષ્મી આવી એટલે સાથે કઈ સમૃદ્ધિ આવવી જોઈએ?

કીર્તિ, મતિ, ધૃતિ, પુષ્ટિ, સમૃદ્ધિ, તુષ્ટિ, શ્રુતિ, સ્મૃતિ,
જય, મેધા, શ્રદ્ધા, આરોગ્ય અને જય -
આ સૌ મહાલક્ષ્મીની કિંકરીઓ છે.

શબ્દ - અર્થ - જ્ઞાન (પરમાર્થ)

ઇણમેવ નિગ્ગંથં પાવયણં અટ્ઠે પરમટ્ઠે સેસે પુણ અણટ્ઠે |
આ જૈનશાસન જ અર્થ-પરમાર્થ છે, બાકી બધું અનર્થ છે.
(૧) શબ્દ - નિર્ગ્રન્થ પ્રવચન (૨) અર્થ - શબ્દવાચ્ય અર્થ
(3) પરમાર્થ - અર્થાકાર જ્ઞાન, તેથી અભિન્ન નિજાત્મા.

અર્થ = Informatory જ્ઞાન.
પરમાર્થ = Substantial / essential જ્ઞાન.

अर्थाभिधानप्रत्ययास्तुल्यनामधेयाः |

અર્થાત્: શબ્દ, અર્થ અને તેનો પ્રત્યય -
એ ત્રણે સમાન શબ્દથી સંબોધાય છે.

'अर्हं' એ શબ્દ છે. 'પ્રથમ પરમેષ્ઠિ' એ તેનો અર્થ છે.
अर्हं પ્રથમ પરમેષ્ઠિ આકાર ઉપયોગ, તે પ્રત્યય છે.
એ ઉપયોગ અવધારક પ્રથમ પરમેષ્ઠિને સ્પર્શે છે તથા

નિશ્ચયથી આત્મગુણ છે, એ નિશ્ચય અર્થપ્રયોજનભૂત છે, તેને પુનઃ પુનઃ ભાવિત કરવાથી પરમાર્થ પ્રકટે છે.

ભાવિત પરમાર્થનો અર્થ - ઐદંપર્યાર્થ : જ્ઞાનાકાર પરિણામ પામેલો પોતાનો આત્મા અર્હત્ એ જ અર્હં છે.

ઐદંપર્યાર્થ = પરમાર્થ = પ્રયોજનભૂત = અર્થ.

## નિમ્નલિખિત પદનો શાસ્ત્રીય અર્થ

અરિહંત પદ ધ્યાતો થકો દવ્વહ ગુણ પજ્જાય રે,
ભેદ છેદ કરી આતમા, અરિહંત રૂપી થાય રે...

અર્હત્ : 'અર્હં' પદનું ધ્યાન દ્રવ્યથી, ગુણથી અને પર્યાયથી અરિહંતને જણાવે છે અને દ્રવ્ય - ગુણ - પર્યાયથી અરિહંતાકાર જ્ઞાન સ્વસ્વરૂપ જ હોવાથી તે સ્વરૂપમાં પરિણમેલો આત્મા પોતે જ અરિહંતસ્વરૂપ બને છે.

## માનવની બુદ્ધિ કોને પસંદ કરે છે?

'બુદ્ધિ સત્યની પક્ષપાતિની છે' એનો અર્થ

બુદ્ધિ હંમેશા શ્રેષ્ઠતરને પસંદ કરે છે.

માનવબુદ્ધિ હંમેશા શ્રેષ્ઠતરને પસંદ કરે છે. સંયમની વિધાયકદૃષ્ટિ અતીન્દ્રિયને વધારવાની સંભાવનાથી શરૂ થાય. દીર્ઘ તપસ્વીઓને બાહ્યલબ્ધિની જરૂર નથી પડતી, કારણ કે તેઓએ અતીન્દ્રિય લબ્ધિ પ્રાપ્ત કરી લીધું છે.

દીર્ઘ તપસ્વીઓને બાહ્યસ્પર્શનની જરૂર પડતી નથી,
કારણ કે તેમણે અતીન્દ્રિય સ્પર્શનો પ્રાપ્ત કરી લીધા છે.
અતીન્દ્રિય સ્વાદ મેળવનારને બાહ્યસ્વાદની જરૂર ન રહે.
અતીન્દ્રિય આસ્વાદ મળ્યે ઈંદ્રિયસ્વાદ ફિક્કો લાગે છે.

### બધું છોડવાથી કાંઈ મળતું નથી પણ

અંદરમાં કાંઈક મળવાથી બહારનું બધું છૂટી જાય છે,
તે માટે અતીન્દ્રિયોને જગાડવાના પ્રયોગમાં પ્રવેશ કરવો પડશે.
જે દિવસે અતીન્દ્રિય દેખાશે, દેખાવા શરૂ થશે, તે દિવસે
માત્ર આંખથી જ છૂટકારો નહિ મળે. આંખના + કાનના
રસથી, બધા જ બાહ્યરસથી છૂટકારો - મુક્તિ મળે છે. કાનના
જગતમાં અંદરના ધ્વનિઓ, અંદરનો નાદ પકડાઈ જશે.
સ્પર્શનો જગતમાં ય અંદરનો સ્પર્શ પકડાશે. એક વૃત્તિ
સંયમની તરફ જવા લાગે એટલે બાકી વૃત્તિઓ પણ
અસંયમની તરફ જવાને માટે અસમર્થ બની જશે.
અસંયમ મુશ્કેલ બની જશે. સંયમનું એક બિંદુ અસંયમના
અંધકારને દૂર કરશે. શ્રેષ્ઠતર સદા શક્તિશાળી છે.
એક વિચાર - એક વૃત્તિ પણ ઠીક થઈ જાય, તો
બાકી વિચારો અને બાકી વૃત્તિઓ તેને અનુસરે છે.
માત્ર એક વ્યક્તિ સુધરે તો સમૂહને સુધરવું પડે છે.

પ્રકાશનું એક કિરણ પણ અનંતગુણા અંધારા કરતાં પણ વધુ શક્તિશાળી છે. સંયમનું એક નાનું સરખું સૂત્ર અસંયમની અનંત જીંદગીઓના અસંયમને માટીમાં મેળવી દે છે અર્થાત્ તેને જમીન ઉપર પછાડી દે છે.

દ્વારનું મહત્ત્વ છે, બહાર નીકળવાનું મહત્ત્વ નથી.

સાધનોનો અતિઆગ્રહ નિરર્થક છે.

'દુઃખને ચાટીશું તો સુખ મળશે' એમાં પણ આકાંક્ષા તો સુખની જ છૂપાયેલી છે. જે કાંઈ લે નહિ અને માત્ર આપ્યા જ કરે, તે દેવ છે, માટે પીપળાને દેવ મનાય છે. બુદ્ધને બોધિસત્ત્વના પીપળાના વૃક્ષ નીચે જ્ઞાનલાભ થયેલ. સામાન્ય મનુષ્ય તો પીપળાએ આપેલ આટલી બધી ઊર્જાને સહી શકતો નથી અને બિમાર પડી જાય છે,

તેથી પીપળાના વૃક્ષ નીચે પણ ન સૂશો.

બાવળનું ઝાડ પ્રાણઊર્જાને ચૂસી લે છે,

લીમડાનું ઝાડ પ્રાણઊર્જાને પાછી આપે છે. બાવળનું ઝાડ સૌની પ્રાણઊર્જાને પોતાનામાં એકઠી કરે છે, એટલે તેના દાતણમાં સૌથી વધારે જીવનબળ આપવાની શક્તિ છે.

તપનું પહેલું સૂત્ર: બાહ્યભૌતિક શરીર સાથે તાદાત્મ્ય તોડો.

એ તોડીને જ તપના જગતમાં પ્રવેશ થઈ શકે.

સંયમ વડે બાહ્યઇંદ્રિયો સાથેનું તાદાત્મ્ય તૂટે છે,
તપ વડે બાહ્યભૌતિક શરીર સાથે તાદાત્મ્ય છૂટે છે.
ભૌતિક શરીર સાથે સ્વયંને એક માનવાની ભ્રાંતિ
એ જ ભોગ છે. બધા જ ભોગ એમાંથી પેદા થાય છે.
પોતાને શરીર માનનાર બીજાના શરીરને ભોગવવા ઝંખે
છે અને કામવાસના જન્મે છે. આવો મનુષ્ય બધી રીતે
ઇંદ્રિયલોલુપ બને છે. ભૌતિક શરીર સાથેના તાદાત્મ્યને
તોડવાનો સંકલ્પ અનિવાર્ય છે. આ તાદાત્મ્ય-identity
જન્મોજન્મના ઊંડા અભ્યાસ અને સંકલ્પનું જ
પરિણામ છે. સંકલ્પ વગર અંતરયાત્રામાં ગતિ નથી,
સંકલ્પથી જ તાદાત્મ્ય બંધાય - સંકલ્પથી જ તાદાત્મ્ય તૂટે.
સંકલ્પમય વિચાર જીવંત છે. લાંબા પ્રયોગથી સંકલ્પ
પ્રગાઢ થઈ જાય અને સંકલ્પ જ સત્ય બની જાય છે.

*'હું બાહ્યશરીર નથી પણ પ્રભુશરીર છું' એ સૂત્ર*
*તપનું પૂરું સૂત્ર છે. 'હું શરીર છું' એ હકારાત્મક સૂત્ર છે.*
*'હું શરીર નથી' એ નકારાત્મક સૂત્ર છે.*
*હકારાત્મક સૂત્રની અભાવ નકારાત્મક સૂત્ર નિર્બળ છે.*
*તેને બળવાન બનાવવા માટે 'હું પ્રભુ છું, ઊર્જા છું'*
*એ હકારાત્મક સૂત્રની જરૂર છે.*

શરીર સાથેના તાદાત્મ્યને તોડવાથી જ તપની શરૂઆત થાય.
ઇંદ્રિયો સાથેના તાદાત્મ્યને તોડવાથી સંયમનો તથા અહંકાર
સાથેના તાદાત્મ્યને તોડવાથી અહિંસાનો આરંભ થાય છે.
અહિંસાનું હકારાત્મક સ્વરૂપ = 'હું અર્હં છું પણ અહં નહિ',

'હું અતીન્દ્રિય છું પણ ઐંદ્રિયક નહિ' તથા

'હું ભૌતિક શરીર નહિ પણ પ્રાણશરીર છું'.

એ સંયમ અને તપના હકારાત્મક સૂત્રો છે.

જોર તો હકારાત્મક સૂત્ર ઉપર જ આપવાનું છે.
નકારાત્મક સૂત્ર તો હકારાત્મક સૂત્રની છાયા માત્ર છે.

એકલું નકારાત્મક સૂત્ર નિર્જીવ છે.

તપની મૂળ પ્રક્રિયા પ્રાણઊર્જાની સાથે તાદાત્મ્ય જોડવાની
અને ભૌતિક શરીર સાથે તાદાત્મ્ય તોડવાની છે.
ભોગની યાત્રા મૃત્યુની - યોગની યાત્રા અમૃતત્વની છે.

બહારી જગત, અનિત્ય સાથે અને
છાયા સાથેનું તાદાત્મ્ય સદા મૃત્યુમાં જ લઈ જાય પણ
સત્ય સાથેનું, હું વાસ્તવમાં જે છું, તેના સાથેનું
તાદાત્મ્ય - જોડાણ - યોગ અમૃતમાં લઈ જાય છે.

પ્રેમમાં આપણને કંઈક મળે છે, જ્યારે
ક્રોધમાં આપણે કંઈક ખોઈએ છીએ.

પ્રેમ, કરુણા બાદ તાજગી આવે તથા શક્તિ વધે છે,
જ્યારે ક્રોધ કર્યા બાદ આપણે થાકી જઈએ છીએ.
કરુણાવાન કદી થાકતો જ નથી, ક્રોધી થાકેલો જ લાગે છે.
ક્રોધ એક પ્રકારનું નાનું મૃત્યુ જ છે.
ક્રોધ અને ધૃણાથી કંપતા શરીરમાંથી મડદામાંથી નીકળતા
ઊર્જાગુચ્છો જેવા જ ઊર્જાગુચ્છો નીકળે છે.
પ્રેમ અને કરુણામય શરીરના વિરાટ ઊર્જાપુંજોમાંથી
ઊર્જાગુચ્છકો નીકળી આપણામાં પ્રવેશ કરવા લાગે છે.
સંતોમાંથી ઊર્જાનું બળ મોટું હોય છે.
મનુષ્ય તો કેવળ ઉપકરણ અને સાધન જ છે,
વાસ્તવિક માલિક કોઈક કોઈક પાછળ છે, ભિન્ન છે.

## વાયુતપ પ્રધાન શા માટે?

આભામંડળ ભૌતિક શરીરમાંથી પેદા થતું નથી,
ભૌતિક શરીરના માધ્યમ દ્વારા તે પ્રકટ થતું હોય છે.
તેનું મૂળ શરીર તો સૂક્ષ્મ હોય છે. તપનું કાર્ય સૂક્ષ્મ
શરીર ઉપર જ થાય છે. સૂક્ષ્મશરીરને ઊર્જાશરીર કહે છે.
ચક્રો પણ ઊર્જાશરીરમાં છે. તેને correspond
કરનારા દરેક સ્થાનો ભૌતિક શરીરમાં છે એટલું જ.
આપણે વાયુ છીએ માટે આપણા માટે વાયુતપ પ્રધાન છે.

## શેનો ઇલાજ - બિમારનો કે બિમારીનો?

બિમારી તે અંગદ્ધ પ્રકટ રૂપમાં આવી હોય કે જે
અંગ નબળું છે પણ બિમારી તો પૂરા શરીરમાં હોય છે.
મનુષ્યનું પૂરું વ્યક્તિત્વ જ રૂગ્ણ બને છે.
Treat the diseaseને બદલે હવે Treat the
patient એવા નારાઓ ઘડવામાં આવે છે.
બિમારીનો ઇલાજ ન કરો પણ બિમારનો ઇલાજ કરો.
બિમારી Localised છે, બિમાર વ્યાપ્ત છે.
બાહ્ય અને આંતર - બે એક જ વસ્તુના અંશ છે, તે
ઉભયને simultaneously treat કરવા.

## ખરી સંપન્નતા કઈ?

જીવનના બધા ગુણો ઉપલબ્ધિના છે, નિષેધના નહિ.
ફેલાવ, વિસ્તાર, ઉપલબ્ધિ એ જ જીવનનો ગુણ છે.
વૃત્તિઓને રોકનાર નહિ, વૃત્તિઓનો માલિક તે સંપન્ન છે.
કમજોર હોય તે લડે. વૃત્તિઓ કરતાં પણ જે વધુ
શક્તિશાળી હોય, તેને લડવાની જરૂર રહેતી નથી.
વૃત્તિઓ એની પીઠે સરી પડે છે. સંપન્ન = આત્મવાન.
આત્મવાન સંપન્ન કામ - ક્રોધ કે લોભને દબાવતો નથી.
આત્મવાનનો ઇશારો જ પૂરતો છે.

જેને આપણે દબાવવી પડે, તે આપણાથી વધુ બળવાન
સાબિત થાય છે, એ પોતે આપણાથી દબાય, ત્યારે
સાચા અર્થમાં આપણે સંયમી બનીએ છીએ.
શક્તિ જ્યારે સ્વયંની અંદર રહેલ છે, ત્યારે વૃત્તિઓ
સાથે લડવું પડતું નથી. આત્મવાન વ્યક્તિની સામે તે
વૃત્તિઓ શિર નમાવીને ઊભી રહે - ઊભી રહી જાય છે.
કમજોર આત્માની સામે જ માથું ઊંચું કરે છે.
'સંયમ'નો અર્થ દમન નહિ પણ શમન છે.
સ્વયંની શક્તિથી પરિચિત થવું, તે 'સંયમ'નો અર્થ છે.
Tranquility - not control.
સંયમ એટલે અવિચલિત - નિષ્કંપ - આત્મપ્રતિષ્ઠિત
સ્થિતપ્રજ્ઞતા - આત્મસ્થિરતા અને આત્મસ્થિતિ.
સંયમ = શમન, શાંતિ, અવિચલિતતા, નિષ્પ્રકંપતા કે
મધ્યમાં સ્થિર થઈ જવું, બે અતિની વચ્ચે રહેવું.
અસંયમ એટલે wavering - Trembling
અહીં-તહીં કંપતું મન (cult સંપ્રદાય).
શ્રીમંતનો ઉપવાસ એ ભૂખ્યા રહેવું છે, ગરીબનો ઉપવાસ
મિષ્ટાન્ન ખાવું તે છે, બંને extreme કે અતિ છે.
વધુ કે બહુ ઓછું ખાવું સહેલ છે, મધ્યમ ભોજન દુષ્કર છે.

સમ્યગ્ભિન્ન એટલે સમ ભિન્ન - ન અતિ કે ઓછું.
સમ્યક્ એટલે સમ - અતિનું કોઈ ખેંચાણ ન હોવું તે.
સંયમ = જીવનની બધી દિશામાં સમસ્વરતા મેળવવી.
મનનો અર્થ છે તાણ. મન માત્ર અતિમાં જ જીવી શકે છે.
સંયમમાં - મધ્યમાં મન સમાપ્ત થાય છે. મન કદી સંયમી
હોઈ શકતું નથી અથવા સંયમી પાસે મન હોતું જ નથી.

અમન - ઉન્મન એ જ સંયમ છે.

તણાયેલા - ખેંચાયેલા સ્થિતિમાં રહેવું, એ મનનો ધર્મ છે.

મનની શૂન્ય દશા એ સાચું જીવન છે.

ધર્મ = અહિંસા, સંયમ અને તપ

ધર્મ એ સ્વભાવ છે અને સ્વભાવ સુધી પહોંચવાની વિધિ - માર્ગ પણ છે. ધર્મનું આત્યંતિકરૂપ છે સ્વભાવ, એ સાધ્યની, અંતની પરિભાષા છે. ધર્મની પ્રયોગાત્મક પરિભાષા, સાધનરૂપ ધર્મ અહિંસા, સંયમ અને તપ છે. અહિંસા એ કેન્દ્ર - તપ એ પરિધિ - સંયમ એ સેતુ છે. પરિધિ અને કેન્દ્રને જોડતી ત્રિજ્યા, તે સંયમ છે. બીજા શબ્દોમાં અહિંસા એ ધર્મનો આત્મા, તપ એ શરીર, સંયમ એ બંનેને જોડતો પ્રાણ છે. સંયમરૂપી શ્વાસ તૂટી જાય તો અહિંસા અને તપ હોવા છતાં ધર્મ નહિ હોય.

ધર્મને એક જ શબ્દમાં 'અહિંસા' શબ્દથી કહી શકાય.
આત્મા, પરમાત્મા, પૂજા, પ્રાર્થના, દાન, સેવા, ધ્યાન,
સમાધિ વગેરેને ધર્મ ન કહેતાં અહિંસાને જ ધર્મ કેમ?
'જીવોને દુઃખ ન આપો' એટલો જ અહિંસાનો અર્થ નથી.

અહિંસા એ સ્વધર્મ - આત્મસ્વભાવ છે,
તે જીવ ઉપર આધારિત કેમ હોઈ શકે?

(૧) અહિંસા = મહાવીર.
(૨) તથાતા = ઝુકે - નમતા - nonresistance.
(3) Total acceptability = ભાવોત્સવ.

તથાતા એટલે જે છે, તે બધું મંજુર છે, ઉપરાંત
જે બનવું હશે, તે તેવું આપણને મંજુર હશે,
એમાં અમે કોઈ ફેરફાર કરવા ચાહતા નથી.

'અહિંસા' એટલે અનુપસ્થિતિ,
કોઈના રસ્તામાં મારું હોવું વ્યવધાન ન બને તે.
રાજનીતિ = 'હું છું' એવું જીવોને સતત ભાન આપતા રહેવું.

ઉપસ્થિતિનો અનુભવ કરાવવા માટેના પ્રયત્નનું નામ
'હિંસા' છે. આપણી ઉપસ્થિતિ જીવોને અનુભવાય અને
જીવોની ઉપસ્થિતિ આપણને ન અનુભવાય,
એટલી જ ભાવના હિંસાની જડ છે.

## અહિંસા એટલે...

'આપણી ઉપસ્થિતિ એટલી પૂરી રીતે ઉપસ્થિત હોય
કે મારી ઉપસ્થિતિથી તેમાં કોઈ અડચણ ન પડે' તે.
તેથી અહંકાર હિંસા છે અને નિરહંકાર અહિંસા છે.
'જે થઈ રહ્યું છે, તે નહિ પણ આપણે જે
ઇચ્છીએ છીએ તે થાઓ' એ અહંકારનું લક્ષણ છે.
પરિવર્તન માટે જરાપણ ચેષ્ટા નહિ, ગહનતમ અનુપસ્થિતિ
અથવા જીવન છે તો ઠીક છે, મરણ છે તો ઠીક છે,
સમાન સ્થિતિનો અનુભવ તે નિરહંકારતા છે.
કાંઈપણ કરવું તે હિંસા છે, અકર્મ તે અહિંસા છે.
'As it is - એ ઠીક છે' એ અહિંસાનું સ્વરૂપ છે.
આખી દુનિયાનું ધ્યાન આપણા ઉપર કેન્દ્રિત બની રહે,
એ આપણી ચેષ્ટા અને આકાંક્ષા છે, આ જ હિંસા છે,
આ જ આક્રમણ છે, વાસનાનો અર્થ જ પરિવર્તનની
આકાંક્ષા. જેટલી વાસના વધારે, તેટલી હિંસા વધારે.
વાસનામુક્ત તે અહિંસક. No lust for life.
અનેષણાત્મક જીવન તે અહિંસા.
This is going to be a lesson to me.
નસરૂદ્દીનનું આ સૂત્ર એ જીવનૈષણાનું સૂત્ર છે.

મૃત્યુનો સ્વીકાર કરવો તે અહિંસા અને
મૃત્યુનો અસ્વીકાર તે હિંસા છે.
જ્યારે પોતાના મૃત્યુનો અસ્વીકાર કરીએ છીએ, ત્યારે
બીજાના મૃત્યુનો સ્વીકાર કરીએ છીએ, તે જ હિંસા છે.

o Integrated, ગ્રથિત, એકત્રિત થયેલું,
અખંડ, સંવાદી, to be one, whole.
એક અને અખંડ થવું, તે પુણ્ય છે.
ઇંદ્રિયોના અતીન્દ્રિય સ્વરૂપની શોધમાં લાગવું,
અક્રિય સ્વરૂપમાં સંલગ્ન થવું, તે સંયમ છે.
મારી પોતાની અંદર જે છૂપાયેલા ખજાનાઓ છે,
તેને શોધવામાં લાગી જવું, તે સંયમક્રિયા છે.
ગઈકાલ સુધી ચિત્ત જે બહારની તરફ દોડતું હતું,
તે હવે અંદરની તરફ આવવા માંડે છે.
અંદર સંબંધિત થઈ જવાથી જે રસ મળે છે,
તે બહારના વિષયોમાંથી હરગીજ મળતો નથી.
જે ઇંદ્રિય બહારના વિષયોની સાથે મનને જોડે છે,
તે ઇંદ્રિય અંદરની સાથે પણ જોડી શકે છે. બહાર
ધ્વનિનું જગત છે, તેમ અંદર પણ તેનું એક અદ્ભુત
જગત છે. કાન એની સાથે પણ સૌને જોડી શકે છે.

૦ દર્શનમોહનીય = અવિદ્યા - અજ્ઞાન.

ચારિત્રમોહનીય = તૃષ્ણા - રાગ.

બધાં જ સાંસારિક મૂલ્યોનું જનક તૃષ્ણા છે, જ્યારે નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોનું જનક વિવેક છે. બ્રહ્મ એક જ આત્મા છે અને બ્રહ્મ એક જ જગત છે. અન્ય સંતાનોની કોઈ આવશ્યકતા સંન્યાસીને રહેતી નથી. નિર્વૃત્તિપ્રધાન ધર્મ એ જ મોક્ષનો માર્ગ છે. જેની બુદ્ધિમાં સર્વ કર્મ બ્રહ્મમય છે, તેને જ બ્રહ્મની પ્રાપ્તિ થાય છે.

સિદ્ધિ - અસિદ્ધિમાં સમભાવ રાખવો,

તે સમત્વં યોગ ઉચ્યતે । યોગઃ કર્મસુ કૌશલં । છે. યોગ એ ચિત્તસમાધિવાચક છે. બ્રહ્મદર્શનથી બ્રહ્મચર્ય પૂર્ણ બને. સર્વત્ર બ્રહ્મદર્શન એ જ સાચું બ્રહ્મચર્ય.

'સહજાત્મ સ્વરૂપ પરમ ગુરૂ'

ઊર્ધ્વતાસામાન્યેથી આત્માનું શુદ્ધ સ્વરૂપ અર્થાત્ 'સહજાત્મસ્વરૂપ' એ ધ્યેય છે અને તિર્યક્‌સામાન્યેથી 'ષડ્જીવનિકાયહિત' એ ધ્યેય છે અર્થાત્ 'પરમ ગુરૂ'. બંને મળીને જે ધ્યેય બને છે, તેને એક જ વાક્યમાં

'સહજાત્મ સ્વરૂપ પરમ ગુરૂ'

એ ૧૨ અક્ષરમાં સંગ્રહી લેવામાં આવ્યું છે.

(૧) સત્તાત્મ સ્વરૂપ પરમ ગુરૂ.

(૨) પરમ ગુરૂ નિર્ગ્રન્થ સર્વજ્ઞ દેવ.

(3) गुरोर्गुरुत्वविज्ञाता ततोऽसि त्वं गुरोर्गुरुः ।

(४) सत्त्वासत्त्वविनिश्चेता ततोऽसि त्वं सतोऽपि सत् ।

(५) ईश्वराऽस्तित्वनिर्णेता ततस्त्वं परमेश्वरः ।

(૬) ગુરૂની આજ્ઞા, મંત્રની યથાર્થતા અને દેવતત્વના તાત્ત્વિક સ્વરૂપનો નિર્ણય કરનાર આત્મતત્ત્વ એ જ નિશ્ચયથી ગુરૂ, મંત્ર અને દેવતત્ત્વસ્વરૂપ છે.

(૭) આપણા સૌનું સત્તાત્મ સ્વરૂપ એ જ તાત્ત્વિક દેવતત્ત્વ, પરમ ગુરૂ અને સત્ય મંત્ર છે.

(૮) સત્તાત્મ સ્વરૂપ એટલે સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રમય આત્મા અર્થાત્ સચ્ચિદાનંદ ઘન.

(૯) રાગદ્વેષાદિ ઉપાધિરહિત આત્મતત્ત્વ એ જ જ્ઞાનાદિ ગુણોનું ભાજન છે.

(૧૦) વિશુદ્ધ આત્મતત્ત્વ ષડ્જીવનિકાય હિતસ્વરૂપ છે.

(૧૧) ષડ્જીવનિકાયરક્ષા એ આત્મવિશુદ્ધિનો પરમ હેતુ છે.

(૧૨) આત્મવિશુદ્ધિનો ઉપાય અનાત્મતત્ત્વ પ્રત્યે ઉદાસીનતા અને આત્મતત્ત્વ પ્રત્યે હિતબુદ્ધિ યાને આત્મભક્તિ છે.

(૧૩) આત્મતત્ત્વની હિતબુદ્ધિ દ્વારા આત્માના રાગાદિ મલ ઘટે છે અને જ્ઞાનાદિ ગુણ વધે છે.

પરમાત્મસ્વરૂપ એ આત્માનું શુદ્ધ સ્વરૂપ છે અને તે સ્વરૂપ ષડ્જીવનિકાયના હિતરૂપ છે. અંતરંગ શુદ્ધ આત્મસ્વરૂપ અને બહિરંગ ષડ્જીવનિકાયહિત- એ બે મળીને પરમાત્મસ્વરૂપ ધ્યેય બને છે.

તિર્યક્સામાન્યનું વિશિષ્ટ કેવળજ્ઞાનાદિ ગુણો છે અને ઊર્ધ્વતાસામાન્યનું વિશેષ તત્કાલવર્તી કેવળજ્ઞાનોપયોગાદિ છે. કેવળજ્ઞાનાદિ ગુણોને શુદ્ધ વ્યંજનપર્યાય અને તત્કાલવર્તી કેવળજ્ઞાનોપયોગાદિને શુદ્ધ અર્થપર્યાય કહે છે.

તિર્યક્સામાન્યના વિશિષ્ટને વ્યંજનપર્યાય અને ઊર્ધ્વતાસામાન્યના વિશેષને અર્થપર્યાય કહે છે.

વ્યંજનપર્યાયનું બીજું નામ સહભાવપર્યાય પણ કહેવાય. દા.ત. પુદ્ગલના રૂપ - રસ - ગંધ - સ્પર્શાદિ. અર્થપર્યાયનું બીજું નામ ક્રમભાવપર્યાય છે. દા. ત. પ્રતિક્ષણવર્તી રૂપ - રસ - ગંધ - સ્પર્શાદિમાં થતી ષડ્ગુણહાનિ-વૃદ્ધિ. દ્રવ્યનું તિર્યક્ ઊર્ધ્વતાસામાન્ય સ્વરૂપ અને પર્યાયનું સહભાવ ક્રમભાવ પર્યાયવર્તીપણું મળીને વસ્તુ પૂર્ણ બને.

ભવભય નિર્મૂળ કઈ રીતે?

સંસારથી ભયભીતને ઉપસર્ગનો ભય રહેતો નથી, આત્મરતિ રૂપ નિર્વિકલ્પ સમાધિમાં અંતે ભવભય નિર્મૂળ થઈ જાય છે.

## નિઃશેષ જીવ કોણ ?

સમસ્ત જીવોનું હિત, સુખ, પથ્ય ચિંતવે, તે અનુકંપાવાન.
તે નિઃશ્રેયસમાં પ્રતિબદ્ધ ચિત્તવાળો છે.
હિત એટલે સુખ નિબંધન વસ્તુ, સુખ એટલે શર્મ
અને પથ્ય એટલે દુઃખત્રાણ, અદુઃખાનુબંધ સુખ.
સમસ્ત સત્ત્વવિષયક ચાહે, તે કૃપાવાન - નૈઃશ્રેયસિક છે.
નિઃશ્રેયસમાં જેનું ચિત્ત લાગેલું છે, તે નિઃશેષ.
નિઃશેષ સમસ્તના હિતને, સુખને અને પથ્યને ચાહે છે.
નિઃશેષ જીવ તે ભવ્ય છે પણ અભવ્ય નહિ,
તે ચરમાવર્તમાં છે પણ અચરમાવર્તમાં નહિ,
તે આરાધક છે પણ વિરાધક નહિ,
તે સુલભબોધિ છે પણ દુર્લભબોધિ નહિ,
તે પરિત્ત સંસારી છે પણ અનંત સંસારી નહિ.
તે સમ્યગ્દૃષ્ટિ છે પણ મિથ્યાદૃષ્ટિ નહિ.
જે ભવ્ય હોય, સમ્યગ્દૃષ્ટિ હોય, પરિત્ત સંસારી હોય,
સુલભબોધિ હોય, આરાધક હોય અને ચરમાવર્તમાં હોય,
તે સર્વના હિત, સુખ અને પથ્યની કામના કરનારો હોય
અથવા જેને અભવ્ય નહિ પણ ભવ્યની છાપ જોઈતી હોય,
અચરમાવર્તમાંથી ચરમાવર્તમાં જવું હોય,

વિરાધકભાવથી બચી અવિરાધક - આરાધકભાવમાં આવવું હોય, દુર્લભબોધિ મટી સુલભબોધિ થવું હોય, અનંતસંસારી મટી પરિત્તસંસારી થવું હોય અને મિથ્યાદૃષ્ટિ મટીને સમ્યગ્દૃષ્ટિ થવું હોય, તેણે સર્વના શુભની કામના કરવી.

સર્વના શુભની કામના જીવને

પરિત્તસંસારી, સુલભબોધિ અને સમ્યગ્દૃષ્ટિ બનાવે છે.

તે જીવ ભવ્ય છે, આરાધક છે, ચરમાવર્તમાં આવેલો છે.

'સર્વનું હિત થાઓ, સર્વને સુખ મળો, સર્વનું દુઃખ ટળો'

એ સર્વના શુભની કામનાનો વિષય છે.

## કરુણારસનો વરસાદ

આજે સવારે શ્રી આદિશ્વર દાદાની યાત્રા વખતે

અપૂર્વ વીર્યોલ્લાસ જાગેલો અને તે ઉપરાંત

જાણે હમણાં જ મોક્ષ મળી જશે, એમ લાગેલું.

દાદાજી આપણી સામે જોતા હોય એવો ભાસ થાય છે.

શ્રી આદિશ્વર દાદાજી જ્યાં બેઠા છે,

એટલા ભાગમાં કરુણારસનો વરસાદ પડતો હોય,

એવો આભાસ થઈ ગયો અને

પાંચ - દશ મિનિટ સુધી તે દૃશ્ય નજરે પડ્યું.

આવી રીતે ઘણા વખત જુદા જુદા આભાસ થાય છે.

- Muktishreeji, Palitana

## ધ્યેયરૂપ મંત્રવિમર્શ સ્વરૂપની યાત્રા

(૧) ધ્યેયમાં ઉપયોગની એકતા (૨) ધ્યેયાકાર થતી ચિત્તવૃત્તિ
(૩) ચિત્તવૃત્તિના આકારમાં ચિત્ત = ધ્યાતા, વૃત્તિ = ધ્યાન,
આકાર = ધ્યેય (૪) ધ્યેય = ષડ્જીવનિકાયહિત પરમાત્મતત્ત્વ

(૫) પરમાત્મતત્ત્વ = આત્માનું શુદ્ધ સ્વરૂપ

(૬) શુદ્ધ સ્વરૂપ ષડ્જીવનિકાય હિતકારી છે.

(૭) ઉપયોગ = બોધ વ્યાપાર

(૮) એકતા એટલે સજાતીય જ્ઞાનની ધારા (૯) સજાતીય
જ્ઞાનધારા = વિજાતીય જ્ઞાનનું આંતરૂ જેમાં નથી, તે.
(૧૦) વિજાતીય જ્ઞાનના અંતરરહિત સજાતીય જ્ઞાનનો પ્રવાહ
(૧૧) આમ્નાયનું અનુસરણ (૧૨) આમ્નાય = સંકેત સ્મરણ
(૧૩) વિશ્વાસનું બાહુલ્ય (૧૪) મંત્ર અને મંત્રપ્રદાતા પ્રત્યે
આંતરિક બહુમાન (૧૫) મંત્ર = શબ્દશક્તિ, શબ્દમાં
અર્થને કહેવાનું સ્વાભાવિક સામર્થ્ય (૧૬) મંત્રપ્રદાતા =
તીર્થંકર-ગણધર વડે મંત્રના શબ્દોમાં કરાયેલો સંકેત

(૧૭) એકતાનું લક્ષણ

(૧૮) એકતા = મંત્ર - મન - પવનની

તથા દેવ, ગુરુ અને આત્માની એકતા લક્ષણવાળી
મંત્રચૈતન્ય પ્રગટે છે, તેને 'મંત્રવિમર્શ' પણ કહેવાય છે.

## સ્વભાવરમણતાની ટેવ પાડીએ

સ્વભાવમાં રમણ કરવું એ મનુષ્ય માટે અશક્ય નથી, સ્વભાવરમણતા, પવિત્ર જીવન કે દૈવી જીવન - આપણે ધારી જોઈએ છીએ, એટલું જીવવું મુશ્કેલ નથી પણ અભ્યાસ વગર, મહાવરા વગર અથવા તો ટેવ વગર આપણને એ કામ અતિ દુર્ઘટ જણાય છે. એની દુર્ઘટતા તો અભ્યાસ કે ટેવ પાડવાની દૃઢતા જ છે. ટેવ પડી એટલે એ કામ સરળ-સટ કે સ્વાભાવિક થઈ પડે છે.

મહાન વિચારક કવિ ગોએથે કહે છે કે:

'જે ચીજ આપણને પ્રથમ નાપસંદ કે મુશ્કેલ લાગે છે, તે ચીજ જ્યારે આપણે તેનાથી ટેવાયેલા થઈએ છીએ, ત્યારે તેટલી જ આનંદદાયક, સ્વાભાવિક અને સહેલી થઈ પડે છે, તેટલી બીજી કોઈ ચીજ હોતી નથી.'

મનુષ્યસ્વભાવના બંધારણનું આ રહસ્ય - છૂપી કળ જાણવા પામનાર મનુષ્યને એક પ્રકારનો દિલાસો - આશ્વાસન મળે છે. ધર્મમય જીવન અર્થાત્ પવિત્ર જીવન એ અતિમુશ્કેલ છે, એવો ખ્યાલ દૂર કરી, પછી તે ટેવ પાડવા પ્રયત્ન કરે છે. જગતના નિષ્કારણબંધુ તીર્થંકરોએ એ ટેવ પાડવા માટે જ જગતને કલ્યાણકપર્વો - તીર્થભૂમિઓ ભેટ આપ્યાં છે.

## પર્યુષણ પર્વ જેવા પર્વો શા માટે?

૩૬૫ દિવસ વિભાવના વાતાવરણમાં ફરનાર,
અસ્વાભાવિક જીવન નિર્વહનાર મનુષ્યને
૮ દિવસ મધ્યે સ્વાભાવિક જીવનનો પરિચય કરાવવા,
આંતરજીવનનો અભ્યાસ અથવા ટેવ પાડવા માટે જ
પર્યુષણ પર્વ જેવા પર્વોની યોજના કરવામાં આવી છે.
એ ૮ દિવસોમાં જે પ્રકારનું જીવન નિર્વહવામાં આવે,
તેવું જીવન હંમેશને માટે નિર્વહવાનો સ્વભાવ થઈ જાય,
તો મનુષ્ય કૃતકૃત્ય થાય.

આત્માએ આત્મિકજીવન જીવવું હોય, તો તે તેને માટે
સહજ કે સ્વાભાવિક જ છે અને તેમ કરવું સહેલું કામ છે,
તથાપિ એ આત્માએ સ્વેચ્છાપૂર્વક જે જે શરીરો
બાંધ્યા છે, તે શરીરો પણ પોતાનો સ્વભાવ અહોનિશ
ભજવ્યા કરે છે, તેમ આત્મા કે જે શરીરોની અંદર
નિવાસ કરે છે, તેનો તે શરીરોના ગાઢ સહવાસને લઈને
તે તે શરીરોનો સ્વભાવ તે પોતાનો સ્વભાવ જાણે છે,
તેમ તેને સ્વસ્વભાવનું સ્મરણ રહેતું નથી. સ્થૂળ શરીર
આમતેમ ભટક્યા કરે છે અગર જે તે કાર્ય કર્યા કરે છે.
તૈજસ - ઈચ્છાશરીર ભિન્ન ભિન્ન ઈચ્છાઓમાં દોડ્યા કરે છે.

કાર્મણ કે વિચારશરીર ગણો તે વિચારોમાં ભટક્યા કરે છે.
આ ત્રણે ય શરીરોના અખંડ સહવાસવાળો આત્મા
એ શરીરોના ધર્મોમાં પોતાનો ધર્મ માનવા લાગ્યો છે,
તે એટલા તો દૃઢ રૂઢ કે
સ્વસ્વભાવનું તો એને સ્મરણ પણ ભાગ્યે જ થાય છે.
દુઃખ એ વસ્તુતઃ કોઈ પદાર્થ નહિ પણ સ્વભાવથી
વિરૂદ્ધ વર્તનથી અનુભવાતી 'લાગણી' એ જ 'દુઃખ' વસ્તુ છે.
ત્રણ શરીરો કે દુનિયાના પદાર્થોમાં કોઈ લાગણી અંદર
'દુઃખ' નામની કોઈ ચીજ ભરી રાખવામાં આવી નહિ,
કે જેનો સંગ કરનારને દુઃખ વળગી પડે.
વસ્તુતઃ સુખ તેમ જ દુઃખ એ સર્વ કલ્પના જ છે.
અસ્તિત્વ વગરનાં ખોખાં નામ માત્ર છે, તેથી દુઃખને
દૂર રાખવાનો માત્ર એક જ રસ્તો હોઈ શકે અને
તે એ કે વિભાવમાંથી મુક્ત થવા અને સ્વભાવમાં જોડાવા
બને તેટલો ઉદ્યમ કરવો, પુરૂષાર્થ સેવવો.
સર્વ સાધનો અમુક આશયપૂર્વક કહેવામાં આવ્યા હોય,
એ ખરૂં છે પણ સાધનો જડ શરીર માટે નહિ,
આત્મા માટે છે અને જેટલા પ્રમાણમાં
આત્માભિમુખ વૃત્તિથી તેનો ઉપયોગ થાય,

તેટલા પ્રમાણમાં આત્મસ્મરણ - આત્મરમણતા થવાં શક્ય છે.
આત્મશાંતિ અંતરાત્મામાંથી જન્મે અને તેનો એકમાત્ર
ઉપાય છે ધ્યાન. શુદ્ધ, બુદ્ધ, વાસનામુક્ત મહાવીર,
કે જે શુદ્ધ ચેતનસ્વરૂપ છે, તેનું ધ્યાન.
'મહાવીર' શબ્દથી શુદ્ધ - બુદ્ધ ચેતન કે જ્યાં નાત - જાત
કે દેશ - કાળનો ભેદ નથી, વીતરાગાદ્વૈતરૂપે જે એક જ છે.

ચેતનના ૪ પ્રકાર સમજીએ

(૧) જીવનદૃષ્ટિ : જીવનનું મહત્ત્વ આંકવાની દૃષ્ટિ.
કીટ - પતંગ અને પાણી - વનસ્પતિ પર્યંતના
જીવનતત્ત્વનું મૂલ્યાંકન કરવાની જીવનદૃષ્ટિ.
કાળ નિરવધિ છે, પૃથ્વી વિશાળ છે. ગમે ત્યારે કોઈ
તો તેને સમજવાનું જ, એ દૃષ્ટિથી તે નિરૂપણ થયું છે.
દરેકને જીવન પ્રિય છે, જેવું આપણને પોતાનું જીવન.
'હું આનંદ અને સુખ ચાહું છું, તેથી જ હું પોતે છું'
તો પછી એ જ ન્યાયે આનંદ અને સુખને ચાહનાર
નાનાં - મોટાં સર્વ પ્રાણીઓ છે. તો પછી એમ કેમ કહી
શકાય કે મનુષ્યમાં જ આત્મા છે અને બીજામાં નથી?
એ દૃષ્ટિએ સમગ્ર વિશ્વમાં પોતાના જેવું જ
ચૈતન્ય - ચેતનતત્ત્વ ઉલ્લસતું - ઉભરાતું જોવું જોઈએ.

શરીરો, ઇંદ્રિયોના આકાર-પ્રકારોમાં અને કાર્યશક્તિમાં ગમે તેટલું અંતર હોય, છતાં તાત્ત્વિકરૂપે સર્વ જીવનમાં વ્યાપેલ ચેતનાતત્ત્વ એક જ પ્રકારનું વિલસી રહ્યું છે.

આ દૃષ્ટિ તે આત્મૌપમ્યની દૃષ્ટિ છે.

(૨) પૂર્ણ વિકાસની શક્યતાની દૃષ્ટિ

જીવનશુદ્ધિનો બીજો પ્રશ્ન પણ આમાં આવી જાય છે. ચેતનાનો પ્રકાશ ગમે તેટલો આવૃત થયો હોય અને તેનો આવિર્ભાવ ઓછોવત્તો કે વધારે થતો હોય, પરંતુ શક્તિ તો એમાં પૂર્ણ વિકાસની અને પૂર્ણ શુદ્ધિની છે. વેદાંતનો બ્રહ્માદ્વૈતવાદ હો કે દ્વૈતાદ્વૈતવાદ હો, એ બધામાં જીવનદૃષ્ટિ અને જીવનશુદ્ધિની વિચારણા સમાન છે.

(3) જીવન પરિવર્તન અકરણ - કરણ

જો તાત્ત્વિકરૂપે જીવનનું સ્વરૂપ શુદ્ધ જ છે, તો પછી એ સ્વરૂપ મેળવવા અને કેળવવા શું કરવું, એ સાધના વિષયક ત્રીજો પ્રશ્ન છે.

જ્યાં સુધી જીવનની રહેણીકરણી ન બદલાય, તેમાં આત્મૌપમ્ય અને આત્મશુદ્ધિની દૃષ્ટિ ન આવે, ત્યાં સુધી આચરણ ઘટે નહિ.

(૪) એ માટે પરાક્રમ કે પુરુષાર્થ જ એક સબળ સાધન છે.

(૧) આત્મૌપમ્ય દૃષ્ટિ એ સમ્યગ્દર્શન છે.
(૨) પુદ્ગલાદિકમાંની શત્રુતાની દૃષ્ટિ એ સમ્યગ્જ્ઞાન છે.
(૩) તે માટે જીવન પરિવર્તન અત્યુત્કૃષ્ટ એ ચારિત્ર છે.
(૪) એ પરાક્રમ તે સમ્યક્ તપ. સંજમંમિ ય વીરિયં |
જે આવું મહાન વીર્ય-પરાક્રમ દાખવે, તે વીર-મહાવીર.

<u>આત્માનું ૪ પ્રકારે અવસ્થાન</u>

(૧) વ્યવહારિક (૨) નૈશ્ચયિક
(૩) વ્યવહારિક ચારિત્ર (૪) નૈશ્ચયિક ચારિત્ર.

વ્યવહારિક સ્વરૂપમાં આત્મૌપમ્યદૃષ્ટિ છે,
નૈશ્ચયિક સ્વરૂપમાં પરમાત્મતુલ્ય આત્મજ્ઞાન છે.
વ્યવહારિકચારિત્રમાં સકલસત્ત્વહિતાશયપૂર્વકનું આચરણ
અને નૈશ્ચયિકચારિત્રમાં સ્વરૂપરમણતા સમાવિષ્ટ છે.
વ્યવહારિકચારિત્રમાં અહિંસા-સંયમ-તપ છે, નૈશ્ચયિક
ચારિત્રમાં ધ્યાતા, ધ્યેય, ધ્યાનની એકતારૂપ સમાપત્તિ છે.

એ સમાપત્તિનું સ્વરૂપ નીચે મુજબ છે:
મયિ તદ્રૂપં, સ એવાઽહં | ઇત્યાદિ ધ્યાનતઃ.
લક્ષ્યમાણ વૈજ્ઞાનિકસંબન્ધવિશેષરૂપા | - ષોડશકવૃત્તિ
'મારામાં તે છે, તે જ હું છું' ઇત્યાદિ ધ્યાન વડે કહેવાતી
વિશિષ્ટ જ્ઞાનવાળી સંબંધવિશેષ સ્વરૂપા (સમાપત્તિ છે).

## આજના આંતરસંવેદનો

મારા માટે વિશ્વ અને વિશ્વ માટે હું મરી પરવાર્યો છું.
આ વિશ્વમાં મારૂં કોઈ નહિ, હું કોઈનો નહિ.
મારે કેવળ પરમાત્મતત્ત્વ સિવાય કોઈની ય જરૂર નહિ.
મારે માટે આદર્શ બનતાં સાધુ ભગવંતોની,
સાધક અવસ્થાને પાર કરી ગયેલા સિદ્ધ ભગવંતોની,
બ્રહ્મસમાન ધર્મતત્ત્વની, એ જ મારી જરૂરીયાત છે.
પરમાત્મતત્ત્વ જ એક મારૂં શરણ્ય છે.
મારા મનમાં એ ચારનું જ રટણ છે,
મારી વાણીમાં એ ચારનું જ કીર્તન છે,
મારી કાયામાં એ ચારનું જ પ્રણિધાન છે.
મન, વાણી, કર્મ - એ ત્રણેનું તે ચારને સમર્પણ છે.
વાસનાઓનું મૃત્યુ એ જ પરમાર્થ મૃત્યુ છે.
વાસનાઓનું શમન કરનારને કોઈ ભય હોતો નહિ.
સમસ્ત સમાજને બુરાઈથી જો મુક્ત કરવો હોય, તો
પ્રત્યેક વ્યક્તિમાંથી બુરાઈની ભાવના નષ્ટ કરવી પડશે.
તૃષ્ણા = વિષયાભિલાષ, દુર્બુદ્ધિ = મલિન - માઠી બુદ્ધિ,
મત્સર = ભયંકર વાયુ - ગુણીમાં દોષ,
દ્રોહ = ગર્જના - અપકાર કરવાની બુદ્ધિ.

असंविभागी, न हु तस्स मोक्खो ।

અર્થાત્: જે અસંવિભાગી છે, તેનો મોક્ષ છે જ નહિ.
જે વ્યક્તિ પોતાની શક્તિનો, પોતાના સુખ-સાધનોનો અને સંપત્તિનો - જેમની પાસે એ બધાનો અભાવ છે, તેમને સમાનરૂપે વહેંચતો નથી, તે દુઃખો - ક્લેશો - આફતો - અગવડો અને તેના કારણોથી મુક્ત થઈ શકતો નથી. એ માટે જરૂરી છે કે સમષ્ટિના હિતમાં પોતાનું હિત સમજ, સમષ્ટિના સુખ-દુઃખમાં જ પોતાનાં સુખ-દુઃખ જોવાં.

## સાચો જૈન કોણ ?

'જનકલ્યાણમાં સ્વકલ્યાણ' એમ માનનારો સાચો જૈન. આશા, ઇચ્છા, તૃષ્ણા ઉપર નિયંત્રણ રાખવું, ભરિવું જ બસ નહિ. બધાનાં સુખ-દુઃખ અને હિત-અહિતને પોતાના સુખ-દુઃખ તથા હિતાહિત માની તેવો જીવનવ્યવહાર કરવો, એ પણ આવશ્યક છે. એ વડે જ સામાજિક અસમાનતાનું તાત્ત્વિક નિવારણ થાય.

સ્વામી સમંતભદ્રે કાવ્યમાં કરેલ જૈનશાસનની વ્યાખ્યા:

सर्वापदामन्तकरं निरन्तरं सर्वोदयं तीर्थमिदं तवैव ।

અર્થાત્: સર્વ આપત્તિઓનો અંત કરનારું, નિરન્તર સર્વ ઉદયવાળું તીર્થ તમારું જ છે.

# ધર્મનું ફળ - શુભ ગતિ

ધર્મ એ આત્માનો ગુણ છે અને દૃશ્ય કે અદૃશ્ય રૂપે તે હેતુ, સ્વરૂપ અને ફળ રૂપે સર્વત્ર રહેલો છે. ધર્મ વડે આપણે આપણું પોતાનું સ્વરૂપ જાણી શકીએ છીએ અને જગત બધી પ્રત્યેનો આપણો ખરો સંબંધ ઓળખી શકીએ છીએ. ધર્મ એ આત્માનો ગુણ છે. તેનો હેતુ શુભ ક્રિયા છે અને તેનું ફળ શુભ ગતિ છે.

જેથી આત્માને નિજસ્વરૂપની પ્રાપ્તિ થાય,
એવો જે ઉત્તમ માર્ગ તે આર્ય ધર્મ છે.

સર્વ ભાવો અનાદિ છે, માત્ર રૂપાંતર થાય છે.
કોઈપણ ઉત્પત્તિ કે કોઈપણ નાશ થતો નથી.

અભિપ્રાયો બધા અનાદિના છે. ક્યો અભિપ્રાય સત્ય કહેવો, તે ખરેખર વિચારણાનો વિષય બની રહે છે. અર્થ અપેક્ષાએ સર્વશાસ્ત્ર અનાદિ છે, શબ્દ અપેક્ષાએ નહિ. અર્થ એટલે અભિપ્રાય. જેમ ક્રોધાદિ ભાવો અનાદિ છે,

તેમ ક્ષમાદિ ભાવો પણ અનાદિ છે.

હિંસાદિ અધર્મ અને અહિંસાદિ ધર્મ સર્વ અનાદિ છે. આપણે હિતકારી શું છે, તે વિચારવું કર્તવ્યરૂપ બને છે. ઈશ્વરકૃત શાસ્ત્રનો અર્થ 'સંપૂર્ણ જ્ઞાનીકૃત' એમ સમજવો.

નિત્ય અક્રિય, નિરાકાર અને આકાશની જેમ
વ્યાપક ઈશ્વર એ શરીરના કર્તા બની શકે નહિ.
તે માટે દેહધારી કોઈ સર્વજ્ઞ માનવા જોઈએ.
જે ધર્મ સંસાર પરિક્ષીણ કરવામાં સમર્થ હોય અને
નિજ સ્વભાવમાં સ્થિતિ કરાવવાને બળવાન હોય,
તે જ ધર્મ ઉત્તમ ધર્મ કહી શકાય.
વાદળ વગેરે ચિહ્નથી જેમ વરસાદ આદિનું અનુમાન થાય,
તેમ જીવની આ ભવની ચેષ્ટા ઉપરથી તેના પૂર્વભવના
આચરણનું અનુમાન થઈ શકે છે અને વર્તમાનની
ચેષ્ટાઓ ઉપરથી ભવિષ્ય પણ નક્કી કરી શકાય છે.
આત્મસ્વરૂપ હોવાથી જીવમાત્ર સ્વરૂપથી ઈશ્વર કહી
શકાય. જીવને રાગ-દ્વેષ-અજ્ઞાનનો સર્વથા અભાવ,
તે બધા દોષોથી છૂટકારો, તેનું નામ 'મોક્ષ' છે અને
જેના ઉપદેશે તે થઈ શકે, તેનું નામ 'પરમાર્થ' છે.

**મોક્ષ થવો ક્યારે શક્ય?**

સ્વરૂપ વિચારીને સ્વાત્માને વિષે
તેવી જ નિષ્ઠા ઉત્પન્ન થઈને તે પછી
તે આકારે જ સ્વરૂપ પ્રતિષ્ઠાન થાય,
ત્યારે મોક્ષ થવો શક્ય છે. - શ્રીમદ્ રાજચંદ્ર

o આપણે જે રીતે પ્રાર્થના કરીએ છીએ,
એ જ રીતે કાયાથી કામ કરીએ, એ પણ પ્રાર્થના છે.
કાયાથી આસનપાલન - એ એક પ્રકારની શારીરિક
પ્રાર્થના છે અને તે પણ ઉત્તમમાં ઉત્તમ પ્રાર્થના છે.

o કાળનું અધિષ્ઠાન પ્રાણ છે.
પ્રાણ વડે કાળનો ગ્રાસ - પાદ વડે પ્રાણનો ગ્રાસ થાય છે.
'પાદ' એટલે નામસ્તવ. સ્તવ એ વાણીસ્વરૂપ છે.
વૈખરી - મધ્યમા - પશ્યંતી - પરા, એમ વાણી ૪ પ્રકારે છે.
વૈખરી અને મધ્યમા જ્યારે પશ્યંતી તથા પરામાં જાય છે,
ત્યારે તે અનાહત સ્વરૂપ બની જાય છે. પાદ વડે
અનાહતમાં પહોંચાય અને અનાહતથી અવ્યક્તમાં જવાય.

અનાહતમાં જવું તે ધ્યાનવિચાર છે અને
અવ્યક્તમાં જવું તે સ્વરૂપ પ્રતિષ્ઠાન છે.

અનાહત સામાન્ય છે, તો અવ્યક્ત વિશેષ છે.
પાદમાંથી નાદમાં અને નાદમાંથી અવ્યક્તમાં જવાતું હોવાથી
કાયોત્સર્ગમાં 'પાદસમા ઊસાસા' કહ્યા છે. એક પાદ =
નામસ્તવની ગાથાનો ૧/૪ ભાગ. તે સ્તવરૂપ હોવાથી
વાણીસ્વરૂપ છે. વાણી અનાહતનાદની જ અભિવ્યક્તિ
હોવાથી તે વડે અવ્યક્તને પામવાનો માર્ગ ખૂલે છે.

Edward carpenter કહે છે કે:

તમારા પોતાના વિષે જ વિચારી કરવાનું જ્યાં સુધી તદ્દન છોડી નહીં દો, ત્યાં સુધી તમને સુખ મળશે નહિ.

સુખ - દુઃખનો વિચાર એટલે...

સુખ ભોગવવાનો અને દુઃખ દૂર કરવાનો વિચાર. પોતાના જ સુખ-દુઃખના વિચારો એ આર્તધ્યાનનો પ્રકાર છે, પોતાના સુખ - દુઃખ માટે બીજાના દુઃખનો વિચાર કરવો તે રૌદ્રધ્યાન છે, બીજાના સુખને માટે પોતે દુઃખ સહવાનો વિચાર કરવો એ શુક્લધ્યાન છે અને બીજાના સુખ-દુઃખનો વિચાર એ ધર્મધ્યાનનો પ્રકાર છે.

o

કર્મસત્તા = Law of causation.

ધર્મસત્તા = Law of mercy and love.

પરમસત્તા = Law of identification & oneness.

દુષ્કૃતગર્હા = Law of mercy is working through forgiveness and love.

સુકૃતાનુમોદન = Law of Grace is working through gratitude and praise.

શરણાગમન = Law of Providence is working through surrender & absorption.

## ઢાળ - સાર

(૧) ધ્યાન = એકાગ્ર બુદ્ધિ, સ્થિર અધ્યવસાય.

(૨) મગ્ન = સર્વ ભાવનાભાવ રૂપ ભાવને ધારણા કરનાર અધિક આત્મામાં ઊંડો ઉતરેલો ઇત્યાદિ છે.

(૩) ભાવના = ધ્યાનના અભ્યાસ માટેની શુભ ક્રિયા.

(૪) અનુપ્રેક્ષા = મનન (૫) ચિન્તા = ચિન્તન.

(૬) જે અરિહંતને દ્રવ્ય - ગુણ - પર્યાય રૂપે જાણે છે, તે આત્માને જાણે છે અને તેનો મોહ નાશ પામે છે.

(૭) તાત્સ્થ્ય = અંતરાત્મા વિષે પ્રભુગુણનો સંસર્ગારોપ.

(૮) તદંજનતા = અંતરાત્માને વિષે પરમાત્માનો અભેદારોપ.

(૯) ધીર અથવા શાંત = સત્ત્વવંત અને ઉપશમવંત.

(૧૦) યોગી = પ્રવૃત્તચક્ર યોગી.

(૧૧) ધારણા = કોઈ એક ધ્યેયને વિષે ચિત્તના સ્થિર બંધનની ધારાએ બાહ્યઇંદ્રિયને અનુસરનારી મનની વૃત્તિને રોકવી.

(૧૨) પ્રસન્ન = અકલુષિત ચિત્તવાન સાધક.

(૧૩) તપ કષ્ટરૂપ નથી, કેમકે તેમાં આત્મિક આનંદધારા અખંડિત રહે છે. કષ્ટ ક્રિયામાં પણ મોક્ષના મનોરથથી આનંદ જ રહે. યોગીને સમાધિમાં રતિ - પ્રીતિ હોવાથી અત્યંત તીવ્ર ક્રિયામાં પણ અરતિ - અપ્રીતિ થતી નથી.

(૧૪) પોતપોતાના અભિપ્રાયે છોડતાં, પરન્તુ
વસ્તુસ્વભાવમાં વિશ્રાંતિ કરનારા નૈગમાદિ નયો છે.
ચારિત્ર અને જ્ઞાનગુણ મળીને સર્વ નય વિશુદ્ધ બને છે.
(૧૫) વિશેષિત = વિષય પરિશોધક નયથી યોજેલ વચન
પ્રમાણ છે. સ્વસિદ્ધાંતનું વચન પણ અનુયોગ કરી
વિશેષિત ન હોય, તો તે અપ્રમાણ છે.
સ્યાદ્વાદ યોજનાથી સર્વ નયોનું માધ્યસ્થ્ય પ્રમાણભૂત છે.
નિશ્ચયદશામાં તટસ્થપણું, સમવૃત્તિપણું અને વ્યવહાર
-દશામાં ઉપકારબુદ્ધિ સર્વ નયાશ્રિત જ્ઞાનીમાં હોય છે.
(૧૬) ધર્મવાદ = તત્ત્વજ્ઞાનનો અર્થી પૂછે તથા તત્ત્વજ્ઞ કહે તે.
શુષ્કવાદ = કંઠ - તાલુનો શોષમાત્ર.
વિવાદ = પરઘાતથી જ્યાં કાર્યની હાનિ થાય તે.
(૧૭) સર્વ નયાશ્રિત પ્રવચન = સ્યાદ્વાદગર્ભિત જિનવાણી.
(૧૮) ત્યાગી = બાહ્યવસ્તુઓમાં અહંકાર - મમકારને છોડનારો.
(૧૯) ક્રિયાતત્પર = શાસ્ત્ર વચનાનુસાર ક્રિયાથી
ઉત્તીર્ણ થઈ ગયા પછી અસંગ ક્રિયાનિષ્ઠ.
(૨૦) તૃપ્ત = આત્મસંતુષ્ટ (૨૧) મુનિ = ભાવ મૌનવંત.
(૨૨) અનાત્મશંસક = આપકીર્તિ અથવા આપયશ અને
ભેદના અભાવની ભાવનાથી ભાવિત.

(૨૩) તત્ત્વદૃષ્ટિ = પરમાર્થમાં દૃષ્ટિવાળો.
(૨૪) સર્વસમૃદ્ધિમાન = ઘટમાં પ્રગટી છે સર્વ ઋદ્ધિ જેને તે.
(૨૫) નિયાગ પ્રતિપત્તિમાન = ભાવયોગવાળો.
(૨૬) શ્રુતજ્ઞાનનો સાર ચારિત્ર, ચારિત્રનો સાર નિર્વાણ, તત્ત્વજ્ઞાનનો સાર શુદ્ધ ચારિત્ર અને પરાભક્તિ છે.
(૨૭) આત્મીય નિયમની ગરૂતા તે સાચી ગરૂતા છે, બાહ્ય ગરૂતા તે અધોગતિનું કારણ છે.
જ્ઞાનગરૂતા ઉર્ધ્વગતિનું કારણ છે.
જ્ઞાન સહિત ક્રિયાથી જે બંધ ટળે, તે ફરી ન રહેય.
(૨૮) પૂર્ણ વિરતિરૂપ ચારિત્ર તે આકરી જ્ઞાનદશા. જ્ઞાનનો ઉત્કર્ષ - અતિશય તે ચારિત્ર છે. (૨૯) ભાવના = ચર્વણા.
(૩૦) વિષયરૂપી વિષની તૃષા, કુતર્ક રૂપી વિષનું પાન અને દુર્વૈરાગ્યરૂપી ગરલનું સેવન. વિષયતૃષા એ જ્વર છે, કુતર્ક - કુવિચાર તત્કાલ હણનારું વિષ છે, દુર્વૈરાગ્ય - દુઃખ અને મોહગર્ભિત વૈરાગ્ય એ કાલાંતરે હણનારું વિષ છે.
(૩૧) અપ્રમત્તરૂપ નગરમાં પ્રવેશ વખતનું મંગલ:
(a) ભાવનાં સમ્યક્ત્વરૂપ કામધેનુનું દોહન (b) સમતારૂપી જળ ચોતરફ છંટકાવવાળી ભૂમિ (c) વિવેકરૂપી ફૂલની માળાઓ (d) અધ્યાત્મરૂપ અમૃતથી ભરેલા કામકુંભ.

(૩૨) કૃતિનઃ = મહાભાગ્યવંત પુરુષો. (૩૩) એકતા = વિજાતીય ભાવના અંતરરહિત સજાતીય ભાવની ધારા.

(૩૪) પરબ્રહ્મ = પરમાત્મસ્વરૂપ, કેવળજ્ઞાની.

(૩૫) તેજોલેશ્યા = ચિત્તશુદ્ધિની પ્રાપ્તિ.

(૩૬) શુક્લલેશ્યા = વિશુદ્ધિ, અભિન્ન ચારિત્ર, અમત્સરી, સદારંભી, હિતાનુબંધી.

(૩૭) શુક્લાભિજાત્ય = અકિંચન, આત્મનિષ્ઠ, સદાગમ વડે વિશુદ્ધ. તેજશ્ચિત્તસુખલાભ લક્ષણમ્ |

અર્થાત્: ચિત્તમાં આનંદ અનુભવવો તે તેજ.

(૩૮) ધર્મમેઘ સમાધિ = અસંપ્રજ્ઞાત સમાધિ. ક્લિષ્ટ વૃત્તિઓનો નિરોધ તે સંપ્રજ્ઞાત સમાધિ અને ક્લિષ્ટાક્લિષ્ટ ઉભય વૃત્તિનો નિરોધ તે અસંપ્રજ્ઞાત.

(૩૯) સિદ્ધમાં જે ભાવ છે, તે જાતિસ્વભાવ ગુહ્ય છે. સિદ્ધનો સ્વભાવ તે સાધકની યોગ્યતા છે.

(૪૦) આર્હન્ત્ય = વિશ્વપ્રેમ, ઋત - ગતિશીલ તાલબદ્ધ પ્રાપ્ય.

ૐ = સત્ય, અર્હ = ઋત, નમઃ = પરિણમન (being) To be.

(૪૧) વ્યંજનપર્યાય = ત્રિકાળવર્તી ગુણ, સહભાવીપર્યાય.

અર્થપર્યાય = વર્તમાન કાળવર્તી અથવા ક્રમભાવીપર્યાય.

રૂપ - રસાદિ વ્યંજનપર્યાય, નીલ - પીતાદિ અર્થપર્યાય.

(૪૨) પુષ્કરાવર્ત = સંક્લેશરહિત રસસ્ત્રાવણ.

(૪૩) સહજ સુખ = આનંદરૂપી નંદનવન.

સહજાત્મસ્વરૂપ = સચ્ચિદાનંદઘન આત્મા.

(૪૪) વિકલ્પ = ઈષ્ટાનિષ્ટની કલ્પના.

સ્થિરતારૂપી દીપક નિષ્કલંક તથા સદા પ્રકાશિત છે.

(૪૫) વૃત્તિસંક્ષેપ યોગ = મન દ્વારા વિકલ્પરૂપ અને શરીર દ્વારા પરિસ્પન્દ રૂપ (ચલન) ક્રિયાનો નિરોધ.

(૪૬) જ્ઞાન એક નિર્દોષ રૂપ છે, ત્યાં અદ્વૈત અભેદ નહિ પણ નયના ભેદે નયની વાસના માર્ગાનુસારી છે.

(૪૭) પ્રીતિ, ભક્તિ, વચનરૂપ શુભસંકલ્પમય ક્રિયા વડે અશુભ સંકલ્પ દૂર કરી નિર્વિકલ્પ અસંગક્રિયા સાંપડે.

અસંગક્રિયા લક્ષ્યરૂપ છે, આલંબનરૂપ નહિ.

પ્રીતિ, ભક્તિ અને વચનક્રિયાના આલંબનથી અનાલંબન યોગની પ્રાપ્તિ થાય છે.

(૪૮) જ્ઞાન = તત્ત્વાવબોધ, શીલ = બ્રહ્મચર્ય.

ધ્યાન = સજાતીય પરિણામધારા, તપ = ઈચ્છાનિરોધ,

સમ્યક્ત્વ = તત્ત્વરૂચિ, તત્ત્વશ્રદ્ધાન.

(૪૯) ઈંદ્રિયજય = ઈષ્ટાનિષ્ટપણે પરિણમતા જ્ઞાનને રોકવું.
જે દ્વારા વર્ણાદિનું જ્ઞાન થાય, ઈષ્ટાનિષ્ટપણું ન થાય તે.

(૫૦) દ્રવ્યબંધ = ઇંદ્રિયોની પ્રવૃત્તિનો સંકોચ. ભાવબંધ =
ચેતના અને વસ્તુગુણોની સ્વરૂપને અનુકૂળ પ્રવૃત્તિ.
(૫૧) ત્રણે કાળમાં ઇંદ્રિયોની અશુદ્ધ પ્રવૃત્તિ ચાલુ જ છે.
નહિ ભોગવેલા વિષયોમાં ઇચ્છા, ભોગવાતાં વિષયોમાં
મમતા અને પૂર્વે ભોગવેલા વિષયોનું સ્મરણ ચાલુ છે.
શમ અને સંતોષથી જ વિષયોની ઇચ્છા પૂર્ણ થાય છે.
(૫૨) આત્માના અંતર્ગત સ્વરૂપથી જ તૃપ્તિ અનુભવાય છે.
આત્મસ્વરૂપના અવલંબન વિના તૃષ્ણાનો છેદ થતો નથી.
(૫૩) વિવેકરૂપ હાથીને હણવાને સિંહ સમાન અને નિર્વિકલ્પ
ધ્યાનરૂપ સમાધિધનને લૂંટવાને તસ્કર તુલ્ય ઇંદ્રિયો છે.
તેને વશ ન થનાર ધીર પુરુષોમાં ધુરીણ છે.
(૫૪) શુદ્ધોપયોગ = રાગદ્વેષરહિત શુદ્ધ આત્મજ્ઞાન,
તે રૂપી પિતા અને ધૃતિ અર્થાત્ આત્મરતિરૂપી માતા
અને શીલ, સત્ય, શમ, દમ, સંતોષરૂપી બંધુઓ.
(૫૫) ગૃહસ્થની ઋદ્ધિપ્રમુખ ઔદયિકભાવનો ત્યાગ,
તે અતાત્ત્વિક ધર્મસંન્યાસ છે અને
ક્ષયોપશમભાવનો ત્યાગ, તે તાત્ત્વિક ધર્મસંન્યાસ છે.
(૫૬) ગ્રહણ શિક્ષા = વ્રત, ધર્મ, ષડ્જીવનિકાય વગેરેનું
પરિજ્ઞાન છે અને આસેવનશિક્ષા તેના પાલનરૂપ છે.

(૫૭) આત્મતત્ત્વ પ્રકાશ = શુદ્ધાત્મ સ્વરૂપનો સંશય અને વિપર્યાસરહિત બોધ.

(૫૮) જ્ઞાનાચારનું શુદ્ધ પદ તે કેવળજ્ઞાન,
દર્શનાચારનું શુદ્ધ પદ તે ક્ષાયિક સમ્યક્ત્વ,
ચારિત્રાચારનું શુદ્ધ પદ તે યથાખ્યાત ચારિત્ર,
તપાચારનું શુદ્ધ પદ તે પરમ શુક્લધ્યાનનો લાભ અને
વીર્યાચારનું શુદ્ધ પદ તે વીર્યગુણની સર્વદા શુદ્ધિ છે.

શુદ્ધ સંકલ્પપૂર્વક સર્વ ક્રિયા લેખે લાગે, સંકલ્પહીન કર્મ ફળે નહિ. જેમ વિકલ્પરહિત ધ્યાનમાં વિકલ્પ નહિ, તેમ પરિસ્પન્દાદિ ક્રિયામાં પણ નહિ.

(૫૯) અસંગક્રિયા = નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ. તે શુદ્ધ ઉપયોગ તથા વીર્યોલ્લાસ સાથે એકતા ધારણ કરે છે.

(૬૦) વૃત્તિ = આત્માના વીર્યગુણનો પરિપાક - પુષ્ટિ.
ધ્યાનદશામાં જ્ઞાનની - વ્યવહારદશામાં ક્રિયાની મુખ્યતા છે.
શુદ્ધ = નિર્મળ, બુદ્ધ = ટંકોત્કીર્ણ જ્ઞાનરૂપ સ્વભાવ.

(૬૧) એકત્વ = અભેદ, પૃથક્ત્વ = ભેદ.
શ્રુતજ્ઞાનથી કેવળ આત્માને જાણે, તે અભેદનયની અપેક્ષાએ શ્રુતકેવળી અને જે કેવળ સંપૂર્ણ શ્રુતને જાણે, તે ભેદનયની અપેક્ષાએ શ્રુતકેવળી.

(૫૨) વિષયપ્રતિભાસ વ્યાપારે જ્ઞાન,
આત્મપરિણામ વ્યાપારે સમ્યક્ત્વ અને
આશ્રવને રોકવાદિ તત્ત્વજ્ઞાન વ્યાપારે, તે જ ચારિત્ર છે.

(૫૩) પરને વિશે મન તે ચિંતાસ્વરૂપ અને
આત્માને વિશે મન તે સમાધિસ્વરૂપ છે.

પરબ્રહ્મ = ઉત્કૃષ્ટ બ્રહ્મ, સર્વપ્રપંચબોધ વિશિષ્ટ કેવળજ્ઞાન.

(૫૪) યદ્યપિ મૈત્રીભાવના સર્વ વિષે છે, તો પણ પ્રવૃત્તિને અનુકૂળ મૈત્રીભાવના અપુનર્બંધકાદિ આશ્રિત કહી છે.

(૫૫) आचारः कुलमाख्याति । धर्मः क्षरति कीर्त्तनात् ।
<u>ઉક્તિ</u>: આચાર કુળને જણાવે છે.
સુકૃત જાહેર કરવાથી ધર્મ નાશ પામે છે.

(૫૬) ધ્યાતા, ધ્યેય, ધ્યાનની એકતારૂપ સમાધિ તે નંદનવન છે.
યોગ પરિણતિરૂપ ક્રિયા અને ઉપયોગ પરિણતિરૂપ જ્ઞાન
તે અનુક્રમે ચર્મરત્ન અને છત્રરત્ન છે.
વિરતિ = ચારિત્ર કળા તે ગંગા અને
શક્તિ = જ્ઞાન કળા તે પાર્વતી. ગરુડભક્તિના પ્રભાવથી
સમાપત્તિ આદિ ધ્યાનના ભેદે તીર્થંકરદર્શન થાય છે.

(૫૭) પોતાના આત્માની રતિરૂપ નિર્વિકલ્પ સમાધિમાં
ભવનો ભય નિમગ્ન થાય છે.

(૬૮) 'લોકે કહ્યું તે જ કરવું પણ શાસ્ત્રાર્થ ન વિચારવો'
તે લોકસંજ્ઞા છે. સમાધિ = પરબ્રહ્મમાં લીનતા.

(૬૯) વીતરાગ વચનનું મૂળ સર્વ ગુણસહિત કેવળજ્ઞાન છે.
શાસ્ત્રના ઉપયોગે તેના કર્તા સાંભરે જ.
શ્રુત સહ ચરિત માનસ સાચકે દર્શનીય છે.
શાસ્ત્રજ્ઞાન તે બાહ્ય છે અને અનુભવ તે અંતરંગ છે.

(૭૦) નિરાલંબન યોગ = ધારાવાહી - પ્રશાન્તવાહી ચિત્ત.
તે યત્ન વિરમ્ય સ્વરસની અપેક્ષાએ
સ્વરસથી જ સદૃશ ધારાએ પ્રવર્તે છે.

(૭૧) દ્રવ્યચર્ય = રાગ અને ભાવચર્ય = નિરાગ.
અધ્યયનાદિ સર્વ સાધન આત્માની તત્પરતાએ જાણવું.
નિરંજન બ્રહ્મને કર્મ, તદ્ભાવોપહિત તથા કૃતને એકાન્તે
અકૃતત્વ બુદ્ધિ તે મિથ્યાભાસના વિલસિત જ છે.
પરબ્રહ્મ સાથે એકતાની પરિણતિવાળાને 'બ્રહ્મચર્ય' કહ્યો છે.

(૭૨) શુદ્ધ ઉપયોગ તે નિર્વિકલ્પ સમાધિરૂપ પૂજા છે.
ગૃહસ્થને ભાવનોપનીત માનસ નામે ભાવપૂજા હોય છે,
કાયિકી ભાવપૂજા ચારિત્રવંતને જ હોય.

૦ પાંચ વર્ણનો પૂર્ણ મંત્ર = ॐ अर्हं नमः।
ॐ = વર્ણવિસ્તૃતિ, अर्हं = અનાહત, नमः = આત્મન.

## બે મંત્રોનું રહસ્યભૂત તત્વ

(૧) ૐ
નમઃ
સિદ્ધં } ત્રણવાર - સ્વીકારવાચક શબ્દો.

Three times positive Statements clear the negative state of mind.
'Yes' is a positive Statement and 'no' is a negative one.

(૨) ૐ = ક્રિયાઓમાં એકતાનો સંસ્કાર.
અર્હં = કાળમાં એકતાદર્શક શબ્દ.
નમઃ = વસ્તુઓમાં એકતાનું પરિણમન.

પ્રતિકૂળ બનતા પ્રસંગોમાં પણ અનુકૂળ તત્વ શોધી કાઢવાની શક્તિ અને બુદ્ધિપ્રદાન કરવી, એ આ બંને મંત્રોનું રહસ્યભૂત તત્વ છે. આપત્તિ એક અંશમાં પ્રતિકૂળ છે, તો તે બીજા અંશમાં અનુકૂળ પણ છે: દૃષ્ટાંત તરીકે: તાવ આવ્યો પણ ખાંસી કે કફ નથી.

શરીર માંદુ છે પણ મન સ્વસ્થ છે.

શરીરથી બહારનાં કાર્ય નથી થઈ શકતાં પણ મનની અંદર પ્રભુસ્મરણ આદિ વિશિષ્ટતાઓ થાય છે.

કર્મવિપાક ચિંતન, સંસારસ્વરૂપ ચિંતન વગેરે ધર્મધ્યાનનું સાધન બનાવી શકાય છે. કષ્ટ વખતે સમતાભાવ કેળવવા માટેની તાલીમ લેવાનો અવસર મળે છે. સુખ - દુઃખ એ પુણ્ય - પાપનો ઉદય છે, તેમ સમતાભાવે વેદન કરનારને શુભાશુભ કર્મની નિર્જરાનો પણ હેતુ છે. એમ વિચારવું કે સુખ વખતે પુણ્યરૂપી મૂડી જાય છે, દુઃખ વખતે પાપરૂપી કચરો જાય છે. મોક્ષના માર્ગની આરાધનામાં સહાયક થાય, તેવું પુણ્ય ઉપાદેય છે.

પુણ્યાનુબંધી પુણ્ય તે છે કે જેમાં

માનવભવ, આર્યદેશ - જાતિ - કુળ, નિરોગીપણું, પંચેન્દ્રિય પૂર્ણતા, શરીર - સંઘયણબળ, માનસિક - ધૃતિ બળ, દીર્ઘ આયુષ્ય, દેવગુરુનો સંયોગ, અનુકૂળ પરિવાર, વિનય - વિવેક તથા સત્સંગ વગેરેનો લાભ થાય. પશુયોનિમાં જેમ ધર્મ થતો નથી, તેમ મનુષ્યયોનિમાં અનાર્યદેશ - જાતિ - કુળમાં ધર્મ થઈ શકતો નથી.

કાયા રોગી હોય, મન અશાંત હોય,
આયુષ્ય અલ્પ હોય, પરિવાર પ્રતિકૂળ હોય,
આજીવિકાનો અભાવ હોય, રાજા ક્રૂર હોય તથા
સત્સંગ દુર્લભ હોય, તો પણ ધર્મ ક્યાંથી થઈ શકે?

ધર્મસામગ્રી જેનાથી મળે, તે પુણ્યને પુણ્યાનુબંધી પુણ્ય કહેવાય. તે હેય નહિ પણ ઉપાદેય છે. મોક્ષ માટે કેવળજ્ઞાન જોઈએ, તે માટે શુક્લધ્યાન જોઈએ, તે માટે ધર્મધ્યાનની ધારા વધતી રહેવી જોઈએ, તે માટે આયુષ્ય દીર્ઘ જોઈએ. ધર્મધ્યાનને ઉત્કૃષ્ટ કોટિએ પહોંચાડવા માટે સંઘયણબળ અને ધૃતિબળ જોઈએ.

ધર્મથી સુખ તથા પાપથી દુઃખ - એ જેમ વિચારવું જોઈએ, તેમ સુખ વખતે પુણ્ય ઓછું થાય છે અને દુઃખ વખતે પાપ ખપી જાય છે, એ પણ વિચારવું જોઈએ. ઓછું થાય છે, તેને વધારવાની મનોવૃત્તિ જાગે, કિન્તુ પાપ ઓછું થાય છે, માટે ખેદ કે શોકની લાગણી ન જન્મે. સુખમાં પુણ્ય પરવારે છે અને દુઃખમાં પાપ પરવારે છે, એ ખ્યાલમાં હોય, તો સુખ વખતે નમ્રતા આવે અને દુઃખ વખતે સૌને નિશ્ચિંતતા રહે. નિશ્ચિંતતા એટલા માટે કર્મનો નિયમ કોઈના કહેવાથી બદલાતો નથી, પ્રસન્નતા એટલા માટે કે પાપરૂપી કચરો જાય છે. મનુષ્ય જન્મમાં ગમે તેટલી આપદા આવે, તો પણ તે નારકી અને તિર્યંચગતિની અપેક્ષાએ અત્યલ્પ હોય છે. જ્ઞાનના બળે એ આપદાની પ્રતિકૂળતા વચ્ચે પણ

રહેલી અનેકાનેક અનુકૂળતાનો વિચાર કરવામાં આવે, તો આત્માને આનંદનો અનુભવ કરાવી શકાય છે. આત્માની સાથે સંબંધ ધરાવનાર અનેકાનેક અનુકૂળતાઓ જે માનવભવમાં મળી છે, તે ભવચક્રમાં જીવને મળવી કેટલી દુર્લભ છે, તેનો સમ્યગ્ વિચાર કરવામાં આવે, તો મનુષ્યનો ભવ એ રત્નદ્વીપ અને રત્નોની ખાણ જેવો લાગે: માનવભવ, ઉત્તમ જાતિ-કુળ, પંચેન્દ્રિય પૂર્ણતા, નિરોગીતા, દીર્ઘાયુષ્ય, દેવ - ગુરુ - ધર્મ, નમસ્કાર મંત્ર, સત્ શાસ્ત્ર, ઉત્તમ આચાર, ઉત્તમ વિચાર, ઉત્તમોત્તમ અનુષ્ઠાનો કે જે આત્માની સાથે સીધો સંબંધ ધરાવે છે, તે બધા દુર્લભ, અતિ દુર્લભ, અતિ કિંમતી અને અતિ સુંદરમાં સુંદર વસ્તુઓ મળી છે, તેનાથી આત્માને વધારે અનુકૂળ વસ્તુઓ ચૌદ રાજ અને ત્રણ ભુવનમાં બીજી કોઈ નથી, એનો ભારેમાં ભારે આનંદ અનુભવવો જોઈએ. આથી વધારે અનુકૂળતા અલ્પ પુણ્યવાળા અસંખ્ય દેવો અને ઈન્દ્રોને દુર્લભ છે. પૂજ્ય દેવાધિદેવ, ત્યાગી ગુરુ, અનુપમ ધર્મ એટલાં અદ્ભુત છે કે તેનો વિચાર જેમ જેમ ઊંડો ઉતરે, તેમ તેમ જીવ અપૂર્વ શાતાને અનુભવે અને પ્રતિકૂળતાનો ભાર મન ઉપરથી ઉતરી જાય.

## પર્યુષણનું સ્તવન

આવ્યા રૂડા પજુસણ સંગ, ભાવિક મન રંગ ઘણો,
જનરાજને રે; જિન પૂજા ગુરુવંદન કરો રે
આખ્યાન સુણો સુવિવેક, તો દુઃખ દોહગ ટળે.

(૧) સકલ સૂત્ર શિર મુગટમાંહે, કલ્પસૂત્ર છે સાર તો,
સુણો મન ઉલ્લસે રે; વાર પાસ નેમ આંતરે રે
આદિ ચારિત્ર વખાણતો, સ્થવિરાવલી સાંભળો એ.

...આવ્યા રૂડા...

(૨) સમાચારી સુણો ટરળાપે એ પટ્ટાવલી ગુણગેહ તો,
કથા મુનિરાજની રે; એમ રે સુત્રને સાંભળીએ
સફળ કરી નરદેહ તો ગહગાટ ધારીએ એ.

...આવ્યા રૂડા...

(૩) જયદયા ગુણ વેલડીએ, મૃષા ન બોલો લગાર તો,
ચોરી નવિ કીજીએ; નારી નરકની દીવડી એ
તેહનો નવિ કીજે સંગ તો શિવસુખ લીજીએ એ.

...આવ્યા રૂડા...

(૪) ધન ખર્ચી લ્હાવો લીજીએ રે, દાન દીજે દુઃખીયા દીન
તો, અનુકંપા કરીએ રે; સ્વામીવત્સલ ભલા કીજીએ
દીજે સુપાત્રે દાન તો, મનવાંછિત ફળ્યા રે.

...આવ્યા રૂડા...

(૫) છઠ્ઠ અઠ્ઠમ આદિ તપ કરીને અણસણ કરી ગાળો
દેહ તો, પૂર્ણ સાધુ બને એ; ધન ધન એટલા રાજેશ્વર એ
શૂરવીર થઈ તપ કીધ તો, પૂજ્યા દેવા ફરી ફેર એ.
...આવ્યા રૂડા...

(૬) વાર ઘણો વખાણીએ એ, દૃઢપ્રહારી હત્યા કરી એ
કીધાં કર્મ અઘોર તો, તપ કરી મુક્તિ પામ્યો રે એ.
...આવ્યા રૂડા...

(૭) નાગકેતુની પેરે ભાવિએ, ભાવના ગુણમણિ ખાણ તો
કેવળ પામીએ એ; હરિકેશી મુનિરાજીએ વળી
ઉપન્યો કુળ ચંડાળ તો, પૂજ્ય થયો તપ કરીએ એ.
...આવ્યા રૂડા...

(૮) સંવત્સરિ દિન ખામણાંકરી ખામીજે સહુ જીવ તો
કર્મથી છૂટીએ એ; ક્રોધ કષાય કીધા આકરા
ખમાવી સહિ અપરાધ તો, સરલ સ્વભાવથી એ.
...આવ્યા રૂડા...

(૯) અરિહંતજીને પ્રથમ નમીએ એ ખમાવી ધરી સુવિનીત તો
ધ્યાન રૂડું ધરીએ; સિદ્ધ સઘળાંને ખમાવીએ
સાધુ સદા ગુણવંત તો, શરણાં ચિત્ત ધરીએ એ.
...આવ્યા રૂડા...

(૧૦) મન વચન કાયાએ જે કર્યા એ કરાવ્યા જે પાપ તો,
મન ઉલ્લાસભાવે મિચ્છામિ દુક્કડં દીજીએ,
રાજીએ કરી ઉપકાર તો, સુખ સંપત મળે એ.
...આવ્યા રૂડા...

(૧૧) ચતુર્વિધ સંઘને ખામણાએ, ખમાવી ભલા ભલા રીત તો
વિનય કરી ઘણી એ; લાખ ચોરાશી યોની જીવને
ખમાવી થઈ સાવધાન તો, ભવફેરા ટળે એ.
...આવ્યા રૂડા...

(૧૨) સંવત ઓગણીસ બાવન સાલે શ્રાવણ વદી બીજદિન તો,
સ્તવન બનાવ્યું એ; હું અરાની મંદમતિએ
બુદ્ધિહીન ચિત્ત તો જામનગર રહીયે એ.
...આવ્યા રૂડા...

(૧૩) જૈનમંદિર દશ દિપતા એ, જોઈ થયો મન ઉલ્લાસ તો,
સિદ્ધગિરિ સાંભરે એ; ચોફેર દહેરા ધજા ગગનમાં
વચમાં રહી જૈનશાળા તો પજુસણ ત્યાં કરીયે.
એ...આવ્યા રૂડા...

(૧૪) ખમાવું હું સકળ જીવને એ, યોની ચોરાશી લાખ તો,
મન વચન કાયે કરીએ; વીરવિજય ગુરુરાજના એ
સિદ્ધવિજય નામે પાય તો કર જોડી કરીએ.
આવ્યા રૂડા પજુસણ...

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૨૯)**
અનંતાનંત સંસારની પરંપરાને છેદવાના કારણરૂપ જીનેશ્વર ભગવાનના ચરણકમળનું સ્મરણ જ મારું શરણ હો.

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૩૨)**
પુરૂષના ૪ સ્થાનો હોય છેઃ નાભિ, હૃદય, કંઠ, મસ્તક. તેમાં ૪ ચરણવાળા બ્રહ્માઃ જાગૃતદશામાં બ્રહ્મા, સ્વપ્નમાં વિષ્ણુ, નિદ્રામાં રૂદ્ર અને ચોથી અવસ્થામાં આત્મા.

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૩૩)**
પોતાનાથી જૂદા ગ્રહણ કરવા યોગ્ય અને ગ્રહણ કરનાર ન હોવાથી બુદ્ધિ સ્વયં જ પ્રકાશની જેમ આત્માના પોતાના સ્વરૂપને પ્રકાશિત કરે છે.

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૩૯)**
'જેનો આત્મા સંયમ અને તપમાં સમતાવાળો છે, તેને સામાયિક હોય છે' એમ કેવલી ભગવાને કહ્યું છે. ૦ સ્વ અને પરમાં સમાન ભાવ થવો, તે 'સામાયિક'.

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૪૨)**
પરમ ઐશ્વર્યવાન હોવાથી આત્મા જ ઈશ્વર છે. તે જ કર્તા કહેવાયો છે. આ પ્રમાણે કર્તૃવાદની વ્યવસ્થા છે. ૦ બીજો ઉત્તમ પુરૂષ પરમાત્મા કહેવાયો છે, જે શાશ્વત ઈશ્વર ત્રણે લોકમાં પ્રગટ થઈને વિશ્વને ધારણ કરે છે.

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૪૩)**
નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ - આ ચાર પ્રકારે આચાર્ય છે. તેમાં જે આચાર્યમાં ઉપયોગવંત છે, તે ભાવાચાર્ય છે. શિષ્યના મનમાં (આ રીતે) આચાર્ય રહેલા છે, તેથી 'ગુરૂભગવંતનો વિરહ અહીં છે જ નહીં' એમ કહેવાનો ભાવ છે.

**પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૪૬)**
આ મંત્રપૂર્વક આહ્વાન મુદ્રાથી નાડીમાર્ગ વડે હૃદયકમળથી બ્રહ્મરન્ધ્ર સુધી લઈને

જ્યોતિર્મય ગૌતમસ્વામીનું આહ્વાન અર્થાત્ 'સાક્ષાત્ આવેલા છે' એમ કલ્પના કરે.

**પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૫૦)**
અચ્યુત, આનંદ, ગોવિંદ આ નામોચ્ચારરૂપી ઔષધથી સાચે જ સર્વ રોગો નાશ પામે છે, એ હું સત્ય જ કહું છું.

**પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૫૩)**
સો માણસોને જે આનંદ હોય, તેટલું સુખ એક રાજાને હોય, સો રાજાઓને જે સુખ હોય, તે એક ચક્રવર્તિને હોય. ૦ પુણ્ય વડે પ્રાપ્ત થયેલા ઘણાં સુખનો અનુભવ કરતાં પ્રાણીઓને ય પાપ વડે કાંઈક દુઃખરૂપી આગનો તણખો સહન કરવો પડે છે (સંસારનાં વિશિષ્ટ કે ઘણાં સુખમાં પણ પાપજન્ય દુઃખનો અનુભવ કરવો પડે છે).

**પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૬૬)**
સુખ કે દુઃખ આપનાર કોઈ નથી. 'બીજો મને સુખ-દુઃખ આપે છે' આ કુબુદ્ધિ છે. 'હું કરું છું' આ અભિમાન ફોગટ છે. જગના લોકો પોતપોતાના કર્મે બંધાયેલા છે.

**પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૭૨)**
પ્રણિધાન = અશુભથી પાછુ ફરવું. દા.ત. પ્રસન્નચંદ્ર રાજર્ષિ. સમાધાન = શુભમાં પ્રવૃત્તિ કરવી. દા.ત. ભરતેશ્વર. સમાધિ = રાગ-દ્વેષનો ત્યાગ કરીને માધ્યસ્થભાવ ધારણ કરવો. દા.ત. દમદંતમુનિ. કાષ્ઠા = ધ્યાન વડે મનની એકાગ્રતાપૂર્વક ઉચ્છ્વાસાદિને પણ અટકાવવું. દા.ત. પુષ્પભૂતિ.

**પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૧૦૨ -૧૦૩)**
જે અનુષ્ઠાન અધ્યાત્મના બંધનવાળું હોય, એથી જ મુખ્ય હોય, તે જ અનુષ્ઠાન ભવરૂપી વ્યાધિના ક્ષય કરનારૂં હોવાથી તત્ત્વથી અનુષ્ઠાન છે. એનાથી વિરૂદ્ધ લક્ષણવાળું અનુષ્ઠાન શરીરે લાગેલી ધૂળની જેમ મલીનતા કરનારૂં હોવાથી અત્યંત તુચ્છ છે. - ઉપદેશપદ ભાગ ૨, શ્લોક ૩૬૮

**પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૧૧૮)**
મૌન, સંખ્યા, ચિત્તનિરોધ, સ્નાન અને ધ્યાન વિના કરેલો જાપ જઘન્ય કોટિનો થાય છે.

## પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૧૧૯)

મુનિ ભગવંતો સંસારસાગરને પાર ઉતારનાર જહાજ સમાન ધર્મને ૪ પ્રકારે કહે છેઃ સુપાત્રમાં દાન આપવું, નિર્મળ શીલ પાળવું, વિવિધ પ્રકારના તપ કરવા તથા શુભ ભાવના ભાવવી. ૦ વ્રતોનું પાલન, જ્ઞાનની વૃદ્ધિ અને કષાયાદિ દોષો દૂર કરવા ગુરૂકૂળવાસમાં રહેવું, એ જ બ્રહ્મચર્ય છે. અસ્વતંત્રતા, ગુરૂઆધીનતા, ગુરૂઆજ્ઞામાં રહેવું - બધા ગુરૂકુલવાસના પર્યાયવાચી શબ્દો છે. - તત્ત્વાર્થભાષ્ય અ. ૯, સૂ. ૬

## પરિશિષ્ટ - ૧૫ (પૃષ્ઠ ૧૩૦)


સમ્યક્ત્વાદિ ગુણોમાં હર્ષ અનુભવવો, તે પ્રમોદ ભાવના છે. - તત્ત્વાર્થ હારિ. દુઃખી જીવો પ્રત્યે પક્ષપાત વિના દુઃખ દૂર કરવાની ઈચ્છા તે અનુકંપા ભાવના છે. - ધર્મસંગ્રહ

## પરિશિષ્ટ - ૧૬ (પૃષ્ઠ ૧૩૪)

હે મૃત્યુંજય! હે મહારૂદ્ર! જન્મ, જરા, મૃત્યુના દુઃખો અને કર્મબંધનોથી પીડાતા, આપના શરણે રહેલા મારૂં રક્ષણ કરો. ૦ સતત રહેલા, આખા શરીરમાં પ્રસરી ગયેલા, ઉત્સુકતા-મોહ-અરતિને આપનારા બધા જ રોગોને જેમણે હણી નાંખ્યા છે, એવા અપૂર્વ વૈદ્ય તમને નમસ્કાર થાઓ. - વાગ્ભટ્ટ

## પરિશિષ્ટ - ૧૭ (પૃષ્ઠ ૧૪૯)

આ જીવ અનાદિ છે, સંસાર અનાદિ છે, જીવનો સંસાર અનાદિ કર્મસંબંધથી જન્મેલો છે. તે સંસાર દુઃખસ્વરૂપ છે, દુઃખફલક છે, દુઃખની પરંપરાવાળો છે. આ સંસારનો નાશ શુદ્ધ ધર્મથી થાય છે. શુદ્ધ ધર્મની પ્રાપ્તિ પાપકર્મના નાશથી થાય છે. પાપકર્મનો નાશ તથાભવ્યત્વના પરિપાકથી થાય છે. તથાભવ્યત્વનો પરિપાક કરવાના સાધનો ચતુઃશરણગમન (ચારના શરણનો સ્વીકાર), દુષ્કૃત્યોની ગર્હા અને સુકૃતોની અનુમોદના છે. આ ત્રણે સતત કરવા, તે કલ્યાણનું કારણ છે.



ઉપર દર્શાવેલ ૩ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૭૧ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

# નવકારનું પ્રધાન પદ




આ મંત્ર સિદ્ધમંત્ર છે.
આ મંત્ર દ્વારા દ્રષ્ટિ, દાન, ધ્યાન, યોગ,
તીર્થ, સંકલ્પ અને તત્ત્વ સિદ્ધ થાય છે.

પં. ભદ્રંકરવિજય

www.fiestadesigns.in